# શ્રેયાર્થીની સંઘર્ષ કથા

લેખક

**જગદીશ શાહ**

પ્રકાશક

**વડોદરા જિલ્લા સર્વોદય મંડળ**

વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા - ૩૯૦ ૦૨૧.

**SHREYARTHI NI SANGHARSH KATHA** - Biography in Gujarati
by **Jagdish Shah**

**કીમત : ૫૦ રૂપિયા**

પ્રથમ આવૃત્તિ : જૂન ૨૦૧૨ પ્રત : ૧,૦૦૦

પ્રકાશક
**વડોદરા જિલ્લા સર્વોદય મંડળ**
વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-૩૯૦ ૦૨૧

ટાઈપ સેટિંગ
ઈકરાહ પ્રિન્ટિંગ સર્વિસ

મુદ્રક
જવનિકા પ્રિન્ટર્સ, કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮.

# પ્રાક્કથન

**સ**માજાધારિત જીવન ગાળ્યું ત્યારે મોટા મોટા ખર્ચા આવ્યા તે માટે પ્રસંગે પ્રસંગે મિત્રોએ છૂટે હાથે મદદ કરી. તે પ્રસંગ પતી ગયા પછી તેનો હિસાબ કરી દરેક દાતાને મોકલી આપેલો. હવે જીવન-સંધ્યાને આરે છું. જીવનનો હિસાબ સૌને આપી છૂટું એ ભાવથી સમાજને ઉપયોગી થાય તેવું લખાણ છપાવું છું. જીવનના કેટલાયે પ્રસંગોમાં બીજા અનેકોએ મદદ કરી છે. બધાનો ઉલ્લેખ કરી શક્યો નથી, તે બદલ દિલગીર છું. પુસ્તકનાં પાનાંની મર્યાદાનો અને વાચકની ધીરજનો તથા ખર્ચનો ખ્યાલ રાખવો પડ્યો છે.

મારી અને સાથી મિત્રોની અનેક ભૂલોની વાત જાણી જોઈને છોડી છે. બધાં અધૂરાં છીએ. સમાજને તે જાણવાની જરૂર નથી.

મારે આત્મકથા લખવી નથી. ગાંધીજીની આત્મકથા વાંચ્યા પછી ભાગ્યે જ કોઈને આત્મકથા લખવાનું સાહસ કરવાનું મન થાય; અલબત્ત, તે સો ટકા પોતાની જાત સાથે પ્રામાણિક હોય તો.

આ લખવા માટે અવારનવાર કેટલાય સ્નેહી, મિત્રો, શુભેચ્છકોએ મને પ્રોત્સાહિત કર્યો છે. વરસો સુધી હું તે સૂચનને ટાળતો રહ્યો છું. હમણાં મને ઠીક એવી નવરાશ છે. શરીરની ઉંમર ઈઠ્ઠોતેર વરસને પાર કરી ગઈ છે. મારાં મા-બાપ કે ભાઈ-બહેન આટલું લાંબું જીવ્યાં નથી. દાંતે ચોકઠું છે, બંને ઘૂંટણોને બદલ્યા (T.K.R.) છે, આંખે મોતિયા તો 25-27 વરસ પહેલાં ઊતરાવી લેન્સ બેસાડ્યા છે. તેમાંની એક આંખનો કોર્નિઆ નકામો થતાં, તે આંખે જોઈ શકતો નથી. બીજીએ હવે ઝાંખ પડે છે. 2010માં હૃદય પર હુમલો થયો ને એન્જિયોપ્લાસ્ટી પછી બાયપાસ સર્જરી પણ કરાવી છે. આમ શરીર હવે થાગડથીગડથી ચાલે છે. હવે મૃત્યુ અને મૃત્યુ પછીની મારી (મારા શરીરની) ઉત્તરક્રિયાના વિચારો આવે છે. એક વિદ્વાન દાક્તર વડીલ મિત્રે પાછલી ઉંમરે લોલક દ્વારા આગાહીઓ કરવાની વિદ્યા હાંસલ કરી છે. તેમને ત્રણ-ચાર વરસ અગાઉ આ દેહના અંતની તારીખ પૂછી બેઠેલો. તેમણે 27-12-2010ની તારીખ આપેલી. તેમની આગાહીમાં થોડો વિશ્વાસ અને થોડો અવિશ્વાસ છતાં તે તારીખે મરણ થાય તો હું વિપશ્યના-સાધના શિબિરમાં હોઉં તો સારું એમ માની 22-12-2010થી 2-1-2011 દરમિયાન બોરીવલી પાસે ગોરાઈમાં પેગોડા નજીક વિપશ્યના

શિબિરમાં દાખલ થયેલો. આપ્તજનોને આવી આગાહીમાં ભરોસો રાખવામાં મારી મૂર્ખામી જ દેખાતી છતાં ગયો ને મરણની તારીખ વટાવીને પાછો આવ્યો. પછી આ જીવન-વૃત્તાંત લખવાનો મિત્રોનો આગ્રહ સાકાર કરવો તેવું મનમાં આવ્યું તેથી લખવા બેઠો છું.

નવી પેઢીનાં શ્રેયાર્થી ભાઈ-બહેનોને આમાંથી કાંઈકેય પ્રેરણા મળશે તો લખ્યું લેખે લાગશે. આમ તો માનવજીવનનો અવિરત પ્રવાહ લાખો વરસોથી ચાલતો આવ્યો છે. તેમાં બુદ્ધ, મહાવીર, ઈસુ, મહંમદ, કબીર, તુલસી, મીરાં, નરસિંહ મહેતા, સુરદાસ ને નજીકના ઇતિહાસમાં રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રમણ મહર્ષિ, મહાત્મા ગાંધી, વિનોબા, જેદ્દ્ર કૃષ્ણમૂર્તિ, વિમલા ઠકાર, પૂદ્દ્ર મોટા અને સાવલીના સ્વામીજી સહિત અનેકોના દેહના આવાગમન છતાં માનવજાત ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરે છે ને આધ્યાત્મિક ક્ષેત્રે દેવાળું કાઢી રહી છે તેવું જણાય છે. જેદ્દ્ર કૃષ્ણમૂર્તિના અવસાન પછી 'ભૂમિપુત્ર'માં મેં લખેલું - ''મહાસાગરમાં અનેક પરપોટા થાય છે ને ફૂટે છે, તેમાં આ એક મોટો પરપોટો ફૂટ્યો.'' માતૃસ્વરૂપિણી વિમલાતાઈના દેહનિર્વાણ વખતેય આવી જ અનુભૂતિ થયેલી. તેથી મારા જેવા નાના પરપોટા પેદા થાય ને ફૂટે તેમાં કાંઈ દુનિયામાં કાળા કાગડા ધોળા થવાના નથી.

તેમ છતાં સાહિત્ય, માનવસેવા, વિજ્ઞાન, અધ્યાત્મ વગેરે વિશિષ્ટ સેવાક્ષેત્રે જે જે મહાનુભાવોની જન્મ-શતાબ્દીઓ ઊજવાય છે ત્યારે નવી પેઢીને એક ઉષ્માનો અનુભવ થાય છે. કમ સે કમ મને તો થાય જ છે. તો મારા જેવા ચાલુ ચીલાથી ફંટાઈને પોતાનો આગવો રાહ કંડારનારા પણ ઝાઝું નહીં તો થોડું પ્રેરણાનું ભાતું પોતાના જીવનથી સમાજને આપી જશે તો તેમાંથી સમાજ સભર જ થશે, કમ સે કમ સમાજને તેનાથી કોઈ નુકસાન તો થવાનું જ નથી, એવા ભરોસાથી લખું છું.

આ લખતી વખતે સ્મરણપટ પર જે કોઈ હકીકતો આવી છે, તેના પરથી જ લખાણ કર્યું છે. ક્યાંયે અતિશયોક્તિ ન થઈ જાય, દંભ ન આવી જાય તેની પૂરતી તકેદારી રાખી છે. હું પોતે ગાંધીજીનાં એકાદશવ્રતોનો વરસો સુધી પાઠ કરનારો અને ગાંધી-વિનોબા નહીં તો બબલભાઈ-જુગતરામભાઈના જીવનને આદર્શ માનનારો પણ તેમના જીવનની નકલ ન કરી શક્યો. હું મારી મર્યાદામાં જ જીવ્યો છું. અને જેવો જીવ્યો છું તેવો જ દેખાઉં તે માટે જાગૃતિપૂર્વક પ્રયત્ન કરતો રહ્યો છું. મારા બાહ્ય વર્તનથી કેટલાક મિત્રોએ મારી

છબી તેમના ચિત્તમાં નિર્માણ કરી હોય પણ મને મારી મર્યાદા સમજાતાં મેં મારી રીતે જીવનનો પ્રવાહ બદલ્યો હોય ને મિત્રોનાં સ્વપ્નાંઓનો ભંગ થયો હોય તેની મેં ઝાઝી ચિંતા નથી કરી. જીવનમાં દંભ એ મોટું પાપ છે. કોઈ આદર્શને માન્યા પછી આપણી પહોંચની બહાર તે લાગે ત્યારે જાહેર રીતે તેનો એકરાર કરવામાં મેં કદી નાનમ અનુભવી નથી. બલ્કે, હું સત્યપથ પર ચાલી રહ્યો છું તેનું ગૌરવ જ અનુભવ્યું છે.

વાચકો ગ્રંથિમુક્ત થઈ આ લખાણ વાંચશે એવી સહેજે અપેક્ષા રહે છે. અસ્તુ.

**– જગદીશ શાહ**

વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા–390021

ફોન : 9824326037

લખ્યા તારીખ 1-06-2012

**સ્ત્રી–પુરુષ સંબંધોમાં ઢીલાં સ્ત્રી–પુરુષોની ટીકા કરનારાં કદાચ પોતાને તક સાંપડી નથી તેથી રહી ગયાં હોય. માટે તેવી કુથલીમાં ભળવું નહીં, તેના કાજી થવું નહીં.**

*

**‘સ્ત્રી–પુરુષ મર્યાદા’ પુસ્તકમાં કિશોરલાલ મશરૂવાળાએ જે નિષેધો બતાવ્યા છે તેમાં ક્યાંક અતિશયોક્તિ હોય પણ સમાજે હજારો વરસોના અનુભવે તેવી મર્યાદા ઘડી છે તેને ઉવેખવામાં બહાદુરી નથી.**

*

**સ્ત્રી–પુરુષ વચ્ચેના સંબંધોમાં સ્ખલનો સામે વિરોધની ઝુંબેશ ઉપાડવી યોગ્ય નથી. જીભના ચટાકા પોષનાર, આંખ–કાનથી વ્યભિચાર કરનાર, મનથી વ્યભિચાર કરનાર પણ દોષિત છે જ. કોઈના કાજી બનતા પહેલાં કાયા, વાચા, મનસા આપણે ભૂત–વર્તમાનમાં ક્યાં હતા–છીએ અને ભવિષ્યમાં કેવી રીતે વર્તીશું તેનો વિચાર કરી શાણા માણસો મૌન સેવે છે.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| 1. | જન્મ અને બાળપણ | 07 |
| 2. | મારા શિક્ષકો | 10 |
| 3. | વાયડાપોળનો નિવાસ અને હાઈસ્કૂલ-કૉલેજનું ભણતર | 13 |
| 4. | મનોમંથન અને નિર્ણય | 22 |
| 5. | જીવન-પરિવર્તન ને બબલભાઈનું માર્ગદર્શન | 25 |
| 6. | નડિયાદમાં નોકરી | 27 |
| 7. | વેડછીમાં તાલીમ | 30 |
| 8. | નઈ તાલીમનો મારો પ્રયોગ | 37 |
| 9. | ભૂમિદાન યજ્ઞમાં જોડાવાની પૂર્વતૈયારી | 60 |
| 10. | ભૂમિદાન આંદોલનમાં | 62 |
| 11. | લગ્ન-પ્રકરણ | 91 |
| 12. | શોષિતોની વહારે | 100 |
| 13. | સ્વામીજીનો સત્સંગ | 104 |
| 14. | સર્વોદય મંડળમાં પુનરાગમન અને કટોકટી | 114 |
| 15. | શાંતિસૈનિકની કામગીરી | 119 |
| 16. | સાહિત્ય-સેવા | 124 |
| 17. | શિવામ્બુ-પ્રચાર પ્રવૃત્તિ | 127 |
| 18. | न मागे तयाची रमा होय दासी | 129 |
| 19. | દલિતો પ્રત્યેની આત્મીયતા | 133 |
| 20. | નિસર્ગોપચાર કેન્દ્ર, ગોત્રી | 137 |
| 21. | આયોડિન મીઠું | 140 |
| 22 | મારો પરિવાર | 142 |
| 23 | મારી દીકરીઓ | 144 |
| 24 | ઉપસંહાર | 151 |

# ૧ : જન્મ અને બાળપણ

**મા**રો જન્મ 1934ના મે માસની છઠ્ઠી તારીખે બ્રહ્મદેશ (બર્મા એટલે આજના મ્યાંમાર)માં ટાંગુ નગરમાં થયેલો. મારા બાપુજી મારી ગણતરી મુજબ 1898માં અને મારાં બા 1905માં જન્મ્યાં હશે. બાપુજીની 18 વરસની ઉંમરે તેમનું લગ્ન થયેલું. 1918માં એકલા જ કલકત્તા અને ત્યાંથી બ્રહ્મદેશ ગયેલા. તેમનું વતનનું ગામ બોડકા (તા. કરજણ, જિ. વડોદરા) ને મારી બાનું પિયર રાજપીપળા. બોડકાની પ્રાથમિક શાળામાં શિક્ષણ લઈ ધોરણ આઠમાં બાપુજી વડોદરા આવી સયાજી હાઈસ્કૂલમાં દાખલ થયેલા. તેમનું ભણતર મેટ્રિક સુધીનું. તેઓ કહેતા કે ત્યારે (1912થી 1916) દિવાળીની વીશીમાં મહિને ચૌદ આનામાં તેઓને રહેવા અને જમવાની સગવડ મળેલી. તેમના સહાધ્યાયીઓમાં શંકરલાલ શાહ (ટારઝનના 1થી 10 ભાગના ભાષાંતરકાર, ખાદીધારી ને નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામ કરનારા) હતા. બીજા ડૉ. હર્ષદરાય ઠાકોર વડોદરાના જાણીતા ડૉક્ટર જે મ્યુનિસિપાલિટીમાં ઉપપ્રમુખ થયેલા. તે બધા જૂના મિત્રો 1947થી 1950ના ગાળામાં ફ્રેન્ડ્ઝ મીટ (Friends' Meet)માં મળતા ને દર મહિને વારાફરતી એકને ઘેર સમૂહભોજન કરતા. મારા પિતાજી તે મંડળીમાં A.C.(અમૃતલાલ ચુનીલાલ) તરીકે સંબોધાતા. મારી બા ગુજરાતી સાત ચોપડી ભણેલી. તે જમાનામાં એક છોકરીને આટલું ભણતર હોય તેવું જવલ્લે બનતું.

મને પોતાને બ્રહ્મદેશની કોઈ વાત યાદ નથી. આ તો જન્માક્ષરમાં જોયેલું ને મા-બાપે કહેલું તે ઉપરથી લખું છું. મને તો 1937માં અમે બ્રહ્મદેશ કાયમને માટે છોડી વડોદરા રહેવા આવ્યા ત્યાર પછીના પ્રસંગો જ યાદ છે. મારા બાપુજી (તેમને હું કાકા કહેતો) વડોદરામાં અને અમારી જ્ઞાતિમાં રંગુનવાલા તરીકે ઓળખાતા. બ્રહ્મદેશમાં તેમની નોકરી હતી. છેલ્લે તેઓ ટાંગુ ઈલેક્ટ્રિક સપ્લાય કંપનીના જનરલ મેનેજરના માસિક 150 રૂપિયાના પગારદાર હતા. તે કાળે 25 રૂપિયે તોલો સોનું મળતું. બ્રહ્મદેશથી આવ્યા ત્યારે રોકડા રૂપિયા 10 હજારની બચત અને પચાસેક તોલા સોનાનાં ઘરેણાં લઈને આવેલા. હિન્દુસ્તાન મોટર્સના રૂ. 500ની કિંમતના તેમના શેર પણ હતા. તે વખતે વડોદરામાં ત્રણ હજાર રૂપિયામાં 3-4 ઓરડાનું સારું પાકું મકાન શહેરના ચાર દરવાજામાં વેચાતું મળતું. મારી બા ઘરનું ઘર લેવાનું કહેતી પણ મારા બાપુજી

તેમાં સંમત નહોતા થતા. કારણ મારી બા ભાડાના કોઈ મકાનમાં ઠરીઠામ થતી નહોતી. 1937થી 1945ના આઠ વરસ દરમિયાન અમે વડોદરામાં શામળબેચરની પોળ, વિસમણિયાનો ખાંચો, ઘડિયાળી પોળ, બાજવાડા, નરસિંહજીની પોળ અને વાયડાપોળમાં મકાનો બદલેલાં. તે વખતે 10-12 રૂપિયે માસિક ભાડામાં મનમાન્યું મકાન મળી જતું.

❖ ❖ ❖

બાળપણનો એક પ્રસંગ ખૂબ યાદ છે. અમે બ્રહ્મદેશથી આવેલાં ત્યારે અમારા બધાનાં સોનાનાં ઘરેણાં મારી બાએ ઘડાવેલાં. છોકરાઓ માટે વીંટી, પહોંચી (કાંડે પહેરવાનું ઘરેણું), ગળાનો દોરો અને મારી બહેન માટે નાક, કાન, માથે પહેરવાનાં ઘરેણાં હતાં. મારી બાની તો એક જ રાયણમાળા પાંચ તોલાની હતી ! અમને લગ્નપ્રસંગે ઘરેણાં પહેરાવતા. મારી 10-11 વરસની ઉંમરે એક વાર કોઈ લગ્નમાં પહેરવા ઘરેણાં કાઢ્યાં તો મારી વીંટી મને નાની પડી. તેથી મેં તો કજિયો કર્યો. મારા બાપુજીએ પોતાની વીંટી મને આપી પણ તે મોટી પડી. તેથી તેમણે હથોડી લઈ વીંટીને ટીપી નાની કરી. આ પ્રસંગની પાછળથી મારા ઉપર ઊંડી અસર પડી ને મેં ભવિષ્યમાં ઘરેણાં ન પહેરવાનો સંકલ્પ લીધો. મોટો થયા પછી મહાભારતની કથામાં પરીક્ષિત રાજાએ યજ્ઞ કર્યો ત્યારે કળિયુગ આવ્યો તેની કથા જાણી. કૃષ્ણ ભગવાને તેને પકડી પાડ્યો પછી પાંચ ઠેકાણે તેને રહેવાની રજા આપી. તેમાં એક સુવર્ણમાં કળિયુગ વસ્યો છે તેવું જાણ્યું. સુવર્ણને કદી હાથ પણ ન અડાડવાનો સંકલ્પ પછી દઢિભૂત થયો. પાછળથી લગ્ન કર્યું ત્યારેય પત્ની થનારને અને છોકરાઓને પરણાવતી વખતે પુત્રવધૂઓને પણ મારા આ આગ્રહની વાત કરીને સ્ત્રીઓએ પણ સોનાનાં ઘરેણાં ન પહેરવાં, ઘરમાં સોનું જ ન રાખવું તેવું સમજાવેલું. પરિણામે તેને કારણે અમારા ઘરમાં કદી મહાભારત સર્જાયું નથી.

❖ ❖ ❖

પ્રાથમિક શાળાજીવનના બીજા થોડા પ્રસંગો નોંધવા જેવા છે. તે વખતે હિંદુ-મુસ્લિમો વચ્ચે સારો ભાઈચારો હતો. નરસિંહજીનો વરઘોડો જોવા મુસ્લિમો આવતા અને તાજિયા જોવા અમે જતા. ગાયકવાડ સરકાર તરફથી મોટો અને અત્યંત કલામય તાજિયો સરકારવાડાની બાજુમાં જ બનતો. તાજિયા ડુબાડવાના જુલુસમાં મારી બા અમને ભાઈબહેનોને લઈ જતી ને તાજિયાની નીચેથી પસાર કરી ત્યાંના ધૂપની રાખ અમારે કપાળે ને ગળે

ચોપડતી. આમ કરવાથી વરસ સુધી કોઈ અલાબલા બાળકોને ન વળગે તેવી હિંદુ ગૃહિણીઓની માન્યતા રહેતી.

મારી સાથે એક વહોરો સાદતઅલી ભણતો. મારે ઘેરથી નિશાળે આવતા ગેંડીગેટ રોડ ઉપર તેના અબ્બાજાનની હાર્ડવેરની દુકાન અને તેની ઉપર જ તેનું રહેવાનું. ક્યારેક તે મને તેના ઘેર લઈ જતો ત્યારે તેની અમ્મા મને ગજવું ભરીને બદામ-કાજુ-દ્રાક્ષ આપતી. સાદતને રાંધેલી વાનગી આપતી. નાનપણથી મને ફરસાણ ખાવાનો શોખ. તેથી અમ્મા પાસે હું બટાકા-પૌંઆ કે એવી વાનગી માગતો. તે મારે માથે હાથ મૂકી સમજાવતી કે, ''એવું રાંધેલું તને ખવડાવું ને તેની જાણ તારી માને થાય તો મારો દીકરો વટલાઈ ગયો એમ માની તને મારે. અને પછી મારે ઘેર કોઈ દિવસ આવવા ના દે, સમજ્યો !'' ત્યારે અમે બધી વાતો ઘેર આવી બાને કહેતા. તે પૂછે કે ના પૂછે, બધી વાત કહી દેવાનો રિવાજ હતો.

*

**જાહેર હિતનું કામ હોય, કરનાર પ્રામાણિક, ઉત્સાહી અને મિશનરી વૃત્તિથી કામ કરતો હોય તો તેને નાણાંભીડ નડતી નથી. સમાજમાં આવા લોકોને મદદ કરનારા મળી જ રહે છે.**

*

**સમાજ-આધારિત જીવન જીવનાર સેવકની કદાચ પ્રારંભમાં કસોટી થાય છતાં પોતાના નિયમને વળગી રહે તો સમાજ તેનો બોજો ઉઠાવી જ લે છે.**

# ૨ : મારા શિક્ષકો

હું બાલમંદિરમાં બાજવાડામાં, ધોરણ પહેલામાં લાડવાડામાં, ધોરણ બેથી ચારમાં સરકારવાડામાં અને ધોરણ પાંચથી અગિયાર સયાજી હાઈસ્કૂલમાં ભણેલો. કેટલાક શેરીમિત્રો ને કેટલાક શાળામિત્રો મને આજેય યાદ છે. તેમની વાતો આગળ ઉપર સંદર્ભ આવશે ત્યારે કરીશ. મને શિક્ષકો માટે ખૂબ પ્રેમ અને માન રહેતું તેથી મારા શિક્ષકો મને બરાબર યાદ છે. સાત વરસ પૂરાં થાય ત્યારે ગાયકવાડીમાં ધોરણ પહેલામાં દાખલ થવાતું. તેથી મારે ત્રણ વરસ બાલમંદિરમાં કાઢવાં પડેલાં. મારું જન્માક્ષરમાં નામ જમનાદાસ હતું પણ ઘરમાં બધાં મને જનક નામે ઓળખતા. મને તેના કરતાં જગદીશ નામ વધારે સારું લાગેલું તેથી બાલમંદિરમાં જ હું નામ બદલાવી જગદીશચંદ્ર કરાવી આવેલો.

મારા શિક્ષકોમાં ધોરણ બેમાં હીરાબહેન મને યાદ છે. હું ભણવામાં પ્રથમ હતો તેથી ઈનામો મેળવતો અને શિક્ષકોને વહાલો લાગતો અને તેથી મારો તોફાની સ્વભાવ શિક્ષકો સહન કરી લેતા. હીરાબહેનને નાનકડું બાળક હતું. તેને લઈને તેઓ શાળામાં આવે. શાળામાં જ ઘોડિયું રાખેલું. તે હીંચોળવાની કામગીરી મેં હોંશથી ઉપાડી લીધેલી. કેટલીક વાર શાળા છૂટ્યા પછી તે બાળકને (અથવા બહેનના દફતરને) ઊંચકીને તેમને ઘેર પ્રતાપ મડઘાની પોળમાં હું મૂકી પણ આવતો. આ હીરાબહેન પાસે હું 41-42માં ભણતો. 27 વરસ પછી 1968-69માં વડોદરામાં મહાત્મા ગાંધી નગરગૃહમાં કોઈ શાળાના વાર્ષિકોત્સવમાં મારાં પત્ની સાથે હું ગયેલો. ત્યારે મારી પાછળની બેઠકમાં હીરાબહેન બેઠેલાં. તેમણે મને ઓળખી કાઢ્યો હતો તેથી મારાં પત્નીને પણ આશ્ચર્ય થયેલું.

ચોથા ધોરણમાં મારા શિક્ષક દયાધરભાઈ આધ્યાત્મિક વલણના શ્રેયાર્થી સાધક હતા. એક વાર તેઓ રીસેસ પછી કોઈ કામે રોકાયા તેથી વર્ગમાં મોડા પડ્યા. અમે છોકરાઓ તો તોફાને ચડ્યા. ખૂબ ધમાધમ થઈ તેથી આજુબાજુના વર્ગના શિક્ષકો પણ મૂંઝાયા. એટલામાં દયાધરભાઈ દોડતા આવ્યા. પાટલીઓ પર હું દોડાદોડ કરી બૂમો પાડતો તે તેઓ જોઈ ગયા. તેમના આવવાથી સૌ છોકરા વર્ગમાં ચડીચૂપ થઈ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા અને શાંતિ પથરાઈ ગઈ. દયાધરભાઈને ગુસ્સો આવેલો. તેમનું મોં લાલચોળ થઈ ગયેલું. મારી પાસે આવી મને મારવા બે-ત્રણ વખત હાથ ઉગામે

પણ મારી ના શકે. વર્ગમાં હું પહેલો આવું તેથી મારે માટે અપાર પ્રેમ. અને તેઓ વળી શ્રેયસાધક અધિકારી વર્ગના સાધક. તેથી ગુસ્સે થવું અને કોઈને મારવું તે તેમના સહજ સ્વભાવમાં નહીં. થોડીક વારમાં ગુસ્સો કાબૂમાં લઈ કહે, ''તારા બાપુજીને બોલાવી લાવ. પછી વર્ગમાં આવજે.'' મને બે ચાર ધોલ મારી દીધી હોત તો હું તે જ લાગનો હતો; મારા દુષ્કૃત્યની મને વાજબી સજા મળી ગઈ એમ માની હું ચૂપ રહ્યો હોત, પણ મારા તોફાનની ફરિયાદ મારા કાકાને કરવા તેઓ શાળામાં બોલાવે તે મારાથી સહન થાય તેવું ન હતું. મારી આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી પણ દયાધરભાઈને તેની દયા ન આવી. મારે લીલા બંગલા સામેની અમારી અનાજની દુકાને જઈ મારા કાકાને બોલાવી લાવવા પડ્યા. ત્યાં સુધીમાં દયાધરભાઈનો ગુસ્સો શાંત થઈ ગયેલો. તેઓ મારા કાકાને શી ફરિયાદ કરશે તેના તર્ક-વિતર્કમાં હતો પણ મારા કાકા આવ્યા તેમને માનથી દયાધરભાઈએ બેસાડ્યા. તેમણે મારી ફરિયાદ તો ન જ કરી ઉપરથી કહે, ''તમારો જગદીશ ભણવામાં ખૂબ જ હોંશિયાર છે. ગણિતમાં તો હું શીખવાડું તે પહેલાં ઘેરથી તૈયાર થઈને જ આવે છે. તમે તેનામાં રસ લો છો તે બહુ સારું છે. તમને તેના ભણતર અંગે મારા સંતોષની વાત કરવા જ બોલાવ્યા છે.'' હું તો દિગ્મૂઢ થઈ ગયો. મારા કાકાને બોલાવી લાવવા કહેલું ત્યારે મારા તોફાનની ફરિયાદ કરવાનું જ તેમના મનમાં સ્પષ્ટ હતું. પણ મારો પસ્તાવો, તેમનો પ્રેમ અને સાધક સ્વભાવ એમ ત્રણ કારણે તેઓ બદલાઈ ગયેલા. તે પ્રસંગ પછી દયાધરભાઈએ મને મોનીટર બનાવેલો. હું તો તોફાન ન જ કરું પણ બીજાનેય તોફાન કરવા ન દઉં. હું શરીરે સૂકલકડી હતો પણ ભણવામાં પહેલો અને શરીરે સબળા પણ ભણવામાં નબળા છોકરાઓને ભણવામાં મદદરૂપ થતો તેથી મારાથી બમણા વજનવાળા ને વેંત ઊંચા સહાધ્યાયીઓ પણ મારા કહ્યામાં રહેતા.

❖ ❖ ❖

સરકારવાડામાં ધોરણ ત્રણ-ચારમાં આવ્યો ત્યારથી સામે જ મેડે બાળપુસ્તકાલયમાં જતો. રીસેસમાં ત્યાં રમવા જાઉં. ને રોજ બે ચોપડીઓ વાંચવા લેતો આવું. બીજે દિવસે તે બદલાવી આવું. કેરમ, ચેસ ને બીજી ઘરમાં રમવાની રમતો ત્યાં હતી. રમવાનાં જાતજાતનાં રમકડાંયે હતાં. હું નિયમિત જતો તેથી ગ્રંથપાલ મરાઠી બહેનને મારા તરફ પક્ષપાત રહેતો. એકાદ વરસમાં બાળપુસ્તકાલયની બધી ચોપડીઓ મેં વાંચી નાખી ! ગ્રંથપાલ બહેનને

મારી નિયમિત વાંચનની ઝડપનો ખ્યાલ હતો. તેમણે મને નીચે મોટી લાઈબ્રેરીમાં દાખલ કરવા ચિઠ્ઠી લખી આપેલી. હું 11 વરસનો પણ ઊંચાઈ-વજનમાં નાનો લાગું. મોટી લાઈબ્રેરીમાં 16 વરસ કે તેથી મોટાને જ પ્રવેશનો નિયમ. મેં નીચે જઈ ફોર્મ માંગ્યું. પગના પંજા ઉપર ઊભો રહી ઊંચો થયો તોયે માંડ કારકૂન મારું મોં જોઈ શકે તેમ હતું. તેમણે જોયા વગર જ કહી દીધું કે, ''છોકરા, તારે માટે ઉપર લાયબ્રેરી છે. ત્યાં જા.'' મેં તરત ઉપરના બાળપુસ્તકાલયના ગ્રંથપાલ બહેનની ચિઠ્ઠી તેમને આપી. તેઓ ખુરશીમાંથી ઊભા થઈ મને જોવા લાગ્યા. ગ્રંથપાલને મળીને ચિઠ્ઠી બતાવી મને ફોર્મ આપ્યું. પછી મોટી લાયબ્રેરીમાં તો મને વિશાળ જ્ઞાનસાગર મળી ગયો. ભૂગોળ, ઇતિહાસ, જીવનચરિત્રોમાં મને ઘણો રસ. જાડી જાડી ચોપડીઓ પણ મેં વાંચી નાંખી.

મારા જીવનમાં પુસ્તકો, સિનેમા અને સંતસમાગમે મને ઘડ્યો છે. હું ખોટી સોબતમાં ખેંચાઈ નીચે ઊતરી જાઉં તોયે પાછી મારી ગાડી તેને કારણે પાટે ચડી જતી.

*

**કોઈના દોષના કાજી ન થવું. તેના જેવી પરિસ્થિતિમાં આપણે મુકાઈએ તો આપણે જુદી રીતે વર્તીશું તેની ખાતરી હોતી નથી.**

*

**જીવન-વિકાસમાં વૃત્તિઓ ઉપર બળજબરીથી અંકુશ મૂકવા કરતાં તેનું ઊર્ધ્વીકરણ થાય તેવા માર્ગો લેવા જોઈએ. સત્સંગ, સદ્‌વાંચન તેમાં મદદરૂપ થઈ શકે.**

# ૩ : વાયડાપોળનો નિવાસ અને હાઈસ્કૂલ–કૉલેજનું ભણતર

**ધો.** 5માં હાઈસ્કૂલમાં આવ્યો અને અમે વાયડાપોળમાં રહેવા આવ્યા પછી ઘેરથી શાળાએ જતાં-આવતાં ઘંટિયાડાને નાકે આવેલી લક્ષ્મી વિલાસ હિંદુ હોટલનાં ભજિયાંની સુગંધ આવે ને મન લલચાય. એક દિવસ ગજવામાં એક આનો હતો તેથી મારા મિત્ર સાથે હિંમત કરી અમે તો હોટલમાં જઈ ભજિયાં ખાધાં ! આ વાત મારી બાને કરવાની નહીં એવી સમજૂતિ થયેલી. પણ ઘેર આવી તેણે જ મારી બાને ચાડી ખાધી. અને મારું આવી બન્યું. 'ગોલાની હોટલનાં ભજિયાં ખાધાં અને પાણી પીધું !' દિવસો સુધી મારી ઉપર કેટલાયે અંકુશો મુકાયેલા.

❖ ❖ ❖

મારો શેરીમિત્ર વામન ઉંમરમાં મારાથી એક વર્ષ મોટો અને ભણવામાં એક વર્ષ પાછળ. દાલિયા પટેલનો છોકરો ભણવામાં મધ્યમ ને હું હોંશિયાર. તેથી અમારી દોસ્તી જામી. અમે સાથે સ્કૂલે જઈએ અને આવીએ. તેની સગી મા મરી ગયેલી ને તેના બાપુએ બીજી પત્ની કરેલી. તે મણિબા મારી ઉપર બહુ હેત રાખે. વામનને હું ભણાવું તે તેમને બહુ ગમે તેથી તેમને ઘેર રોજ જાઉં તેમાં તે રાજી રહે. વામનના બાપુજીની પૌંઆની મિલ. એટલે રોજ પૌંઆની વાનગી મને ખવડાવે. ક્યારેક દૂધ-પૌંઆ તો ક્યારેક વઘારેલા પૌંઆ તો ક્યારેક બટાકા-પૌંઆ. મને ખાવાનું મળે એટલે હું ખુશ. અને હું ખુશ એટલે મણિબા ખુશ. વામનની મા ઓરમાન પણ તેને સગા દીકરાની જેમ રાખે ને તેના મિત્ર માટે પણ એવો જ ભાવ રાખે. તેમનો પોતાનો દીકરો બુદ્ધિસાગર નાનો. તેને અમે બુધિયો કહેતા. બંને ઓરમાન ભાઈ, પણ વ્યવહાર સગા ભાઈ જેવો જ. બહારથી તરત ભેદ ન પરખાય. પરીક્ષાના દિવસો અગાઉ હું વામનને ઘેર સૂઈ જાઉં. અમે રાત્રે સૂતાં પહેલાં અને સવારે વહેલા ઊઠીને વાંચીએ. તેને કાંઈ પૂછવા જેવું લાગે તો પૂછી લે. પછી તો નાસ્તો-દૂધ પણ કેટલીક વાર ત્યાં કરી લઉં. નહાવા ને જમવા ઘેર આવી જાઉં, બસ.

❖ ❖ ❖

વામન, હું અને ત્રીજા એક પનાભાઈ પટેલની ત્રિપુટી. અમે બે ભણીએ

ને પનાભાઈ મિલમાં નોકરી કરે. તે મોટા ને પરણેલા. મને વાંચવાનો બહુ શોખ. મારા ઘરમાં જ કબાટ ભરીને પુસ્તકો. હું વાંચું ને તેમને જણાવવા જેવું જણાવું. છાપુંયે અમારે ઘેર આવે, લાયબ્રેરીમાંથીયે હું પુસ્તકો લાવીને વાંચું ને તેનીયે વાતો થાય. બંને મિત્રોને મારી સોબત ગમે. અમે સાથે મળી ઘણી ચર્ચા કરીએ. તે બંને પટેલોનું સંસ્કારનું સ્તર નીચું પણ તેમને સંસ્કારની જિજ્ઞાસા ખરી. અમે ત્રણેય સાથે સિનેમા જોવા પણ જઈએ. ત્યારે મને મહિને બે રૂપિયા હાથખર્ચના મળતા. ચાર આના સિનેમાની ટિકિટ. વામનને તો જ્યારે જોઈએ ત્યારે મણિબા પૈસા આપે ! જનક સાથે જવાનું છે - એવી વાત આવે કે તેમને સધિયારો રહે. પનાભાઈ મિલમાં રોજંદારી પર કામે જાય. કોઈ દિવસ કામ નયે મળે. અઠવાડિયે પગાર આવે. એટલે તે રાજા હોય. એક વાર અમે ત્રણેયે સાથે બેસી વિચાર કર્યો કે, સિનેમા જોવાની ટેવ સારી નથી. તેનાથી ચિત્ત પર ખોટા સંસ્કાર પડે છે. રાત્રે ખોટાં સપનાં પણ આવે છે. તો હવેથી સિનેમા જોવાનું બંધ. ત્રણેયે સાથે મળીને એકમતિથી ઠરાવ કર્યો. ત્યાં પનાભાઈએ પ્રસ્તાવ મૂક્યો કે, ‘‘યાર, કોઈક વાર મિત્રો સાથે જવું પડે તો શું કરવું ?’’ તો જે નિયમભંગ કરે તે બીજે દિવસે સાંજે એક ગ્લાસ દૂધ પીવડાવી દે. ત્રણ આનામાં મોટો ગ્લાસ ગરમ દૂધ (ખાંડ, બદામ-એલચી ને મલાઈ નાંખેલો) મળે. ત્યારે સિનેમાના ચારને બદલે પાંચ આના થઈ ગયેલા. જે નિયમભંગ કરે તેણે સિનેમાના પાંચ આના ને ત્રણ જણના દૂધના નવ આના એમ કુલ ચૌદ આના ખરચવા પડે. અમારો આ નિયમ એકાદ વરસ ચાલ્યો હશે તેમાં મેં એકેય વાર નિયમભંગ નહીં કરેલો. વામને ત્રણ-ચાર વખત ને પનાભાઈએ પંદર-વીસ વખત નિયમભંગ કર્યો હશે.

❖ ❖ ❖

બીજો નિયમ સવારે થોરાટ વ્યાયામશાળામાં જવાનો. ચાર વાગે ઊઠી પરવારી સાડાચાર પોણાપાંચે અમે વ્યાયામશાળામાં જઈએ. ત્યાં દંડ-બેઠક કરીએ ને પછી દોડવા જઈએ. ચોખંડીથી પ્રતાપનગર થઈને લાલબાગથી રાજમહેલ-માર્કેટ થઈ બરાનપુરામાં થઈ દોડતા પાંચેક કિલોમીટર કાપીએ. ત્યારથી મને વહેલા ઊઠવાની ટેવ પડી તે આજ સુધી જળવાઈ રહી છે. રાત્રે ચણાની કાચી દાળ એક મૂઠી લઈ ધોઈને પાણીમાં પલાળી દઈએ. સવારે ફૂલીને પોચી પડી જાય. દોડીને આવીને થોડો આરામ કરી ચાવી ચાવીને દાળ પૂરી કરી ઉપર ગરમ દૂધનો ગ્લાસ ગટગટાવી જઈએ. સવારે દોઢ કલાકનો આ

કાર્યક્રમ વરસો સુધી ચાલેલો. વામનને ઉઠાડવાની ઝાઝી મુશ્કેલી નો'તી પડતી પણ પનાભાઈ બહુ બૂમો પડાવે. ઘણીવાર કહે, ''યાર જનક, રાત્રે મોડો સૂતો છું તે આજે નહીં અવાય.'' ત્યારે તેને છોડી દઈએ. પનાભાઈ આ રીતે અડધા દિવસ ગુલ્લા મારે. વામન ને હું લગભગ નિયમિત જઈએ. હું 80 દંડ અને 160 બેઠક કરું ને દોડું તેથી શરીર કસાયું. પાછળથી ભૂદાનમાં ગમે તે ખાવા-પીવાનું મળે ને માઈલો સુધી ચાલવાનું આવે તો યે શરીર ટકી રહ્યું તેની પાછળ આ તપસ્યાનું બળ કહેવાય.

❖ ❖ ❖

મારા બાળપણમાં વાયડાપોળે મને ઘણો ઘડ્યો છે. ત્યાં મોટે ભાગે દાલિયા પટેલોની વસતી. થોડું ભણીને ધંધે વળગે કે મિલમાં જાય. સંસ્કારની ઝાઝી ચિંતા નહીં તેથી પત્તાંની રમત અને હોળી-જન્માષ્ટમીએ જુગાર, બોલવામાં ગાળો જેવાં દૂષણો સ્વાભાવિક આવી ગયેલાં. માધ્યમિક શાળાનાં પાંચથી અગિયાર અને કૉલેજનું સવા વરસ ત્યાં વીત્યું. મને ખરાબ સોબતની અસરેય થઈ ને મારા સદ્‌વાચન અને વિવેકને કારણે હું તેમાંથી નીકળ્યો પણ ખરો.

કોંગ્રેસ સેવાદળમાંયે વરસેક ગયો હોઈશ. વાયડાપોળથી ઠે...ઠ ભૂતડી ઝાંપે સેવાદળમાં સાંજે જતો. તેના પ્રવાસો ને શિબિરો પણ ભરેલા. તેમાંથી રાષ્ટ્રીય સંસ્કારો પણ પડેલા. પોળના લક્ષ્મીદાસ પટેલ 1942ની ચળવળમાં સક્રિય. ભણેલા ને ખાદીધારી. તેમણે રેંટિયાનો વર્ગ કાઢવાની દરખાસ્ત મૂકી અને હું તેમાં પહેલો જોડાયો. રોજ કાંતીએ એટલે ખાદી પણ પહેરવેશમાં આવી. તે વખતે ચરખાસંઘે એવો નિયમ કરેલો કે ભંડારમાંથી ખાદી ખરીદવી હોય તેણે એક વારે ત્રણ આંટી જમા કરાવવી પડે. અમારી પોળના છગનકાકા શુદ્ધ ખાદીધારી. ધોતિયું-ઝભ્ભો, માથે ટોપી ને કોટ પહેરે. તેમને કાંતવાનું ન ફાવે તેથી અમારી કાંતેલી આંટીઓ લઈ જાય. ત્યારે એક આંટી (640 વાર)ની કીમત ત્રણ આના ગણાતી.

❖ ❖ ❖

હાઈસ્કૂલમાં નેતાગીરી કરવાનીયે મને તક મળી. ભણવામાં હોંશિયાર ને બહારનું વાચન ઘણું. ત્યારે 'કુમાર' માસિક અમારે ઘેર આવતું તે હું સાદ્યંત વાંચી જતો. તેના છેલ્લે પાને ઘણી બધી જાણકારી આવતી. સ્કૂલમાં ક્યારેક

શિક્ષક ગેરહાજર હોય ત્યારે તેવી બધી વાતો થતી. હું તેમાં ઝળકી ઊઠું તેથી બીજા વિદ્યાર્થીઓ મને માનથી જુએ. સયાજી હાઈસ્કૂલમાં આઝાદી પછી તરત જ વિદ્યાર્થીસંઘ બનેલો. તેનું બંધારણ પણ છપાયેલું. ધોરણ આઠથી અગિયારના દરેક વર્ગમાંથી બબ્બે વિદ્યાર્થી તેમાં ચૂંટાતા. ધોરણ આઠ અને નવમાં હું વર્ગ-પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ ગયેલો. ધોરણ 10માં સહમંત્રી તરીકે પસંદ થયો ને ધોરણ અગિયારમાં મહામંત્રી (જનરલ સેક્રેટરી) વરાયો. અમારા બોર્ડમાં 24 વિદ્યાર્થી સભ્યો હતા. તેમાંથી મને 18 મત મળેલા ને મારો હરીફ (જે ભણવામાં પાછળ પણ દાદાગીરીમાં આગળ તે)ને માત્ર 6 મત મળેલા. તે વખતે વડોદરાની કોઈ પણ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીસંઘ (સ્ટુડન્ટ્સ યુનિયન) નહીં તેથી વડોદરા વિદ્યાર્થી મિત્ર મંડળની કારોબારીમાં હાઈસ્કૂલના એક માત્ર પ્રતિનિધિ તરીકે મારી પસંદગી થઈ હતી. રામલાલભાઈ પરીખ મંડળના મહામંત્રી ને ભાઈલાલભાઈ કોંટ્રાકટર પ્રમુખ હતા. સૌથી નાનો હું હતો. મને બીજું તો યાદ નથી પણ એક વાર પૂરરાહતમાં અમે ઘોડાગાડી ભાડે કરી શહેરમાંની પોળે પોળે ફરીને અનાજ અને જૂનાં કપડાં ભેગાં કરેલાં તે યાદ છે.

❖ ❖ ❖

હાઈસ્કૂલના બે પ્રસંગો હૈયે જડાયેલા છે. વિદ્યાર્થી સંઘની મીટિંગ સામાન્ય રીતે ત્રીજા પિરીયડમાં થાય. તે ભૂમિતિનો હોય. તેના શિક્ષક નિકતે દાદા. વારંવાર તેમના વર્ગમાં મારે ગેરહાજર રહેવાનું થાય. એક વાર નિકતે દાદાએ મને શિક્ષકોના ખંડમાં બોલાવ્યો. મારે બરડે હાથ મૂકી કહે, ‘‘તમારા યુનિયનની પ્રવૃત્તિમાં મારાથી ન પડાય. પણ મને તારી ચિંતા છે. ભૂમિતિમાં તું એટલો હોંશિયાર છે કે સોમાંથી સો માર્ક લાવી બોર્ડમાં પહેલો આવી શકે. પણ તું વારંવાર ગેરહાજર રહે છે તેથી મને તારી ચિંતા થાય છે.’’ આટલું કહેતાં કહેતાં સાહેબની આંખમાં ઝળઝળિયાં આવી ગયેલાં. તે કાળમાં ટ્યૂશન તો કોઈક જ વિદ્યાર્થી રાખે. એસ.એસ.સી.ના બે-ત્રણ ક્લાસ ચાલે. પટવાનો જનરલ, દેસાઈ સાહેબનો ગણિતનો ને અંગ્રેજીનો કોરાને સાહેબનો ચાલતો.

❖ ❖ ❖

ધોરણ દસમાં હતો ત્યારે મારા વર્ગશિક્ષક ઘેલુભાઈ. અમારો વર્ગ નીચે ચાલે ને ઉપરના માળે ચણતરકામ ચાલે. તેમાં એક ઈંટ ઉપરથી પડી. મેં બારીમાંથી તે જોઈ અને મારા તોફાની સ્વભાવ મુજબ ‘હૈસો’ની બૂમ પડાઈ

ગઈ. તરત જ ઘેલુભાઈનું ધ્યાન ગયું. ''સા...લા, કોણે બૂમ પાડી ?'' એમ કહેતા આંકણી લઈ અમારી તરફ આવ્યા. મારી સાથે પ્રકાશ દેસાઈ બેસે. અમે બંને વારાફરતી પહેલા-બીજા નંબરે પાસ થતા. પ્રકાશને ઘેર ઘેલુભાઈ ભણાવવા જતા. પ્રકાશ મારો ખાસ દોસ્ત. ધોરણ 10-11 અને કૉલેજમાં પરીક્ષાના દિવસોમાં હું તેને ઘેર રાત્રે વાંચવા જતો. ઘેલુભાઈની ક્રોધાયમાન મુદ્રા અને હાથમાં આંકણી જોઈ પ્રકાશ થથરી ગયો. તેને તો માર પડવાનો જ ન હતો. પણ મને માર પડશે તેનો તેને ડર. તે જૂઠું બોલ્યો, ''ના સાહેબ, જગદીશે બૂમ નથી પાડી.'' તેની વાતથી ઘેલુભાઈ ખમચાઈ ગયા. તેમને ખાતરી હતી કે બૂમ જગદીશે જ પાડી છે. આખો વર્ગ મારા પ્રત્યે સહાનુભૂતિ વાળો. પ્રકાશ જૂઠું બોલ્યો પણ મારા અંતરાત્માથી તે સહન ન થયું. મેં સાહેબને કહ્યું, ''મારાથી જ બૂમ પડાઈ ગઈ છે. મારા પ્રત્યેની લાગણીથી પ્રકાશ જૂઠું બોલે છે. મને જે શિક્ષા કરવી હોય તે કરો.'' આ ગાળામાં ગાંધી-સાહિત્ય અને તેમાંયે 'આત્મકથા'નું મારું વાચન પારાયણ સ્વરૂપે ચાલતું. સોનાના કડામાંથી એક તોલો સોનું કપાયું ને પછી તે ભૂલ ચિઠ્ઠીમાં લખી પિતાજી સામે મોહનદાસે કબૂલી, તે પ્રસંગ મારા હૃદયમાં ચોંટી ગયેલો. તેથી બને ત્યાં સુધી ભૂલ ન કરવી પણ સ્વભાવવશ થઈ જાય તો હિંમતપૂર્વક તે કબૂલી તેનું જે કાંઈ પરિણામ ભોગવવું પડે તે ભોગવવા તૈયાર રહેવું, એવું મનોવલણ બંધાયેલું.

તે વરસોમાં (1948થી '53) નવજીવન પ્રકાશન મંદિરની પુસ્તકોની દુકાન વડોદરામાં કોઠીના ઢાળે હતી. હું કેટલીયે વાર ત્યાં જતો. 'એક સત્યવીરની કહાણી - સોક્રેટીસનો બચાવ', 'ગામડાની વહારે', 'મંગલપ્રભાત', 'રચનાત્મક કાર્યક્રમ', 'નીતિનાશને માર્ગે', 'ગાંધીવિચાર દોહન', 'આત્મકથા' વગેરે પુસ્તકો હું ખરીદી લાવીને વારંવાર વાંચતો. સાદા પૂંઠાવાળાં તે પુસ્તકો મને ગમતાં.

❖ ❖ ❖

વાયડાપોળના અસંસ્કારી વાતાવરણમાં મારામાં કેટલાક દોષો આવેલા અને સદ્વાંચનથી જીવનમાં રચનાત્મક વલણો પણ બંધાયેલાં, ગંદી ગાળો બોલવી, પત્તા ઉપર સિગારેટનાં ખોખાં, લખોટીઓ અને ક્યારેક પૈસાનો જુગાર રમવો, સિનેમા જોવા જવું (અઠવાડિયે ત્રણ હિંદી-ગુજરાતી અને એક અંગ્રેજી ફિલ્મો જોતો), અંગ્રેજી ફિલ્મોમાં ઝાઝી સમજ ન પડે પણ વટ પાડવા જઈએ. તેના રીવ્યુ વાંચીએ. થિયેટરમાં બીજા હસે ત્યારે હસીએ ને બીજા તાળીઓ પાડે

ત્યારે તાળી પાડીએ. એકની એક હિંદી ફિલ્મ અનેક વાર જોઈ છે. સિગારેટ પીએ, હોટલમાં જઈ નાસ્તા કરીએ, આમલેટ ખાઈએ, કોકાકોલા પીએ. આ બધાં માટે પૈસા જોઈએ. હાથખર્ચ ઘરમાંથી મર્યાદિત મળે તેથી ઘરગથ્થુ વેપાર કરી લઈએ. મેં પતંગો બનાવીને વેચવાનો, ટપાલની ટિકિટો ભેગી કરી વધારાની ટિકિટો વેચવાનો ધંધો કર્યો છે. તે માટે વિદેશોમાં પત્રમિત્રો બનાવવા ને તેમની સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવો. અહીંની ટિકિટો જથ્થાબંધ પરદેશ મોકલી બદલામાં ત્યાંની મંગાવીએ. કામ રસિક હતું. અહીંથી ટપાલની ટિકિટો મેળવવા વેપારીઓના ઘરનાં માળિયાં પર ચડી તારફોલિયા શોધી તેમાંની ટિકિટો મેળવવી, કોઠી કચેરીએ જઈ ત્યાંની કચરાપેટીમાંથી (વપરાયેલી) ટિકિટોવાળાં કવરો એકઠાં કરી ઘેર આવી ટિકિટો ધોઈ, સૂકવી, જુદી પાડી તેના પેકેટો બનાવવાની કામગીરી થકવી નાખનારી પણ રસિક અને આવક કરનારી હતી. એડન, સિલોન, ચેકોસ્લોવેકિયા, ઈંગ્લેંડ, સ્વીડન, ઈટાલી, યુ.એસ.એ., જાપાન, નેપાળ વગેરે દેશોમાં મારા પત્રમિત્રો હતા. 'કુમાર' માસિકમાંથી પત્રમિત્રોનાં સરનામાં મેળવતો. આ પત્ર-વ્યવહારને કારણે મારું અંગ્રેજી પ્રમાણમાં સારું થયું છે. 26 જાન્યુઆરી 1950ના પ્રજાસત્તાક દિને વડોદરામાં ન્યુ ઈરા હાઈસ્કૂલમાં ટિકિટોનું પ્રદર્શન યોજાયેલું તેમાં 4x6 ફીટની એક એવી છ ફોટો ફ્રેમોમાં મારું આલ્બમ પ્રદર્શિત થયું હતું. ત્યારપછી ઘણાએ મારો સંપર્ક કરી મને ખાસ્સી આવક કરાવેલી.

❖ ❖ ❖

તે જ ગાળામાં મારો ગુણવિકાસ પણ ખાસ્સો થયો. સવારે ચાર વાગે ઊઠવાની, વ્યાયામ કરવાની, ગાંધી-સાહિત્ય વાંચવાની, વિદ્યાર્થીસંઘમાં અને વડોદરા વિદ્યાર્થી મિત્રમંડળમાં નેતાગીરી કરવાની અને રાહતકાર્યો કરવાની, સેવાદળમાં કવાયતની તાલીમ લેવાની, રેંટિયા વર્ગ ચલાવવાની અને કાંતીને ખાદી પહેરવાની, શ્રમ-શિબિરોમાં જવાની અને જીવન વિષે વિચારવાની તથા રોજનીશી લખવાની ટેવ પડી.

મારા ઘરમાં કોઈ રચનાત્મક સંસ્કારોનો વારસો ન હતો. હા, મારા કાકાને પુસ્તકો વાંચવાનો ને વસાવવાનો શોખ હતો. ટોલ્સટૉયનું જીવનચરિત્ર, જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા, દાસબોધ, આદર્શ દૃષ્ટાંતમાળા, સામાજિક ટૂંકી વાર્તાઓના અનેક ભાગો; આત્મકથા વગેરે પુસ્તકો હતાં તે વાંચવાની પ્રેરણા

મારા કાકાએ મને આપેલી. પહેલી અંગ્રેજી ફિલ્મ 'બેધિંગ બ્યુટી' જોવા માટે મારા કાકાએ મને ચાર આના આપી મોકલ્યો હતો.

❖ ❖ ❖

આ જ ગાળામાં મને રોજનીશી લખવાની ટેવ પડી. તે માટે ગાંધીજીના વિચારોએ મને પ્રેર્યો. પછી તો મને પોતાને જાતે લખવામાં મજા આવવા માંડી. ઠે...ઠ 1945થી આજે 2012 સુધીની (વચ્ચે લગ્ન પછીનાં થોડાં વર્ષોને બાદ કરતાં) ડાયરીઓ આજે મારી પાસે છે. તેમાં વાંચન, પ્રવાસ, મુલાકાતો, હિસાબ વગેરેની નોંધો મેં કરી છે.

❖ ❖ ❖

ચીલાચાલુ જીવન છોડવામાં મને શ્રમશિબિરોએ ઘણી મદદ કરી છે. તે વખતે અખિલ ગુજરાત વિદ્યાર્થી કોંગ્રેસ નામની સંસ્થા વેકેશનોમાં યુવાનોના શ્રમશિબિરો યોજતી. 16 વર્ષથી ઉપરના ને 25 વર્ષ સુધીના યુવાનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં તેમાં ભળતા. પંદર દિવસના શ્રમશિબિરમાં જવા-આવવાનું ભાડું પોતે કાઢવાનું, રહેવાનું-જમવાનું જે તે ગામલોકો કરતા. ઘર દીઠ બે-ત્રણ શિબિરાર્થી સવાર-સાંજ જમવા જતા. સવારે નાસ્તો તથા મહેમાનોના પ્રવાસખર્ચ અને પરચુરણ વ્યવસ્થા-ખર્ચ માટેની રકમ ભારત સેવક સમાજ કે એવી બીજી સંસ્થા કરતી. રોજ પાંચ કલાક માટીકામ કરવાનું રહેતું. અમને હાથે છાલાં પડી જતાં પણ 'દેશ આઝાદ તો થયો હવે આપણે તેને આબાદ કરવાનો છે' - એ આદર્શ અમને પોરસાવતો. તે રીતે અમદાવાદ પાસે ચાંદલોડિયા-ગોતા-ઓગણજની કાચી સડક બંધાયેલી. સાબરકાંઠામાં બાયલ-ઢાકરોલમાં શિબિર કર્યાનું મને સ્મરણ છે. પાંચ કલાકના શ્રમ પછી નાહીને જમીને ઢોરની જેમ સૂઈ જતા. બપોરે વકતા આવે ત્યારે અમને ઉઠાડતા. તે રીતે ઉમાશંકર જોશી, રવિશંકર મહારાજ, એસ.આર. ભટ્ટ, યશવંત શુકલ, બબલભાઈ મહેતા, નારાયણ દેસાઈ, નવલભાઈ શાહ વગેરેનાં પ્રવચનો સાંભળેલાં.

શ્રમ શિબિરોના કેટલાક પ્રસંગો આજે 60 વર્ષેય સ્મરણપટ ઉપર તરી આવે છે. એક શિબિરમાં અમારી ટુકડીમાં એક ગામડિયો ઉમેરાયેલો. આમ તો ચાર-ચાર જણની ટુકડી હોય ને રોજનું બે બ્રાસ (200 ઘનફુટ) માટી કામ કરવાનું હોય. ક્યારેક ગ્રામજનો ટુકડીઓમાં જોડાય તો કામમાં ઝડપ થઈ જાય.

અમારી ટુકડીમાં શ્યામરંગી પણ સફેદ ખાદીનું ધોતિયું ને માથે તેવું જ સફેદ ખાદીનું ફાળિયું બાંધેલ ગ્રામજન હતો. તેણે તો ત્રિકમ લઈ ધડાધડ માટી ખોદવા માંડી. અમે તો તગારાં ભરી ભરી થાકી ગયા. બે કલાક પછી વિશ્રામના ગાળામાં ચણા-ગોળના નાસ્તા પછી શિબિરના ઉદ્‌ઘાટકનું પ્રવચન હતું. અમે વાટ જોયા કરીએ. હમણાં મોટર આવશે ને છપ્પન ઈંચની ઈસ્ત્રીટાઈટ કફનીમાં સજ્જ કોઈ કોંગ્રેસી નેતા આવશે. ભાષણ આપીને રફૂચક્કર થઈ જશે. પણ ઉદ્‌ઘાટકને જોઈને અમારા તો હોશકોશ ઊડી ગયા. જે ગ્રામજને અમારી ટુકડીમાં માટીકામ કરી અમને થકવી નાંખેલા તે હતા, ગુંદી આશ્રમના નવલભાઈ શાહ. તેમણે બે કલાક અમારા કરતાં વધુ નિષ્ઠા અને આવડતથી શ્રમ કરેલો. તેમનો પરિચય અપાયો ને અમારાં મોં સીવાઈ ગયાં ! આવા નેતા હોય તો યુવાનોને પોરસ ચડે જ ને !

❖ ❖ ❖

એક શિબિરમાં લગભગ 800 યુવાનો ત્રણ ગામોમાં વહેંચાઈ જવાના હતા. પહેલે દિવસે પહેલા ગામે જ સમૂહ ભોજન હતું. કંસાર બાફેલો તેલમાં. મોટે ભાગે ઘાણીનું તલનું તેલ વપરાતું. તે દિવસે ભાણામાં કંસાર પીરસાયો ને મંત્ર બોલી સૌએ મોંમાં કોળિયો નાંખ્યો-ન નાંખ્યો ને થૂ થૂ કરી ચણભણાટ શરૂ થઈ ગયો. રસોઈયાની ગફલતથી તલના તેલને બદલે માથામાં નાંખવાનું કોપરેલ વપરાઈ ગયું હતું ! કોપરેલ માથામાં નંખાય, કાંઈ ખવાય ઓછું ? - એવી સૌની છાપ. ભૂલ તો થઈ ગઈ પછી શિબિર સંચાલક (હું ભૂલતો ન હોઉં તો હરિહર ખંભોળજા)એ સૌને શાંત પાડ્યા. તેમણે કહ્યું, ‘‘રસોઈયાની ભૂલ તો થઈ ગઈ છે પણ આ જ દેશમાં વિભિન્ન પ્રાંતોમાં અલગ અલગ તેલ ખાવામાં વપરાય છે. દક્ષિણ ભારતના કેરલમાં કોપરેલ ખાદ્ય છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં આપણે માલિશમાં વાપરીએ છીએ તે સરસિયું ખાદ્ય તેલ તરીકે વપરાય છે. ભિન્ન ભાષા, ભિન્ન પહેરવેશ, ભિન્ન ખાણી-પીણીવાળા આપણા મહાન ભારત દેશની વિવિધતા સમજવી જોઈએ, પચાવવી જોઈએ. ઉત્તરમાં ઘઉં ખવાય છે. દક્ષિણમાં ને પૂર્વમાં ચોખા જ ખવાય છે. આપણે ત્યાં પશ્ચિમમાં ઘઉં ને ચોખા બંને ખવાય છે.’’ તેમના પ્રવચન પછી ચણભણાટ શાંત થયો ને કેરલમાં છીએ એમ માની કોપરેલનો કંસાર વપરાઈ ગયો. અમારા નેતાઓએ દેશનું દર્શન કરેલું તેથી અમને દેશની વિવિધતા અને એ વિવિધતામાં એકતા પેદા કરવાનો પડકાર સમજાવી દીધો.

❖ ❖ ❖

એક શિબિરમાં વડોદરાના સામ્યવાદી બિરાદર મગનભાઈ દેસાઈનો પરિચય થયો. તેમની વિવિધ રાજકીય વિચારસરણી અંગેની જાણકારી સારી હતી. તેમની પાસેથી માર્કસ, લેનિન, સ્ટાલિન, ઍન્જલ્સ વગેરે અંગે જાણકારી મળી. પછી તો વડોદરા આવીને સામ્યવાદીઓના બૌદ્ધિક વર્ગોમાંયે જતો થયેલો. સર્વોદયમાં દાખલ થતા અગાઉ રશિયા-ચીન વગેરેની રક્તરંજિત ક્રાંતિની કથાઓ જાણી હતી. મને સમાનતાનો વિચાર ગમતો પણ હિંસક ક્રાંતિ ન ગમતી. કોઈનું લોહી રેડીને સમાનતા લાવવાની વાત ભેજામાં ન ઊતરી. તેથી મહાત્મા ગાંધીની વાત શીરાની જેમ ગળે ઊતરી ગઈ. ભલે થોડું મોડું થાય પણ દેશબંધુઓને સમજાવી તેમનું વિચાર-પરિવર્તન અને હૃદય-પરિવર્તન કરી ક્રાંતિ કરવાની વાતમાં મને રસ પડ્યો. ને ભવિષ્યમાં પછી તે રસ્તે જીવન વીત્યું.

❖ ❖ ❖

શ્રમશિબિરોમાં ક્યારેક સડકનું માટીકામ હોય, ક્યારેક તળાવ ખોદવાનું હોય. પણ રાષ્ટ્રના નવનિર્માણમાં, જેમ ખિસકોલીએ રામસેતૂ બાંધવામાં મદદ કરેલી તેમ અમે પણ અલ્પ પ્રયાસ કર્યાનો આનંદ ને સંતોષ લેતા. 4-5 કલાકના શ્રમમાં હાથે છાલાં પડી જતાં પણ વક્તાઓનાં પ્રવચનો ને રાતનો સાંસ્કૃતિક કાર્યક્રમ અમારો થાક દૂર કરી દેતો. રાત્રે Camp Fireનો કાર્યક્રમ થતો તેમાં ગીતો ગવાતાં, એકપાત્રી અભિનય રજૂ થતો, રમૂજી ટુચકા રજૂ થતા, નકલો રજૂ થતી ને એવી વાનગીઓ પીરસાતી જેથી અમારો દિવસભરનો થાક ઊતરી જતો.

નારાયણ દેસાઈને મોઢે ભૂદાનયજ્ઞની વાત પહેલી જ વાર સાંભળેલી ને તેમાં બહુ રસ પડેલો. પછી એક રૂપિયાનું 'ગીતાપ્રવચનો' અને એક રૂપિયાનું 'સામ્યયોગી વિનોબા' પુસ્તક ખરીદી વારંવાર વાંચી ગયેલો. વિનોબાજીનું 'શિક્ષણ વિચાર' અને હિંદી 'સર્વોદય' માસિકના અંકો પણ વાંચવામાં આવેલાં. તે વાચનમાં 'આજનું શિક્ષણ નિરર્થક છે, માત્ર પૈસા કમાવાનું જ તે શીખવે છે, વાંચી-વાંચીને પરીક્ષામાં ઓકી નાંખી પાસ થઈ સર્ટિફિકેટ મેળવી લેવાનું. આવું શિક્ષણ ત્યજવા જેવું છે' દ્ર એવા વિચારો દૃઢિભૂત થયેલા.

❋

# ૪ : મનોમંથન અને નિર્ણય

1953ના મે વેકેશનમાં નારાયણભાઈને સાંભળ્યા પછી ભૂદાનયજ્ઞનો વિચાર ગમ્યો. 'ગીતાપ્રવચનો'માં તો ઝાઝી ગતાગમ ન પડી છતાં વાંચી ગયો. વિનોબાના જીવને પ્રેરણા આપી અને આ ભણતર છોડવાનો વિચાર આવ્યો. તે વખતે મેં સાયન્સ કૉલેજમાં પહેલું વર્ષ પૂરું કરેલું ને ઈન્ટર સાયન્સમાં દાખલ થયેલો. એ ભણતરમાંથી રસ ઊડી ગયેલો. તેથી જયપ્રકાશ નારાયણ ગુજરાતના પ્રવાસે આવ્યા ત્યારે સમયદાનનું ફોર્મ ભરેલું. તેમના ગયા પછી બધા સમયદાનીઓને સરદારભવનમાં વડોદરા જિલ્લા ભૂમિદાન સમિતિના મંત્રી ચંદુભાઈ પટેલે બોલાવેલા. ફોર્મ ભરનાર ઘણા પૈકી થોડા ત્યાં આવેલા. વેકેશનમાં પૂરા વખતનું સમયદાન મેં કરેલું પણ ત્યાં સુધી ભણતર સાથે કલાકેક સાહિત્યપ્રચારનું કામ કરવા સલાહ અપાઈ. એક આનાનું 'પ્રેરક પ્રસંગો', એક આનાનું 'ભૂમિદાન ગીતો', ત્રણ આનાનું 'આશાનું કિરણ' (બબલભાઈ દ્વારા લિખિત નાટક), 'ગીતાપ્રવચનો' અને 'સામ્યયોગી વિનોબા' આટલાં પુસ્તકો હતાં. હું તો તેના વેચાણમાં મંડી પડ્યો. રોજ એક કલાક કાઢવામાંથી કૉલેજમાં ગાપચી મારી વધારે સમય દુકાને દુકાને ફરી પુસ્તક વેચવામાં કાઢતો થયો. ભણતર પ્રત્યે બેધ્યાન થતો ગયો.

❖ ❖ ❖

1953ના જૂન-જુલાઈના એ દિવસો મારા જીવનને વળાંક આપનારા થયા. મારી ઉંમર 19 વરસની. શિબિરોમાં ગામડાંઓમાં રહેલો તે સિવાય ગ્રામજીવનનો કોઈ સંપર્ક નહીં. ગાંધીજી અને રાજેન્દ્રબાબુની રચનાત્મક કાર્યની ચોપડીઓ વાંચેલી પણ કોઈ અનુભવ નહીં. શહેરમાં અને તેય સમૃદ્ધ કુટુંબમાં ઉછેર થયેલો. હવે વિનોબાના વિચાર પ્રમાણે ભણતર છોડવું છે, ઘરમાં અને બહાર કોઈ તેને માટે સંમત નહીં. પરિસ્થિતિ કપરી હતી. રાત્રે ઊંઘ હરામ થઈ ગઈ. સતત વિચારો ચાલે. તે ગાળામાં વડોદરામાં 'વ્યવહારશુદ્ધિ સપ્તાહ' ચાલે. કેદારનાથજી આવેલા. સાથે બબલભાઈ અને રવિશંકર મહારાજ જોડાયેલા. રોજ રાત્રે વિવિધ વિસ્તારોમાં સભાઓ થાય તેમાં જાઉં ને તેમને સાંભળું. દેશને બેઠો કરવા કેટલાં બધાં કામો છે ! હું તેમાં ભળું ? કે તેને અવગણી દાક્તર થાઉં ? ભણવામાં નાનપણથી જ મારી અક્કલ ચાલતી. તે કાળે અનામત વગેરેની જોગવાઈ ન હતી. ફર્સ્ટ ઈયર સાયન્સમાં પાસ થઈ ઈન્ટરમાં 'બી' ગ્રૃપ લીધું

એટલે સીધો મેડિકલ કૉલેજમાં પ્રવેશ. 5-6 વરસે દાકતર બનીને પ્રેકટીસ કરો તો થોડાં વરસોમાં મોટર, બંગલો, સુખનાં અને સગવડનાં સાધનો સરળતાથી પ્રાપ્ત થાય. બીજી બાજુ ગાંધી-વિનોબાના રસ્તે કષ્ટમય જીવન. બબલભાઈ મહેતાને સાંભળેલા. તેમના જીવન વિષે વાંચેલું. તેમના સાદા, સંયમી, શ્રમનિષ્ઠ, રાષ્ટ્ર અને સમાજને સમર્પિત જીવન માટે ભારોભાર પ્રેમ. તેમનો ટેકો મળી જાય તો બધું સમું-સૂતરું પાર પડે એમ વિચારી કૉલેજમાંથી રિસેસમાં સામે સયાજીગંજમાં મગનવાડીમાં તેમના ઉતારે ગયો. એક કાગળમાં મારું મનોમંથન લખી રાખેલું. કાગળ બબલભાઈને આપ્યો. તેઓ વાંચી ગયા. પછી કહે, ''તમારા આપ્તજનોની સલાહ સાચી છે. દાકતર થઈ જાઓ. રચનાત્મક કામમાં દાકતર જોશી, દાકતર દોશી અને બીજા ભણેલા ઘણા છે. પછી તમારે સેવા કરવી હોય તો સેવા કરજો. હમણાં ભણતર છોડવાની જરૂર નથી. દેશમાં સેવાનાં કામો ખૂટવાનાં નથી. પાંચ-છ વર્ષ પછીયે સેવાનું કામ હશે જ. ભૂમિદાન આંદોલન નહીં હોય તો બીજું આંદોલન હશે. માટે ભણતર છોડવાની મારી સલાહ નથી.'' મારી ધારણાથી ઊલટી જ સલાહ મળી. પણ મારા ચિત્તમાં સમાધાન ન થાય. બીજે દિવસે રવિશંકર મહારાજને મળી કાગળ આપ્યો. તેમણે વાંચીને બબલભાઈને મળવા કહ્યું. બબલભાઈની સલાહ તો મળી જ ચૂકી હતી. કરવું શું ? ભૂમિદાન આંદોલન ચરમસીમાએ હતું. ભૂમિની સમસ્યાનો ઉકેલ ગાંધીવિચારની રીતે કરુણાથી લાવવાનો હતો. આ વિચારના પ્રચાર માટે કાર્યકરોની જરૂર હતી. ઘરમાં કોઈને ભણતર છોડવાનો વિચાર ગમતો નહીં. તેમના વિચારથી વિરુદ્ધ થઈને ઘરમાં રહું તેય ઠીક નહીં. તો ઘર છોડવું ? પછી ક્યાં રહેવું ? આંદોલન કેટલો વખત ચાલે ? પછી શું ? પ્રશ્નોની પરંપરા મને મૂંઝવી રહી હતી. છેવટે નિર્ણય થઈ ગયો. 15 ઑગસ્ટે સ્વાતંત્ર્યદિન આવ્યો. તે દિવસથી ભણતર અને ઘર બંને છોડવાનો નિર્ણય કરી લીધો. 16મી ઑગસ્ટે કૉલેજમાં ન ગયો. મારા કાકાને એમ કે બે-ત્રણ દિવસમાં વાસ્તવિકતા સમજાઈ જશે. મેં બે-ત્રણ દિવસમાં પૂરી તૈયારી કરી લીધી. જિંદગીના વળાંકે મારે કેટલાક નિયમો લેવા પડયા. તેમાંથી કેટલાક હજી સ્મરણમાં તાજા છે.

1. વિનોબાનું આંદોલન માલિકી-વિસર્જનનું છે તેથી આ જીવનમાં મારા નામે કોઈ સ્થાવર-જંગમ મિલકત, વીમો, ઘરેણાં, બચત નહીં રાખું. સ્વૈચ્છિક ગરીબી સ્વીકારીને જીવીશ.

2. ધૂમ્રપાન નહીં કરું.

3. કોકાકોલા પીવાનું, હોટલમાં જવાનું, સિનેમા જોવાનું બંધ કરીશ.

4. વહેલા ઊઠવાની ટેવ તો છે જ. સવારે નિયમિત કસરત અને સ્વાધ્યાય કરીશ.

5. બે જોડથી વધારે કપડાં નહીં રાખું. તેય જાતે કાંતીને ખાદીનાં જ પહેરીશ. ઉપરાંત કાપડમાત્રમાં ખાદી જ વાપરીશ.

6. ચંપલની એક જોડ જ રાખીશ. (ત્યારે ત્રણ જોડ હતી)

7. ઘરમાંથી કોઈ ચીજવસ્તુ નહીં લઉં. આપકર્મી બનીશ.

8. રોજ જાત-મહેનતનું કોઈ કામ કરીશ.

9. જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખીશ. સાદાઈથી જીવીશ.

10. ચીલાચાલુ સામાજિક પ્રસંગો, લગ્ન-મરણ-વાસ્તુ વગેરેમાં નહીં ભળું.

11. મારા વપરાશની ચીજ-વસ્તુઓ સ્વદેશી વાપરીશ.

રોજ લખાતી ડાયરીમાં આ સંકલ્પો લખ્યા. લખીને અનેક વાર વાંચી ગયો. દરેક સંકલ્પ પાળવામાં કેટકેટલી મુશ્કેલી આવશે તેનો વિચાર કરી લીધો. છેવટે ‘પડશે તેવી દેવાશે’ તથા ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ એવી હામ હૈયે રાખી 18મી ઑગસ્ટે (1953માં) થેલામાં એક જોડ કપડાં, ચાદર, લોટો, ડાયરી, પેન અને રેંટિયો-પૂણી લઈ કાયમ માટે આપકર્મી થઈ ઘર છોડીને નીકળી ગયો.

*

**જીવન-વિકાસની સાધનામાં પાછળ રહી ગયેલાની હાંસી ઉડાડવી કે નિંદા કરવી ઠીક નથી. વહેલા-મોડા સૌ પોતાની રીતે વિકાસ કરે જ છે. એટલે નજર આગળ અને ઉપર રાખવી, પાછળ ને નીચે નહીં; સેવામાં ધ્યાન નીચેનાનું ને પાછળ રહી ગયેલાનું રાખવું.**

# ૫ : જીવન–પરિવર્તન ને બબલભાઈનું માર્ગદર્શન

ઘેરથી નીકળી પાદરા તાલુકામાં બબલભાઈની ભૂદાન–પદયાત્રામાં દાખલ થયો. બબલભાઈને મારા સંકલ્પની વાત કરી. તેમણે મને ઝાઝું પ્રોત્સાહન તો ના આપ્યું પણ પદયાત્રામાં રહેવા દીધો. કાંતું, વાંચું, બબલભાઈને સાંભળું અને યાત્રા–ટુકડીમાં જે કામો સોંપાય તે કરું. 5-7 દિવસ સમું-સૂતરું ચાલ્યું ત્યાં એક ગામમાં સમસ્યા ઊભી થઈ. પાદરા તાલુકામાં આગેવાન ભૂદાન કાર્યકર તે લતીપુરાના ઝવેરભાઈ ગોરધનભાઈ પટેલ. તાલુકાની યાત્રા તેમણે ગોઠવેલી. ગામેગામ પદયાત્રાની પત્રિકા પહોંચાડેલી. હું ન ભૂલતો હોઉં તો તે ગામ ખાંભા હતું. ત્યાં જે ભાઈને વ્યવસ્થા સોંપાયેલી તેઓ બીજા મહિનાની તે તારીખ સમજેલા. તેમના ઘરમાં સુવાવડનો ખાટલો ને ભાઈ તો ખેતીના સામાનની ખરીદીમાં પાદરા ગયેલા. અમે ત્યાં ગયા તો ગૃહિણીને તો ઓભામણ થઈ ગઈ. સુવાવડી બહેનને સૂતક ને પડદામાં રહે.

અમારી ટુકડીમાં આઠની સંખ્યા. બે–ત્રણ માણસો હોય તો વિકલ્પે વ્યવસ્થા ગોઠવવાનું સરળ પડે. ઝવેરભાઈ તો બીજી વ્યવસ્થા ગોઠવવા ગયા. પણ બબલભાઈનું ચિંતન–ચગડોળ ચાલ્યું. 'આપણે ગ્રામજનોને ભારે પડીએ, મૂંઝવણમાં મૂકીએ તે ઠીક નહીં' દ્ર તેમ વિચારી તેમણે ટુકડીની સંખ્યા ઘટાડવાનો નિર્ણય કર્યો. સૌથી છેલ્લો ને નવો હું હતો તેથી મારી છટણી કરવાનું નક્કી થયું. હું 5-6 દિવસ યાત્રામાં રહ્યો તે દરમિયાન રોજે રોજ બબલભાઈ સાથે મારી ચર્ચા થાય. ટુકડીમાં સાંઢાસાલની વડોદરા જિલ્લા સર્વોદય યોજનાના સંચાલક શ્રી રમણભાઈ પંડ્યા પણ સાથે હતા. તેમને મારી ભાવના ને ગૃહત્યાગથી મારે માટે ખૂબ સહાનુભૂતિ હતી. તેઓ રમૂજમાં બબલભાઈને કહેતા, ''તમેય બબલભાઈ શું આ જુવાનિયાઓને ટટળાવો છો ? આમ આપણને કાર્યકર્તા મળતા નથી ને આના જેવો ભાવનાશાળી જુવાન પોતાની કારકિર્દી છોડી આવ્યો તો તમે તેને કોઠું આપતા નથી !'' બબલભાઈએ તેમને ને મને બેસાડી પોતાના દિલની વાત કરી. કહે, ''આ છોકરો પુસ્તકો વાંચીને ખેંચાયો છે. હજી તેના સંકલ્પની કસોટી કરવી પડે. આપણે તેને ટેકો આપીએ ને કાલ ઊઠીને તેને ભણતર અને ઘર છોડ્યાનો પસ્તાવો થાય તો આપણને દોષ દે. તેનો સંકલ્પ પાકો થવા દો. આમ વાંચીને જીવન ન બદલાય. આંદોલનો કાંઈ સતત ચાલતાં નથી. આંદોલન મોળું પડે પછી આ ભાઈ ક્યાં જાય ને શું કરે ? તેથી મારી સલાહ છે કે તેમણે લોકભારતી–સણોસરા કે ગૂજરાત વિદ્યાપીઠ–અમદાવાદમાં રહી સ્નાતકનો અભ્યાસ

કરવો. ત્યાં ગાંધીવિચારનું અને આચારનું શિક્ષણ મળશે. ગ્રામસેવાની તાલીમેય મળશે. સાથે સ્નાતકની પદવી પણ મળશે. પછી આંદોલન નહીં હોય તો ક્યાંક ગ્રામસેવક કે નઈ તાલીમના શિક્ષક તરીકે દાખલ થઈ શકશે.''

❖ ❖ ❖

જૂન માસથી મારે ભણવા જવાનું હતું. તે માટેનો પત્રવ્યવહાર કરી માહિતીપત્રો મંગાવી લીધેલા. લોકભારતીમાં સ્નાતકનો અભ્યાસક્રમ નવો નવો શરૂ થયેલો. મારે તો 1954ના જૂન માસથી દાખલ થવાનું હતું. કૉલેજનું એક વરસ મેં પૂરું કરેલું તેથી સીધો બીજા વર્ષમાં મને પ્રવેશ મળી શકે તેવી પણ શક્યતા હતી. ત્યાં જાતમહેનત કરી ખર્ચ કાઢવાનો હતો. તેની મને ફિકર ન હતી પણ એક મહાનિબંધ લખવાની મારી કલ્પના ગભરામણ કરે તેવી હતી. તેથી મેં લોકભારતીના નામ પર પૂર્ણવિરામ મૂકી દીધું. પાછળથી લોકભારતીના સ્નાતકોને મળ્યો ત્યારે મારો ભય પાયા વગરનો હતો તેની ખાતરી થઈ હતી. બીજો વિકલ્પ ગૂજરાત વિદ્યાપીઠનો હતો. બબલભાઈની સલાહ એવી હતી કે મારે ચોવીસ કલાક વિદ્યાર્થીઓ સાથે રહીને પછી નિર્ણય લેવો. તે માટે 1953-54ના વર્ષમાં (મોટે ભાગે દિવાળી પછી) હું ગૂજરાત વિદ્યાપીઠમાં ગયો. ત્યાંના ગૃહપતિ દાંડીના મદ્રનાદ્ર પટેલ હતા તેવું ઝાંખું યાદ છે. મદ્રલદ્ર પટેલ (ભામૈયા) વિદ્યાર્થી અગ્રણી હતા. તેમના રૂમમાં હું રહ્યો હતો. સર્વશ્રી મદ્રપ્રદ્ર દેસાઈ, વિઠ્ઠલદાસ કોઠારી વગેરેના વર્ગમાં બેઠો હતો. ત્યાંયે પહેલા વર્ષના કેટલાક વિષયોનો ટેસ્ટ બે મહિના પછી હું આપી શકું તો મને બીજા વર્ષમાં પ્રવેશ મળે એવી સંભાવના હતી. ત્યાંના વિદ્યાર્થીઓમાં દિલથી ખાદી પહેરનાર ને ગાંધીવિચારમાં શ્રદ્ધાવાળા જૂજ હતા. મોટા ભાગના ચાર વર્ષમાં બીદ્રએદ્ર થવાને બદલે ત્રણ વર્ષમાં સ્નાતક થવાય ને સ્નાતકને બીદ્રએદ્રની સમકક્ષ ગણવાનો સરકારે ઠરાવ કરેલો તે આકર્ષણથી આવેલા તેવી મારા મનમાં છાપ પડી. એટલે મેં વિદ્યાપીઠનો વિકલ્પ પણ નામંજૂર કર્યો.

મારે વિષયોનું ભણતર નહોતું ભણવું. મારે આશ્રમી જીવનની તાલીમ લેવી હતી ને બે–ત્રણ વરસ સુધી ભણભણ કરવાને બદલે ઝટઝટ ભણી તૈયાર થઈ આંદોલનમાં જવું હતું. છેલ્લે વિકલ્પ આવ્યો વેડછી આશ્રમનો. તે જ વરસે સરકારે એવો નિર્ણય કરેલો કે એસદ્રએસદ્રસીદ્ર પાસ હોય તેમને અધ્યાપનમંદિરમાં સીધા બીજા વર્ષમાં દાખલ કરી શકાય. વેડછી આશ્રમ અગાઉ હું જઈ આવેલો. જુગતરામ કાકાના જીવન વિષે પણ જાણેલું તેથી 10-11 મહિનામાં પીદ્રટીદ્રસીદ્ર પરીક્ષા પસાર કરી દેવાય તે વિકલ્પ મેં સ્વીકાર્યો.

# ૬ : નડિયાદમાં નોકરી

**બ**બલભાઈની વાતમાં મારે માટે ભારોભાર સહાનુભૂતિ હતી, મારા હિતની વાત હતી તે મને વર્તાયું પણ હવે મારે શું કરવું ? હું તો ઘર છોડીને આવી ગયો હતો ! રમણભાઈ પંડ્યાએ કહ્યું કે, ''તમે હવે ચિંતા ન કરશો. તમારે રાષ્ટ્રીય શિક્ષણ લેવું હશે તો શિષ્યવૃત્તિ અમારી સંસ્થા આપશે.'' પણ તે બધું તો જૂનથી થાય. અત્યારે તો ઑગસ્ટ ચાલતો હતો. દસ મહિના મારે ક્યાં કાઢવા ? મારે માટે મોટી મૂંઝવણનો સવાલ આવ્યો. પદયાત્રાથી પાછો વડોદરા આવ્યો ને એક વડીલ મિત્રને વાત કરી. વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિને કારણે ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટર સાથે પરિચય કેળવાયેલો. તેમને મળવાની મને સલાહ મળી. ભાઈલાલભાઈને મળીને મેં મારી ભાવના અને પરિસ્થિતિની વાત કરી. તેમણે મગનભાઈ શંકરભાઈ પટેલ ઉપર સરસ કાગળ લખી આપ્યો. તે વખતે મગનભાઈ કોંગ્રેસના અગ્રણી અને સ્ટેટ ટ્રાન્સપોર્ટના બોર્ડના સભ્ય. નજીકના દિવસોમાં જ તેના સ્ટાફ માટેની ભરતી થવાની હતી. અરજીનાં ફોર્મ તો ક્યારનાયે ભરાઈ ગયાં હતાં ને ઈન્ટરવ્યૂના કાગળો એક-બે દિવસોમાં નીકળવાના હતા. મગનભાઈએ ચિઠ્ઠી લખી નડિયાદની સ્ટેટ ટ્રાન્સપોર્ટની વિભાગીય કચેરીમાં મને જવા કહ્યું. તરત હું નડિયાદ ગયો. ચિઠ્ઠી વાંચી મારી પાસે ફોર્મ ભરાવવામાં આવ્યું ને હાથોહાથ જ ઈન્ટરવ્યૂનો ઓર્ડર પણ આપી દીધો. થોડા દિવસોમાં ઈન્ટરવ્યૂ આવ્યો. મારી જ હોંશિયારીથી તેમાં પાસ થયો ને મને 40+35 = 75 રૂપિયાના પગારથી રાઈટર (જુનિયર કલાર્ક)ની નોકરી મળી ગઈ. 15મી ઑગસ્ટે મેં કૉલેજ છોડી. બબલભાઈની યાત્રામાં 18થી 25 ઑગસ્ટ રહ્યો. આવીને ફોર્મ ભરી ઈન્ટરવ્યૂ આપ્યો ને 14મી સપ્ટેમ્બરે હું નોકરીમાં દાખલ થઈ ગયો ! બધું એટલી ઝડપથી બની ગયું કે મારે ઝાઝા દિવસ અવઢવમાં કાઢવા ન પડ્યા. ત્યારે 'ભૂમિપુત્ર'નો પહેલો અંક અમદાવાદથી બહાર પડેલો ને મેં વડોદરામાં તેની છૂટક નકલો વેચેલી.

મારે જૂન માસમાં શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યાં સુધી જ નોકરી કરવાની હતી તે નક્કી હતું. ત્યાં સુધીમાં પગારમાંથી બને તેટલી બચત કરવાની હતી. બાકી સાંઢાસાલનું સર્વોદય કેન્દ્ર મને શિષ્યવૃત્તિ આપવાનું હતું. મેં બબલભાઈનો સંપર્ક સતત ચાલુ રાખ્યો. દર અઠવાડિયે તેમને પત્ર લખું ને તેમનો પત્ર મેળવું. મારે કેવી દિનચર્યા રાખવી, શું વાંચવું વગેરેની સલાહ

પ્રેમથી બબલભાઈ આપતા. નડિયાદમાં કે આજુબાજુના 20 માઈલ સુધીમાં બબલભાઈ હોય ને મારી રજા હોય તો સાયકલ ઉપર હું તેમને મળવા પહોંચી જતો.

નડિયાદમાં મારું તપસ્યામય જીવન શરૂ થયું. બે મહિના હું સંતરામ મંદિરમાં રહ્યો પછી એક ઓરડી ભાડે રાખી રહ્યો. કચરો-પોતું કરવું, રસોઈ કરવી, વાસણ માંજવાં, કપડાં ધોવાં વગેરે કામો ઉત્સાહભેર જેમ આવડે તેમ કરતો. અણઆવડતને કારણે ખોરાકના પ્રયોગો પણ કરતો. બાજરીની ઘૂઘરી બનાવી, ઘી-ગોળ સાથે ખાતો. મગ ફણગાવીને ખાતો, વાંકીચૂકી રોટલી/ભાખરી શેકી લેતો. દાળ-ભાત-ખીચડીયે કરી લેતો. મહિને 20-25 રૂપિયામાં નિભાવતો અને બાકીની બચત કરતો. થોડો વખત વીશીમાં પણ જમ્યો. આ દરમ્યાન બબલભાઈની સલાહથી ‘ટોલ્સટૉયનું જીવન ચરિત્ર’ અને ‘જ્ઞાનેશ્વરી’નું વાચન થયેલું.

❖ ❖ ❖

નડિયાદની એસદ્દટીદ્ગની નોકરીમાંયે થોડો રસિક અનુભવ થયેલો. મને એસ્ટાબ્લીશમેન્ટ સેકશનમાં મૂકેલો. આ સેકશનમાં નોકરી ઇચ્છુક ઉમેદવારોની અરજીઓ આવતી. તેમના ઈન્ટરવ્યૂ લઈ પાસ થાય તેમને નિમણૂકના હુકમ આપવા, કર્મચારીઓની રજાઓ મંજૂર કરવી, દરેક કર્મચારીની અંગત (Personal) ફાઈલ - સર્વિસ બુકો ભરવી, રોકડ તથા ચીજવસ્તુઓ જેમના કબજામાં હોય તેવા કર્મચારીઓના વીમા લેવા ને તેને લગતો પત્રવ્યવહાર કરવો. આ વિભાગને ફાઈડેલિટી ઈન્સ્યુરન્સ કહેતા. વીમા કંપની મુંબઈમાં હતી. તેની સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવાનો રહેતો. દરેક કામ માટે એક એક કારકૂન કે સિનિયર કલાર્ક રહેતા. ઉપરાંત એક અંગ્રેજી અને એક ગુજરાતી ટાઈપિસ્ટ અને સેકશન હેડ એમ 8-9 જણનો સ્ટાફ હતો. મારી દષ્ટિએ કુલ પાંચ જણનું કામ હતું પણ અહીં 8-9 માણસો હતા. હું કલાકેકમાં મારા ટેબલનું કામ પતાવી એસ્ટાબ્લીશમેન્ટ સુપરવાઈઝર પાસે કામ માંગવા જતો. બીજા મિત્રો આમતેમ કાગળો ફેરવી ને ગપ્પાં મારી સમય પસાર કરતા. હું સિદ્ધાંતવાદી હતો તેથી સાત કલાક કામ કરવું જોઈએ તેવું માનતો. બીજાઓને ચા-બીડી-લટાર મારવાનું વ્યસન પણ મને તેવી કોઈ પળોજણ નહીં. તેથી 3-4 ટેબલોનું કામ વારાફરતી કરતો. તે ટેબલવાળા ખુશ થતા. મારી જે ઝડપથી નિમણૂક થયેલી

તેથી બધાને એવી સમજ કે આ મગનભાઈ શંકરભાઈનો માણસ છે. તેથી સુપરવાઈઝર સહિત સૌ મારાથી ડરતા રહેતા. મને ઓફિસના કામનો સારો અનુભવ અહીં મળ્યો. 14 સપ્ટેમ્બર '53થી 11 જૂન '54ના નવ મહિના મેં નોકરી કરી. મારી નોકરી છોડવાની યોજના નક્કી હતી. સાથેના બધા કર્મચારી મને અવ્યવહારુ (કદાચ મૂરખ) સમજતા હતા. સેકશન-સુપરવાઈઝરે તો એક વાર પાસે બેસાડી મને શાણી સલાહ પણ આપેલી, ''જુઓ મીદ્ભ શાહ, તમારી કામ કરવાની તમન્ના ને આવડત એવાં છે કે તમે ખાતાની પરીક્ષા આપી 8-10 વરસમાં ગેઝેટેડ ઓફિસર થઈ જશો. મોટો પગાર, વાહન, મકાન બધું મળશે. પાછલી જિંદગીમાં પેન્શન મળશે. તેને ઠોકરે મારી તમે આ ઉઘાડપગા ભેગા શું કરવા જાઓ છો ? આ લોકો છપ્પન ઈંચની ખાદીની કફની ચડાવી પોતાનાં ડોઝાં ભરે છે ને તમારા જેવા ભાવનાશાળી યુવાનોનું શોષણ કરે છે.'' શુદ્ધ ચરોતરી પાટીદારી માનસ મને વ્યવહારુ સલાહ લાગણીથી આપતું. તેમાં વળી તેમને ખબર પડી કે ત્યાં એક વરસ ભણ્યા પછી તાલીમી શિક્ષકને જે પગાર મળે છે તે અત્યારના પગાર કરતાં પાંચ રૂપિયા ઓછો છે. ત્યારે તો બધાએ મારું રાજીનામું મંજૂર ન જ કરવાનું ઠરાવ્યું. કદાચ હું થોડા દિવસોમાં પાછો ફરું તો ફરીથી નોકરી મેળવવાની મુશ્કેલી પડે તેવા દયાભાવથી મારા રાજીનામાને બદલે ચડેલી રજાઓ, પછી અર્ધા પગારની રજાઓ ને પછી વગર પગારની રજાઓ મંજૂર કરી. તે દરમ્યાન મારો પગાર વળી પાંચ રૂપિયા વધ્યો. હું તો બારમી જૂન 1954ના વેડછી દાખલ થઈ ગયો. નડિયાદના એસદ્ભટીદ્ભના કાર્યાલયે બે ચાર મહિને મારું રાજીનામું મંજૂર કરી મને ચડેલા પગારની રકમ મનીઑર્ડરથી મોકલી આપેલી.

*

जियो तो ऐसे जियो जैसे सब तुम्हारा है ।
मरो तो ऐसे कि जैसे तुम्हारा कुछ भी न था ॥
(ફિલ્મી ગીત)

*

न हि कल्याणकृत कश्चित् दुर्गतिम् तात गच्छति ॥
(ગીતા)

# ૭ : વેડછીમાં તાલીમ

વેડછી આશ્રમના દસ-અગિયાર માસના વસવાટે મારી ગ્રામસેવક તરીકેની યોગ્યતા ઘણી વધારી દીધી. હું ગયો તેના બીજે જ દિવસે સવારે સફાઈના સમયે મેદાનમાં સૌને ભેગા કરી ટુકડીઓ પડી. જુગતરામ કાકા હાથે કાંતેલ ધોતી-ઝભ્ભામાં સજ્જ. ગળે સફેદ રૂમાલ બાંધીને હાજર. તેમની ધોળી મૂછો આકર્ષક હતી. ટુકડીઓ પડી ગઈ. તેમાં મને એક ટુકડીનો નાયક બનાવેલો. સાંઢાલાલ આશ્રમ તરફથી ગયેલો એટલે અનુભવી હશે તેમ માની સૌ પ્રથમ કામ મહાસફાઈનું અમારી ટુકડીને સોંપાયેલું. મહાસફાઈ એટલે જાજરાંની સફાઈ. લાઈનબંધ ઓરડીઓમાં એક ડોલમાં મળ પડે ને બીજી ડોલમાં પેશાબ પડે તેવી રચના. ઉપર બે પાટિયાં બેસાડેલાં. બાજુમાં માટીનો ખાડો હતો. સંડાસ જઈ ઉપર માટી વાળી દેવાની જેથી માખી ન બણબણે. સફાઈ ટુકડીના આગેવાન ખુદ જુગતરામકાકા. હું તેમની પાછળ પાછળ ઉત્સાહભેર ગયેલો. ઓરડીઓ ખોલી પાટિયાં બહાર કાઢવાનાં. પછી વારાફરતી મળની ડોલ અને પેશાબની ડોલો કાઢી જેના તેના ખાતરના ખાડામાં ખાલી કરવાની. પાણીથી સાફ કરવાની, ઓરડીઓ પાણીથી ધોવાની, પછી મળની ડોલમાં છાપાંનો કાગળ ગોઠવી તેમાં થોડી માટી નાખી ગોઠવી દેવાની. પેશાબની ડોલ ઉપર ગળણી જેવું વચ્ચે કાણાવાળું ઢાળવાળું ઢાંકણું મૂકી તેની જગ્યાએ મૂકી દેવાની. આ પેશાબ (હીરાખત)ને તેના પ્લોટમાં રેડવાનો ને મળના ખાડા ઉપર સોનખત કરવા માટે માટી પાથરી દેવાની. મોટા ચાર ખાડા વારાફરતી ભરાય. ત્યારે વારાફરતી ખાતર થઈ જાય તે કાઢીને ઢગલા કરી ગાડે ભરી ખેતરમાં ઠાલવી આવવાનું. આ હતી પોણો કલાકની મહાસફાઈ !

બીજી ટુકડી ઝાડુવાળી અને શ્વાનપાવડીવાળી. આખા આશ્રમને ઊભા ઝાડુથી વાળી કચરાના ઢગલા કરી તેને ભરી કમ્પોસ્ટ-ખાડામાં ખાતર માટે ઠાલવી આવવાનું. આ જ ટુકડીમાં બે જણને શ્વાનપાવડી સોંપાતી. આખા આશ્રમમાં ફરી કૂતરાઓએ કરેલી હગાર બે પાવડીઓની મદદથી ભરીને ખાતરના ખાડામાં નાખી આવવાની. સાધનો વૈજ્ઞાનિક હતાં. જરાયે નમવું ના પડે, ઊભા ઊભા જ કામ થઈ જાય. ત્રીજી ટુકડી પાણીની. તે રસોડામાં અને છાત્રાલયમાં પીવાનું તથા વાસણ માંજવાની કૂંડીઓમાં પાણી ભરતી. ચોથી ટુકડી રસોઈની. એક ટુકડીને ફાનસ સફાઈ સોંપાતી. રસ્તા ઉપરની ચીમનીઓ લાવી, દીવેટ

કાપી, ગોળો સાફ કરી તેમાં કેરોસીન પૂરી રાત્રે સળગાવીને મૂકી આવવાની ને સવારે લઈ આવવાની. બધું વ્યવસ્થિત ! બધાં કામો રસપૂર્વક હું તો કરતો. ઝાડુ બનાવતાં, ઝાડુથી વાળતાં, ફાનસ-સફાઈ કરતાં, રસોઈ બનાવતાં, કોઠાર સંભાળતાં એમ ઘણી આવડતોમાં અહીં પાવરધો થયો. તે વખતે વેડછીમાં વીજળી નહોતી. છાત્રાલયમાં સૂવા માટે માંચડા વાંસની ચીપોના. તેમાં ઢેકાઢૈયા હોય તેથી તેની ઉપર પાથરવા માટે વાંસની સાદડી રહેતી. બધી ઋતુમાં શેતરંજી ઉપર સૂવાનું, ઠંડે પાણીએ નહાવાનું, પોતાનાં કપડાં જાતે ધોવાનાં ને વાસણ (પોતાનાં ઉપરાંત રસોડાનાં સામૂહિક ઉપયોગનાં) જાતે માંજવાનાં.

❖ ❖ ❖

જુગતરામ કાકા વારાફરતી બધાં રસોડે જમવા જાય. ઉત્તર બુનિયાદી, ગ્રામશાળા, અધ્યાપન અને બહેનોનાં અલગ અલગ રસોડાં હતાં. જમવામાં મરચું, વઘાર, ખાંડ, ઘી નહીં. હળદર, મીઠું, ધાણા, આદુ, જીરૂં, ગોળ, તેલ (તલનું ઘાણીનું) વપરાતાં. જુવારના રોટલા, ઘઉંની રોટલી, દાળ-ભાત-શાક, ખીચડી, ઢેબરાં, દાળઢોકળી વગેરે વારાફરતી બનતાં. રસોઈ ટુકડીએ જાતે જ કોઠારમાંથી સામાન લાવી, સાફ કરી, રસોઈ બનાવવાની, પીરસવાનું, ચૂલા લીંપવાના, જમવાની જગ્યાએ વાળી, ગારનો અબોટ કરવાનો ને વાસણ માંજવાનાં રહેતાં.

ત્યારે રસ્તા પાકા નહીં બનેલા. બસ સર્વિસ વાલોડ સુધીની જ. અમે ટ્રેનમાં મઢી સ્ટેશને ઊતરી બસમાં વાલોડ ઊતરી કાચા રસ્તે ગાડા વાટે, સામાન માથે મૂકી વેડછી આશ્રમ ચાલી નાંખતા. ચોમાસામાં ઠેઠ વાલોડ સુધી બસ ન ચાલે ત્યારે બાજીપુરા ઊતરી ચાલતા જવાનું થતું. રસ્તે બે નાળાં ઉપર વાંસના પુલ પાર કરવાના રહેતા. વાલોડથી વેડછી કાળી માટીમાં ચાલતા પાણીની પિચકારી ઊડતી ને કપડાં બગડતાં. ક્યારેક લપસી પણ જવાતું.

❖ ❖ ❖

વેડછીમાં ત્યાંની આદિવાસી ચૌધરી અને ઢોડિયા કોમોનો વધુ પરિચય થયેલો. અમારા સહાધ્યાયીઓમાં મોટાભાગના ઢોડિયા પટેલો, ચૌધરીઓ, કાંઠાના કોળી પટેલો જ મુખ્ય, ગામીત-હળપતિ કોઈક જ. અમે ઊજળિયાતો માત્ર ચાર હતા. ગુંદી સર્વોદય આશ્રમમાંથી આવેલા નાનુભાઈ પટેલ, દક્ષિણ ગુજરાતના એક વશી અને એક ભૂપેન્દ્રભાઈ બ્રાહ્મણ હતા. ચોમાસામાં ઝાંખરી

નદીમાં પૂર આવે ત્યારે તેમાં તરવા પડવાનો કાર્યક્રમ રહેતો. ઉદ્‌બુદ્ધના શિક્ષક જસમતભાઈ પટેલ અમારા આગેવાન. હું વડોદરામાં હોજમાં તરવા શીખેલો પણ નદીના પૂરમાં પડવાની હિંમત ના ચાલે. મહુવા તાલુકાના વહેવલ ગામનો નગીન નામનો ઢોડિયા પટેલનો છોકરો મારો દોસ્ત થઈ ગયેલો. તે મને વાણગો (વાણિયો) કહેતો. ઢોડિયા તેમની બોલીમાં ને ચૌધરી તેમની બોલીમાં વાત કરે. અમે શુદ્ધ ગુજરાતીમાં બોલીએ તો અમારા ચાળા પાડે. ભણવામાં અમે આગળ પણ સાહસનાં કામોમાં પાછળ. તે બધાં પોતાની બોલીમાં અમારી મજાક ઉડાવે. બહેનોનો જુદો પહેરવેશ. તે બધાનું તેમને ગૌરવ. અમે તેમની નકલ કરવા જઈએ ને ભોઠાં પડીએ તેથી તે બધા ખુશ થાય. ‘વડોદરાનો વાણગો બીકણ છે’ એવું કહે ને મારી મજાક ઉડાવે. તે પ્રજાની હિંમત–સાહસિકતા–પોતાની સંસ્કૃતિનું ગૌરવ મને ગમે. ઝાંખરીના પૂરમાં હું પડું કે ન પડું તેવું વિચારતો હતો ત્યાં પાછળથી નગીને મને ધક્કો મારી પાડયો. હવે તો તર્યા વિના છૂટકો જ ન હતો. ગમે તેમ હાથ મારતો પ્રવાહમાં તણાતો ત્રાંસમાં હું સામે પાર પહોંચ્યો. ત્યાંથી ચાલી ઉપરવાસમાં જઈ ફરી આ પાર આવવાનું. હું તો હાંફી ગયેલો. પેલા તો બે વાર આવીને ગયા. છેવટે મેં હિંમત કરી, કહોને કે કરવી પડી. બીજો કોઈ ઉપાય ન હતો. નગીન અને બીજા બેચાર છોકરા થોડું અંતર રાખીને મારી આજુબાજુ તરતા જાય ને મને હિંમત આપતા જાય. અડધે પહોંચી હું તો હાંફી ગયો. ‘રામ રામ’ બોલતો મરણિયો થઈ હાથ–પગ મારવા માંડ્યા ને પાછો પહોંચી ગયો.

ઝાડ ઉપર ચડવામાંયે આ છોકરા માહેર. ચોમાસામાં કેકાયુ નામના સાપ બહુ નીકળે. તે બિન ઝેરી. તેથી છોકરા તેમને પકડી રમાડે. મને બહુ બીક લાગે. નગીને એક વાર એક કેકાયાને પકડીને મારી બંડીના ખિસ્સામાં મૂકી દીધું. મને તો પરસેવો વળી ગયો !

❖ ❖ ❖

11-12 ફેબ્રુઆરીએ સૂરત જિલ્લામાં ગાંધીમેળો થાય. 1955નો ગાંધીમેળો મલેકપુર (તાલુકો યાદ નથી) હતો. અમારી ટુકડી વેડછીથી પગપાળા નીકળી. વચ્ચે એક ગામે મુકામ કરી બીજે દિવસે મલેકપુર પહોંચી ગયા. ત્યાં સફાઈ, સુશોભન, રાત્રે ઝૂલુ નૃત્ય અને બીજો સાંસ્કૃતિક કાર્યક્રમ. અમે તો હબશી બનેલા. માત્ર ચડ્ડી ઉપર પાંદડાનો હાર પહેરેલો. શરીરને કાળું કરેલું. કાર્યક્રમ પછી નદીમાં નાહવા ગયા. શિયાળાની ઠંડી ને રાતનો વખત. ટાઢ ચડી

ગયેલી પણ હું પેલા ઢોડિયા-ચૌધરીની વાદે વાદે તેમના સાહસમાં ભળતો. પાછો ન પડતો. મને તેમાં મજા પડતી.

❖ ❖ ❖

અમારા ઉપાચાર્ય ભીખુભાઈ વ્યાસ તાજા જ રાજપીપળાની જી્રબી્રટી્રસી્રમાંથી તાલીમ લઈને આવેલા. શિક્ષણનાં પુસ્તકો વાંચે ને પ્રયોગો કરે. પરીક્ષામાં છેલ્લી ઘડી સુધી વાંચવું ન જોઈએ. પાઠો આત્મસાત્ કરી લેવા અને પરીક્ષાના ચાર દિવસ પહેલાં ચોપડાં અભરાઈ ઉપર ચડાવી દેવાં. આમ કરવાથી પરીક્ષામાં સાચા જ્ઞાનની કસોટી થાય તેવું તેમણે વાંચેલું. આવો પ્રયોગ કરવા કોઈ વિદ્યાર્થી તૈયાર ન થાય. મેં એકલાએ હામ ભીડી. આમેય ફર્સ્ટ ઈયર સાયન્સ સુધી હું ભણેલો. શિક્ષણશાસ્ત્ર-માનસશાસ્ત્ર-વસ્ત્રવિદ્યા જેવા ત્રણેક વિષયો મારે માટે નવા હતા. બાકી હિંદી-ગુજરાતી-ગણિત-ઇતિહાસ-ભૂગોળ-વિજ્ઞાન તો હું ભણી ચૂકેલો. ભીખુભાઈના છેવટ સુધી ન વાંચવાના અને પરીક્ષાના ચાર દિવસ અગાઉ વાંચવાનું બંધ કરી દેવાના પ્રયોગને મેં પાર પાડેલો.

❖ ❖ ❖

વેડછીમાં ગૌશાળા-સફાઈ, પ્રત્યક્ષ ખેતી અને વસ્ત્રવિદ્યામાં મને મજા પડતી. અગાઉ માત્ર રેંટિયો જ કાંતેલો. અહીં તકલી અને કિસાનચક્ર ઉપર પણ કાંતવાનું આવ્યું. ખેતરમાંથી કપાસ વીણી, સૂકવી, સૂરજ બનાવી, પાટલી-સળિયા ઉપર ઓટી, રૂને પીંજી, પાટલા ઉપર પૂણી બનાવવાની પછી કાંતીને વણવાની બધી ક્રિયા શીખ્યો. 10 વાર ખાદી વણી. વણાટની પરીક્ષામાં ત્રિરંગી બોર્ડર વાળો બે બાય બે ફૂટનો રૂમાલ વણી તેને ચારે બાજુ દોરાની ગાંઠો બાંધી સરસ બનાવેલો. પાછળથી સ્વીડનની મારી પત્રમિત્ર ઈંગ્રીડને હાથે કાંતેલો ને હાથે વણેલો તે રૂમાલ ભેટ મોકલેલો. તેના બદલામાં તેણે મને સુંદર ટાઈ મોકલેલી. તે વખતે ટાઈ પહેરી શકાય તેવાં કપડાં હું ન'તો પહેરતો. તેથી મારા મિત્ર વામનને મેં ભેટ આપેલી.

❖ ❖ ❖

વેડછીમાં ગજેરાના દલિત મિત્ર લક્ષ્મણભાઈ મકવાણા સાથે દોસ્તી થયેલી. સ્વભાવે શાંત અને ચિત્રકળામાં પાવરધા લખાભાઈ એક વાર વેડછીથી

સાથે વડોદરા આવેલા. મારી બાના આગ્રહથી ઘેર જમવા ગયો ને સાથે લખાભાઈને લઈ ગયો. તે જમાનાના રિવાજ પ્રમાણે મારી બાએ લખાભાઈની જાતની પૂછપરછ કરી. લખાભાઈ છોભીલા પડે તે અગાઉ જ મેં કહી દીધું કે, ''તારે મને જમાડવો હોય તો અમને બંનેને સાથે બેસાડી પીરસ. અમે ગાંધીવાળા નાતજાતને માનતા નથી. બધાની એક જ દ્ર માણસની જાત છે.'' હું વરસે દહાડે માંડ જમવા આવેલો તેથી મારી બાએ લાંબી લપ્પન-છપ્પન કર્યા વિના અમને બંનેને રસોડાની બહાર બેસાડી પીરસી દીધું હતું.

❖ ❖ ❖

હું વેડછી હતો તે દરમિયાન મારા મોટાભાઈનું લગ્ન આવ્યું. નવાપુરથી મારા કાકા ને ફોઈના દીકરા-દીકરીઓ-વહુઓ લગ્નમાં વડોદરા આવેલાં. મને પણ લગ્નમાં બોલાવવાનો સૌનો આગ્રહ. ચીલાચાલુ લગ્નમાં ન જવાનો મારો સંકલ્પ. મારી મોટીબહેને યુક્તિ કરી. તેને માટે મને પહેલેથી જ પ્રેમ. તેનું વેણ રાખું જ એવો તેનો દઢ વિશ્વાસ. તેનો કાગળ આવ્યો કે, ''નવાપુરમાં મારા સાસરીના ઘરમાંથી મારે પહેરવાના દાગીનાનો ડબ્બો લઈને મને આપી જા.'' ભાઈના લગ્નમાં મારે જવું જોઈએ એવું વેડછીમાં મને સમજાવનારા હતા. તેથી જવાની તરત રજા મળી ગઈ. મઢી થઈ ટ્રેનમાં નવાપુર જઈ દાગીનાનો ડબ્બો લઈ ટ્રેનમાં સુરત થઈ વડોદરા પહોંચ્યો ત્યારે સાંજ પડેલી. હું પહોંચ્યો એટલે બધાં, ખાસ કરીને મારી પિતરાઈ ભાભીને થયું કે, ''હવે જનકભાઈ લગ્નમાં ભળશે.'' પણ હું તો તે જ રાત્રે લોકલમાં પાછા ફરવાના નિર્ધાર મુજબ નીકળી જ ગયો. બીજે દિવસે જાન જવાની હતી. પણ હું મારો સંકલ્પ કેમ તોડું ?

❖ ❖ ❖

નડિયાદ છોડી વેડછી ગયો ત્યારથી સાદાઈ, સ્વાવલંબન, કરકસરથી જીવવાનું રાખેલું. હાથે કાંતીને થાય તેટલાં જ વસ્ત્રો પહેરતો. તેથી હાફપેન્ટ ને સદરો જ પહેરતો. શિયાળામાં ઉપર એક બંડી ચડાવી દેતો.

દર મહિને હજામત કરાવવાનો ખર્ચ તો ન પોષાય. તેથી દર ત્રણ મહિને ચાર આના ખર્ચી માથે બોડું કરાવી લેતો. વેડછીમાં એક વાર ચાર આનાયે બચાવી પરસ્પરાવલંબન કરવાનો પ્રયત્ન કરેલો પણ સાબરકાંઠાના તે આદિવાસી મિત્રનો અસ્ત્રો બુઠ્ઠો હતો તેથી લોહિના ટશિયા ફૂટી નીકળેલા ને દરદ પણ થયેલું તેથી તે પ્રયોગ છોડી દીધેલો.

મારી સાથે અધ્યાપન મંદિરમાં પહેલા વર્ષમાં ત્રણ બહેનો ભણે. કુમુદ સાંઢાસાલ આશ્રમથી મારી સાથે જ આવેલી. સ્વાતંત્ર્યસેનાની રસિકભાઈ શાહની તે ભત્રીજી, બીજાં ભીખુભાઈનાં પત્ની કીર્તિબહેન અને ત્રીજાં ગુંદી આશ્રમથી આવેલાં જયાબહેન શાહ. આ ભગિનીત્રયને અવારનવાર મારા જાણીતા વિષયો ભણાવતો. તે વખતે કઠોર બ્રહ્મચર્યનો સંકલ્પ હતો તેથી બહેનો નિઃસંકોચ મારી પાસે આવતી.

❖ ❖ ❖

વેડછીમાં શિયાળામાં ઠંડી ખાસ્સી લાગે. વહેલા ઊઠવાની મને ઘરની જ ટેવ હતી તેથી સવારે સાડા ચારની પ્રાર્થનામાં હું નિયમિત જતો જ. બહુ ઠંડી લાગે ત્યારે શરીરે તેલ ચોળી, ચોકનાં બેત્રણ ચક્કર મારી, ગરમી મેળવીને પ્રાર્થનામાં બેસતો. ક્યારેક પ્રાર્થનામાં અમે 5-6 જણ જ રહેતા. જુ. કાકા, નાનુભાઈ, મીનુભાઈ કકલિયા, બીજા એકાદ શિક્ષક અને વિદ્યાર્થીઓમાં અધ્યાપન મંદિરમાંથી હું અને ગ્રામશાળામાંથી મોહનભાઈ રૂપારેલ. આટલા જ રહેતા. એક દિવસ જુગતરામ કાકાએ મને ટકોર કરેલી, ''ભાઈ, આ ઠંડીમાં એકાદ ચાદર ઓઢો તો સારું.''

વેડછીએ મને ગ્રામસેવક તરીકે લાયક બનાવ્યો. ત્યાં હું સફાઈકામ, ખાદીકામ, રસોઈકામ, સમૂહજીવન, નિયમિતતા, સમયપાલન, ચોકસાઈ, જાતમહેનત, સ્વદેશી, કરકસર, સાદા આહાર પ્રત્યેની રુચિ, ખેતી+ગોપાલન, સાહસ, આદિવાસીઓ અને દલિતો સાથે એકરૂપતા વગેરે ઘણું શીખ્યો. વીજળી વગર ફાનસના અજવાળે કામ કરતા ટેવાયો. ટૂંકમાં કહું તો બ્રહ્મદેશમાં જન્મી વડોદરા શહેરના ઉછેરથી મારામાં રહેલી ત્રુટીઓ ખંખેરવાની તક મને મળી ગઈ.

❖ ❖ ❖

ગાંધીજીનાં અગિયાર વ્રતો પૈકી અસંગ્રહ, શરીરશ્રમ, સર્વધર્મ સમાનત્વ, સ્વદેશી, અસ્પૃશ્યતા-નિવારણ મને સહજ રીતે સધાયાં. અસ્વાદને પૂરું ન નિભાવી શક્યો. સત્ય-અહિંસા-બ્રહ્મચર્ય અને અભય પૈકી સૂક્ષ્મ રીતે તપાસતાં કાયા-વાચા-મનસા હું કાચો રહ્યો છું. સાચું બોલવાનું હંમેશ પસંદ કરું છું. છતાં ક્યારેક વાણીમાં અતિશયોક્તિ આવી જાય. ક્યારેક કોઈના વિષે તેનામાં ન હોય તેવું ધારી લેવાય તેવું બને છે. ઉતાવળ તો સામાન્ય રીતે થઈ જ જાય છે એટલે અહિંસામાંયે ઊણો ઊતરું છું. ક્યારેક ગુસ્સામાં કોઈને અપ્રિય શબ્દો કહી

દેવાય છે તેટલી પણ ખામી કહેવાય. सत्यम् बुयात् प्रियम् बुयात् એ સૂત્રને જાણું છું પણ પૂર્વ સંસ્કાર બળે સાચું કહી દેવાની ઉતાવળમાં હિંસા થઈ જાય છે. मम सत्यम् इति युद्धम् એ સૂત્ર પણ જાણું છું પણ સામાનું સત્ય સાંભળવાની-સ્વીકારવાની ધીરજ ઓછી રહે છે.

બ્રહ્મચર્ય બાબત મારું ચિંતન ઠીકઠીક ચાલ્યું છે. લગ્ન ન કરવું અને બબલભાઈની જેમ પરિવ્રાજક જીવન જીવવું એવો આદર્શ વર્ષો સુધી મેં સેવ્યો હતો. આની ચર્ચા મેં બબલભાઈ સાથે કરી હતી ત્યારે તેમણે સલાહ આપેલી કે, ''આજીવન બ્રહ્મચર્યનું વ્રત ન લેવું. સદ્‌વાંચન કરવું, સત્સંગમાં રહેવું, સત્પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવું અને પોતાની જાતને ચકાસતા રહેવું. 25 વરસ સુધી લગ્ન નથી કરવું તેવો નિયમ લેવો. તે દરમિયાન લાગે કે લગ્ન કરવું જરૂરી છે તો લગ્ન કરી લેવું. જાત સાથે છેતરપિંડી ન કરવી. જીવનમાં દંભ આવી જાય તો જીવનવિકાસમાં મોટી રુકાવટ આવી જાય. પચીસ વર્ષ સુધી કાયા-વાચા-મનસા બ્રહ્મચર્ય સહેજે પળાય તો પછી ત્રીસ વરસની મુદત વધારવી. પછી બીજા પાંચ વરસ વધારતા જવું. 35-40 વરસની ઉંમર સુધી સહેજે બ્રહ્મચર્ય પળાઈ જાય પછી આજીવન વ્રત લઈ શકાય.'' આ લખાણ તેમની સલાહ હું સમજ્યો તે મારી ભાષામાં મેં લખ્યું છે. તેમના પોતાના શબ્દો આજે યાદ નથી. તેમની સલાહ મેં માની હતી અને પચીસ વર્ષ અગાઉ લગ્ન કરશો તેવી જોશીઓની ભવિષ્યવાણી છતાં હું ન પરણ્યો. પણ આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહી શકીશ તેવી શ્રદ્ધા યે ન બેઠી તેથી છવ્વીસ વર્ષ પૂરાં કર્યાં પછી મેં લગ્ન કરી લીધાં.

❖ ❖ ❖

વેડછી-નિવાસના સાડા દસ મહિનામાં જીવનનું ઘણું ભાતું મેળવ્યું. શરીર-મનથી મજબૂત થયો. મને સર્વોદય યોજના તરફથી માસિક પચીસ રૂપિયા શિષ્યવૃત્તિ મળી હતી. તેના કરાર મુજબ મારે બે વર્ષ શિક્ષક તરીકે કામ કરવાનું હતું તેથી હમણાં ભૂમિદાનમાં ન જતાં નઈ તાલીમના શિક્ષક તરીકે કામ કરવું તેવું સહેજે યોજાયું ને વેડછી-નિવાસ પૂરો થયે 30 એપ્રિલ 1955ના રોજ વેકેશન પડતાં મેં વેડછી છોડ્યું.

❋

# ૮ : નઈ તાલીમનો મારો પ્રયોગ

**1**લી મે 1955. વેડછીથી નીકળી મઢી–સુરત–વડોદરા–સમલાયા થઈ મેવલી સ્ટેશને ઊતરી હું આનંદીના મુવાડે પહોંચી ગયો. મને જોઈને સર્વોદય યોજનાના સંચાલક રમણભાઈ પંડ્યા આશ્ચર્યમાં પડી ગયા. મને કહે, ‘‘તમારે તો ઊઘડતા વેકેશને એક મહિના પછી આવવાનું છે. તમે તો બહુ વહેલા આવી ગયા !’’

મેં કહ્યું, ‘‘મેં તો ઘર છોડ્યું છે એટલે વડોદરે ઘેર રહેવાનો અર્થ જ નહોતો. નિશાળ 1લી જૂનથી શરૂ થતી હોય તો મને ત્યારથી નોકરીમાં ગણજો. આ મહિનો મને રહેવા-જમવાની વ્યવસ્થા મળી જાય તો અહીં જે કામ હશે તે કરીશ ને તમને મદદરૂપ થઈશ. વેડછી આશ્રમમાં એક વરસ રહી હું બધી જાતનાં કામ શીખી ગયો છું અને મને કોઈ કામ કરવામાં નાનમ નથી.’’

સંચાલકશ્રી થોડીવાર મૂંઝાઈ ગયા. પછી કહે, ‘‘કામ તો છે પણ તમારે લગતું નથી. વાત એમ છે કે સર્વોદય યોજનાની ઓડિટ પાર્ટી આવી છે ને આપણા બધા મુખ્ય કાર્યકરો અહીં છે. 3-4 દિવસ કામ ચાલશે. રસોડું ચલાવનાર કોઈ નથી. તમને તે કામ કેમ સોંપાય ?’’

મેં સહર્ષ કહ્યું, ‘‘તમે તે ચિંતા છોડી દો. અનાજ ખરીદી, સાફસૂફ કરી, પાણી ભરી, રસોઈ કરી બધાને વખતસર જમાડીશ. જમ્યા પછી વાસણ અને રસોડાની સફાઈ પણ કરીશ. તમે નિશ્ચિંત થઈ જાઓ.’’

અને સાંઢાસાલ જઈ બજારમાંથી ખૂટતું સીધું–સામાન ખરીદી લાવ્યો. અનાજ–દાળ વગેરે ચાળી–વીણીને સાફ કરી ભરી દીધાં. દાળ–ભાત–શાક–રોટલી કે ખીચડી–કઢી–ઢેબરાં તો મને બનાવતાં આવડતું જ હતું. 10-12 જણનું રસોડું 4-5 દિવસ સુધી મેં ચલાવ્યું. કાર્યકરો અને ઑડિટરોને રસોઈયા કે કોઈ બહેન નથી તેવું ન લાગ્યું. મેંય કાંઈક કામ કર્યાનો સંતોષ લીધો. સવારે ચા–ઉકાળો તથા નાસ્તો અને બે વાર ભોજન બનાવતો. ઑડિટરોને બપોરે પણ ચા જોઈએ તેય બનાવી આપતો. વચ્ચે વખત મળે ત્યારે કાંતી લેતો.

વેડછી આશ્રમ મેં છોડ્યો હતો શરીરથી, પણ આશ્રમની દિનચર્યા સાથે જ લઈ આવ્યો હતો. સવારે ચાર વાગ્યે ઊઠવાથી માંડીને રાત્રે આઠ વાગ્યા સુધીમાં બે વખત પ્રાર્થના, સફાઈ, કાંતણ, રસોઈકાર્ય અને વચ્ચે આરામ કરી લેતો.

આશ્રમના સંચાલક મને જોયા જ કરતા. વડોદરાનો વાણિયાનો છોકરો શું કરશે તેની તેમને ચિંતા હતી. મે મહિનો પૂરો થયો. મેં એ મહિનાના વેતનની અપેક્ષા રાખી જ ન હતી પણ સંસ્થાના સાંઢાસાલના કાર્યાલયે મને બોલાવી હિસાબનીશે રૂ. 100/-ના વેતન પત્રક ઉપર ગ્રામસેવક તરીકે મારી સહી લીધી ને રૂ. 100/- મને ચૂકવ્યા ત્યારે સંચાલક ઉપર પડેલા પ્રભાવનું પરિણામ જોવા મળ્યું.

તે વખતે બિનતાલીમી શિક્ષકને 40+30 મળી રૂ. 70 માસિક પગાર મળતો. તાલીમી શિક્ષકને 45+30 મળી રૂપિયા 75 પગાર મળતો. મને શિક્ષક તરીકે ગણ્યો હોત તો રૂ. 75 વેતન મળત. સંચાલકે મને કામ સોંપ્યું, ''આનંદીના મુવાડાની ચાર ધોરણની પ્રાથમિક શાળામાં એક જ શિક્ષક છે. તમારે તેમાં શિક્ષક તરીકે આચાર્યને મદદ કરવી ને ગ્રામસેવાનાં જે કામો તમને સૂઝે તે તમારે કરવાં.''

મે મહિનામાં પાંચ દિવસ રસોડું ચલાવ્યા પછી આશ્રમમાં સફાઈ, પુસ્તકાલયની ગોઠવણી, દવાઓનું ઔષધાલય, આશ્રમમાં બે વખતની પ્રાર્થના તથા એક કલાકનું સમૂહકાંતણ તેમ જ અન્ય વ્યવસ્થા જે રીતે મેં કરી હતી તેનાથી સંચાલકશ્રીને મારી કાર્યશક્તિ અને નિષ્ઠામાં ભરોસો બેસી ગયો હતો.

## પ્રાથમિક શાળાનો પહેલો દિવસ

મારે શિક્ષક કમ આચાર્યની મદદમાં રહેવાનું હતું પણ શિક્ષક પોતે જ મારા પ્રભાવ હેઠળ હતા. તેઓ સપરિવાર આનંદીના મુવાડાના આશ્રમમાં જ રહેતા હતા. ઉપરાંત સંચાલકશ્રી અને ઉપસંચાલકશ્રી તથા બે વણકરો પણ સાથે રહેતા હતા. એક ખાદીકાર્યકર પણ હતા. આમ ચાર-પાંચ કુટુંબોના આશ્રમનો હું આપમેળે વ્યવસ્થાપક બની ગયો. રોજ એક કલાક સફાઈ, બે વાર પ્રાર્થના તથા સામૂહિક કામની ચર્ચા ગોઠવાઈ ગઈ.

મારા શિક્ષક મને કહે, ''આપણે ચાર ધોરણને વહેંચી લઈએ. એક જણ પહેલું-બીજું લે ને બીજો ત્રીજું-ચોથું લે. તમને ફાવે તે તમે લઈ લો.''

મેં પહેલું-બીજું ધોરણ પસંદ કર્યું. ગામને છેડે આશ્રમ હતો. એક છેડે વણકરવાસ - બીજે છેડે ભંગી(ઋષિજન)વાસ ને ત્રીજે છેડે આશ્રમ. શાળા

ગામની વચ્ચે. માટીની દીવાલોથી થાપેલો એક ઓરડો ને ઉપર પતરાં હતાં. દરવાજો હતો પણ નહીં જેવો. તેથી ગામનો સાંઢ ક્યારેક ખોલીને અંદર પેસી જતો. ભોંયતળિયું ખાડા-ખૈયા વાળું. એક કાળું પાટિયું હતું. મને જરૂરી ખર્ચ કરવાની છૂટ હતી તેથી બીજું કાળું પાટિયું, રંગીન ચોકની પેટી, ડસ્ટર, અક્ષર-અંક-બારાખડી વગેરેના થોડા ચાર્ટ્સ વડોદરા જઈ ખરીદી લાવ્યો. ચિત્રવાર્તાના એક બે ચાર્ટ્સ પણ લેતો આવ્યો.

શાળાનો પહેલો દિવસ નવીનતાપૂર્ણ હતો. મારા આચાર્ય બોર્ડના જૂના શિક્ષક, અડધીપડધી ગાંધીવિચારમાં શ્રદ્ધા તેથી ઝભ્ભો ખાદીનો પહેરે પણ ધોતિયું મિલનું પહેરે. તે મને કહે, ''ભૈ જગદીશભાઈ, તમે વેડછીમાં ભણીને આવ્યા છો, બહુ ઉત્સાહી છો તે તો હું જોઉં છું પણ આ વૈણ (વરણ) ભણે તેવી નથી. રોજ શાળાનો ઘંટ વગાડી ઘેરેઘેર ફરી છોકરાં ઉઘરાવી લાવવાં પડે છે. નથી છોકરાંઓને ભણવાની ચિંતા, નથી તેમનાં મા-બાપોને ફિકર.''

ગામ બારૈયાઓનું. માંડ સાઠેક ઘર તેમનાં. ચાર વણકરોનાં, બે ઋષિનાં અને એક ભૈયાજીનું. વસ્તી 450ની આસપાસ હશે. બારૈયા ગરીબ ખેડૂતો, ખેતીમાં ગધ્ધામજૂરી કરી ખાય. ન સિંચાઈની સગવડ, ન ખાતર-ખેડની સૂઝ. કોદરા-બાજરી-મગફળી-તુવેર-કપાસ-તલ-ડાંગર કરે. પોતાના ખાવા પૂરતું માંડ પકવી લે. તેમાં વળી દારૂનું વ્યસન. બીડી તો લગભગ બધાં જ પીએ. કેટલીક સ્ત્રીઓ પણ ઘૂંઘટની નીચે ફૂંક મારી લે. નિશાળિયાને બીડી સળગાવવા મોકલે તેય બે ફૂંક મારી લે. બાપ તે જાણે તોયે તેને સ્વાભાવિક ગણે. ગરીબી તો એવી કે ડુંગળી-બટાકાની લારી કે ગાડું ગામમાં આવે તે કોદરા કે ડાંગરની સાટે લે. રોકડો એક આનોયે ભાગ્યે જ ઘરમાં હોય. તે વેળા રૂપિયા-આના-પૈસાનું ચલણ. પણ રોકડ નાણું ઓછાં ઘરોમાં હોય, અનાજની મોટી કોઠીઓ ભરેલી હોય. સફાઈનો ઝાઝો ખ્યાલ નહીં તેથી બીમારી પણ ચાલુ ને ચાલુ જ હોય. મુખ્યત્વે ઝાડા, ઊલટી, ખસ, ઉધરસ, તાવની બીમારી હોય. આશ્રમમાંથી દવાઓ પણ અમે (પછી તો હું જ) આપતા.

ઠીક, પહેલે દિવસે શાળાનો ઘંટ વગાડી આચાર્યશ્રીની સાથે હું ગામમાં ચક્કર મારવા નીકળ્યો. ''અલ્યા ખોડિયા, ચાલ નેહાળે.'' ઘેરે ઘેર ઉદ્દિયો, કાળિયો, હેમતો, બૈજલી, દોલી, અમરો વગેરેને 'સાહેબ' બોલાવે. ક્યાંક વાલીઓ માસ્તરને મનોમન ભાંડે. છોકરાં સંતાઈ જાય કે વાડામાંથી પાછળ

નાસી જાય. તેમાં એક કાળિયો બહુ ચબરાક હતો. માળિયે ઘાસની ગંજીમાં સંતાઈ ગયો તે મારા સાહેબ નિસરણીથી ઉપર ચઢીને તેને બૂમ પાડે, આમતેમ ફંફોળે પણ પેલો ના જડચો. તેને બે મા હતી. સગી મોટીને ઘરકામમાં જ રસ. નાની ને નવી ઓરમાનને ભણાવવામાં રસ. તેય બોલાવે પણ કાળિયો ના જડચો તે ના જ જડચો. ત્યાંથી અમે બીજે ઘેર ગયા પછી અમારી બાજુમાં રહીને નાસી ગયો ને અમારી મશ્કરી કરતો ગયો.

મેં જોયું કે છોકરાં ગરીબ છે, ગંદાં છે પણ ચબરાક છે. મારે માટે તો એ જ ભગવાન હતા. તેમની મારે પૂજા કરવાની હતી. બીજા દિવસથી મેં આચાર્યશ્રીને કહી દીધું કે ‘‘ઘંટ વગાડી તમે શાળામાં બેસજો. હું છોકરાંને બોલાવી લાવીશ. શાળામાં છોકરાં આવે તેમને તમે ટકોરશો-ટપારશો નહીં, હું આવીને બધું સંભાળી લઈશ.’’

ધોરણ 3-4ના 8-10 વિદ્યાર્થીઓને બોલાવવા પડતા નહીં. ઘંટ વાગ્યા પછી તે આવી જતા. ધોરણ 1-2નાં છોકરાંઓની જ રામાયણ હતી. હું નવો માસ્તર હતો. કેટલાંક છોકરાંઓ બોલાવતાંવેંત આવી જતાં. દીવીને હું દિવાળીબા, દોલીને દોલબા, કમળીને કમળાબા કહેતો તેથી તેમને ગમતું. તમામ વિદ્યાર્થીઓને માનથી જ બોલાવવાનું મેં રાખ્યું. તેથી કાળીદાસભાઈ, અમરસિંહ, ખોડસિંહ, ઉદેસિંહ, વજેસિંહ વગેરે તો તૈયાર થઈને મારી વાટ જ જોતા હોય. હું સાદ કરું તે પહેલાં કેટલાંક આવી જતાં પણ તે બધાં મારી સાથે જ રહેતાં. મારી સાથે જ શાળામાં આવતાં. અમારા આચાર્ય સાહેબની સૌને બીક લાગતી. તેઓ આ વરણ માટે હલકા શબ્દો કહેતા, ક્યારેક ગાળ પણ દેતા. હું સૌને માનથી બોલાવતો તેથી ધોરણ 1-2ની સંખ્યા તો જોત-જોતાંમાં વધી ગઈ. કેટલીક છોડીઓ તો કેડમાં તેમનાં નાનાં ભાઈ-બહેનને પણ લઈને આવતી. હું સૌને આવકારતો ને મોટાં નામે બોલાવતો.

ધીમે ધીમે સંખ્યા એટલી વધી ગઈ કે બોર્ડના નિયમ પ્રમાણે શાળામાં ત્રણ શિક્ષકો મંજૂર થયાં. હું ચોથો. હું સ્વાભાવિક જ આચાર્ય થઈ ગયો. જૂના આચાર્યનું માન હું રાખતો. તેમણે મારી શૈલી જોઈ. તેઓ તે સમજ્યા ખરા, પણ તેમનાથી તે રીતે વર્તી શકાતું નહીં. પાકે ઘડે કાંઠા ઓછા જ ચડે !

અમે ચાર તો વરસે થયા. પણ તે દરમિયાન મારા શિક્ષણના પ્રયોગો ચાલુ થયા. ધોરણ 1-2માં ભણતર તો સામાન્ય જ હતું. તેથી વાર્તા અને

બાલગીતો મેં શીખવવા માંડ્યાં. ધીમે ધીમે અભિનયગીતો પણ ચાલુ કર્યાં. બારૈયા કોમ પોતાને ક્ષત્રિય-રાજપૂત માને. તેથી થોડી સ્વમાની. વાર્તા ને ગીતો સાંભળવા તો કેટલીક વાર છોકરાંઓની મા-ફોઈ-દાદા પણ શાળામાં આવી એક ખૂણે બેસતાં. અભિનય હું કરતો. તેથી શરૂમાં છોકરાં મારી મશ્કરી કરતાં. ધીમે ધીમે તેમનો સંકોચ ઘટતો ગયો એટલે પહેલાં છોકરીઓ ભળવા લાગી. પછી તો બાળનાટકો ભજવતાં થયાં એટલે છોકરાઓ પણ ભળવા માંડ્યા. ડોશી ને દીકરી, ગાલ્લી મારી ઘરરર જાય ને એવાં ગીતો વેડછીની ગ્રામશાળામાં અમે જાણેલાં તે ભજવતાં કર્યાં.

❖ ❖ ❖

લોકોની ગરીબી ઘણી. ઘેરેઘેર 5-6 છોકરાં. તેથી છોકરાંઓ પાછળ ખર્ચ પણ ઝાઝો ન કરી શકે. વળી તેટલી સૂઝ પણ નહીં. છોડીઓ ચણિયા-ચોળી પહેરીને આવે. છોકરા ડગલું હોય તો ચડ્ડી ના હોય ને ચડ્ડી હોય તો ડગલું ના હોય તેવા. હોળીમાં નવું ડગલું કે ચડ્ડી પહેરે તો દિવાળીમાં બદલે. ખાખી જીનનાં કપડાં તેથી ધોવામાંયે બળ પડે. સાબુ તો લાવે જ ક્યાંથી ? ગામમાં ભૈયાજીની કરિયાણા-અનાજની દુકાન. કોદરા-ડાંગર કે મગફળી ઘેરથી લઈને જાય ને તેને સાટે મસાલા-તેલ-ગોળ-ઘાસલેટ લાવે. ભૈયાજીએ સીવવાનો સંચો રાખેલો તે છોકરાનાં ડગલાં ને ચડ્ડી સીવી દે. એક ડગલાની સિલાઈ છ આના લે પણ તેને ગાજ-બટન ન કરે. ચડ્ડીઓને પણ ગાજ-બટન ન કરે. તેથી છોકરા ઉપર દોરી બાંધે. વડોદરા જઈ હું સોય-દોરા-બટન-સાબુ વગેરે ખરીદી લાવું. મને મહિને રૂ. 100/- મળે. મારો જમવાનો ખર્ચ દૂધના $7\frac{1}{2}$ રૂપિયા સાથે 15-20 રૂપિયા થાય. પ્રવાસ, પૂણી, પુસ્તકોમાં બીજાં 30-40 ખર્ચાય. પછી બચત રહે તે છોકરાં પાછળ ખર્ચું. કોડકનો એક બોક્સ કેમેરા મારી પાસે હતો. તેમાં આઠ ફોટાનો બે-અઢી રૂપિયાનો રોલ આવે. ધોવડાવવાના પણ એટલા જ રૂપિયા થાય. 4-5 રૂપિયામાં આઠ ફોટા પડે. બાળકોને ફોટા પડાવવાનો ખૂબ શોખ.

❖ ❖ ❖

થોડા દિવસ પછી અમે દર શનિવારે નદીએ જવાનું રાખ્યું. દોઢેક માઈલ દૂરથી કરડ નદી જાય. તેમાં પાણી ઝાઝું નહીં પણ એક ધરો હતો. તેમાં કમરથી ગળા સુધીનું પાણી. તેથી નાહવાની ને તરવાની મજા પડે. બધાં

છોકરાંઓને તરતાં આવડે. તેમને ગમેય બહુ. હું વહેલો નાહીને છોકરાઓનાં કપડાંને સાબુ દઈ ધોઈ નાંખું. ત્યાં મોટી મોટી શિલાઓ ઉપર કપડાં તડકે સુકાય. તેટલો વખત છોકરા તદ્દન નાગા પાણીમાં ઊતરીને શરીર ચોળીને નહાય. પણ છોડીઓ ભીનાં કપડાંને બહાર આવી પહેરી રાખીને જ નીચોવી લે. થોડી મોટી છોડીઓ નાનીને મદદ કરે. ક્યારેક કોઈ છોડી ઓઢણી લાવી હોય તો બે છોડીઓ બે છેડેથી તેને પકડે. તેની પાછળ જઈ છોડીઓ વારાફરતી નીચોવી ખંખેરી ઝટઝટ પહેરી લે. નદીએ જતાં ને આવતાં વાતો ચાલે. હું કોઈ સાહસકથા કે પ્રાણીઓની વાત માંડું તેમાં તેમને મજા આવે. મૂળ વાતને લંબાવવાની કળા મને આવડી ગયેલી. હાવભાવથી વાર્તા કરું તો આંખ સામે જાણે જીવતું દશ્ય જ ખડું થઈ જાય. પશુ-પંખીઓના અવાજ કાઢું. તેમાં મારી ભૂલ થાય તો છોકરાં તેની પૂર્તિ કરી લે. ક્યારેક રસ્તે ફોટા પણ પાડીએ. વાતોમાં દારૂ-તાડી-અફીણ-તમાકુનાં વ્યસનોની વાતો પણ આવે. શરૂઆતમાં ચકોર છોકરાઓ ચોંકી જતાં, પાછળથી મારી સાથે ઘરોબો વધતાં નદીકિનારે તેમના બાપ-કાકાનાં માટલાં બતાવે. ગામલોકો દારૂ ગાળવા અહીં આવતા. સીમમાં મહુડાનાં ઝાડ ઘણાં. મહુડાનાં ફૂલ વીણીને ઘરમાં સંઘરી રાખે. ક્યારેક ખાય, ક્યારેક તેમાંથી અમુક વાનગી બનાવે, કાકબ પણ ગાળે. તેમાં તમાકુ ભેળવી તેની ગોળીઓ બનાવી હુક્કામાં તે ગોળી ચોંટાડી ઉપર દેવતા ભરી પીએ.

શરૂઆતમાં દારૂનાં માટલાં કોઈ બતાવે તો બીજા તેને વારતા. ''જગદીશભાઈ સરકારી માણસ છે. પોલીસને ખબર કરશે તો ભારે પડશે'' દ્ર એમ કહે પણ મારો વર્તાવ કદી કોઈ બાબતમાં પોલીસને બોલાવવાનો નથી તેની ખાતરી થયા પછી નિર્ભયતાથી તેમની બધી વાતો કરે. તેમના બાપ-કાકાને ખબર પડી જાય તો વઢે. પણ પછી તો તેમની કોઈ પણ વાત કદાચ મા-બાપથી છુપાવે, મારાથી નહિ.

તેમનાં પરાક્રમોનાંયે વર્ણન કરે. લોઢિયાપથ્થરના એક ઘાથી સીટોડી (ખિસકોલી)ને ઝાડ પરથી પાડે. તેના પેટમાં સળિયો ખોસી નીચે દેવતા સળગાવી શેકીને ખાઈ જાય. પ્રજા માંસાહારી પણ ગરીબીને કારણે બજારુ માંસ ન ખરીદી શકે. ખિસકોલી, ચકલી, હોલાંનો શિકાર કરી શેકીને ખાય.

મને છોકરાઓ માટે ભારોભાર પ્રેમ. તેથી કોઈ બાબતમાં ન ધમકાવું, ન અપમાન કરું; મારવાની તો વાત જ ક્યાં હોય !

આચાર્યને બધાં સાહેબ કહે, શરૂઆતમાં મનેય 'સાયબ' કહેતા. પછી મેં જગદીશભાઈ કહેવાની ટેવ પાડી. તે કેટલાકને સરખું બોલતાયે ના આવડે. ઘણા 'ઝઘધીભૈ' જ કહેતા.

❖ ❖ ❖

નાનાં નાનાં પર્યટનો પછી લાંબા પ્રવાસો કરવાની ઇચ્છા છોકરાઓની થઈ. નેરોગેજ ટ્રેનમાં ટીંબા ઊતરી ટુવાના ગરમ પાણીના ઝરા, ભીમની ચોરી, ગળતેશ્વરનો પ્રવાસ કર્યો તો બીજી વાર ડાકોરનો ને ત્રીજી વાર વડોદરાનો ને પાવાગઢનો.

પ્રવાસમાં છોકરાંઓને બહુ જ મજા પડે. ટ્રેનમાં અડધી ટિકિટ અને વળી કન્સેશન તેથી એકાદ રૂપિયામાં પ્રવાસ થઈ જતો. તે વખતે ખેતમજૂરી દાડાની આઠ આના. એટલે બે દાડા મજૂરીએ રૂપિયો થઈ જતો. ઢેબરાં ને સુખડી સૌ ઘેરથી બાંધી લે. એક દહાડે સવારે જઈએ તો બીજે દહાડે સાંજે પાછા આવીએ. એક રાત બહાર રહેવાનું થાય. ગીતો ને વાર્તા ચાલે. સ્થળનું વર્ણન કરીએ. પ્રવાસ પછીના દિવસે ઘેરે ઘેર છોકરાં પ્રવાસની જ વાતો કરે. ધીમે ધીમે નિશાળિયાની સાથે તેમનાં મોટાં ભાઈ-બહેન પણ આવે. એક વાર તો ગામની જુવાનડી વહુઓ આવી, ''માસ્તર, અમનેય ડાકોર રણછોડરાયની જાત્રા કરાવો.'' મારાં ધોરણ એક અને બેમાં છથી આઠ વર્ષનાં છોકરાં. તેમની મા તેમનાથી 17-18 વરસ મોટી એટલે 24થી 26 વરસની જુવાનજોધ. મારી ઉંમર 21 વર્ષની. પણ મારો વર્તાવ એવો કે ગામમાં ઘેરે ઘેર વડોદરાના શેઠનો દીકરો મને ગણે. ''જેમનાં સાસુ કે સસરા મને આવીને કહી જશે તેવી વહુઓને લઈ જઈશ'' એવી મેં જાહેરાત કરી. જણ દીઠ પ્રવાસખર્ચના બે રૂપિયા લેવાના રાખેલા. ગામનાં મોટેરાં (ડોસા-ડોસી તો ના કહેવાય) 45 થી 50 વરસનાં જ તો, વારાફરતી આવીને ફી ભરી પોતાની પુત્રવધૂનું નામ લખાવી ગયાં. સંખ્યા 56ની થઈ. ભાગ્યે જ કોઈ ઘર બાકી હશે. છોડીઓએ લૂગડાં ધોયાં, કેટલાંકે નવાં કાઢ્યાં. એક જોડ પહેરવાની ને એક બીજે દિવસે બદલવાની. સાથે એક હાથરૂમાલ ને એક હજુરિયો (ટુવાલ), આરસી, કાંસકી અને લોટો પણ બધાંએ લેવાનો હતો. બે દિવસના ત્રણ ટંકનું ભાતુંયે બધાંએ લેવાનું.

મારા પ્રવાસમાં વ્યસન ન કરવાનો નિયમ ચુસ્તતાથી પળાતો. કેટલીકને સૂંઘવા ને કેટલીકને દાંતે ઘસવા છીંકણીની ટેવ. ગામમાં વાત વહેતી

થઈ, ''માસ્તર છે કડક, છીંકણી નહીં લેવાની.'' બધે વાત પહોંચી ગઈ.

અમે આનંદીના મુવાડેથી બે માઈલ ચાલીને સાંઢાસાલ સ્ટેશને પહોંચ્યાં. ગામના થોડા વડીલો મૂકવા પણ આવેલા. ટિકિટો લઈ માથાં ગણવા બેઠાં. કેટલીકે તો પહેલી જ વાર ગાડીની મુસાફરી કરેલી. બધાં એક જ ડબ્બામાં બેસવાનો પ્રયત્ન કરે. મારા ડબ્બામાં જ ભીડ. મેં ટુકડી પાડેલી ને અલગ અલગ ડબ્બામાં બેસવા સમજાવેલું પણ બધીઓ મારાવાળા ડબ્બામાં જ ચડી. સીટ મળી તે સંકોડાઈને સીટ ઉપર ને ન મળી તે નીચે ચાલવાની જગ્યાએ બેસી ગઈ. ગામનાં વડીલો સ્ટેશને હતાં ત્યાં સુધી લાજ કાઢેલી પણ જેવી ગાડી ઊપડી કે બધીઓએ પાલવ ખેંચીને માથા ઉપર ઓઢવાનું રહે તેમ જ રાખ્યું. મેં વારાફરતી બધીઓની ઓળખાણ કરી. ફલાણી ઉદેસંગની કાકી, ફલાણી હિંમતસંગની મા, ઢીંકણી અમરસંગની ભોજાઈ. એમ વારાફરતી બધીઓએ ઓળખાણ આપી. ''શાયબ, લો હવે વાત માંડો.'' એવી કોકે ફરમાયેશ કરી. છોકરાં ઘેર જઈને બધું વર્ણન મા-કાકીને કરે તેથી બધીઓને જિજ્ઞાસા. મારી વાતોમાં ખોટા રિવાજોને તિલાંજલી આપવાની વાત આવે. ચોખ્ખા રહેવું, નાહવું, દાતણ કરવું, કપડાં ફાટેલાં નહીં, સાંધેલાં પહેરવાં; વ્યસન ન કરવું, ગાળો ન બોલવી, રોજ ભગવાનની પ્રાર્થના કરવી, ઝઘડા ન કરવા, ખમી ખાતાં શીખવું વગેરે સીધાં સૂચનો ના આવે પણ વાર્તાનાં પાત્રોનાં વર્ણનમાં બધું આવી જાય. આડકતરી રીતે સૌને સંદેશો પહોંચતો રહે.

હું પણ મારું ભાતું બનાવીને સાથે લઈ ગયો હતો. ત્યાં એક ચબરાક વહુએ કહ્યું, ''શેઠના દીકરા તે આપણું કાંઈ ખાતા હશે !'' તેનો ટોણો હું સમજી ગયો. અમે બધાં ગોળ કૂંડાળું કરીને બેઠાં. અમે બધાંએ એકબીજાના ભાતામાંથી વહેંચીને ખાધું. શરૂઆતમાં બધીઓ એકમેક સામે પૂંઠ કરી અવળે મોઢે બેઠેલી. તેમને એવી જ ટેવ પડેલી. મેં બધાંનાં મોં ફેરવ્યાં. જગદીશભાઈ કહે એટલે સામે દલીલ કરવાની નહીં, એવી સામાન્ય સમજ થઈ ગયેલી. ડાકોરમાં ધરમશાળામાં ઊતર્યાં. દર્શન કર્યાં, તળાવમાં નાહ્યાં, બોડાણાનું ત્રાજવું જોયું. બધીઓને હરખ હરખ થઈ ગયો. પિયર અને સાસરી વચ્ચે 5-7 ગાઉનું અંતર હોય. તેની વચ્ચે પગે ચાલીને જ આવન-જાવન. રેલગાડીની સિસોટી સાંભળેલી, કોઈએ જોઈ પણ હશે; પણ બેસવાનું તો પહેલી જ વાર થયેલું. બીજે દિવસે ગામમાં ઘેરે ઘેર ડાકોરયાત્રાની જ ચર્ચા.

વહુઓનો પરિચય થયા પછી મારી પહોંચ રસોડા સુધીની થઈ ગઈ. જે અધવચ્ચેથી ઊઠી ગયેલાં તેવાં મોટાં છોકરા-છોકરીઓ પણ શાળામાં દાખલ થવા આવ્યાં. એકમાંથી ત્રણ શિક્ષક થયેલા. તેમાંથી બીજે વરસે પાંચ શિક્ષકો થઈ ગયા. ગામનો ઓરડો નાનો પડવા માંડ્યો તો આશ્રમમાં ખાલી ઓરડા અને ઓશરીઓમાં વર્ગો ભરાવા માંડ્યા. ધોરણ 4થી ભણી ઊઠેલા માટે પાંચમું ધોરણ શરૂ કરવું પડ્યું.

❖ ❖ ❖

શરૂઆતમાં ભણાવવા સિવાયની ઈતર પ્રવૃત્તિ સામે કેટલાક ગામલોકો વિરોધ કરતા. ધીમે ધીમે વાલીઓને ભરોસો પડવા માંડ્યો કે પ્રવૃત્તિ કરવાથી ભણતર ઊલટું વધારે સારું થાય છે. મોકો જોઈ એક દિવસ મેં દરખાસ્ત કરી કે આપણી શાળાના ઓરડામાં ખાડા છે તે પૂરવા જોઈએ. ને લીંપણ નવેસરથી કરવું જોઈએ. અને ઠરાવેલા દિવસે ઘેરે ઘેરથી તગારીઓમાં ગોરમટી આવવા માંડી, કોઈ પાણી લાવ્યું. કોઈ ટીપવાનું લાવ્યું. ખાડા પુરાયા ને ભોંયતળિયું સમતલ થઈ ગયું. બીજે દિવસે છાણ લાવી ગાર કરી લીંપણ કર્યું. મને ઓકળીઓ પાડતો જોઈ છોડીઓ મોંમાં આંગળાં ઘાલી ગઈ. ''આ જગદીશભાઈ શે'રના શેઠના દીકરા, પણ ભૈશાબ એમને તો બધું જ આવડે ! ભાયડાનું કામ તો આવડે પણ બાયડીઓનુંયે આવડે !'' ગામમાં ઘેરે ઘેર આ વાત ચાલતી. કેટલીક પ્રૌઢ બહેનો જોવા પણ આવી ગઈ. મને અને છોકરાઓને શાબાશી આપતી ગઈ.

❖ ❖ ❖

મને વિચાર આવ્યો કે ગામની વસ્તીની ગણતરી કરીએ. એટલે ચોપડો બનાવી ખાનાં દોર્યાં. નામ, વડીલ સાથેનો સંબંધ, ઉંમર, વહુ હોય તો પિયરનું ગામ, દીકરી હોય તો સાસરીનું ગામ, જમીનનું માપ, ઢોરની સંખ્યા અને ઘણી બધી વિગતો. બે-ત્રણ ડાહ્યાઓ આવીને પૂછી પણ ગયા કે, ''માસ્તર, આ બધું લખાણ સરકારમાં તો નથી આપવાના ને ?'' જમીન કેટલી જાતે ખેડે છે, કેટલી ભાગે, દાણે, ભાડે આપી છે. કેટલી ભાગે-દાણે લીધી છે ? કોને આપી છે ને કોની ખેડો છો ? એવા પ્રશ્નોથી કેટલાકને શંકા પડી હતી એટલે તેઓ વિરોધ કરવા લાગ્યા. પણ મારે ને સરકારના કોઈ ખાતાને કોઈ સંબંધ નહોતો તેથી વિરોધ લાંબો ન ચાલ્યો.

❖ ❖ ❖

વિદ્યાર્થીઓની સંખ્યા વધી, ઘર ઘરનો પરિચય થયો, મારા માટે સૌનું દિલ કૉળવા લાગ્યું પછી ધીમેધીમે મેં ગામમાં વાત મૂકી. ''સરકારનો કાયદો છે. 6થી 11 વરસનાં બધાં બાળકોએ ભણવાનું છે. ન મોકલે તેમનાં મા-બાપે દંડ ભરવો પડશે. અત્યારે માત્ર બારિયાનાં જ બાળકો શીખે છે. વણકર અને ઋષિનાં નથી આવતાં.'' ગામમાં ચર્ચા ચાલી. કેટલાક મને આ જીદ છોડી દેવા સમજાવવા આવ્યા. કેટલાક વળી પેલાઓના વાસમાં જઈ તેમને દાટી આપી આવ્યા. મેં ધીમેધીમે વણકરવાસ ને ઋષિવાસમાં જવા માંડ્યું. તેમનાં છોકરાંઓને શાળાએ મોકલવા સમજાવવા માંડ્યું. શરૂઆતમાં ગામના લોકોની ચઢવણીથી તેમણે છોકરાં મોકલવાં નન્નો ભણ્યો પણ ધીમેધીમે કહેતા થયા, ''સરકારનો કાયદો હોય તો શાયબ લઈ જજો, અમારો દંડ ના કરાવશો. બાકી, આ રજપૂતોની સાથે અમારાં છોકરાં ભણે તે અધરમનું કામ તો છે જ હોં !'' વિરોધ ઉપરછલ્લો હતો. મારી ધીરજ અખૂટ હતી અને ગામજનો માટે ભરપૂર પ્રેમ હતો તેનો પુરાવો મારે આપવાનો ન હતો. ધીમેધીમે તેમનાં બાળકો આવતાં થયાં. વર્ગમાં આવે ને છેટે બેસે. ભણવામાં તેય બધાં કાચાં નહોતાં. ઈકોતેર પેઢીથી ભણતરનું બ્રહ્મચર્ય પાળેલું તે તક મળતાં ખીલી ઊઠ્યાં. તેમની સ્લેટ જોવા મંગાવું. તેમના હાથમાંથી સ્લેટ લઈને પેનથી સુધારી આપું તેમાં કોઈક વાર અડકી જવાય એટલે એકાદ રજપૂત બચ્ચો બરાડે. ''એ... જઘધીભાઈ અભડાયા !!'' અને બધા ઊઠીને ઘર ભણી નાસે. તેમની મા બબડતી જાય ને છોકરાને બહાર જ માથાબોળ પાણી રેડીને નવડાવે. હું પેલાં બાળકોને ભણાવવાનું ચાલુ રાખું. પછી સાંજે ગામમાં આંટો મારવા નીકળું ત્યારે કેટલીક મને કહેય ખરી, ''શાયબ, તમારી બધી વાત હાચી પણ આ અડકઆભડ કરો, તે ઠીક ન કહેવાય હોં.'' તેમનેય અંતરાત્માથી મારી વાત ખોટી તો ન લાગે. હું કોઈકને સમજાવું, ક્યાંક હસીને જતો રહું. ધીમેધીમે વિરોધ શમી ગયો. વણકર-ઋષિનાં છોકરાં પણ નિયમિત આવતાં થયાં. ભણવા લાગ્યાં. ક્યારેક રજપૂતો કરતાંયે જલદી તડાતડ જવાબો આપતાં થયાં. પછી તો તેમની વચ્ચેય ભેદની રેખા ભૂંસાતી ગઈ. પર્યટનો અને પ્રવાસોમાં સૌ એક સાથે હોય, સાથે બેસીને જમવાનું થતું પછી બધું સહજ થતું ગયું. અપાર ધીરજ અને ભરપૂર પ્રેમથી તે જમાનામાં અને તેય બારૈયા કોમમાં આ ફેરફાર એ મોટી સામાજિક ક્રાંતિ જ ગણાય.

❖ ❖ ❖

એક દિવસ કેટલાક છોકરા કહે, ''જયઘીભાઈ, આજે તો જીલડાં પાડીએ. તાડના ગોળા ખાવા છે. સીમમાં તાડનાં ઝાડ ઘણાં. જીલડાંને તોડવાં એ મહાકપરું કામ. તાડ 25-30 ફીટ ઊંચો. તેની પર ચડવા માટે આવડત જોઈએ. ઠેઠ ઉપર જઈએ એટલે તાડછા (તાડનાં કકરી ધારવાળાં પાન)નું ચક્કર આવે. તેને વળોટીએ પછી જીલડાંને મૂળમાંથી પાળિયા વડે એક ઘાએ નીચે પાડી શકાય. હું તો બાપગોતરમાં કોઈ દિવસ તાડે ચડેલો જ નહિ. તેથી છોકરાંને પૂછ્યું, ''તાડે ચઢીને જીલડાં કોણ પાડી લાવે ?'' બધાંએ એકી અવાજે કહ્યું, ''જયઘીભાઈ, જીવલો ભંગી જાણે છે. તેને બે આના આપીએ એટલે કામ થઈ જાય.'' અમે તો ગામને છેડે જીવલાને ઘેર ગયા. તેણે જોયું કે છોરાં જીદે ચડ્યાં છે ને માસ્તર સરકારી પગારદાર છે. તેણે કહ્યું, ''શાયેબ, ચાર આના લઉં પછી ઉપર ચઢું.'' મેં છોકરાંને પૂછ્યું. એકી અવાજે બધાંએ કહ્યું, ''જયઘીભાઈ, બમણાં માંગે છે. ગામના મુખીને કહીને તેને સીધોદોર કરાવી દઈએ.'' પણ મારી એ રીત નહોતી. ઘણું સમજાવ્યા પછીયે જીવલો ન માન્યો એટલે અમારી ટુકડી સીધી તાડે પહોંચી. છોકરાંને ભરોસો કે, ''જયઘીભાઈ ધારે તે કરે જ કરે.'' મેં કહ્યું, ''હું થોડે સુધી ચઢી જોઉં. મને ફાવે તો કોઈ મને પાળિયું અંબાવજો.''

મેં તો કેડે દોરી બાંધી ને ચડ્યો. નાનપણમાં વડોદરામાં અમે ઈલેક્ટ્રિકના થાંભલે ચડી જતાં. આંબલી-પીપળી રમવા ને જાંબુ ખાવા હરણી રોડ જઈએ ત્યારે જાંબુનાં ઝાડેય ચડી જતા. તે અનુભવ કામ આવ્યો ને હું તો સહેલાઈથી દશેક ફીટ ચડી ગયો. મારો આત્મવિશ્વાસ વધ્યો એટલે મેં પાળિયું મંગાવ્યું. એક છોકરો મને અંબાવી ગયો જેને મેં કમરે વીંટેલી દોરીમાં પાછળના ભાગે ખોસી દીધું. તાડ ઉપર ચડવામાં તો મુશ્કેલી ના પડી પણ તાડછાનું ચક્ર આવ્યું ત્યાં મને મૂંઝવણ થઈ. છોકરાં નીચેથી મને પ્રોત્સાહક સૂચના આપતા રહે, ''જયઘીભાઈ, વંઢી વટી જાઓ. તે માટે વચ્ચે નડે તેવાં બે-ચાર તાડછા પાળિયાથી વાઢી નાખો.'' મેં તેમ કર્યું પણ એક પાનની ધાર મારા કાંડે ઘસાઈ ને નસ કપાઈ. લોહીની ધાર થઈ પણ મેં ખચાખચ જીલડાં પાડ્યાં જ. એક ડાળ કાપું ને બે-ત્રણ જીલડાં નીચે પડે. છોકરાં આઘાં જતાં રહેલાં પણ લોહીની ધાર થઈ તેના ટીપાં નીચે પડ્યા તેથી છોકરાં શિયાંવિયાં થઈ ગયાં. ''બસ, બસ, જયઘીભાઈ, હવે પાળિયું ફેંકી દો ને નીચે આવી જાઓ.'' બધાં એકી અવાજે બોલવા લાગ્યાં. મેં તેમ કર્યું. 8-10 ડાળો કાપી હશે તેથી વીસેક

જીલડાં પડેલાં. એકમાં ત્રણ તાડફળી નીકળે. છોકરાં તો ખુશ. મારો હાથ જોઈ એક છોડી ખેતરમાંથી કોઈ પાન લાવી મસળીને મારા ઘા ઉપર ચોંટાડી ગઈ. તેમને એક બાજુ જઘધીભાઈ તાડે ચઢીને જીલડાં પાડે તેનો હરખ, તો બીજી બાજુ હું ઘવાયો તેની સહાનુભૂતિ. આવા ભાવમાં તાડફળી ખાવાનો આનંદ ઓછો થઈ ગયો.

હું તાડે ચડયો ને મેં જીલડાં પાડયાં તે સમાચાર ગામમાં ફેલાઈ ગયા. મારા વિદ્યાર્થી અમરસંગના પિતા માનાકાકા ને માતા બૈજીકાકી મારા ઉપર ખૂબ પ્રેમ રાખે. તેમના ઘર આગળથી જ આશ્રમનો રસ્તો. અમારી ટોળી જીલડાં લઈને નીકળી એટલે માનાકાકાએ મને બોલાવ્યો. જેવો હું તેમની ઓસરીમાં ગયો કે તરત જ મારા હાથ પકડી મને દોરી વડે થાંભલે બાંધી દીધો. કાકા-કાકી અને આડોશી-પાડોશી બધાં ભેળાં થઈ ગયેલાં. છોકરાં આ જોઈ આશ્રમમાં ભાગી ગયેલાં. ‘‘બોલો માસ્તર, વચન આપો. કોઈ દિવસે તાડે નહીં ચડું. અમારી આ વેજાને શી ગતાગમ ? તમે ચડયા ને ઉપરથી પડયા હોત તો અમારા ગામને તો નામોશી જ આવત કે !’’ તેમના પ્રેમાક્રમણે મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આ લખું છું ત્યારે 55-56 વરસે અત્યારેય તે દશ્ય આંખ સામે ખડું થાય છે ને આંખ ભીની થઈ જાય છે. મારી લાગણી સૌને સ્પર્શી ગઈ. મને બંધનમાંથી મુક્ત કર્યો ને માનાકાકા મને ભેટી પડયા. બૈજીકાકી ને બીજી બહેનો સાલ્લો ફેલાવી મારા ઓવારણાં લેતી કહેવા માંડી, ‘‘શાયબ, તમે તો દેવપુરુષ છો. અમારી પ્રજાને ઝાઝી અક્કલ નથી પણ તમેય છોરાં કહે તે બધું જ કર્યા કરો છો ! અમે માવતર થઈનેય તેમની બધી જીદ પૂરી કરતા નથી. તમને કોણ જાણે શી માયા લાગી ગઈ છે ! અહીં કેટલાયે માસ્તરો આવી ગયા પણ તમારા જેવા તો કોઈ જોયા નથી.’’ બીજી કહે, ‘‘અરે કોઈ ગામે આવા માસ્તર જાણ્યાયે નથી.’’ બધાં વેરાયાં પછી મારા ઘા ઉપર ઘા-બાજરિયું બૈજીકાકીએ દાબી આપ્યું. ને ઘીમાં લસલસતો (બાજરીના લોટનો જ તો) શીરો બનાવી પાસે બેસાડીને ખવડાવ્યો. તેમના પેટના જણ્યાનેય આવું વહાલ કરીને જમાડતા હશે કે કેમ !

❖ ❖ ❖

30મી જાન્યુઆરીએ અમારા ગામમાં સર્વોદયમેળો કરેલો. સર્વોદય યોજનાની 10-12 શાળાઓનાં શિક્ષકો ને વિદ્યાર્થીઓ આવેલાં. સંસ્થાના તમામ

કાર્યકરોયે સાકરટમ. સવારે પરોઢમાં વૈતાલિકગાન, પછી ગ્રામસફાઈ, પછી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન, બાળમેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ. પૂર્વતૈયારી તો ઘણા દિવસથી ચાલતી'તી. પણ તે દિવસે તો મધરાતથી હું વ્યસ્ત. બૈજીકાકી ને માનાકાકાના ઘેર થઈને જ આશ્રમથી શાળાએ ને મેદાનમાં જવાય. સવારથી મારા આંટાફેરા ચાલ્યા જ કરતા હતા. બારેક વાગ્યા એટલે બૈજીકાકીએ મને બોલાવ્યો. ''માસ્તર, સવારથી આમતેમ આંટા મારો છો તે પેટમાં કાંઈ નાંખ્યું ખરું કે ?''

હું ખરેખર ભૂખ્યો થયેલો પણ એક પછી એક કામ ચાલ્યા કરે તેમાં કાંઈ બનાવી લેવાની કે પેટમાં કાંઈક પધરાવી લેવાની નવરાશ જ નો'તી મળી. હું કાંઈ ન બોલ્યો એટલે માનાકાકા મને હાથ પકડી રસોડામાં લઈ ગયા. બૈજીકાકીએ બાજરીના લોટનો ઘીમાં લસલસતો શીરો થાળીમાં કાઢી મને પાસે બેસીને જમાડ્યો. કોઈ મને શોધવા ન આવી શકે તે માટે અંદરનું કમાડ વાસી માનાકાકા હુક્કો લઈને ત્યાં બેઠેલા.

ગામ લોકોનો પ્રેમ મને ખૂબ જ મળેલો. આ જ લોકો ક્યારેક દારૂ પી છાકટા થાય ત્યારે ફળિયામાં નીકળી કોઈને ભાંડેય ખરા. તેમની ટેવો સુધરે નહીં પણ મારા તો આરાધ્ય દેવતાના માવતર ! જેટલો મેં નિઃસ્વાર્થ પ્રેમ નિશાળિયાને આપ્યો તેનો મને પ્રતિભાવ ભલે થોડો મોડો પણ ખૂબ ખૂબ મળ્યો.

❖ ❖ ❖

ગામના ત્રણેક છોકરા મોટા થઈ સાંઢાસાલની હાઈસ્કૂલમાં ભણવા જતા થયા. તેમને ભણવાની કોઈ મુશ્કેલી હોય તો મને પૂછે. રાત્રીશાળા થઈ પછી નિયમિત આવતા થઈ ગયેલા. તેમની ફી મહિને રૂપિયા છ. દર મહિને પહેલાં તો ભૈયાજીને ત્યાંથી ઉછીના-પાછીના કરી લઈ આવતા. તેનું વ્યાજ મહિને રૂપિયે એક આનો જ્યારે પાક આવે ત્યારે ચૂકવતા. મુદ્દલ કરતાં વ્યાજ વધી જતું. અમારો સંબંધ થયો પછી માનાકાકા ને બૈજીકાકીએ એક વાર વાત છેડી. મેં તરત જ કહ્યું, ''તમે મને કેમ પારકો ગણો છો ?'' હવેથી દર મહિને મારી પાસેથી પૈસા લઈ જવાના. જ્યારે તમારી પાસે રકમ આવે ત્યારે આપવાના. વ્યાજ-બ્યાજ કાંઈ નહીં ગણવાનું. ત્રણેય આમ તો સારી એવી જમીન ધરાવનાર ખેડૂતોના દીકરા. ઘરમાં કોદરા-બાજરી-ડાંગરની કોઠીઓ ભરેલી

રહેતી. મગફળીનોયે ઢગલો. ગાય-ભેંસને કારણે દૂધ-ઘી પણ થતાં પણ રોકડો રૂપિયો દોહ્યલો હતો. તે વખતે રૂપિયે અચ્છેરનું ઘી મળે, બે રૂપિયે શેર. આજે કિલોગ્રામમાં ગણીએ તો સવા ચાર રૂપિયે એક કિલોગ્રામ ગણાય. મને દૂધ સાથે ઘી આપે ને તેનો હિસાબ પેલી ફીની લોનમાંથી વળતો જાય. માણસો અભણ પણ હિસાબમાં ચોક્કસ. કોઈ દિવસ તેમાં ગરબડ નથી કરી કે ગાપચી નથી મારી !

❖ ❖ ❖

જે છોકરાઓ માસ્તરને જોઈને સંતાઈ જતા ને અમારે તેમને ઘેરે ઘેર ફરીને બોલાવવા જવું પડતું તે જ છોકરાઓ હવે કાયમ મારી સાથે જ રહેવા માંડ્યા. બે વખત જમવા ને નાહવા ઘેર જાય. તેમની ગોદડીઓ લઈને રાત્રે પણ આશ્રમમાં આવી જાય. રાત્રીછાત્રાલય ક્યારે શરૂ થયું તેની ખબર જ ન પડી. છાત્રાલયમાં રાત્રે સૂતાં પહેલાં લેસન ને તે પહેલાં પ્રાર્થના. પ્રાર્થના પછી તેમના બરનું કોઈ સારું વાંચન. બબલભાઈ, રવિશંકર મહારાજ, જુગતરામ દવેની ઘણી ચોપડીઓનું વાંચન આમાં થયેલું. ક્યારેક ગિજુભાઈ અને તારાબહેનનું બાળસાહિત્ય પણ વંચાતું. સૂતાં પહેલાં હાથપગ ધોઈ પેશાબ-પાણી કરીને સૌ સૂઈ જતાં. સવારે વહેલા ઊઠી પ્રાતઃકર્મ પતાવીને પ્રાર્થના અને પાછું સદ્‌વાચન. પછી તેમનું લેસન. દાતણ પણ સૌ પોતપોતાના ઘેરથી જ લાવતા. આશ્રમમાં ચોક્કસ જગ્યાએ બેસી દાતણ કરી ઊલ ઉતારી મોં ધોઈ લેતા. આશ્રમના કૂવેથી પાણી કાઢતા, પોતેય વાપરતા ને મારા ઘરમાંય ભરી દેતા.

કમળી નામની બીજા ધોરણની એક દીકરી આશ્રમની સામે જ રહે. તેની બા ત્યકતા ને નાની વિધવા. ઘરમાં ત્રણ જ જણ. ખેતમજૂરી કરી ખાય. કમળીને પહેલાં તો નિશાળે ન’તા મોકલતાં. બે વાર બીજીમાં નપાસ થયેલી. પણ મારા ગયા પછી તે બરાબર ભણવા લાગેલી તે રાત્રે સૂવા ઘેર જતી રહેતી. હું રસોઈ કરીને જમી લઉં પછી તે વાસણ માંજી જતી, ઘરમાં કચરો વાળી દેતી. તે મને જોયા જ કરતી. વહેલા ઊઠવાનું, પ્રાર્થના કરવાની, સફાઈ, સ્નાન, કપડાં ધોવાનાં, કૂવામાંથી પાણી કાઢવાનું, નિશાળે જવાનું, આવીને ફરી એ જ ઘટમાળ. સાંજે ફાનસ સાફ કરવાનું, કેરોસીન પૂરવાનું, દીવેટ કાપી ફાનસ સળગાવવાનું. ફરી રસોઈ, ભોજન, પ્રાર્થના, સ્વાધ્યાય. મારી દિનચર્યા માત્ર

કમળા જ નહીં, ઘણાં બધાં છોકરા-છોકરીઓ જોતાં રહેતાં. ઘેર જઈને તેમના માવતરને કહેતાં. અભણ ગ્રામજનો આ બધાને કારણે મને દેવપુરુષ જ માનવા લાગેલા. માસ્તર છતાં કોઈને વઢું નહીં, મારું નહીં, મોટાં નામે જ બોલાવું, છોકરાંને નાહવા-ધોવા લઈ જાઉં, પ્રવાસ કરાવું, ભણાવું, વાર્તા કહું, બસ આખી જીવનચર્યા ખુલ્લી કિતાબ જેવી. કોઈને સતાવું નહીં, જૂઠું બોલું નહીં, કોઈ દંભ નહીં, કોઈ મોટાઈ નહીં, સૌને ખપમાં આવવાની સદૈવે તૈયારી. ગામમાં કોઈ દુશ્મન નહીં, કોઈની નિંદા નહીં, કુથલી નહીં. બધાનાં અવગુણ જાણું તે પણ બધાં જાણે. છતાં કોઈ દિવસે કાયદાની વાત નહીં, પોલીસ નહીં. તેમના નસીબે શિક્ષકના રૂપમાં હું દેવપુરુષ જ આવી ગયો હતો. શિક્ષક અને ગ્રામસેવક બંનેની ચોવીસ કલાકની મારી કામગીરીથી અમારા સંચાલક ને બીજા પણ ખુશ.

❖ ❖ ❖

એક દિવસ ગામમાં લોકોના ગુરુની પધરામણી થઈ. વરસે બે વરસે ગુરુ આવે. 5-7 દિવસ રહે, ઘેરે ઘેર પધરામણી થાય, નાનાંમોટાં પગે લાગે ને ગુરુદક્ષિણા આપે. ગુરુજી પણ ચલમ તો પીએ જ. મારા જેવા ખાદીધારીને ગામમાં ફરતો જોઈ ગુરુજીએ પૂછપરછ કરી. લોકોએ મારી વાત કરી. ગુરુજી કહે, ‘‘તમારો માસ્તર કેટલા પાણીમાં છે તેની પરીક્ષા કરવી પડશે. ભણતર છે પણ ગણતર છે કે નહીં તે જોવું પડશે.’’ એક વખત માનાકાકાની ઓસરીમાં ગુરુજીની પધરામણી હતી. ગામજનો પણ બેઠા’તા. મને બોલાવ્યો. ગુરુજી કહે, ‘‘માસ્તર, તમે શહેરના શેઠના દીકરા ને અહીં અજ્ઞાની લોકોમાં સેવા કરવા આવ્યા છો તેની વાત જાણી. ગાંધી મહાત્માને અમે તો જોયા નથી પણ તમને જોઈને તેમનો અંદાજ આવે છે.’’ મને મારા ઘરના માણસોની અને ભણતરની વાતો પૂછી. પછી કહે, ‘‘તે તો બધું ઠીક માસ્તર, પણ મારા બે કોયડા ઉકેલી આપો તો ખરા.’’ કહે, ‘‘પોણી પૈનું શેર તો ચાર શેરનું શું ?’’ ગામડામાં પાણીનો ઉચ્ચાર પોણી કરે. પોણીના બે અર્થ થાય – એકનો અર્થ ત્રણ ચર્તુથાંશ ભાગ તે પોણું અને બીજો પીવાનું પાણી. મેં ગુરુજીને આ વાત કરી કહ્યું, ‘‘બે જવાબ થાય, કયો આપું ?’’ ગુરુજીએ કાન પકડ્યા. બીજો કોયડો જરા કઠણ હતો. ‘‘એક માણસ થોડાં કમળનાં ફૂલ લઈને નીકળ્યો. મહાદેવને અમુક ચઢાવ્યાં ફરી બીજાં તેટલાં ઉમેરી મહાદેવને પહેલાં ચઢાવેલાં તેટલાં જ ચઢાવ્યાં. ફરી તળાવમાં જઈ વધેલાં તેટલાં લઈ આવ્યો. પહેલાં-બીજાંને ચઢાવ્યાં

તેટલાં જ ચઢાવ્યાં તો તેની પાસે પાંચ કમળ રહ્યાં. તો સૌ પ્રથમ તે કેટલાં ફૂલ લઈને નીકળેલો ?'' મેં બીજ ગણિતની રીતે મનમાં જ સમીકરણ મૂકી તરત જવાબ આપ્યો. ને ગુરુજીએ ઊભા થઈ મને શાબાશી આપી. તેમણે ડાયરામાં સર્ટીફિકેટ આપ્યું, ''તમારો માસ્તર માત્ર ભણેલો નથી, કોઠાજ્ઞાની પણ છે.'' ''જાઓ માસ્તર, તમારા નિમિત્તે આ ગામમાં સુખાકારી વધવાની છે તેની મને ખાતરી થઈ ગઈ.'' તે દિવસ પછી ગામમાં છોકરા વગરના જે થોડા માણસો રહી ગયા હતા તેય મારા પ્રભાવમાં આવી ગયા.

❖ ❖ ❖

ગ્રામસેવકની લાયકાત બાબત હું માનતો કે દિવાળી અને હોળીના તહેવારોમાંયે સાચો ગ્રામસેવક હોય તે ગામ ન છોડે. માસ્તરોને તો રજા હોય, ગ્રામસેવકને વળી રજા કેવી ? હોળી-ધૂળેટીમાં ગામનું વાતાવરણ બદલાઈ જાય. હોળીની પૂજામાં હું જાઉં ત્યારે ડાહ્યાઓ મને સલાહ આપે, ''માસ્તર, કાલે બહારગામ જવું હોય તો જઈ આવજો.'' કેમ ? લગભગ આખું ગામ રમણે ચડે. ઘેરે ઘેર દારૂ પિવાય. કેટલાક પીને સૂઈ જાય. કેટલાકને અતિરેક થઈ જાય તો એલફેલ બોલે ને કેટલાક તો વળી ગંદી ગાળો પણ બોલે. ફળિયા વચ્ચે નીકળીને તમાશોયે કરે. મારો નિયમ કે રોજ સાંજે ગામમાં આંટો મારું. બીમારની ખબર લઈ દવા આપું ને બીજી વાતો કરું. કોઈ આવ્યું-ગયું હોય તો પરિચય કેળવું. ધૂળેટીને દિવસે હું આશ્રમમાંથી નીકળ્યો તેની ખબર વાયુવેગે ગામમાં ફેલાઈ ગઈ. દારૂ પીને છાકટા બનેલાઓને તેમની ઘરવાળી પકડી પકડી ઘરમાં લઈ ગઈ. ''જધધીભાઈ જોઈ જશે.'' પેલાઓ આમ તો ઘરવાળીને ના ગાંઠે, તેને ધોલધપાટ પણ કરે પણ મારું નામ પડતાંવેંત ડાહ્યાડમરા થઈ ઘરમાં જઈ ખાટલામાં સૂઈ જાય. મારી સાથે છોકરાઓ હોય તે મને બધી સાચી વાત કહી દે. પોતાના બાપા-કાકા-ભાઈનીયે પોલ ખોલી દે. પહેલાં તો છોકરાં મને બધું કહી દે તેવી જાણ થાય ત્યારે છોકરાંને તેમના વાલીઓ ડારતા. પાછળથી તેમને ખબર પડે તોયે તેને સહજ રૂપે લઈ લે. છોરાં માસ્તરને તો બધું કહે જ ને ! ૃ આવી માન્યતા સૌની થઈ ગયેલી.

❖ ❖ ❖

દિવાળીને બીજે દિવસે બેસતું વરસ. ગામલોકો તેને ઝારણી કહે. ઝારણીને દિવસે સાંજે ગામ આખું ભેગું થાય. દરેક ઘરના વડીલ આવે.

મળવાનું સ્થાન ગામની વચ્ચેનો શાળાનો ઓરડો જ. હું પણ ગયેલો. બધા ગોળ કૂંડાળું કરી દીવાલે પીઠ કરીને બેઠેલા. ઊજળા દૂધ જેવાં સફેદ કપડાં પહેરીને આવેલા. ગામના બે વડીલો અફીણનું પાણી લઈને નીકળ્યા. વાડકામાં અફીણ ઘોળેલું. બીજાના હાથમાં રૂનું પૂમડું. એક વ્યક્તિ દરેક જણની સામે બેસે ને રૂનું પૂમડું વાટકીમાં બોળી પેલાની હથેળીમાં નીચોવે. અફીણ તો નશામાં ગણાય. નશાબંધીના કાયદામાં અફીણની મહેફીલ કરવી તે તો ગુનો બને. પણ હવે મારી કોઈ બીક ગામલોકોને રહી નહોતી. મનેય ગ્રામજન તરીકે અપનાવી લીધેલો. અફીણવાળા ફરતા ફરતા મારી પાસે આવ્યા. લોકોમાં ચડભડાટ શરૂ થયો. કેટલાક કહે, ''માસ્તરને ના અપાય.'' કેટલાક કહે, ''આજે તો પ્રસાદ લેવો જ પડે.'' હું મીઠું મીઠું હસ્યા કરું અને એક જણે મારો હાથ પકડીને ધર્યો ને પેલા વડીલે મારી હથેળીમાં અફીણનું પાણી નીચોવ્યું. સભામાં સોપો પડી ગયો. ગાંધીવાળો માસ્તર કસુંબાનું અપમાન કરશે ? કે પી જશે ? મેં હથેળીના પાણીમાં આંગળી બોળી માથે ચડાવી ને મને કસુંબો આપનારને જ મોઢે હથેળીમાંનો કસુંબો પીવડાવી દીધો. આખી સભામાં વાહવાહ થઈ ગઈ. ''ખરા માસ્તર, આપણું માન રાખ્યું ને તેમની ટેક પણ જાળવી, વાહ માસ્તર, વાહ !''

❖ ❖ ❖

મારા શિક્ષણના પ્રયોગની વાતો ચોમેર ફેલાઈ ગઈ. તેથી બબલભાઈ, દિલખુશભાઈ, શિવાભાઈ ગોદ્ગ પટેલ, જુગતરામ દવે, ચિમનભાઈ ભટ્ટ, ભીખુભાઈ વ્યાસ અને બીજા કેટલાયે શિક્ષણપ્રેમીઓ મારે ત્યાં આવી ગયા. મારી કામગીરી જોતા ગયા ને મને જરૂરી સલાહ-સૂચન આપતા ગયા. જુગતરામ કાકા આવ્યા ત્યારે મારો ગણવેશ માટે સ્વાવલંબી કંતાઈનો પ્રયોગ ચાલતો હતો. બધાં છોકરાં પોતાને ઘેરથી જરૂરી કપાસ લાવેલાં. તેને સૂકવી, સૂરજ બનાવી, ઓટાઈ કરી, ધનુષપીંજણથી પીંજી, પૂણીપાટલા ઉપર પૂણી બનાવી ચરવડા ચક્ર ઉપર કાંતવાનું ચાલતું હતું. પોતાના કપાસમાંથી એક જોડ કપડાં માટેની ખાદી માટે જરૂરી સૂતર કાંતી લેવાનું હતું. સમૂહકાંતણની હરીફાઈ ચાલતી હતી તેમાં અમારો પ્રથમ નંબરનો કાંતનાર હિંમત હાજર નહીં. મેં તેને બોલાવવા મોકલ્યો તો જાણ થઈ કે કાલે તેના મામાને ઘેર જવાનું છે તેથી આજે કપડાં ધોયાં છે માટે નહીં આવી શકે. હું જાતે તેને ઘેર ગયો ને તેને સમજાવીને લઈ આવ્યો. 9-10 વરસનો હિંમત (તદ્દન નાગો) રેંટિયો લઈને

હાજર થઈ ગયો. તેણે જે ઝડપથી અતૂટ કાંતણ કર્યું છે તે જોઈ જુગતરામ કાકા પ્રસન્ન થઈ ગયા. બધા છોકરાઓને પોતાના સૂતરમાંથી સફેદ બુશર્ટ ને ભૂરી ચડ્ડી (હાફ પેન્ટ) સીવડાવી આપેલી. કેટલાકે વધારે કાંતીને ટોપી પણ કરેલી. છોડીઓએ જે કાંત્યું તે ભંડારમાં આપી તેમને મનપસંદ છીંટના ઝીણા કપડામાંથી ચણિયો-ચોળી કરાવેલ. વળી કેટલાકે બે જોડી જેટલું સૂતર કાંતીને પ્રવાસમાં ખાદીનાં કપડાંમાં જ આવવાનો આગ્રહ રાખેલો. હું પોતે ખાદી જ પહેરતો. અને રોજ જાતે કાંતીને જ ખાદી વણાવડાવી લેતો તેથી છોકરાઓને ખાદીનો ગણવેશ બનાવડાવવામાં મુશ્કેલી ના પડી. ઊલટું, તે રીતે મારી સાથે તેમની એકાત્મતા વધી તેનો તેમને અને મનેય આનંદ થયો.

જુગતરામ કાકા બે દિવસ મારી સાથે રહી ગયા ત્યારે તેમણે મારા કામની વિગતો મેળવી તે સાથે કેટલાંક સૂચનો પણ કરેલાં. તેમના મતે, ''દશ વર્ષ સુધી બાળકો મા પાસે જ રહેવાં જોઈએ. દસ વર્ષ પહેલાં જે મા-બાપ બાળકને શાળાએ મૂકે તે બાળશાલ્યનું પાપ વહોરે છે.'' મારી પાસે તો છથી દશ વર્ષનાં જ બાળકો મુખ્યત્વે હતાં. તેમના વિચાર મુજબ એ બાળકોનાં માતા-પિતાને બાળશાલ્યનું પાપ લાગે. પણ તેમણે મને તે વાત ન કરી. મને કહે, ''તમે આ બાળકોની મા બન્યા છો. તમારો વ્યવહાર મા જેવો છે. પણ કોઈ મા એવી જોઈ છે કે પોતાનાં બાળકોને મૂકીને તે બહાર જાય ? મા પિયર જાય તોયે નાનું બાળક તો તેની સાથે જ હોય. તમે ગામમાં રહી ભણાવો છો તે સાથે તમારા બહારના પ્રવાસો પણ ઘણા હોય છે. તમે તમારું જ્ઞાન વધારવા પ્રવાસ કરો છો તેની તો હું ના નહીં પાડું. પણ તમારા પ્રવાસમાં બધાં નહીં તો થોડાં બાળકો સાથે રાખવાનું કરો.'' કાકા સાથે વેડછી અગિયાર મહિના રહીને આવેલો. તે તો નઈ તાલીમના ઋષિ. તેમની એકે એક વાત ગાંઠે બાંધવા જેવી.

❖ ❖ ❖

તે વખતે બોચાસણની ગ્રામશાળા સારી ચાલતી હતી, શિવાભાઈની દેખરેખ ને શશિભાઈનું આચાર્યપદ. હુંયે એક વાર ત્યાં ગયો ત્યારે ખાદીની ભૂરી ચડ્ડી અને સફેદ ખમીસમાં છોકરા અને સફેદ ટોપ અને ભૂરા સ્કર્ટમાં છોકરીઓ જોયેલી. ખાદીનો ગણવેશ ત્યાંયે બાળકો કાંતીને કરી લેતાં. તેથી અમે બોચાસણનો પ્રવાસ ગોઠવ્યો. બે દિવસ બોચાસણમાં રહી પાછા ફરતાં બીજા શિક્ષકો સાથે વડોદરાથી બાળકો આનંદીના મુવાડે આવ્યાં. આગળ સુરત-

વેડછી-કાકરાપાર અને મુંબઈનો પ્રવાસ એક નાનકડી ટુકડીમાં અમે કર્યો. ધોરણ બીજાના વિદ્યાર્થી જેસંગનાં બા હતાં બહુ ઠાવકાં. તેમની આર્થિક સ્થિતિયે સારી હતી. તેમણે મને એક વાર કહેલું, ''જઘધીભાઈ, તમે ડાકોર, ટુવા, પાવાગઢ, વડોદરાના પ્રવાસો તો કરાવ્યા પણ એક વાર મુંબઈ લઈ જાઓ ત્યારે ખરા.'' તેમની તૈયારી તેમના (જેહા) જેસંગને મુંબઈ બતાવવાની. નાના પ્રવાસો તો બબ્બે દિવસના અને બે-ત્રણ રૂપિયાના ખર્ચવાળા. સુરત, કાકરાપાર, મુંબઈનો પ્રવાસ તો થાય આઠ દિવસનો ને ત્યાં રહેવા-જમવાનો ખર્ચ ન ગણું તોયે સહેજે પચીસ રૂપિયા ખર્ચ થાય. મેં જેસંગની બાને આ વાત કરી એટલે તે કહે, ''પચીસ જેહાના ખર્ચના ને બીજા પાંચ છોગાના. તમામ ખર્ચ મારે શિરે પણ મારા છોરાને તમે મુંબઈ બતાવી આવો.'' શાળામાંથી પચીસ રૂપિયા ખર્ચવા કોઈ તૈયાર ન થયું. એટલે ધોરણ આઠમાં ભણતા ને દર મહિને મારી પાસે ફીની રકમ લેવા આવતા ત્રણ છોકરા તૈયાર થયા. એક ને ત્રણ ચાર વત્તા એક શિક્ષક અને મારા નાના ભાઈ જેને પણ મુંબઈ આવવાની ઇચ્છા હતી. કારણ કે મુંબઈ મારાં મોટાંબહેન અમને બંનેને કેટલાયે વખતથી બોલાવતાં હતાં. તેમનાં લગ્ન થયે ત્રણ વરસ થઈ ગયેલાં. હજી ઘરમાં સંતાન ન હતાં. બનેવી દેનાબેંકની હેડ ઑફિસમાં સારી જગ્યાએ હતા. બહેન-બનેવીનેય મારા કામમાં ઘણો રસ હતો. એક વાર બંને આનંદીના મુવાડે આવી બે દિવસ રહી પણ ગયેલાં ને મારા કાર્યની વિગતો જાણી ખુશ પણ થયેલાં. અમે સાત જણનો સુરત-મુંબઈનો પ્રવાસ ગોઠવ્યો. લોકલ ટ્રેનમાં મુસાફરી કરીએ એટલે ટિકિટ ઓછી થાય. સુરતમાં હોપપૂલ ને મ્યુઝિયમ, તાપી કિનારે આવતાં વહાણો જોયાં. તે વખતે દક્ષિણમાંથી મેંગલોરી નળિયાં ને નારિયેળ મોટાં વહાણોમાં આવતાં. સુરતના બંદરે માલ ઉતારતાં. અમે રાત્રે વેડછી જતા રહ્યા. વેડછી તો જાણે મારું મોસાળ. હું છોકરાઓને પ્રવાસ કરાવું છું તેથી ત્યાંયે બધાને આનંદ અને આશ્ચર્ય. રહેવા-જમવાની મફત સગવડ પણ થઈ ગઈ. ત્યાંથી કાકરાપારનો બંધ જોઈ ફરી ટ્રેનમાં સુરત થઈ રાતની લોકલમાં બોરીવલી ઊતરી સાન્તાક્રુઝ બહેનને ઘેર. છ દિવસ મુંબઈ રહ્યા. હું યે પહેલી જ વાર મુંબઈ ગયેલો તેથી મારે માટેય નવું હતું પણ મને ગભરામણ નહોતી. રોજ સવારે નાસ્તો કરી લોકલ ટ્રેનમાં અમે નીકળી જઈએ. તે વખતે મુંબઈમાં ટ્રામ ચાલે. કિંગ્સ સર્કલ તેનું જંકશન. અમે વાંદરા સ્ટેશને ગાડી બદલી કિંગ્સ સર્કલ જઈ ટ્રામમાં બેસી જઈએ તે ઠેઠ મ્યુઝિયમ ઊતરીએ. વચ્ચે

કોઈક સ્થળે મારી બહેન ટિફિન લઈને અમને જમવાનું આપવા આવે. તે વખતે પાંચ-છ દિવસમાં મુંબઈમાં દરિયો, મલબાર હીલ, ચોપાટી, માછલીઘર, પ્રાણી-સંગ્રહસ્થાન, મ્યુઝિયમ, બોરીબંદર સ્ટેશન, રાજાબાઈ ટાવર, ક્રોફર્ડ માર્કેટ અને બીજું ઘણું જોયેલું. આજે 56-57 વરસે થોડું ભુલાઈ પણ ગયું છે.

ત્યાં એક વાર અમારાથી ગરબડ થઈ ગયેલી. નક્કી ટ્રેન અમે બે મિનિટ માટે બોરીવલી સ્ટેશને ચૂકી ગયા. બીજીમાં બેઠા તો તે ડબલફાસ્ટ ! સીધી ગ્રાંટ રોડ ઊભી રહે. અમે ગભરાયા. ટિકિટ ચેકર આવશે તો માર્યા જ સમજો. પણ સમયસૂચકતા વાપરી ગ્રાંટરોડ ઊતરી પુલ ઉપર થઈને પાછી ફરતી સ્લો ટ્રેનમાં વાંદરા પહોંચી ગયેલા. મારાં બહેને છ દિવસ સુધી અમને સાત જણને રાખ્યા ને જમાડ્યા. ઉપરથી રોજ ટિફિન આપવાયે આવતી. પરિણામે પચીસ રૂપિયામાં તે વખતે અમે બોચાસણ-વડોદરા-સુરત-વેડછી-કાકરાપાર અને મુંબઈનો આઠ દિવસનો પ્રવાસ કરી આવેલા. સાથે કેમેરા લઈ ગયેલા. તેથી મુસાફરીના ફોટા પણ પાડેલા. ગામના ચારેય છોકરા ને તેમના વાલીઓ ખુશ ખુશ. ઘેરે ઘેર માસ્તરનાં બહેન-બનેવીની અને મુંબઈની વાતો થાય. કેટલાય વાલીઓને પોતાનું સંતાન રહી ગયાનો વસવસો થયેલો. જો કે મોટી સંખ્યા થઈ હોત તો મુંબઈમાં રહેવા-જમવાની વ્યવસ્થા બીજે કરવી પડત. તો વળી ખર્ચ વધી જાત. જેસંગની માને પાંચ રૂપિયા છોગાના પાછા આપવા ગયો ત્યારે તેમણે લેવાની ના પાડી. ''બીજા માસ્તર હોત તો પચાસ રૂપિયામાંયે આટલું બધું ફેરવી ના લાયા હોત'' - એમ કહી તેમણે તે પૈસા મારા ખર્ચમાં રાખવા મને આગ્રહ કરેલો. મીઠી રકઝક પછી તેમને પાંચ રૂપિયા રાખવા હું સમજાવી શકેલો. અલબત્ત, તે પ્રવાસમાં ફોટાના રોલ અને બીજો પરચુરણ ખર્ચ મળી મારો ખર્ચ રૂપિયા એકસોથી વધી ગયેલો.

❖ ❖ ❖

આ લખું છું ત્યારે બહુ ઝાંખાં સ્મરણો યાદ આવે છે. એક દૃશ્ય જીવનભર યાદ રહી ગયું છે. માનાકાકાની પાડોશમાં પરભાતસંગ રહે. તેમની નાની છ વરસની દીકરી દિવાળીબા (ઘરમાં તેને દીવી કહેતા) મારી સાથે ખૂબ હળી ગયેલી. સહેજ શામળી પણ સદાય હસતી. નાનકડી ઢીંગલી જેવી. શાળાએ જવા હું નીકળું ત્યારે નાહી, માથું ઓળી, સ્લેટ-પેન લઈને આંગણામાં તૈયાર જ બેઠી હોય. ત્યાંથી પસાર થાઉં ત્યારે મારી સાથે થઈ જાય. તે આવે એટલે મારા ડાબા હાથની આંગળીનો કબજો લઈ લે. તેના મીઠા અવાજમાં

અલક-મલકની વાતો કરે. તેને બે મા હતી. પહેલીનાં ત્રણ બાળકોમાં એક મોટો ભાઈ ધૂળસંગ તો ધોરણ આઠમાં ભણતો. પ્રવાસમાંયે આવતો. તેની બીજી બહેન બાર વર્ષની નહાતી-ધોતી થયેલી એટલે ધોરણ ત્રણ પછી શાળા છોડી દીધેલી. સૌથી નાની દિવાળીબા. નવી માને એક નાનો દીકરો હતો. તેને કેડે ઘાલી દિવાળી કેટલીયે વાર નિશાળે આવતી કે આશ્રમમાંયે આવતી. એક વખત મારે 3-4 દિવસ ક્યાંક પ્રવાસમાં જવાનું થયેલું. પછી આવીને સવારે નિશાળે જવા નીકળ્યો ત્યારે દિવાળી આવી તો ગઈ પણ બહેનબાનું મોં ચડેલું. મારી આંગળી ન પકડી, તેની સામે જોઉં તો રડું રડું થઈ ગયેલી. નિશાળમાં જઈને મારી બેઠકની બાજુમાં જ તેની બેઠક રાખતી. મેં દુઃખી થવાનું કારણ પૂછ્યું કે દિવાળીનો બંધ તૂટી ગયો. રડતી જાય ને તેની બે નાનકડી મુઠ્ઠીથી મને મારતી જાય. થોડી વાર તેનો ઊભરો ઠલવાવા દઈ મેં કારણ પૂછ્યું તો કહે, ''ચાર દનથી તમારું મોં ભાળ્યું નો'તું. હું તો તમને જોવાની થઈ જેલી. ચ્યો નાહી(સી) ગ્યા'તા ?'' બાળકીને મારી એટલી માયા લાગી ગઈ હતી ! થોડી વારે તે શાંત થઈ.

પરંતુ થોડા સમય પછી આ શાળા ને ગામ છોડી હું તો 1957ના જાન્યુઆરીથી ભૂમિદાનના પ્રચારમાં લાગી ગયો ને અવશપણે પાછલાં સ્મરણો ઝાંખા થતાં ગયાં. વર્ષો બાદ એક વાર સમાચાર મળ્યા કે દીવી તો પરણી ગઈ છે ને કૂવેથી પાણી ભરતાં અંદર પડી ગઈ તે વડોદરાની ડફરીન હોસ્પિટલમાં રાખી છે. હું તાબડતોબ વડોદરા જઈ હોસ્પિટલમાં તેને મળ્યો. હવે તો તે ખાસ્સી મોટી થઈ ગયેલી. તેની કમ્મર ભાંગી ગયેલી. મને જોઈ તેની આંખમાંથી આંસુની ધારા ચાલી પણ કાંઈ બોલી ન શકી. તેની યોગ્ય સારવારની સૂચના દાકતરને આપી હું પાછો પ્રવાસમાં નીકળી ગયો. પછી તો તે દાદીયે થઈ ને હમણાં જાણ્યું કે તે આ દુનિયા છોડી ગઈ છે. હું તો મારી પ્રવૃત્તિમાં તેને ભૂલી ગયો હતો પણ 3-4 દિવસ મને ન જોયો ત્યારે તેની જે દશા થઈ હતી તે કૂમળું મન હું કાયમ માટે તે ગામ છોડી નીકળી ગયો ત્યારે કેવું સોરવ્યું હશે, તેની યાદ આવતાં હું હાલી ઊઠું છું ! મારી આંખ સામે છ વરસની એ જ દીવી આજે પણ આવે છે. એ જ હસતું મોં, જરા વધારે તેલ નાંખી બે ચોટલા લઈ ઓળેલું માથું, ચણિયા-ચોળી ને જમણા હાથે પાટી-પેન, ડાબા હાથે મારી આંગળી ઝાલી નિશાળે આવતી ને શાળામાં મારી બાજુમાં બેસતી.

ભણવામાં મારે તેને કદી કાંઈ કહેવું પડચું નો’તું. જેટલું કહેવાય તે બધું તે યાદ રાખતી.

નિશાળમાં શરૂઆતમાં એક જ ખુરશી અને એક જ ટેબલ હતું. તે આચાર્યશ્રી વાપરતા. હું ભોંયે જ બેસતો. અમે ગોળાકારમાં બેસતા. હું વાતો માંડતો ને ગીતો ગવડાવતો ને અભિનય કરતો. મારાં છોકરાં હું કરાવું તેમ કરતાં. ભણાવું તો ભણતાં યે ખરાં ને બહાર ફરવા લઈ જાઉં તો ત્યારેય મારી સાથે આવતાં.

❖ ❖ ❖

દિવાળીમાં હું તો ગામમાં જ રહું. શાળામાં રજા હોય પણ રાત્રી છાત્રાલય તો ચાલુ જ. કાળી ચૌદશ આવી ને છોરાં જાતજાતની ને ભાતભાતની વાતો કરતાં. બારૈયા કોમ બહાદુર ખરી પણ ખૂબ વહેમી ને ભૂત-પ્રેત-ડાકણ, ઝંડ, જીનને બહુ માને. બહુ બીએ. અમે કાળીચૌદશની રાત્રે સ્મશાનમાં જવાનો કાર્યક્રમ બનાવ્યો. એ જગ્યા અમારે માટે નવી ન હતી. નદીએ અમે નાહવા દર શનિવારે જતાં ત્યાં બાજુમાં જ સ્મશાન હતું. કાળી ચૌદશ ને સ્મશાનનો પ્રવાસ રાત્રે બાર વાગે ! અડધાં છોકરાં નહીં આવેલાં. કેટલાંક પોતે જ બીકનાં માર્યાં તો કેટલાંકનાં મા-બાપે વારેલાં. મારી ખાસ નજીકના 10-12 છોકરાં, મારી સાથે અમારા વડીલ શશિકાંતભાઈ ત્રિવેદીનાં પત્ની સુરેખાબહેન પણ આવેલાં. મારા એક હાથમાં બેટરી ને એક હાથમાં સોટો, આમ બંને હાથ રોકાયેલા પણ મારાં બાળકોને મારી આંગળી પકડચા વગર ન ચાલે. ઝઘધીભાઈને ઝાલ્યા પછી કોઈ તેમનો વાળ વાંકો નહીં કરે, તેવો તેમને ભરોસો. તેમનાં માવતર માટેય આટલો ભરોસોં નહીં. જો કે માવતર કાળી ચૌદશની અંધારી રાત્રે બાર વાગે સ્મશાનમાં જવાનો વિચારેય ન કરે ને ! મારી સાથે આવનારાને મારી હાજરીનો સધિયારો હતો તો રાત્રી છાત્રાલયમાં રહેલાને કાળી ચૌદશનો ભય હતો. અમે બધાં સ્મશાને ગયાં. નજીકની આમલીએ ને રાખ ઉપર સોટા પછાડચા. ન કોઈ ભૂત કે પલીત આવ્યું. ન ડાકણ કે ઝંડ આવ્યું. કેટલાક સાહસિક છોકરાઓએ પણ મારો સોટો લઈ અફાળ્યો. તેમના મનમાં પેઠેલા ડરને મારે તો ભગાડવો હતો ને ! અમે રાત્રે બધાં હેમખેમ પાછા આવ્યા ત્યાં સુધી છાત્રાલયનાં છોકરાં જાગતાં બેસી રહેલાં. અમે પાછાં ફરીને પ્રાર્થના કરીને સૂતાં.

બારૈયા કોમ બહાદુર છે. દોડતી ખિસકોલીને ઝાડ ઉપરથી પાડે. વાતો તો રજપૂત બચ્ચા બહાદુરીની કરે પણ મન નબળાં. ગરીબી, આળસ, વ્યસન, ગંદકી, વહેમ, અજ્ઞાનથી પ્રજા ઘેરાયેલી. મારું કામ તેમને માત્ર ભણાવવાનું ન હતું. તેમની ભાષા સુધારવી, વ્યસનો છોડાવવાં, ગરીબી અને આળસ કાઢવાં, વહેમો નસાડવાના હતા. મેં ક્યારેક નકારાત્મક સૂચનો ના આપ્યાં. વાર્તાઓ દ્વારા તેમને સંદેશો આપતો. નવી વાર્તાઓ બનાવતો, જૂની વાર્તાઓમાં ઉમેરણ કરતો ને બાળકોને ભરપૂર પ્રેમ આપતો.

મારા ચિત્તમાં મુનિશ્રી સંતબાલજીની પ્રાર્થના હંમેશા રહેતી. 'સકળ જગતની બની જનેતા વત્સલતા સૌમાં રેડું' દ્ર એ જ મારું ધ્યેય, એ જ મારો આદર્શ. ગંદાં, ગાળો બોલનારાં, ભણવાથી ભાગનારાં બાળકોની જનેતા તો હું ન કહી શકું પણ મા બનવાનો મેં સફળ પ્રયાસ કર્યો. અને મારી ભાવનાનો એવો જ પ્રતિભાવ બાળકોએ મને આપ્યો. શરૂઆતમાં પરિચય ન હોય ત્યાં સુધી શંકા-કુશંકા રહેતી ને થોડું અંતર રહેતું પણ આપણું પારદર્શક જીવન હોય તો તેનાં બારીક નિરીક્ષણ કરનારાં બાળકો થોડા વખત પછી હૃદયનાં બંધ ખોલી દે છે તેનો મેં જાત અનુભવ કર્યો છે. એ દિવાળી ને દોલી, બૈજી ને કમળા, અમરસંગ ને ખોડસંગ, વજેસંગ ને જેસંગ ને હજી ઘણાં નામો યાદ છે; તેમાંનાં મોટા ભાગનાં આ દુનિયા પણ છોડી ગયાં છે પણ તેમની યાદો મારી પાસે મૂકી ગયાં છે.

*

जड-चेतन गुण-दोषमय विश्व किन्ह करतार ।
संत-हंस गुण गहही, परिहरि वारि विकार ॥

– તુલસી રામાયણ

महाअजय संसार-रिपु, जिती सकई सो वीरे ।
जाके असरथ होई द्दढ सून हुं सरवा मति धीर ॥

– તુલસી રામાયણ

# ૯ : ભૂમિદાન યજ્ઞમાં જોડાવાની પૂર્વતૈયારી

**આ**નંદીના મુવાડામાં મારું ગ્રામસેવા અને શિક્ષણનું કામ ચાલતું હતું પણ 'ભૂમિપુત્ર' અને હિંદી 'સર્વોદય' સામયિકનું વાચન નિયમિત ચાલતું. 1956માં દક્ષિણમાં પળણીમાં મળેલા સર્વ સેવા સંઘના અધિવેશનમાં વિનોબાજીએ '57માં સ્વરાજ'ની ઘોષણા કરી. અન્ય રચનાત્મક કામોમાં પડેલાઓને કમ સે કમ એક વર્ષ ભૂમિદાન યજ્ઞમાં વિચાર-પ્રચાર માટે જોડાવાની હાકલ કરી. અને મારું ચિત્ત ચકડોળે ચડ્યું. હું મૂળે તો ભૂદાનયજ્ઞમાં કામ કરવા ભણતર અને કૉલેજ છોડીને આવેલો. આપદ્ ધર્મ તરીકે મારે નડિયાદમાં નવ માસ એસ.ટી.માં નોકરી કરવી પડી ને વેડછીમાં શિષ્યવૃત્તિ લેવાની થઈ તેના કરારરૂપે નઈ તાલીમના શિક્ષક અને ગ્રામસેવક તરીકે કામગીરી કરવી પડી. મને મહિને એક સો રૂપિયા ગ્રામસેવકનું માનધન મળતું હતું પણ તેના લોભે મારું મૂળ કામ જતું કરું ?

મેં અમારા સંચાલક રમણભાઈ પંડ્યા સાથે વાતચીત કરી. તેઓ પોતે ભૂમિદાનમાં સક્રિય હતા. સંસ્થામાંથી માનધન ચાલુ રાખી મારે ભૂમિદાનનું કામ કરવું તેવું તેમનું સૂચન હતું. પણ મારે તો ગુજરાત અને દેશવ્યાપી કાર્ય કરવું હતું. તેથી આર્થિક સલામતી શોધી વ્યવહારશુદ્ધિ ન જાળવું તે મને યોગ્ય ન લાગ્યું. તેમણે મારા નિર્ણયને વધાવી લીધો. કરારનામા પ્રમાણે મારે પૂરાં બે વરસ સંસ્થામાં સેવા આપવાની હતી પણ ભૂમિદાનમાં જવાનું થાય, સમાજ-આધારિત રહેવાનું થાય તો તેમણે મને કરારની જવાબદારીમાંથી મુક્ત કર્યો. 1957ની જાન્યુઆરીથી હું છૂટો થવાનો હતો તે અગાઉ તેમણે તમામ શિક્ષકો-કાર્યકરોની સભા કરી. તેમાં મારા ખર્ચ માટે કોઈએ મહિને એક તો કોઈએ બે રૂપિયા એમ કરી મહિને 30 રૂપિયા રોકડા આપવાનાં વચનો આપ્યાં. ઉપરાંત મારાં કપડાં માટે કાંતી લેવા જરૂરી પૂણી પણ આપવાની તૈયારી બતાવી. સંસ્થાનો રૂ. 100/-નો બાંધ્યો પગાર છોડી ભીખ માંગીને અનેકોના મળી મહિને રૂ. 30/-માં ચલાવવાના મારા નિર્ણયથી અન્ય સાથીઓએ મને મૂર્ખ અને અવ્યવહારુ માન્યો. પણ મને તો આનંદ જ હતો.

❖ ❖ ❖

'56ના નવેમ્બર-ડિસેમ્બરમાં કોંગ્રેસ સેવાદળ તરફથી દેશનાં વિકાસ કાર્યો જોવા માટે અખિલ ભારતની સ્પેશિયલ ટ્રેન ગઈ તેમાં હુંયે ગયો. અમારી

સંસ્થાના સંચાલકો અને બીજા કાર્યકરો પણ તેમાં જોડાયાં. તે વખતે કાશ્મીરથી કન્યાકુમારીનાં બધાં સ્થાનો જોયાં. ભાખરા-નાંગલ બંધ, હીરાકુંડ બંધ, સીંદરીનું ખાતરનું કારખાનું, ઝરીઆની કોલસાની ખાણો, શાંતિ નિકેતન-શ્રી નિકેતન, પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં સમાધિ અને માતાજીનું દર્શન તથા જગન્નાથપુરી, રામેશ્વરની જાત્રા પણ થઈ. સેવાદળના દલપતિ શ્રી મનુભાઈ મોતીભાઈ પટેલની ઉત્તમ વ્યવસ્થાશક્તિનો પરિચય થયો. દિલ્હીમાં જવાહરલાલ નહેરુ, ઢેબરભાઈ, મોરારજીભાઈ, મણિબહેન વલ્લભભાઈ પટેલ, કશ્મીર-બંગાળના મુખ્યમંત્રીઓની મહેમાનગતિ, મુંબઈનું વિશદ્ દર્શન વગેરે થયાં ને મારા જ્ઞાનમાં વધારો થયો. લગભગ ચાલીસેક દિવસની યાત્રા-ભોજન-નિવાસનો કુલ ખર્ચ વ્યક્તિદીઠ રૂ. 225/- જ આવેલો ! સેવાદળના સર્વશ્રી મોતીભાઈ ચૌધરી રસોડાના હવાલામાં હતા. તેમના બૂમ-બરાડા ને સરળતા બંનેનો પરિચય થયો. હાડના ખેડૂત અને શ્રમનિષ્ઠ કાર્યકર તરીકે તેમને જોયા ને તેમનાથી આકર્ષાયો. લેખકો, રચનાત્મક કાર્યકરોનોયે પરિચય થયો. દિલ્હી, કલકત્તા, મદ્રાસ, મુંબઈ જેવાં મહાનગરોની પણ મુલાકાત થઈ.

*

**મોક્ષ એ મરણ પછીની આત્માની કોઈ સ્થિતિ છે કે કેમ તેની મને જાણ નથી. પણ કોઈ વ્યક્તિ, કોઈ સ્થાન, કોઈ પ્રસંગ કે પ્રવૃત્તિનું વળગણ ન રહે અને તે બધાથી અલિપ્ત રહી શકાય તે જ સાચો મોક્ષ છે તેવા તારણ પર હું આવ્યો છું.**

*

**દુનિયામાં કદી સંપૂર્ણ સમાનતાવાળો સમાજ રચાશે, કોઈ જાતના ગુના ન બનતા હોય તેવું કદાપિ બનશે નહીં. રામના રાજમાં પણ નિંદા કરનારો ધોબી હતો. બુદ્ધ, મહાવીર, ઈસુ, મહંમદ જેવા ધર્મસ્થાપકો અને અનેક સંતો-ભક્તો-સિદ્ધો પાક્યા ને તેમણે સમાજને ઉપર લેવાનો પ્રયત્ન કર્યો તોયે તેની અસર તત્કાલીન રહી. વળી પાછો સમાજ તેનો તે જ રહ્યો છે.**

**આ સત્ય હોવા છતાં તેથી કાંઈ નિષ્ક્રિય થવાની જરૂર નથી. જો મહાપુરુષો ન આવે તો સમાજ અધોગતિની ગર્તામાં ધસી જાય. સમાજને ટકાવી રાખવા માટે આવા મહાપુરુષોનો ખપ છે. તેથી સમાજજીવનમાં સંતો, આચાર્યો, ઉપદેશકો આવે છે ને પોતાની ફરજ બજાવી વિદાય થાય છે.**

# ૧૦ : ભૂમિદાન આંદોલનમાં

1957ના જાન્યુઆરીમાં મારે શું કામ કરવું તે અંગે નારાયણભાઈ દેસાઈનું માર્ગદર્શન લીધું. તે જ ગાળામાં તેમણે વલસાડથી પાલનપુરની નગરયાત્રા કાઢી હતી. 10-12 કાર્યકરોની ટુકડી નગરેનગરે 2-3-5--10-15 દિવસ રોકાય ને શાળા-કૉલેજો-મંડળોમાં અને જાહેર સભાઓમાં વિનોબાનો વિચાર સમજાવે. ભૂમિદાન અંગેના સાહિત્યનું વેચાણ કરે, 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો નોંધે. અને એક નગરથી બીજા નગર સુધી પદયાત્રા કરે. હું નવસારીથી તે યાત્રામાં જોડાયો.

નગરયાત્રાના નેતા હતા નારાયણભાઈ. તેઓ વચ્ચે વચ્ચે જાય ત્યારે હરીશભાઈ વ્યાસ નેતા બનતા. તેમના ભાઈ સુમનભાઈ ઉપરાંત યાત્રામાં મુંબઈનાં કુસુમબેન ગોરડિયા, પાદરાના સુલતાન મલેક, મુંબઈનાં ઉષાબહેન વોરા, ભગવાન બજાજ, પદ્‌માબહેન ભાવસાર, અમદાવાદના ભગુભાઈ, કેશવભાઈ વૈદ્ય, પ્રાગજીભાઈ પટેલ અને સૂર્યકાંત પરીખ પણ ક્યારેક આવી જતા. અંકલેશ્વરમાં મીરાંબહેન આવેલાં. ભરૂચથી નાનુભાઈ-જગદીશભાઈ લાખિયાની જોડી ઉમેરાઈ. પાટણના મામલતદારનાં દીકરી મીરાંબહેન ઓરિસ્સા-તમિલનાડુ, આંધ્રમાં વિનોબા-યાત્રામાં દોઢેક વરસ ગાળીને આવ્યાં હતાં. આ જ યાત્રામાં પાદરામાં જૂન '57માં મુંબઈથી કાન્તાબહેન-હરવિલાસબહેનો દાખલ થયાં હતાં. નવા આવેલા કાર્યકરો માટે આ યાત્રા તાલીમની હરતીફરતી શાળા બની જતી.

નગરયાત્રામાં જાહેર સભા ઉપરાંત અનેક શેરીઓની-મંડળોની સભાઓ થતી. એકી સાથે બે-ત્રણ સભા પણ રહેતી. તેથી બધા કાર્યકરોને પ્રવચન કરવાનું આવતું. એકાદ સિનિયર કાર્યકર્તાની ઉપસ્થિતિમાં નવાગંતુક પ્રવચન કરતા. પછી અનુકૂળ વખતે કે એક નગરથી બીજા નગર જતાં રસ્તે પદયાત્રામાં પ્રવચનો વિષે નુકતેચીની થતી. દરેક પોતાનો અભિપ્રાય આપતા. આમાં જેને વિષે અભિપ્રાય અપાયો હોય તેણે મોટું મન રાખવું પડતું. ક્યારેક અભિપ્રાય આપનારની જ પરીક્ષા થઈ જતી. તેથી દરેકને સાંભળી તેમાંથી લેવા જેવું લઈ, બાકીની વાતો ભૂલવાની રહેતી. વિદ્યાર્થીઓ સમક્ષ શી વાતો કરવી, ગ્રામજનો સમક્ષ શી કરવી, શિક્ષકો સમક્ષ કયી વાતો કરવી, વકીલ-દાકતર કે ભણેલાઓ વચ્ચે કયી વાતો કરવી, વળી કેવી રીતે રજૂઆત કરવી તેની કળા પણ ચર્ચાતી.

મૂળ વાત આવી જાય છતાં રજૂઆત ક્લિષ્ટ ન થાય, શ્રોતાઓને પણ પકડી રાખે તે રીતે વાત કયી રીતે કરવી, કોઈ મુદ્દો છૂટી ન જાય, આવી દરેક બાબતની કાળજી રાખવાની થતી.

સાહિત્ય-વેચાણ કરનારને બધાં પુસ્તકો વાંચી લેવાની સલાહ અપાતી. કેટલીયે વાર ખરીદનારા પુસ્તક વિષે પૂછતા ત્યારે સરખી રીતે સમાધાન થાય તે રીતે જવાબ પણ અપાવો જોઈએ ને !

❖ ❖ ❖

નવસારીમાં મને શરૂઆતમાં જ એક અનુભવ મળ્યો જે અવિસ્મરણીય છે. અમે બબ્બે, ત્રણ-ત્રણની ટુકડીમાં સાહિત્ય-વેચાણ કરવા થેલા લઈને નીકળતા. એક ડૉક્ટરનો કન્સલ્ટિંગ રૂમ આવ્યો. બહાર ઘણા દરદીઓ પોતાના વારાની વાટ જોતાં બેઠાં હતાં. અમે તો રીસેપ્શનિસ્ટને કહીને ઘૂસ મારી. દાકતર ખાદીધારી ને ગાંધી-વિનોબાને જાણનારા હતા. મેં તો અજાણ્યાને સમજાવતો હોઉં તે રીતે પુસ્તકોનો પરિચય વિસ્તારથી આપવા માંડ્યો. થોડી વારે દાકતરે મને રોકી બધાં પુસ્તકોની એક એક નકલની કીમત ગણી આપવા કહ્યું. અમે વ્યસ્ત દાકતરનો ખાસ્સો સમય લીધો હતો. રકમ ચૂકવતા તેમણે ટકોર કરી કે, ''આપણે જેને મળવા જઈએ તેની અનુકૂળતા પણ જોવી જોઈએ.'' મેં બહાર નીકળી કાન પકડ્યો. અલબત્ત, સાહિત્યનો આખો સેટ તેમણે ખરીદ્યો તેનો આનંદ તો હતો જ. પણ ત્યારથી મનમાં ગાંઠ વાળી કે દરેકની અનુકૂળતા અને બૌદ્ધિક કક્ષા જોઈને વાત કરવી જોઈએ.

❖ ❖ ❖

ભરૂચમાં નગરયાત્રાની જાહેરસભામાં સર્વ ધર્મ પ્રાર્થનામાં ઇસ્લામની પ્રાર્થના સુર-એ-ફાતેહા હું અરબીમાં બોલ્યો. આમેય દાઢી રાખતો તેથી એક મુસ્લિમ ભાઈ પાછળથી મારી પાસે આવી કહે, ''જનાબ, કહાંસે હો ઔર આપ કા નામ ક્યા હૈ ?'' હું જગદીશભાઈ, વડોદરાનો હિન્દુ છું તે જાણી તેમને આશ્ચર્ય અને આનંદ બંને થયાં હતાં.

ભરૂચ જિલ્લામાં જ મસ્જિદમાં સભા હતી. હું સભા-સ્થાનની બહાર પુસ્તકનો પથારો કરીને બેઠો હતો. અમારા વેચાણમાં રુહુલ-કુરઆન પણ હતું. તેના પૂંઠા ઉપર કુરાનની આયાત અરબીમાં લખી હતી. બીજાં પુસ્તકોની જેમ મેં આ પુસ્તક પણ મૂક્યું હતું. અરબીમાં પુસ્તક પાછળથી શરૂ થાય તેની મને

ખબર નહીં. તેથી મુખપૃષ્ઠની આયાત નીચે દબાઈ ગયેલી. એક સમજુ મુસ્લિમે આવી પુસ્તકને છતું કર્યું અને મને સમજ પાડી કે, ''આ મુખપૃષ્ઠ છે. તેની પવિત્ર આયાતને આ રીતે નીચે દબાવાય નહીં, તે અવમાનના કહેવાય.'' મને શીખવા મળ્યું. અરબી અને ઉર્દુ ભાષાને લખવાની પદ્ધતિ પણ ઊંધી હોય છે. આપણી ભાષાઓ ડાબેથી જમણી બાજુ લખાય, એ જમણેથી ડાબી તરફ લખાય.

## વિનોબાનું પહેલું દર્શન

નગરયાત્રા દરમિયાન વિનોબાજીની યાત્રા કેરલમાં ચાલતી હતી. યાત્રાનો તા. 1લી મેનો કાર્યક્રમ કેરલમાં વાયકોમમાં હતો. તે સ્થળે અસ્પૃશ્યોને મંદિર સામેથી પસાર થવાની મનાઈ હતી એટલે 1925માં સત્યાગ્રહ થયેલો ને વિનોબા ત્યાં ગયા હતા. આથી વાયકોમનું પ્રવચન વિશિષ્ટ થશે અને તેથી કોઈપણ હિસાબે તેની ટેપ મેળવવી જોઈએ તેવું 'ભૂમિપુત્ર'ના સંપાદક પ્રબોધ ચોકસીના મનમાં આવ્યું. બીજા કોઈને કહેવાથી આ કામ ચોક્કસપણે થાય તે બાબત શંકા હતી તેથી તેમણે મને તે પ્રવચન ટેપ કરી લાવવાની દરખાસ્ત મૂકી, મારી સાથે ગુંદીના હર્ષદભાઈ શાહને પણ આવવાનું હતું. અમારે બંનેએ મુંબઈ જઈ વિમલાતાઈની પ્રવચન-યાત્રામાંથી મોટું ટેપરેકોર્ડર લઈને વાયકોમ જવાનું હતું. અમે બંને ટેપરેકોર્ડરથી અપરિચિત. મુંબઈમાં જઈને ટેપરેકોર્ડર લીધું. તેને ચલાવવાની રીત ઝડપથી સમજી લીધી. મુંબઈથી મદ્રાસ અને ત્યાંથી કોચીન મેલમાં એર્ણાકુલમ થઈ બસમાં અમારે તારીખ પહેલીએ સાંજે પાંચ વાગ્યા પહેલાં વાયકોમ પહોંચવાનું હતું. તે જમાનામાં રીઝર્વેશનની સગવડ આજ જેવી નહીં, વળી અમારું છેલ્લી ઘડીએ જવાનું થયેલું તેથી સીટ રીઝર્વ કરાવવાનો સમય પણ ન હતો. વગર રીઝર્વેશને મોટા ટેપરેકોર્ડર સાથે અમે બંને મદ્રાસ અને ત્યાંથી એર્ણાકુલમ પહોંચ્યા. મદ્રાસથી તો ગાડીમાં પગ મૂકવાની જગ્યા નહીં એવી સ્થિતિમાં રીઝર્વ સીટના ડબ્બામાં અમે બે ઘૂસ્યા. એર્ણાકુલમ ઊતરીને તરત બસ પકડી વાયકોમ પહોંચ્યા ત્યારે સાડા ચાર વાગ્યા હતા. સભા-સ્થળે પહોંચ્યા ત્યારે વિનોબાજી આવી ગયેલા. માંડ વીજળીનો પ્લગ લગાવવાની પિનનું સોકેટ શોધી ચાલુ કર્યું તેવી જ તીણી સીટી વાગી ને વિનોબાજીનું ધ્યાન ખેંચાયું. અમે બંને તો શિયાવિયા થઈ ગયા. સ્થાનિક નેતા આવી બંધ કરાવી દેશે તો આટલી દોડધામ માથે પડશે એ જ બીક. માંડ અમે ગોઠવ્યું ને ઈશ્વરકૃપાથી પ્રવચન ટેપ થઈ શક્યું.

❖ ❖ ❖

આ યાત્રામાં બે અનુભવો યાદગાર રહ્યા.

અમે મદ્રાસથી કોચીનના ડબ્બામાં બેઠા. ડબ્બો રીઝર્વ સીટનો હતો તેથી સૌ નંબર મુજબ પોતપોતાની બેઠક પર બેઠા હતા. સહેજ ખસે તો એકાદ જણને બેસાડી શકે તેમ હતા. હર્ષદભાઈ સાથે હું ગુજરાતીમાં વાત કરવા લાગ્યો કે, ''આટલા બધા છે પણ કોઈને આપણી મુશ્કેલીનો ખ્યાલ આવતો નથી ! આ મદ્રાસીઓ આપણી ભાષા તો સમજતા જ નથી પણ તેમનામાં માનવતાનો પણ અભાવ જણાય છે.'' બેઠેલામાંથી એક ભાઈ ખાદીનાં ધોતી-ઝભ્ભામાં હતા. તેઓ ગુજરાતી મૂળના પણ બે-ત્રણ પેઢીથી કોચીન રહેતા હતા. ગાંધીવિચારના હતા. તેમણે અમને ટકોર કરી. ''આપણી સગવડ ન થાય તેનો દોષ બીજાને ન આપવો. દિવસો અગાઉ આ બધાએ બેઠક રીઝર્વ કરાવી છે. બધાને 18-20 કલાકની મુસાફરી કરવાની અને તેય બેઠાબેઠ, તેથી કેવી રીતે સંકડાઈને તમને જગ્યા આપે ? આપણે તો સ્વેચ્છાથી સેવા કરવા નીકળ્યા છીએ તો મુશ્કેલીઓ વેઠી લેવાની તૈયારી રાખવી જ જોઈએ.'' તેમની વાત સાંભળી અમે તો છોભીલા પડી ગયા. શુદ્ધ મલયાલમમાં વાત કરનાર કોઈ ગુજરાતી પણ હોઈ શકે તેવું અમે જાણતા ન હતા. તેમની પાસેથી જાણ્યું કે, ''માત્ર કેરલમાં જ નહીં, આખા ભારત દેશમાં અને વિદેશોમાં પણ અનેક ગુજરાતીઓ વેપાર કરે છે. કેટલાક તો પેઢીઓથી રહે છે. આ બધા ત્યાં કમાય છે તેમાંથી દેશમાં (ગુજરાતના વતનમાં) અને ત્યાંયે ધર્માદામાં રકમ ખરચે છે. ત્યાંની ભાષા શીખી લે છે, સૌની સાથે મીઠાશથી વર્તે છે ને ક્યારેય સ્થાનિક પ્રજા માટે હલકી વાત કરતા નથી. તેથી ગુજરાતી પ્રજા સર્વપ્રિય છે. ગુજરાતી પોતે સહન કરશે પણ બીજા પાસે અપેક્ષા નહીં રાખે.'' અમને ગુજરાતી પ્રજાની બહારના પ્રદેશમાં જે છાપ છે તે જાણવા મળી.

❖ ❖ ❖

બીજો પ્રસંગ જયપ્રકાશ નારાયણનો છે. જેદ્રપીદ્ર પણ વાયકોમમાં બાબાની યાત્રામાં જતા હતા. અને અમે જે ટ્રેનમાં હતા તે જ ટ્રેનમાં હતા. જેદ્રપીદ્ર અગાઉ રેલવે કર્મચારી સંઘના અખિલ ભારતીય પ્રમુખ હતા તેથી મોટાં મોટાં સ્ટેશનોએ તેમના પ્રવાસની ખબર પહોંચી જતી અને રેલવેના કર્મચારીઓ દરેક જંકશન સ્ટેશને ભેગા થઈ જતા. જેદ્રપીદ્રને ડબામાંથી ઉતારી પ્લેટફોર્મ પર જ બનાવેલા મંચ ઉપર લઈ જતા ને નાનકડો સમારંભ થઈ જતો. જેદ્રપીદ્ર બે

શબ્દો બોલે તેવી વિનંતી કરતા અને જેદ્રુપીદ્રુ બોલતાયે ખરા. તે તો ફર્સ્ટ કલાસમાં હતા તેથી આરામથી મુસાફરી કરતા હતા. અમારી રાત તો જાગતાં જ વીતી હતી. સવાર થતાં એક જંકશને ગાડી ઊભી રહી તેથી હું બહાર નીકળ્યો. ને લોકોનું ટોળું જોતાં જિજ્ઞાસાવશ તેમાં માથું મારી પેઠો તો જેદ્રુપીદ્રુનું ભાષણ ચાલતું હતું. તેમની નજર મારા ઉપર પડતાં જ ભાષણની વચ્ચે જ કહે, ''રાતકો નિંદ કૈસી આયી ?'' હું તો આજુબાજુ જોવા લાગ્યો કે જેદ્રુપીદ્રુ કોને પૂછે છે ? તેથી જેદ્રુપીદ્રુ મને કહે, ''અરે ઓ ગુજરાતી ભાઈ, આપ હી કો પૂછ રહા હું.'' અને બધા મારી સામે જોવા લાગ્યા. મારા જેવા નવાસવા કાર્યકર્તાની જેદ્રુપીદ્રુ જેવા મોટા નેતા આટલી ચિંતા કરે તે જ સૌને માટે અને મારે માટે આશ્ચર્યની વાત હતી. મેં તરત જવાબ આપ્યો, ''બાબુજી, આપ પ્રવચન ચલાઈએ, હમ તો અચ્છી નિંદ સોયે હૈં.'' જુઠ્ઠું બોલ્યો, બોલવું પડ્યું. નહીં તો જેદ્રુપીદ્રુ ગાર્ડ કે ટીદ્રુટીદ્રુને બધા વચ્ચે બોલાવી અમારી સુખાકારીની ભલામણ કરત. અલબત્ત, ટ્રેન ચાલુ થઈ પછી અમારા ડબ્બામાં ટીદ્રુટીદ્રુ આવીને અમારે માટે અહોભાવ બતાવી થોડી સગવડ કરી ગયેલા. નાનીનાની બાબતોમાં નાના કાર્યકરની સગવડ-અગવડની ચિંતા કરે તે જ મોટા માણસ બની શકે છે તે પાઠ ત્યારે શીખવા મળેલો.

❖ ❖ ❖

ભૂમિદાનમાં 1957નું એક વર્ષ પૂરા સમયના કાર્યકર તરીકે દાખલ થયેલો. મારા યોગક્ષેમની ચિંતા સાંઢાસાલની સર્વોદય યોજનાના શિક્ષકો-કાર્યકરો એક-બે રૂપિયાનો માસિક ફાળો આપી કરતા. પણ હું તો ટકી ગયો. '57 પછી 58-59 અને 60ના જુલાઈમાં મારું લગ્ન થયું ત્યાં સુધી હું સાડા ત્રણ વરસ ભૂમિદાનમાં રહ્યો. એક વરસ પછી સાંઢાસાલના મિત્રો તરફથી આવતી રકમ બંધ થતાં નારાયણભાઈએ મહિને 30/- રૂપિયાની વ્યવસ્થા કરી આપી. એકાદ વરસ પછી મારા બાપુજી (કાકા)ની આર્થિક સ્થિતિ અત્યંત કથળતાં તેમને દર મહિને રૂ. 50/-ની મારે મદદ કરવી એવી જરૂરિયાત ઊભી થતાં નારાયણભાઈએ મને રૂ. 80/- આપવાનું રાખ્યું. મારે તો રૂ. 30/-માં જ મારું ચલાવવાનું રહેતું. તેમાં કપડાં, સાબુ, હજામત અને વરસે એક વાર સર્વોદય સંમેલનમાં જવા-આવવાનો ખર્ચ પણ કરવાનો રહેતો. સ્વૈચ્છિક ગરીબાઈની આ જિંદગીમાંયે એક જાતની ખુમારી હતી.

તે વખતે વિનોબાજીની પદયાત્રા દક્ષિણ ભારતમાં ચાલતી હતી. '57માં કાલડી (કેરલ)માં અને '58માં પંઢરપુર (મહારાષ્ટ્ર)માં અદ્ભભાદ્ર સર્વોદય સમાજ સંમેલનો યોજાયેલાં. દક્ષિણ ભારતમાં જતાં-આવતાં મુંબઈમાં ટ્રેન બદલવી પડતી. તે નિમિત્તે અમે મુંબઈ કાર્યકરોને ઘેર બે-ચાર દિવસ રોકાતા. કાલડીથી આવતા હું મુંબઈમાં કુસુમબહેન ગોરડિયાના મામાને ઘેર રોકાયેલો. ચોપાટી પર તિલકના બાવલા સામે ફૂલચંદ નિવાસમાં ચોથે માળે આ ઘર હતું. અતિ સમૃદ્ધ લોકોની રહેણીકરણીના જીવનનો ત્યાં મને પરિચય થયો. ત્યાં દરેકનો રસોઈયો અલગ. દરેકને દરેક ટંકે શું જમશો તેમ પુછાતું. મારે માટે આ નવાઈની વાત હતી. રસોઈયો મને પૂછવા આવ્યો એટલે મેં કહ્યું, ''જે રસોઈ બધાંને માટે બનવાની હોય તે મને ચાલશે.'' પૂછીને રસોઈ કરવાનો રિવાજ અમારે ત્યાં ન હતો. નાનપણમાં માતા-પિતાને ઘેર વડોદરામાં તો અઠવાડિયાનું ટાઈમટેબલ જ રહેતું. તેમાં દાળ-ભાત-શાક-રોટલી બપોરે ને રાત્રે ઢેબરાં કે ખીચડી ને ભાખરી જેવું બનતું. અઠવાડિયે એક વાર હરમું બનતું એટલે કે ક્યારેક ઢોકળાં તો ક્યારેક હાંડવો તો ક્યારેક પાતરાં કે મૂઠિયાં બનતાં. અમે તે રીતે ટેવાઈ ગયેલાં. ભૂમિદાનમાં આવ્યા પછી ફાવશે કે ભાવશે કે નહીં તેવો સવાલ જ ન હતો. ભાણામાં જે પડે તે પ્રેમથી, સ્વાદથી, ઈશ્વરનો પ્રસાદ માની ખાઈ લેતાં. નગરયાત્રામાં ક્યારેક શહેરમાં કોઈ શ્રીમંતને ત્યાં સ્ટેઈનલેસ સ્ટીલનાં થાળી ને અનેક વાડકાઓમાં 20-22 વાનગીઓ મળતી તો ક્યારેક ગામડામાં ભાત-શાક કે રોટલો ને દાળ એમ બે જ વાનગી રહેતી. ક્યારેક ફાકો પણ થઈ જતો. અમે તો આનંદથી જે મળે તે ખાવા ટેવાયેલા.

બે-ત્રણ દિવસ મુંબઈ રહી પાછો આવવાનો હતો. મારું અલગારીપણું કુસુમબહેન જાણે. એટલે મને કહે કે, ''ટિકિટના પૈસા ગજવામાં છે કે નહીં ?'' મેં આશરે જ કહી દીધું કે, ''છે ને !'' રાત્રે સ્ટેશને ગયો. દહેરાદૂન એક્સપ્રેસની ટિકિટ માટે પૈસા ખૂટ્યા તેથી લોકલની ટિકિટ લીધી તો બે આના બચ્યા ! સુરત સ્ટેશને બહાર જઈ એક આનાનો નીરો પીધો ને વડોદરા ઊતરી એક આનામાં કોઠી સુધી બસમાં બેસી પછી ચાલતો પ્રબોધભાઈને ઘેર હરપડેના વાડામાં પહોંચી ગયો. ખિસ્સા ખાલી ! આવી પરિસ્થિતિમાં બહુ મજા આવતી. કેટલીય વાર ગજવામાં પૈસા ન હોય તો 20-25 માઈલ તો હું ચાલી જ નાખતો. હજામતનો ખર્ચ ન થાય તે માટે ત્રણ મહિને એક વાર ચાર આના ખરચી બોડું કરાવી આવતો. કપડાં જાતે કાંતીને પહેરી લેતો. યાત્રામાંયે રેંટિયો

સાથે રાખતો. તેથી હાફપેન્ટ ને અડધી બાંયનો સદરો જ કાયમ માટે પહેરતો. વળી ફાટે ત્યારે જાતે જ સાંધીને કે થીંગડું મારીને પહેરવામાં મને શરમ નહીં પણ ખુમારીનો જ અનુભવ થતો. પગમાં પાછળ પટ્ટાવાળાં ચંપલ સાંઢાસાલના મોચી પાસે છ રૂપિયામાં સીવડાવી લેતો. તે એક વરસ ચલાવતો. એક વાર નવાનકોર ચંપલની જોડમાંનો એક ચંપલ ચાલુ ટ્રેને બહાર પડી ગયો. તે વખતે ડબ્બાનાં બારણાં બહાર ખૂલતાં તેથી આવો અકસ્માત ક્યારેક થઈ જતો. હવે એક ચંપલ સાચવીને બીજો ચંપલ બનાવડાવવાનો રહ્યો. મોચી એક ચંપલ બનાવવા આનાકાની કરવા માંડ્યો. વચ્ચે એકાદ-બે માસ વગર ચંપલે કાઢવા પડેલા. પછી કોઈએ ચંપલની જોડ અપાવેલી તેવું ઝાંખું ઝાંખું યાદ છે.

❖ ❖ ❖

ભૂમિદાનમાં બે જાતના કાર્યકરો હતા. એક હતા, પોતાનો પરિવાર, ઘર, આવકવાળા સ્વાવલંબી; ને બીજા મારા જેવા પૂરા સમયના પણ ઘરબાર વગરના સમાજ-આધારિત. અમને તો સતત યાત્રા હોય તે જ ફાવતું. તેથી રહેવા-જમવાનો પ્રશ્ન ઊકલી જાય. પહેલા વર્ગના કાર્યકર્તા થોડો વખત યાત્રામાં આવે પછી વચ્ચે વચ્ચે થોડા દિવસ ઘેર જઈ આવતા. નગરયાત્રા સળંગ હોઈ મારા જેવા તેમાં નભી જતા.

❖ ❖ ❖

1958માં વિનોબાજીની યાત્રા ગુજરાતમાં આવવાની હતી. તેમણે માત્ર ચાર જ મહિના ગુજરાત માટે ફાળવેલા. ''ગુરુ ગાંધીના પ્રદેશને મારે શું શીખવાડવાનું છે ?'' દ્ર એવી વાત પણ તેમણે કરેલી. સાડા ચાર મહિનામાં (ચોક્કસ તો 151 દિવસ) તેમને વધુમાં વધુ વિસ્તારમાં ફેરવવાના હતા. તે વખતે સૌરાષ્ટ્ર અને કચ્છનાં અલગ અલગ રાજ્યો હતાં. ગુજરાતમાંયે કેટલાક કાર્યકરોને પોતાના ક્ષેત્રમાં બાબાની યાત્રા હોય તેવી અપેક્ષા હતી. તે રીતે 22મી સપ્ટેમ્બર 1958ના રોજ મહારાષ્ટ્રના નવાપુર પછીના ભડભૂંજાથી કિલ્લે સોનગઢમાં ગુજરાતમાં સૂરત જિલ્લામાં યાત્રા આવી. સરેરાશ 9-10 માઈલની પદયાત્રા હોય. તેથી વધારે બાબાને ચલાવવા નહીં તેવો આગ્રહ હતો. સોનગઢથી વ્યારા, વેડછી, બારડોલી, સુરત થઈ ભરૂચ જિલ્લામાં. ત્યાંથી રાજપીપળા, ઓરી, માંગરોલ, ડેકાઈ થઈ હરિવલ્લભ પરીખના વિસ્તાર નસવાડી તાલુકામાં. ત્યાંથી છોટાઉદેપુરથી જોજ થઈ પંચમહાલના દેવગઢ બારિયા-

પીપલોદ-ગોધરા-કાલોલ થઈ પાછા વડોદરા જિલ્લામાં સાંઢાસાલ-સાવલી-સોખડા થઈ વડોદરા. ત્યાંથી વાસદ-આણંદ-પેટલાદ થઈ ખંભાત ને ત્યાંથી મોટરબોટમાં ઘોઘા ઊતરી ભાવનગરથી સણોસરા થઈ રાજકોટથી જામનગરના રોઝી બંદરથી મોટરબોટમાં કંડલા-ગાંધીધામ-અંજાર થઈ પાછા નવલખીથી સૌરાષ્ટ્રમાં. ત્યાંથી સુરેન્દ્રનગર થઈ અમદાવાદના ભાલપ્રદેશમાં થઈને અમદાવાદ-સાબરમતી-કલોલ-મહેસાણા-ઉત્તર ગુજરાત થઈને સાબરકાંઠામાંથી રાજસ્થાન ગયા હતા. આ કાર્યક્રમ ગોઠવાયો પછી જિલ્લે જિલ્લે કાર્યક્રમને પાર પાડવાની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સોંપાઈ હતી. પંચમહાલમાં દેવગઢ બારીયાથી કાલોલ સુધીના દરેક પડાવે પદયાત્રા ટુકડીના સોએક માણસોની રહેવા-જમવાની, વિનોબાજીના રહેવાની, સભાઓમાં હજારો માણસોને લાવવાની વ્યવસ્થા ગોઠવવાની હતી. પંચમહાલમાં ગોપાળદાસ દલાલ, ડાહ્યાભાઈ નાયક, માણેકલાલ ગાંધી વગેરે કાર્યકરોએ સ્વાગત સમિતિ બનાવેલી. ભૂદાન કાર્યકરોમાંથી ઉષાબહેન, મીરાંબહેનની સાથે હું એમ ત્રણની ટુકડી હતી. અમે 4-6 મહિના પૂર્વતૈયારી રૂપે આખા જિલ્લામાં પદયાત્રા કરીને કાઢ્યા હતા.

❖ ❖ ❖

ભરૂચ જિલ્લામાંથી વડોદરા જિલ્લામાં આવવાનો રસ્તો નવો જ બનાવેલો. મને યાદ છે તે મુજબ નાંદોદ તાલુકાનું ઝરીયા અને ત્યાંથી વડોદરા જિલ્લામાં નસવાડી તાલુકામાં નારધા જવાનું હતું. 10ને બદલે 13 માઈલની નવી જ સડક બનાવેલી. કુદરતની કૃપા વરસી ને તે દિવસે કમોસમી વરસાદ પડતાં નવી સડકમાં કાદવ કાદવ થઈ ગયો. છોટાઉદેપુરમાં રંગપુરમાં થાણું નાખીને હરિવલ્લભભાઈ પરીખ 4-5 તાલુકામાં આદિવાસીઓમાં જાગૃતિનું કામ કરતા. ગ્રામદાનો તેમણે કરાવેલાં. નસવાડીના તો આખા તાલુકાનું દાન જાહેર થયેલું. આદિવાસીઓમાં 'ભાઈ'ના નામે લોકો તેમને ઓળખતા. પદયાત્રાનો રસ્તો કાદવવાળો થઈ ગયો તેથી વિનોબાજીની મંડળી સવારને બદલે બપોરે નારધા પહોંચી. વિનોબાજીને અતિ શ્રમ પડ્યો. પરિણામે તાવ ચડી ગયો. બીજે દિવસે તેમને પદયાત્રા ન કરાવતા જીપમાં લઈ જવાનું નક્કી થયું. રસ્તે વરસાદને કારણે કાદવમાં જીપ ફસાઈ જતી તે વખતે હરિવલ્લભભાઈ હાકોટો પાડતા તો આસપાસના ડુંગરોમાંથી આદિવાસીઓ આવી જતા. જીપની નીચે મોટી વળીઓ નાંખી બે બાજુથી જીપને ઊંચકી લેતા એ દશ્ય અલૌકિક હતું.

હરિવલ્લભ મૂળ સૌરાષ્ટ્રના. છોટાઉદેપુરના આદિવાસીઓમાં તેમણે જંગલ, મહેસૂલ અને પોલીસ ખાતાઓ તથા શાહુકારોના શોષણ સામે જંગ ઉપાડેલો. તે સાથે ગામેગામ સંપ વધે, ઝઘડાઓનો નિકાલ આશ્રમની લોકઅદાલતમાં થાય, વ્યસનમુક્તિ થાય તેવા પ્રયાસો પણ કરેલા. તે બધાને કારણે આખા પ્રદેશમાં ગરીબ આદિવાસીઓ તેમને તારણહાર માનતા. લોકો ઉપર તેમનો પ્રભાવ ગજબનો હતો. ગજલાવાંટ ગુજરાતનું પહેલું ગ્રામદાન હતું. નારઘાથી જીપમાં વિનોબાને ગજલાવાંટ લાવ્યા. ત્યાં ગામેગામથી આદિવાસીઓને ઘેરથી રોટલાઓ આવેલા. બાજરી-જુવાર-બાવટો એમ અલગ ધાનના વિવિધ રોટલા હતા. શાક ત્યાં બનાવી લીધેલું. લગભગ 100 માણસોને માટે આદિવાસીઓને ઘેરથી રોટલા આવેલા તેમાં તેમના પ્રત્યેનો જનતાનો પ્રેમ છલકાતો હતો. ગુજરાતના કોઈ રચનાત્મક કાર્યકરનો જનતા ઉપર આટલો પ્રભાવ મેં જોયો ન હતો.

❖ ❖ ❖

રંગપુરમાં વિનોબાજીને થોડો આરામ હતો તેથી અમારા સાહિત્યના સ્ટૉલની મુલાકાતે બાબા આવ્યા. ગામડાઓમાં અભણ અને ગરીબ પણ શ્રદ્ધાળુ જનતાને વિનોબાનો ફોટો ખાસ જોઈએ. આમ જો કે ગુજરાતમાં વિનોબાજીનાં પ્રવચનો ગુજરાતીમાં થયાં હતાં પણ આદિવાસી અભણ પ્રજાને તેમાં ઝાઝી સમજ ન પડે. દર્શન માટે જ લોકો આવતા ને બે આનાનો બાબાનો ફોટો લઈ જતા. તેથી અમે ફોટા છપાવીને પુસ્તકો ભેગા રાખેલા. વિનોબાજીની નજરે તે ચડી ગયા. પોતાની સભામાં પોતાના ફોટા વેચાય તે ક્રાંતિકારી, ગાંધીવિચારના સંતને કેમ પરવડે ? તેમણે ફોટાનું વેચાણ બંધ કરવા આદેશ આપ્યો. અમારે તો માન્યે જ છૂટકો હતો. તે દિવસથી વેચાણમાંથી ફોટા ઉપાડી વડોદરામાં કાર્યાલયમાં ભેગા કરી દીધા. પાછળથી ઊધઈએ ને ભેજે કરીને તે ફોટાઓને બાળી મૂકવા પડેલા. આજે સંતો-મહંતો-બાપુઓના સત્સંગમાં ને કથામાં તેમના પોતાનાં ફોટા, માળાઓ, તાવીજો, કી-ચેન વગેરે ધૂમ વેચાય છે. કેટલાક મહાનુભાવોનો તો તેના ઉત્પાદનના ધંધામાંયે હિસ્સો હોય છે તેવું જાણ્યું છે ! વિનોબાજીની જાગૃતિને દાદ આપવી પડે ને !

❖ ❖ ❖

ત્રીજે દિવસે વિનોબાજીનો મુકામ છોટાઉદેપુરમાં હતો. તેમને તાવ આવ્યાના સમાચાર ફેલાતાં વડાપ્રધાન જવાહરલાલને ચિંતા થઈ. તેમણે મુંબઈ

રાજ્યના આરોગ્યપ્રધાન જીવરાજ મહેતાને તબિયતની જાળવણી કરવા સૂચના આપી. જીવરાજ મહેતાએ વડોદરાના સિવિલ સર્જનને નિષ્ણાત દાકતરોની ટુકડી લઈને વિનોબાજીને તપાસવા મુકામ પર જવા સૂચના કરી. છોટાઉદેપુરમાં દાકતરોની આ ટુકડી આવી ત્યારે વિનોબાજીને બે દિવસના આરામથી તાવ તો ઊતરી ગયેલો. દાકતરોએ વિનોબાજીના આહાર, શ્રમ વગેરેનો હિસાબ લગાવી પોષણ ઓછું મળે છે તેવો નિર્ણય આપ્યો. વિનોબાજી કહે, ''તમારી કેલરીની ગણતરીમાં નથી આવતો તે સૂર્યપ્રકાશ અને અવકાશને હું ખાઉં છું. તેથી મારી કેલરી પૂરી થઈ જાય છે.'' દાકતરો દંગ થઈ ગયા હતા. તેમના હિસાબે આવા જર્જરિત શરીર સાથે આટલો પદયાત્રાનો શ્રમ ન જ લેવાય. પણ વિનોબાજી પોતે જ પોતાના દાકતર હતા ને !

❖ ❖ ❖

છોટાઉદેપુરમાં વડોદરાના કેટલાક કાર્યકરો બાબાને મળવા આવેલા. તે પૈકી ગોરધનકાકા વિનોબાજીની સાથે વડોદરાની કૉલેજમાં ભણેલા. વિનોબાના અનન્ય ભક્ત. તેમને ''વિનોબા બોલે તે થાય જ'' દ્ર એવો પૂરો ભરોસો હતો. કાર્યકરોએ પ્રશ્નોત્તરી કરી તેમાં ગોરધનકાકાએ એક પ્રશ્ન પૂછ્યો, ''બાબા, ગાંધીજીના એકાદશ વ્રતો રોજ પ્રાર્થનામાં સવાર-સાંજ બોલીએ છીએ પણ તેનું જીવનમાં આચરણ કરવાનું અઘરું લાગે છે. તેમાંયે ગાંધીજીએ 'મંગળ પ્રભાત'માં અસ્વાદ વ્રતની જે વાત કરી છે તેનો અમલ કરવાની તો કલ્પના જ થતી નથી. વિનોબા કહે, ''અમુક ખવાય ને અમુક ન ખવાય તેવા બાપુજીના વિચારો કરતાં હું જુદી રીતે વિચારું છું. આહારમાં નિષેધ કરવાને બદલે વિવેકપૂર્વક મિતાહારનું પાલન થાય તેમાં મને વ્રતપાલન વધુ સહેલું લાગે છે. રોટલો ને ઘી-ગોળ તમે સ્વાદપૂર્વક વધારે ખાઈ લો તેના કરતાં લાડુ થોડી માત્રામાં ખાઈ શકો તો બ્રહ્મચર્યમાં મદદરૂપ થાય.'' કાકાને સમાધાન થઈ ગયું પણ વિવેકપૂર્વક મિતાહાર કરવાનું સ્વાદિયા મનને વધારે ફાવે કે નિષેધ કરીને અમુક ચીજો ન જ ખાવી તેવો નિયમ કરવો વધારે ફાવે તે અંગે મારા ચિત્તમાં હજી દ્વિધા જ છે.

❖ ❖ ❖

પંચમહાલમાં જિલ્લાની સ્વાગત સમિતિએ પદયાત્રીઓ માટે ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. રોજેરોજ મીઠાઈ-મિષ્ટાન્ન તો હોય જ. અમને તે

ખોરાકને કારણે મુશ્કેલી થતી. તેથી સાદો જ ખોરાક પીરસાય તેવો અમારો આગ્રહ રહેતો. અમારી માંગણી છતાં સ્થાનિક લોકો પ્રેમાગ્રહ કરીને ગરિષ્ઠ ભોજન બનાવતા અને આગ્રહ કરીને પીરસતા. તેથી નારાયણભાઈએ સત્યાગ્રહ કર્યો અને એક દિવસ અમે બધાએ ભોજનનો ત્યાગ કર્યો. પછી સ્થાનિક માણસો અમને અનુકૂળ થઈ ગયા હતા. અલબત્ત, ગુજરાત છોડીને સૌરાષ્ટ્રમાં ગયા પછી ફરીથી ભોજનમાં પ્રેમાગ્રહ વધ્યો હતો. સણોસરાની લોકભારતીમાં દિવાળી-બેસતા વરસના દિવસોમાં અમે હતા. ત્યાં ધરાર મિષ્ટાન્ન બનાવાયું અને ખુદ નાનાભાઈ ભટ્ટ જાતે પીરસવા નીકળી બટકું મોઢામાં ઘાલતા ગયા. મને તે રિવાજ કદી ગમ્યો નથી પણ આપણે ત્યાં ખવડાવવામાં જ અતિથિધર્મ સાર્થક થાય છે તેવી પરંપરાનો કોઈ જવાબ નથી.

❖ ❖ ❖

વિનોબાની પદયાત્રા અખંડ ચાલતી. તેથી મોટા માણસો યાત્રામાં જ વિનોબાની મુલાકાતે આવતા. પંડિત નહેરુ લગભગ દર વર્ષે યાત્રામાં વિનોબાજીને મળવા આવતા. તે રીતે અમદાવાદ જિલ્લાની યાત્રામાં ગાંગડ અને બાવળામાં વડાપ્રધાન નહેરુ આવી ગયેલા. ને પદયાત્રામાં થોડું ચાલેલા પણ.

પંડિત નહેરુ ને વિનોબા એકમેકના બહુ જ સ્નેહી હતા. બંનેને એકમેક માટે અનન્ય પ્રેમ અને આદર. અખંડ પદયાત્રા પછી એક વાર પવનાર પંડિતજી વિનોબાને મળવા આવેલા ત્યારે હું ત્યાં હતો. મહેમાનને સ્વાગત માટે કાંઈક તો ખાવા-પીવાનું આપવું જોઈએ ને ! તેથી આશ્રમવાસીઓએ મોસંબીના રસનો ગ્લાસ નહેરુજીને ધર્યો. ગમે ત્યારે ગમે તે આચર-કૂચર ખાવાની તેમને ટેવ ન હતી પણ વિનોબાજી તરફથી ગ્લાસ આવ્યો એટલે તેમણે હોઠે અડાડી થોડાં ટીપાં રસ પીધો. પછી ગ્લાસ મૂકી દીધો. તેમના ગયા પછી વિનોબાજીએ કહેલું, ''યોગી પુરુષ છે. આહારનો આટલો સંયમ સામાન્ય માણસ ન જાળવી શકે. આપણું માન રાખવા ખાતર થોડો રસ પીધો. તેથી અવમાનના ન થઈ, બસ.''

❖ ❖ ❖

બનાસકાંઠામાં ફ્રાંસના પરગજુ પાદરી ફાધર આબે પીયર વિનોબાજીને મળવા આવેલા. તેઓ કરુણામૂર્તિ હતા. તેમના ક્ષેત્રમાં ગરીબોની સેવાનાં અનેક કામો કરતા. યાત્રામાં 3-4 દિવસ રહ્યા હશે. તેમનો હસતો અને પ્રેમાળ ચહેરો સૌને ગમતો. છેલ્લે વિદાય લેવા બાબા પાસે આવ્યા ત્યારે બાબાને ભેટ્યા.

વિનોબાજીના કાન નબળા હતા પણ નાક બહુ તેજ હતું. ''આબે પીયર ભેટ્યા તે તમને કેવું લાગ્યું ?'' દ્ર એવું યાત્રા ટુકડીની એક બહેને પૂછ્યું. વિનોબા કહે, ''તેમનાં કપડાં રોજ ધોવાતાં નહીં હોય. તેમના વતનમાં ઠંડા મુલકમાં તે ચાલતું હશે પણ અહીં ગરમ મુલકમાં તો પરસેવો વળે. મને તેમનાં કપડાંમાંથી વાસ આવી તે ન ગમ્યું.''

વિનોબાજીને કોઈ ભેટે તે મુદ્દલેય ન ગમે. દંડવત્ પ્રણામ કરવા લાંબા થાય તેય ન ગમે, ઊભા ઊભા જ હાથ જોડે. દંડની જેમ (ઊભા રહીને જ તો) હાથ જોડતા તેને જ વિનોબા દંડવત્ કહેતા.

## વિનોબાજીનું વિભૂતિમત્વ

મેં ગાંધીજીને સદેહે જોયા નથી. હા, તેમના અક્ષરદેહનાં પુસ્તકોનું મેં અવારનવાર પારાયણ કર્યું છે. તેમના કેટલાયે વિચારો મેં વાંચ્યા છે, તેનું મનન કર્યું છે, તેને જીવનમાં ઉતારવા મથ્યો છું. તે પૈકી ઘણા થોડા મારા જીવનમાં સહજ સ્વભાવ બની આચારમાં ઊતર્યા છે.

પણ વિનોબાજીનું તો હું સાંનિધ્ય જ પામ્યો છું. 1957માં 1થી 7 મે કેરલમાં, 1957માં જ 14 નવેમ્બરથી 31 ડિસેમ્બર કર્ણાટકમાં, 1958માં 14 સપ્ટેમ્બરથી 10 ફેબ્રુઆરી '59 દરમિયાન ગુજરાતમાં (વચ્ચે થોડા દિવસો મારા વાંસાની બીમારીને કારણે વડોદરા આવવું પડેલું) ને છેવટે 1963ના જાન્યુઆરીની 10મીથી 6 ફેબ્રુઆરી દરમિયાન બંગાળમાં. એમ તૂટક તૂટક છ-એક માસ રહ્યો છું. કાલડી, પંઢરપુરનાં સંમેલનો અને '66માં જમશેદપુરના ગેસ્ટ હાઉસમાં ત્રણેક દિવસ તથા બે-ત્રણ વાર પવનારમાં દિવાળીના દિવસોમાં 5-7 દિવસ (દર વખતે) રહ્યો છું. ગોવંશ-રક્ષાના કાનૂનના આંદોલનમાં પવનારમાં તેમના ઉપવાસ થયા (1978 કે '79માં ?) ત્યારે પવનારમાં પણ હું હાજર હતો. ગુજરાતના કાર્યકરો બાબાને મળવા પવનાર જતા ત્યારેય બે એક વાર ગયો છું.

મહાપુરુષોને દુનિયા આખી જાણે છે પણ તેઓ આપણને જાણે છે તે બીના મહત્ત્વની છે. કેરલમાં તો બાબાની યાત્રામાં હું અતિથિ જેવો જ હતો. કર્ણાટકમાં મને ભાષણો લખવા માટે રાખવામાં આવેલો ત્યાંયે દસમા દિવસે બાબાએ મારી સાથે વાત કરેલી.

વિનોબાજીને લોકોત્તર પુરુષ કહેવા જોઈએ. તેઓ અલૌકિક જ હતા. તેમના જેવા સંયમી કોઈ મહાપુરુષને મેં જોયા તો ઠીક, સાંભળ્યાયે નથી. આ વિધાન માત્ર તેમના તરફના અહોભાવને કારણે જ નથી કરતો, તેમની સાથે રહીને મેં ઝીણવટથી તેમને જોયા છે.

❖ ❖ ❖

1957માં કર્ણાટકની યાત્રાનો જ એક પ્રસંગ મને સતત યાદ આવે છે. વિનોબાજીનાં આઈ (મા)ના મોસાળનું ગામ (કદાચ હાવનૂર ગામ હતું) યાત્રામાં આવ્યું. તે ઘરના લોકો બાબાને વિનંતી કરવા આવ્યા. ''અમારે ત્યાં એકસોથી વધુ વરસની દેવસેવા છે. નિયમિત પ્રાર્થના-આરતી-ભજન થાય છે. અમારી વિનંતી છે કે આપ ત્યાં આવી પગલાં માંડો. અમારા પરિવારમાં આવા મોટા ગજાના સંત થઈ ગયા તેનું અમને ગૌરવ છે.'' આવું કાંઈક તેમણે કહ્યું. જૂના જમાનાનો કુટુંબનો એક ફોટો પણ છે તેમાં વિનોબાજીનાં મા છ વર્ષનાં હતાં ત્યારની છબી પણ છે તેવો તેમનો અંદાજ હતો. વિનોબા સંમત થયા. ''સાંજે પાંચ વાગે પ્રાર્થનાસભામાં જતા પહેલાં આવશે ને પાંચ મિનિટ રોકાશે તેવો કાર્યક્રમ નક્કી થયો. વિનોબા કાંઈ જ ખાશે-પીશે નહીં અને પાંચ મિનિટ પછી એક સેકંડ પણ વધુ રોકાશે નહીં'' દ્ર તેવી સૂચના મંડળી તરફથી તેમને આપવામાં આવેલી. પોતાના પડાવથી સભાસ્થાન કેટલું દૂર છે તે જાણી કેટલો સમય લાગશે તે નક્કી થતું. સાંજે ગણતરીપૂર્વક બાબા નીકળ્યા. હું તો તેમની પાછળ જ હોઉં. પેલે ઘેર પહોંચ્યા ત્યાં તો ઘરમાં મંદિર જ હતું. વિનોબા ત્યાં પહોંચ્યા કે તરત મૂર્તિઓની આરતી કરવામાં આવી. આરતી પછી આચમનીમાં જળ લઈ આરતીની ફરતે ફેરવી વિનોબાજી સામે ધરવામાં આવ્યું. મહાદેવીતાઈ સાથે હતાં. તેમણે બાબાનો જમણો હાથ લાંબો કર્યો એટલે તેમની હથેળીમાં આચમનીનું જળ (બે-ત્રણ ટીપાં) રેડવામાં આવ્યું. આટલું ચરણામૃત તો બાબા પી જ જશે એવું ઘરના લોકોએ માનેલું. પણ આ તો વિનોબા ! વખત-બેવખત એક ટીપું પાણી પણ ન પીએ ! તેમણે જોયું કે આ પવિત્રજળને પીવા માટે હથેળીમાં આપવામાં આવ્યું છે. તેને ઢોળી તો ન જ દેવાય. તેમણે ડાબા હાથની તર્જની તે ચરણામૃતમાં બોળી માથે ટીપું ચડાવ્યું અને હથેળીનું બાકીનું જળ મહાદેવી તાઈને પીવડાવી દીધું. હું તો દંગ જ થઈ ગયો ! પવિત્ર જળનો અનાદરેય ન થયો ને તેની આમન્યા પણ જળવાઈ !

વિનોબાજીનું ખાવા-પીવાનું અત્યંત નિયમિત હતું. વિનોબાના નિવાસમાં ઉષ્ણતામાપક યંત્ર રહેતું. આજે કેટલી ગરમી છે તે જોઈ, યાત્રાનો થાક ગણી આજે પોતે કેટલું પાણી પીશે, એમના દેહને કેટલું જળ જોઈશે તે નક્કી થતું. પીવાના પાણીનું પ્રમાણ, ગાળો, તેનું ઉષ્ણતામાન બધું જ નક્કી રહેતું. યાત્રામાં સાથે જ તેમનું રસોડું રહેતું. જમવા-પાણી પીવાનો સમય નક્કી રહેતો. તે મુજબ તેમના અંતેવાસી જયદેવભાઈ તેમને સમયસર તે આપતા.

❖ ❖ ❖

કર્ણાટકની યાત્રા દરમિયાન જ 1957માં બ્રહ્મદેશથી આવતા ચોખા નહીં મળે તેમ નક્કી થયેલું. બીજી બાજુ પંજાબમાં મબલખ ઘઉં પાકેલા. પૂર્વ અને દક્ષિણ ભારતનો મુખ્ય ખોરાક જ ચોખાનો. આ પરિસ્થિતિમાં દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ દેશવાસીઓને અપીલ કરેલી કે ચોખા ખાનાર ઘઉંનો ખોરાક શરૂ કરે તો દેશને અનાજની ટાંચ વેઠવી નહીં પડે. નહેરુજીની અપીલ રેડિયો ઉપર આવી. વિનોબાજીને સમાચારનો સાર કહેવાતો. વિનોબાજીએ તરત જ અપીલના પ્રતિભાવમાં પોતે ચોખાને બદલે ઘઉં ખાશે તેમ નક્કી કર્યું : તે વખતે વિનોબાજીના ખોરાકમાં ચાર તોલા (45 ગ્રામ) ચોખા, તેટલા જ ઘઉં, એક ચમચી ઘી, મધ, એક ચીરી પપૈયું ને એક રતલ દૂધ એટલું આખા દિવસમાં લેવાતું. મીઠું-મસાલા-ગોળ-ખાંડ-તેલની તો વાત જ ન હતી. ઘઉં અને ચોખાનો લોટ મિશ્ર કરી તેની રાબ બનાવવામાં આવતી. દિવસમાં ચાર વાર થઈને આટલો ખોરાક તેમને અપાતો. તેમનો જમવાનો સમય થતો ત્યારે મીટિંગ ચાલતી હોય કે સાથે કોઈ વીઆઈપીની મુલાકાત ચાલતી હોય તોયે તેઓ ખોરાક લેતા. ચમચી વડે તે ખાતા ને છેલ્લે વાડકામાં ઘસી ઘસીને ચમચી લઈ ચાટી જતા. વાસણને જાણે માંજવાની જ જરૂર ન રહે તેવાં ચોખ્ખાં કરી દેતા.

તે દિવસની જાહેર સભામાં વિનોબાએ દેશની અનાજની પરિસ્થિતિમાં ચોખાની તંગી અને ઘઉંની છતની વાત સાથે નહેરુજીની અપીલનો ઉલ્લેખ કરી આજથી પોતે ચાર તોલા ચોખાને બદલે ચાર તોલા ઘઉં વધારે લેશે તેવી જાહેરાત કરી.

હું તો હતો ખબરપત્રી. તે વખતે વિનોબાજી રોજ ત્રણ પ્રવચનો આપતા. પડાવ પર પહોંચે ત્યારે ટૂંકું સ્વાગત પ્રવચન હોય, બપોરે કોઈ વિશિષ્ટ

મંડળ કે જૂથની સામે વાર્તાલાપ હોય ને સાંજે પાંચ વાગે જાહેરસભા હોય. પ્રવચન વખતે અમે શબ્દશઃ તે લખવાનો પ્રયાસ કરતા. એક અનુકૂળતા એ પણ હતી કે દક્ષિણના પ્રાંતોમાં વિનોબાજીના હિંદી પ્રવચનમાં એક-બે વાક્યો વિનોબાજી બોલે પછી સ્થાનિક ભાષામાં તરજૂમો થતો. એટલે અમને શબ્દશઃ લખવામાં ફાવટ રહેતી. તેને પાછળથી અમે બને તેટલા સારા અક્ષરે લખી દેતા. તે ઉપરાંત રોજના મુલાકાતીઓની વાતોની નોંધ હું મારી ડાયરીમાં કરતો.

વિનોબાજીએ નહેરુની અપીલ પર ચોખા છોડચા ને ઘઉંનું પ્રમાણ વધાર્યું. તે સમાચાર તે દિવસની મારી ડાયરીમાં લખી મેં 'ભૂમિપુત્ર' કાર્યાલયને મોકલી દીધી. ચારેક દિવસ પછી કર્ણાટકનાં કન્નડ છાપાંઓમાં અમદાવાદથી પીટ્રટીટ્રઆઈટ્ર ન્યુઝ સર્વિસના તે સમાચાર છપાયા. નારાયણભાઈ દેસાઈએ અમદાવાદમાં તે સમાચાર આપેલા. આ સમાચાર જાણી વિનોબાજી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું, ''કયા સમાચાર ફેલાવવા જેવા છે તેનો વિવેક આપણી સાથેના પત્રકારોમાં હોવો જોઈએ.'' સ્થાનિક પત્રકારોએ આ મહત્ત્વની બાબતની નોંધ જ લીધી ન હતી. પછી તો અમદાવાદ આ સમાચાર પહોંચ્યા કેવી રીતે તેની પૂછપરછ થઈ. યાત્રા ટુકડીમાં હું જ એકલો ગુજરાતી હતો તેથી મેં સમાચાર મોકલ્યા હશે તેવી ધારણા થઈ. વિનોબાજી કહે, ''આ પત્રકારને મારે આપવાનું હોય તો હું મહાવીર ચક્ર આપું.'' હું તો આથી ફુલાઈને ફાળકો થઈ ગયો. 23 વરસની ઉંમરે પત્રકારત્વનું મહાવીર ચક્ર બાબાએ જાહેર કરેલું !

❖ ❖ ❖

આ યાત્રાનું એક સુખદ સ્મરણ છે. એક તદ્દન નાનકડા ગામડામાં યાત્રાનો પડાવ હતો. ગામમાં એક ઓરડાની પ્રાથમિક શાળાનું પાકું મકાન. તેમાં વિનોબાજીનો મુકામ. તેમની સાથેના રસોડાના અને બીજા માણસોને માટે તે ઓરડાની બાજુમાં એક તંબુ બાંધેલો, અમારા બધા માટે કોઈ સગવડ જ નહીં. મારી પાસે કાગળ-કાર્બન, કવરો, પેન્સિલો વગેરે લેખન સામગ્રીનો એક પટારો ને મારો અંગત સામાન તો જુદો જ. હું મૂંઝાયો ને અકળાયો. મારી સાથે યાત્રામાં સ્વામી સેવાનંદ હતા. કેરલના મહાવિદ્વાન અને તદ્દન અકિંચન સંન્યાસી. તેમણે એક મહાદેવનું મંદિર શોધી કાઢ્યું. તેની ખુલ્લી પરસાળમાં મુકામ કર્યો. મને પણ ત્યાં લઈ ગયા. મારી અકળામણ જાણી કહે, ''રૈન બસેરા કર લે ડેરા, ઊઠ ચલના પરભાત રે.'' સવાલ એક રાતનો છે. તેમની વાત હું

સમજી ગયો. બીજે દિવસે વળી મોટું ગામ આવ્યું ને અમારી સમુચિત વ્યવસ્થા થઈ ગઈ ! યાત્રામાં નાની-મોટી સગવડ-અગવડમાં સુખ-દુઃખ ન માનવાનો પાઠ હું ભણ્યો.

❖ ❖ ❖

ગુજરાતની યાત્રાની કેટલીક વાતો આગળ આવી ગઈ છે. 1963માં બંગાળની યાત્રામાં બાબાનું રિપોર્ટિંગ કરનાર કાલિન્દીબહેનને એક મહિના માટે આરામની જરૂર હતી તેથી મને બોલાવવામાં આવ્યો. હું ગયો કે તરત કાલિન્દી તાઈએ હાશ અનુભવી ને મેં હવાલો સંભાળી લીધો. બંગાળમાં શાંતિ નિકેતન ને શ્રીનિકેતનના કવિવર ટાગોરના સ્થાને બાબાની યાત્રામાં ત્યાં ઉત્તમ કાર્યક્રમ થયેલા. રવીન્દ્ર સંગીત, નૃત્ય, નાટક વગેરે હતાં. શ્યામલી નામની ઘાસની કળામય ઝૂંપડીમાં બાબાનો મુકામ હતો. મહાત્મા ગાંધી માટે એ ઝૂંપડી બનાવાઈ હતી ને ગાંધીજી તેમાં રહેલા. અમે બાજુના ઓરડામાં હતા. શ્રીનિકેતનના ગૃહ-ગ્રામોદ્યોગો પણ જોયા. ચૈતન્ય મહાપ્રભુના નવદ્દીપ ધામમાંયે બાબા સાથે હું પદયાત્રામાં હતો.

આ યાત્રા મારા જીવનમાં યાદગાર રહી ગઈ છે. 40-50 વરસ પહેલાં બંગાળનાં ગામડાઓમાં ઘઉંનો વપરાશ ખાસ ન હતો. શ્રીમંતોને ત્યાં ઘઉંની પૂરી (લૂચી) ખવાતી પણ તળેલી ચીજો ખાવાની મારી પરહેજ હતી. તેથી રોજ ભાત, શાક, દાળનો ખોરાક ખાવાનો રહેતો. ત્યાંના લોકો ભાત ને માછલી ખાતા. લાંબા રીંગણાંને વચ્ચેથી ચીરી સરસવના તેલમાં તળી ઉપર મીઠું ભભરાવી બેંગન ભાજા શાક અમને પીરસાતું. મને ઘઉંનો ખોરાક લેવાની ટેવ. વળી ગુજરાતમાં તેલ શિંગનું કે તલનું હોય. આમ, ખોરાકમાં મને અનુકૂળતા ન રહેતી તેથી ખોરાક ઓછો લેવાતો અને પરિણામે પોષણ ઓછું મળતું. બીજી બાજુ કામ સખત રહેતું. વિનોબાજીનાં રોજનાં ત્રણ પ્રવચનો થતાં. 7થી 11 પાનાંનું એક પ્રવચન થતું. તે વખતે ટાઈપિસ્ટ નહીં ને ઝેરોક્સ તો હતું જ નહીં. તેથી પાતળાં મેનીફોલ્ડ 6-7 કાગળોની વચ્ચે કાર્બન પેપર નાખી કઠણ પેન્સિલથી ભાર દઈને લખવાનું રહેતું. તેમાં સમય ખાસ્સો જતો. ઉપરાંત મારી રોજનીશી ને ટપાલો તો ખરી જ. એટલે સવારે 3-4 વાગે ઊઠવાનું તો ખરું પણ રાત્રે સૂવામાં 10-11 વાગી જતા તેથી ઊંઘવાનો સમય ઓછો પડતો ને ઉજાગરા થતા. ખોરાકમાં કુપોષણ, અતિશ્રમ અને ઉજાગરાને કારણે પાછળથી મારી તબિયત બગડી.

આમ તો હું એક મહિના માટે ગયેલો. ગયો ત્યારે મારાં પત્નીને પહેલું સંતાન આવવાને બે મહિનાની વાર હતી. તેથી પરત આવ્યા પછી એકાદ મહિને પ્રસૂતિ થશે તેવી ગણતરી હતી. તેથી વડોદરામાં અરુણભાઈ–મીરાંબહેનને ઘેર મંજુને મૂકીને હું ગયેલો. યાત્રા ઊંડાણના ગામડામાં હોય તેથી ટપાલો તો મોટા ગામે કે શહેરમાં જ આવે. પચીસ દિવસ પછી ટપાલમાં અરુણભાઈનો કાગળ આવ્યો તેમાં મંજુલા (મારાં પત્ની)ના સમાચાર હતા. કોણ જાણે કેમ પણ તે પત્ર વાંચી મને થયું કે તબિયત બરાબર નથી તેથી મારે વહેલા પાછા જવું જોઈએ. મહિનામાં પાંચ દિવસ ખૂટતા હતા. તેથી કાલિન્દી તાઈને મળીને વાત કરી. તેમણે તરત જ કામ સંભાળી લેવાની તૈયારી બતાવી. કાગળ લઈને બાબાને મળીને મારા દિલની વાત કરી. 6-2-'63ની સવારનો તે સમય હતો. પદયાત્રા અને સ્વાગત પ્રવચન પછી બાબા લગભગ 9॥ વાગે બેઠા હતા. પત્ર વાંચીને બાબાએ પૂછ્યું, ''ઉસને બેટે કો જનમ દે દિયા હૈ ન ?'' મને થયું કે આ બ્રહ્મચારી બાબાને શી ગમ પડે ! મેં કહ્યું, ''ના બાબા, અભી એક માહ બાકી હૈ.'' પણ બાબા કહે, ''જો ભી હો, લેકિન તુમ અભી તુરંત યહાં સે નિકલ જાઓ.'' અમે તો ઊંડાણના ગામમાં હતા. ત્યાંથી બસમાં ધુબુલિયા સ્ટેશને આવી ટ્રેન પકડી હાવરા અને ત્યાંથી મુંબઈ મેલમાં નીકળ્યો વીરમગામના ડબ્બામાં. સુરત તે ડબો છોડી દિલ્લી જનતા એક્સપ્રેસમાં 10મી તારીખે બપોરે વડોદરા ઊતર્યો. સ્ટેશને કાન્તા–હરવિલાસ બહેનો મળ્યાં. તેઓ ક્યાં જાય છે ? તેમ મેં પૂછ્યું તો કહે, ''તને લેવા તો આવ્યાં છીએ. મંજુએ 6ઠ્ઠીએ સવારે 9 વાગે બાબાને જન્મ આપ્યો છે. એક મહિનો વહેલો આવ્યો તેથી નબળો છે. બે કલાક તો તેને ઓક્સિજન ઉપર રાખવો પડ્યો હતો. તું બહારગામ હતો તેથી મંજુ અકળાઈ છે. તારો સામાન અમને સોંપી સીધો હોસ્પિટલ પહોંચી જા. પછી અરુણભાઈને ત્યાં આવજે ને પરવારજે.'' ''પણ તમને કેવી રીતે ખબર પડી કે હું આ જ ગાડીમાં આવું છું ?'' – મેં પૂછ્યું. તે કહે, ''કેમ તને અમારો તાર મળ્યો નથી ? તને તાર મળ્યો હશે ને તું નીકળે તો વીરમગામના ડબામાં સુરત આવે ને ત્યાંથી ટ્રેન બદલી આ જનતામાં આવે જ એવી અમારી ગણતરી હતી.'' હું તો દિગ્મૂઢ થઈ ગયો. અરુણભાઈના એક માત્ર પોસ્ટકાર્ડથી હું વિનોબાજીના આદેશથી નીકળ્યો હતો ! વિનોબાજીએ કહ્યું કે, ''તેણે બાળકને જન્મ આપી દીધો છે ને ?'' ત્યારે 6ઠ્ઠી ફેબ્રુઆરીએ સવારે 9॥ વાગે કપિલનો જન્મ થઈ ચૂક્યો હતો. ને બાબાના અવ્યાવહારિક જ્ઞાન (!) બદલ હું મનોમન શંકા કરતો હતો. મહાપુરુષોને સમજવાનું કેટલું અઘરું કામ છે !

❖ ❖ ❖

અગાઉ લખી ગયો તેમ પૂરા સમયના ભૂદાન કાર્યકર તરીકે એક વરસના સંકલ્પથી આવેલો તે સાડા ત્રણ વરસ ખેંચી કાઢ્યાં. '57માં કેરલ અને કર્ણાટકમાં બાબાની પદયાત્રામાં રહેવાનું થયું. '58માં ગુજરાતની વિનોબાયાત્રા ને પછી આબુરોડમાં '59માં અદ્ભુભાદ્ગ સર્વોદય સમાજ સંમેલન થયું. ગુજરાતના અમે કાર્યકર્તાઓ કોઈ સંગઠન વિના દર મહિને સાતમી તારીખે અમદાવાદના હરિજન આશ્રમમાં મળતા. તેને અમે સપ્તમી સભા નામ આપેલું. ત્યાં કામનું રીપોર્ટિંગ થતું ને નવા કાર્યક્રમોનું આયોજન થતું. '58માં જ સાબરમતી આશ્રમથી પાવાગઢની એક સામૂહિક પદયાત્રા યોજાઈ. મને તેનો નાયક બનાવવામાં આવ્યો હતો. અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, પંચમહાલની તે પદયાત્રામાં મારી ટુકડીમાં કાન્તા-હરવિલાસ બહેનો, પદ્માબહેન કદાચ ભગવાનભાઈ, મુંબઈના દેવેન્દ્રભાઈ વગેરે હતા. અમારો રોજ દશેક માઈલ ચાલીને પાવાગઢ સુધીનો તારીખવાર કાર્યક્રમ નક્કી થયેલો. ત્યાં બાલાસિનોરમાં કાર્યક્રમ ચારેક દિવસ વહેલો થયાના સમાચાર મળ્યા. એટલે અમારે છેલ્લાં 3-4 દિવસ બબ્બે પડાવ સાથે કરવાના હતા. કાંતાબહેનને આટલું લાંબું ચલાવવું ઠીક નહીં એમ માની બહેનોની અનિચ્છાએ તેમને પદયાત્રામાંથી રજા આપી હું સ્થાનિક એક બે ભાઈઓ સાથે રોજના 20-20 માઈલ ચાલીને સમયસર પાવાગઢમાં માંચીની ધર્મશાળામાં પહોંચી ગયો. ત્યાં ગુજરાત સર્વોદય સંમેલન હતું. ભોગીલાલ ગાંધી અને સુભદ્રાબહેન પણ આવેલાં તેવું યાદ છે.

મારે તો ગૃહત્યાગી હોવાને કારણે સળંગ યાત્રામાં રહેવાનું હોય તો જ નિવાસ-ભોજનની વ્યવસ્થા થઈ જાય. તેથી હું સળંગ યાત્રા જ પસંદ કરું. વિનોબાજીની યાત્રામાં ગુજરાતના ઘણા બધા જિલ્લાની યાત્રા થઈ હતી. વિનોબાની ગુજરાતયાત્રા પછી કાર્યકરોની સંખ્યામાં ઓટ આવી. કેટલાક કાર્યકરો પાછા પોતાને ઘેર કે પોતાના ધંધામાં પડ્યા, કેટલાક સ્થિર થઈ સંસ્થા બનાવી રચનાત્મક કાર્યમાં વ્યસ્ત થયા. પદયાત્રાઓ ક્વચિત્ થતી ગઈ. મારા જેવા સતત ફરનાર માટે વ્યસ્ત રહેવાનો સવાલ આવ્યો.

લગભગ સાડા ત્રણ વરસ ભૂમિદાનમાં ગાળ્યાં તેમાં વિનોબાજી સાથે કેરલ, કર્ણાટક, ગુજરાતમાં પદયાત્રામાં છૂટક છૂટક થઈ પાંચેક માસ કાઢ્યા તે ઉપરાંત ગુજરાતમાં બબલભાઈ, રવિશંકર મહારાજ, નારાયણ દેસાઈ સાથે સહયાત્રા કરવાનો લહાવો મળ્યો.

એવી એક યાત્રામાં બબલભાઈનો એક પ્રસંગ હૈયે જડાઈ ગયો છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાનું (મોટે ભાગે) વાંઠવાળી ગામ. કઠલાલની શાળાના શિક્ષક પરિક્ષિતલાલ ઉર્ફે રાજારામ મહારાજ વાઘરી (દેવીપૂજક) કોમના વર્ગો ચલાવતા. તેવા એક વર્ગમાં બબલભાઈ સાથે ગયેલો. વાઘરી કોમ બહાદુર. પૂજ્ય મહારાજ તો વાઘ+અરિ એટલે વાઘની દુશ્મન એમ છૂટું પાડી આ કોમની બહાદુરીને બિરદાવતા. પણ આ કોમનો એક દુર્ગુણ ને તે ચોરી કરવાનો, અસ્વચ્છ રહેવાનો (શરીરથી અને વાણીથી). રાજારામ મહારાજના વર્ગોમાં સહકુટુંબ વાઘરી પરિવારો આવતા. તેમને સારા સંસ્કારો મળે તેવી વાતો શિબિરમાં થતી. બબલભાઈનું ભાષણ આ શિબિરમાં થયેલું. ત્યાં સભામાં ગામનો એક પટેલ યુવાન બેઠેલો. તેને વાઘરીનો કોઈ કડવો અનુભવ થયો હશે તેથી તેને એ કોમ માટે ભારોભાર નફરત. બબલભાઈના ચાલુ પ્રવચનમાં જ તે માથાભારે યુવાને વાતો કરવા માંડી. 'આ કોમ સુધરવાની નથી, તમે નાહક માથાકૂટ ના કરો ને તમારું પ્રવચન બંધ કરો.' – તેવી તેની માંગણી. પણ એમ કાંઈ બબલભાઈ ભાષણ બંધ કરે ? બબલભાઈ તેને વચ્ચે ન બોલવા ને પ્રવચન પછી નિરાંતે મળી પોતાની વાત કરવા સમજાવવા માંડ્યા. પેલાનું તો મગજ જ ફાટી ગયું ને બબલભાઈને એલફેલ બોલવા લાગ્યો. છેવટે ગામના બે-ચાર ડાહ્યા માણસોએ પેલાને સમજાવી-પટાવી બહાર કાઢી મૂક્યો. પેલો તો જતા જતા કહેતો ગયો કે, 'તું બહાર આવ પછી તને મજા ચખાડું છું.' પણ બબલભાઈની ભાષામાં કોઈ જાતનો ઉશ્કેરાટ ન પ્રવેશ્યો. પ્રવચન પછી અમે નીકળ્યા ત્યારે પેલો હુમલો કરી બેસશે તે ભયથી હું સતર્ક પણ બબલભાઈ શાંત. પેલો બહાર બેઠો હતો. બબલભાઈએ સંપૂર્ણ નિર્ભયતાથી અને પ્રેમથી તેને બરડે હાથ મૂકી, 'ચાલો, આપણે હવે તમારી વાત સાંભળીએ' – એમ કહ્યું. બહાર રહ્યે રહ્યે તેણે બબલભાઈનું આખું પ્રવચન સાંભળ્યું હતું. તેમણે કોઈ જાતની ખોટી ચડવણી કરી નથી ને તેમને પોતાને કુટેવો સુધારવાની વાત જ પ્રેમથી કરી છે એવી ખાતરી થતાં શાંત થયો ને શરમાયો હતો. તેથી ભૂલ બદલ હાથ જોડી માફી માંગી જતો રહ્યો. સેવકે ઉશ્કેરાટમાં ધીરજ રાખવી, પ્રેમથી સમજાવટ કરવી, નિર્ભય રહેવું વગેરે વાતો તેમાંથી હું શીખ્યો.

ભૂમિદાન આંદોલન નિમિત્તે ગુજરાતભરના લગભગ બધા જ જિલ્લાઓમાં પદયાત્રા કરવાનો મને મોકો મળ્યો. ખોરાકમાં ઘરમાં તો બાજરી ને જુવારના જ રોટલા બને છે તેવું મેં જાણેલું પણ ઉત્તર ગુજરાતમાં ઘઉંના,

દક્ષિણ ગુજરાતમાં ચોખાના અને પૂર્વના આદિવાસી પટ્ટામાં મકાઈ-કોદરા-નાગલી વગેરેના રોટલા પણ બનતા જોયા ને ખાધા. સુરત જિલ્લાના પારડીની પદયાત્રામાં એક ઘેર ચોખાના લોટના રોટલા, ચોખાના લોટનો શિરો, પાપડી ને વાલ-પાપડીનું શાક ખાધેલું. ઝાલોદમાં એક સમૃદ્ધ ઘરની ગૃહિણીઓ મકાઈના લોટમાંથી ફૂલકાં રોટલી ઉતારતી ને સ્વાદભેર અમે તે ખાધેલી. ભૂદાનમાં ફર્યો તે અગાઉ ભોજનમાં અમુક ભાવે ન ભાવે તેમ હતું પણ ભૂમિદાનમાં વિવિધ પ્રદેશોમાં ફરવાનું થતાં વિભિન્ન પ્રકારનાં અનાજ-કઠોળ-તેલની વિભિન્ન પ્રકારની વાનગીઓ ખાવાની આવી. ભાણામાં પીરસાયું ને બીજા ખાય છે તો મારેય ખાવું જ એવી સમજણ થઈ ગઈ. પછી બધું જ ‘ફાવશે, ભાવશે, ગમશે, ચાલશે’નું જીવન ગોઠવાઈ ગયું. કોઈ જાતની ફરિયાદ વગર ખાઈ લેવું તેવો સ્વભાવ ઘડાયો. લગ્ન પછીયે ઘરમાં અમુક રસોઈ બનાવજો એવું સૂચન મેં ભાગ્યે જ કર્યું હશે. ઘરમાં જે ચીજવસ્તુ હોય તેમાંથી ગૃહિણી પોતાની અનુકૂળતા મુજબ જે બનાવે તે પ્રસાદ સમજીને આરોગી જવું તેવી ટેવ પડી. તે સાથે છાંડવું નહીં ને થાળી ચોખ્ખી કરવી તેવીયે ટેવ પડી ગઈ. હા, ક્યાંક અતિશય મરચું હોય ત્યારે તે વાનગી છોડવી પડતી. શાક હોય તો વાડકીમાં પાણી નાંખી ધોઈને ખાઈ લેવાની ટેવ પાડી. જો કે અસ્વાદવ્રત સધાઈ ગયું તેવું નથી. મને હરમું, ચણાના લોટનું ફરસાણ, મીઠાઈઓ વધારે ભાવે છે. તેના સ્વાદ ઉપર જય મેળવવા અમુક વર્ષો સુધી મેં ફરસાણ ને મીઠાઈ-મિષ્ટાન્નનો ત્યાગ કરેલો પણ તેનો વૈરાગ્ય ન ફળ્યો. ત્યાગ ન ટકે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાયજી - તે ભજન મુજબ તેમાં હું નિષ્ફળ ગયો છું એવું કબૂલવું જોઈએ. પથ્ય અને માફકસરનો જ આહાર લેવો તે સૂત્રને ચરિતાર્થ કરવાની મારી સાધના આજે પણ ચાલુ છે.

❖ ❖ ❖

ભૂદાનયાત્રામાં અવનવા અનુભવો થયા છે. ક્યાંક કોઈ સગા-વહાલાને ઘેર કે કથા-વાર્તા નિમિત્તે યાત્રા હોય. તેમાં યજમાનનો પરિચય હોય. ભૂદાનયાત્રામાં તદ્દન અજાણ્યા ગામમાં, અજાણ્યા લોકો વચ્ચે જવાનું હોય. જઈનેય ત્યાગ કરવાની વાત - સામાન્ય રીતે લોકોને અણગમતી વાત કરવાની હોય એટલે જરા અઘરું પડતું. કોઈ જાણીતા નેતા કે સેવકની સાથે જવાનું હોય તો તો મહાદેવ ભેગો પોઠિયો પૂજાઈ જાય પણ અમારા જેવા નાના માણસોએ જવાનું હોય ને 7-8 જણની ટુકડીની રહેવા-જમવાની ને પ્રવચનોની વ્યવસ્થા

કરવાની હોય ત્યારે ઘણીવાર કસોટી થતી. એક અનુભવ એવો રહ્યો કે પરિચિત લોકો વચ્ચે રહેવા-જમવાની સગવડ સારી થતી પણ ત્યાં સભા નબળી રહેતી. અજાણ્યા લોકો વચ્ચે રહેવા-જમવાનો સવાલ આવતો ને મુશ્કેલીમાં માર્ગ કાઢવો પડતો ત્યાં સભા સારી થતી. અમને વધુમાં વધુ લોકો સુધી સંદેશ પહોંચે તેમાં વધુ રસ પડતો. રહેવા-જમવાની અગવડને અમે ગૌણ ગણતા.

અમદાવાદ જિલ્લાના જ ગોધાવી ગામે 1958-59માં અમારી ટુકડી પગે ચાલીને પહોંચી ત્યારે ગામને ચોરે બેઠેલા લોકોએ ધારણા કરી કે રામલીલા વાળા આવ્યા લાગે છે. અમે તે સંવાદ સાંભળ્યો. તે રાત્રે મેં પ્રવચનમાં ગાંધી-વિનોબાના ગ્રામસ્વરાજના વિચારો જ સાચી રામલીલા છે તેમ ઠસાવતું ઉત્તમ પ્રવચન કરેલું તેવું યાદ છે. તે પ્રવચન 'ભૂમિપુત્ર'માં પણ છપાયેલું.

❖ ❖ ❖

એકવાર સેવાગ્રામ આશ્રમમાં જ અખિલ ભારતીય સર્વોદય સંમેલન હતું. દરેક પ્રાંતમાંથી કાર્યકરોએ પદયાત્રા ટુકડીઓમાં વિનોબાનો સંદેશો પ્રસરાવતા સેવાગ્રામ પહોંચવું તેવો કાર્યક્રમ બનેલો. ગુજરાતમાંથી એક ટુકડી નીકળી તેમાં નાનુ મજમુદાર, જગદીશ લાખિયા, હરીશભાઈ વ્યાસ, સુમનભાઈ વ્યાસ, હર્ષકાંત વોરા, કાન્તા-હરવિલાસ બહેનો, પદ્‌માબહેન, રતીભાઈ શાહ, ભગવાન બજાજ ને હું, એટલા હતા. અમારે વેડછીથી પગપાળા એક મહિનો ચાલીને 440 માઈલ પહોંચવાનું હતું. શરૂઆતના થોડા દિવસો પછી સળંગ મહારાષ્ટ્રમાં યાત્રા હતી. ગુજરાતના 4-5 પડાવો પર તો શિક્ષણ-સંસ્થાઓ અને જંગલ મંડળીઓએ નિવાસ-ભોજન-સભાઓની ઉત્તમ વ્યવસ્થા કરેલી. વિદર્ભમાં મોટે ભાગે મારવાડીઓની માલિકીના ઠેર ઠેર કપાસના જીન. નાનુભાઈના બાપુજી રૂના વ્યવસાયમાં હતા તેથી તેમનો એ વિસ્તારનો પરિચય સારો. તેથી રહેવા જમવાની ઉત્તમ વ્યવસ્થા થયેલી. વર્ધા-જિલ્લામાં પહોંચતા તદ્દન અજાણ્યો મરાઠીભાષી પ્રદેશ. આટલી મોટી ટુકડી અને ત્યાગની વાતનો સંદેશો લઈને પહોંચવાનું તેથી ત્યાં અમે પદયાત્રા વધારે લાંબી રાખેલી. મને ઝાંખું ઝાખું યાદ છે તે મુજબ દહેગાંવમાં પડાવ હતો. અમે 27 માઈલનો પંથ 8-9 કલાકમાં કાપીને ત્યાં પહોંચેલા. ત્યાં કોઈ વ્યવસ્થા જ નો'તી થઈ. અમે પંચાયતના ચોરામાં લંબાવ્યું. કોઈ ભોજનનું પૂછવા આવે તેની વાટ જોતાં બપોરના ચાર વાગી ગયા. છેવટે અમારે જ થાક ભૂલીને ગામમાં જઈ જુવારના રોટલા ને કઢી બનાવડાવવા પડેલાં. સવાર-સાંજનું એક જ વખતનું ભોજન

થઈ ગયેલું. કેટલાયે પડાવો ઉપર અમારે ભોજનને બદલે ભજન જ કરવાનું આવેલું. એક ટંક મળી જાય તો સંતોષ માનવો પડતો. સમૂહમાં હોઈએ તેથી આવી મુશ્કેલી બહુ કઠતી નહીં. આવે પ્રસંગે સ્થાનિક લોકોનો સંપર્ક કરવાની નાનુભાઈની કે મારી જવાબદારી ને આવડત ખપ લાગતી.

મોટે ભાગે 1972ની સાલ હતી. સર્વ સેવા સંઘે ગ્રામદાન સઘન ઝુંબેશ ગુજરાતમાં જંબુસર તાલુકામાં કરવાનો નિર્ણય કર્યો હતો. રાષ્ટ્રીય મોરચો હતો તેથી ગુજરાતના વરિષ્ઠ કાર્યકરો ઉપરાંત પ્રોદ્ભ બંગ, નિર્મલા દેશપાંડે પણ તેમાં આવેલા. જંબુસર તાલુકામાં ટુકડીઓ પાડી ગ્રામદાન સંકલ્પો કરાવવાના હતા. મારી ટુકડીમાં લીલાધરભાઈ અને બીજા બે ભાઈઓ હતા. કારેલી ગામમાં રાષ્ટ્રીય વિચારના બે ઘરડા આગેવાનો હતા. તેમને વિનોબાનો વિચાર ગમી ગયો ને તેમણે ગ્રામદાન સંકલ્પપત્ર ઉપર સહી કરી આપી. કારેલી મિશ્ર વસ્તીનું પાંચ-સાડા પાંચ હજારની વસ્તીનું મોટું ગામ. 1930માં દાંડીકૂચમાં ગાંધીજીનો મુકામ આ ગામે હતો. બે વડીલોની સહીઓ થઈ તેથી ગામના બીજા નાના-મોટા ખેડૂતોએ ફટાફટ સહી કરી આપી. અમે તો હરખાઈ ગયા. આખા તાલુકામાં માત્ર અમારી જ ટુકડીમાં ગ્રામદાન થયું અને તે પણ કારેલી જેવા ગામનું ! ગામના 80 ટકા ખાતેદારોની સહીઓ થઈ ગઈ અને ગ્રામદાન જાહેર થઈ ગયું.

ત્યાર પછી મહિને એક વાર ગામે આવી પુષ્ટિકાર્ય કરવાનું નક્કી થયું. તે ટુકડીમાં હરવિલાસબહેન અને હું હતાં. અમે બે મહિના સુધી નિયમિત રીતે આવ્યા પણ વાતાવરણ બદલાઈ ગયેલું. ગામના મુખીએ જ પોતાની સહી આપવાનો નન્નો ભણ્યો. બીજી વાર તો અમારી આવવાની તારીખે વડીલો બધા ગેરહાજર રહ્યા. અમે વાસ્તવિકતા પિછાણીને પછી તે ગામે જવાનું માંડી વાળ્યું.

ભૂમિદાનમાં છૂટક છૂટક જમીન મળતી જ્યારે ગ્રામદાનમાં તો પોતાની બધી જમીન ગામના નામે કરવાની હતી. સંપૂર્ણ માલિકી-વિસર્જનનો કાર્યક્રમ હતો. તાત્કાલિક તો જમીનનો વીસમો ભાગ દાનમાં આપવાનો હતો.

ભૂમિદાનના આંદોલનમાં મુનિશ્રી સંતબાલજી ને તેમનું ભાલનળકાંઠાનું મંડળ સક્રિય હતું. રવિશંકર મહારાજ ને બીજા મૂકસેવકો પણ સાથે હતા. જૂના ગાંધીવાદીઓ પૈકી મોટા ભાગના તેમાં સંમત હતા ને કેટલાક સક્રિય પણ હતા. પણ માલિકી-વિસર્જનના કાર્યક્રમ માટે બધામાં એકમત ન હતો. અમે તો

ઘરબાર છોડીને આવેલા તેથી અમને ખાસ લેવાદેવા ન હતી પણ સ્થાવર-જંગમ મિલ્કતો ધરાવનારા આ વિચારથી ભડકેલા. ગુજરાતમાં ભરૂચ-વડોદરા-બનાસકાંઠા-મહેસાણા વગેરે જિલ્લાઓમાં થોડાં ઘણાં સંકલ્પિત ગ્રામદાનો થયેલાં. વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાનું ને સુરત (અત્યારે વલસાડ) જિલ્લાના ધરમપુર તાલુકાનું તો તાલુકાદાન પણ થઈ ગયું હતું. પણ તે બધું વગર સમજ્યે કાગળ ઉપર જ રહ્યું.

ભૂમિદાનમાં અમરેલી જિલ્લાના માલપરા ગામે દુલેરાય માટલિયાએ ત્રણ-ચાર ગામોમાંથી છઠ્ઠા ભાગની જમીન દાનમાં મેળવેલી. પાછળથી સાધનદાન સમિતિનો હું સંયોજક થયો ત્યારે માલપરાના દલિત આદાતાઓની માગણી આવવાથી ત્યાં જવાનું થયેલું. તેમની ખેતી જોઈ હું હરખાઈ ગયેલો. તેમને કૂવો ઊંડો કરવા ને ગાડું ખરીદવા મદદ આપેલી. ભૂદાનમાં આવા કિસ્સા પણ હતા. કેટલીક જગ્યાએ તો દાન આપનાર કરતાં દાન લેનારનાં સંતાનો વધુ સારી ખેતી કરતાં થઈ ગયેલાં. તે જોતાં ભૂદાન પ્રવૃત્તિ પૂરી નહીં તો યે અંશતઃ સફળ રહેલી. ગુજરાતમાં એક લાખ, ત્રણ હજાર એકર જમીન દાનમાં મળેલી તે પૈકી પચાસ હજાર એકર જમીન દલિતો, ગરીબો, શ્રમજીવીઓમાં વહેંચાયેલી ને તેના ભૂદાનલેખ પણ તેમને સોંપાયેલા. તે ઉપરથી જમીનના દફતરમાં એન્ટ્રી પણ પડેલી. જે જમીનમાં કોઈ ઝઘડા હોય કે ખેડવાલાયક ન હોય તેવી જમીન જ વહેંચાયા વગરની રહેલી.

આજે જમીનની કીમત આકાશે પહોંચી છે ત્યારે પચાસ હજાર એકર જમીન દાનમાં મળી અને ગરીબોમાં વહેંચાઈ તેની કીમત માંડીએ તો મગજ કામ ન કરે. ગાંધીજીની અહિંસક પદ્ધતિથી ભારતની ભૂમિસમસ્યાનો ઉકેલ કરવાનો વિનોબાજીનો પ્રયાસ ભલે પૂરો સફળ ન થયો હોય પણ જેટલું કામ થયું તેય નાનુંસૂનું ન ગણાય. આવી ક્રાંતિમાં ભરજુવાનીનાં થોડાં વર્ષ અમે ગાળ્યાં તેનું મૂલ્ય અમારે મન ઘણું છે.

❖ ❖ ❖

વિનોબાજીની હાકલને માન આપી 1978માં દેશભરમાં ગોવંશને કતલખાને જતો અટકાવવાનો કાર્યક્રમ થયો. ગુજરાતના કાર્યકરોએ મથુરા પાસે કોસીકલાંનું કેન્દ્ર પસંદ કર્યું. ત્યાં મોટું પશુબજાર અઠવાડિયે એકવાર ભરાતું. ત્યાંથી ગાય-બળદ વેચાઈને કલકત્તા જતાં. કલકત્તામાં ટેંગરા અને બીજા એક

(નામ યાદ નથી) કતલખાનામાં બળદની સાથે ગાયોની પણ કતલ થતી. મથુરા-કોલીકલાં-ગોવર્ધનનાં પશુબજારોમાંથી કસાઈઓ કે તેમના દલાલોને ગોવંશ ન વેચાય તો કતલ આપોઆપ ઘટી જાય એમ વિચારી અમે કોસીકલાંમાં થાણું નાંખેલું.

ગુજરાતની ટુકડીમાં ડૉદ્ર દ્વારકાદાસ જોશી, રતનબહેન, શારદાબહેન, કાંતા-હરવિલાસ બહેનો, પવનારનાં ઉષાબહેન ઉપરાંત ભાઈઓમાં અમે થોડા હતા. આજે બધી સંખ્યા સ્મરણમાં નથી. અમે પશુબજારમાં જઈ કસાઈઓ અને તેમના દલાલોને મળતા, સમજાવતા અને આ ધંધામાંથી બહાર નીકળવા વિનંતી કરતા. અમે ક્યાંયે બળજબરી ન કરતા. સમજાવી હૃદયપરિવર્તન કરાવવાની અમારી નેમ રહેતી. અમારી કાર્યપદ્ધતિથી વેપારીઓના કામમાં રુકાવટ ન આવતી. તેથી તેમને અમારે માટે નફરત નહોતી થતી. બલ્કે તે પૈકીના કેટલાક અમારા દોસ્ત બની ગયા હતા. તેઓ અમને, ગાંધી-વિનોબાવાળા અહિંસક સત્યાગ્રહીઓને માનથી જોતા. ત્યારનો એક પ્રસંગ સ્મરણમાં રહી ગયો છે.

આ વેપારીઓમાં એક હતા સિકંદરખાં. મારે ને તેમને સારી દોસ્તી થયેલી. તેમને ઘેર પણ હું જતો-આવતો. એક વાર અમારી આખી ટુકડીને દાવત માટે તેમણે નોતરી. હું તો ખુશ થઈ ગયો. મેં આમંત્રણ સ્વીકારી લીધું. અમારા પડાવે જઈ બધાને જાણ કરી. તો કેટલીક બહેનોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. માંસાહારી મુસલમાનને ઘેર જમવા કેવી રીતે જવાય ? અમે અગિયારસ નક્કી કરી. સિકંદરખાંને કહ્યું કે, ‘અમારો તહેવાર હોઈ અમે રાંધેલું નહીં જમીએ. અમે માત્ર ફળ ને દૂધ લઈશું.’ તેમણે તો મોટા મોટા કથરોટમાં સફરજન, કેળાં વગેરે ફળો અને એક મોટા તપેલામાં દૂધ એકઠું કરાવ્યું. અમે તેમને ઘેર ગયા પછી મુખ્યત્વે અમારી ટુકડીની બહેનોએ કથરોટ, છરીઓ અને ફળો ચોખ્ખા પાણીથી એક-બે વાર ખૂબ ધોયાં. દૂધને ઉકાળ્યું.

અમે મોટી રવેશમાં હતાં. સામે દીવાલમાં કાણાંમાંથી આંખો દેખાતી હતી. પૂછવાથી અમે જાણ્યું કે ઘરની મહિલાઓ ત્યાં બેઠી બેઠી અમને જોતી હતી. તેથી અમારા પૈકી હરવિલાસબહેને દરખાસ્ત કરી કે તે બહેનોને બહાર બોલાવો. પણ ન બહેનો બહાર આવી ન પુરુષોએ કોઠું આપ્યું. એટલે હરવિલાસબહેનની સાથે અમારી બહેનો અંદર જનાનખાનામાં ગઈ. અમારા

યજમાનને આ કાર્ય ગમ્યું તો નહીં છતાં તેમણે ચલાવી લીધું. એ બહેનોને તો તે ગમતું હતું પણ પુરુષ વર્ગની સંમતિ મળે તો જ આવી શકે. એટલે અમારી એક બહેને આવી સિકંદરખાંને વાત કરી. દાવતનું આમંત્રણ દેતી વખતે સિકંદરખાંને કલ્પના જ નહીં કે ગોરક્ષાવાળા સ્ત્રી-પુરુષ સમાનતાના પણ હામી છે. પણ હવે તો પાછા પડાય તેવું રહ્યું જ ન હતું. સિકંદરખાંને સંમત થવું પડ્યું એટલે તેમણે ઈશારત કરી બધા પુરુષોને વિદાય કર્યા અને પછી ઓરતોને બહાર આવવાની ઈજાજત આપી. પેલીઓ તો રાજીનારેડ થઈ ગઈ. પરણીને જનાનખાનામાં પેઠી હતી તે કોઈ દિવસે બહાર નીકળી નહોતી. ધોળે દિવસે મહેમાનોની હાજરીમાં બહારની રવેશમાં તેમના ખાવિંદ બોલાવે તે તો મોટી ક્રાંતિ કહેવાય !

સિકંદરખાંને બે પત્નીઓ હતી. બંને પોતાનાં બાળકો સાથે બહાર આવી એટલે હરવિલાસબહેને ઓળખાણ કરાવવા કહ્યું. સિકંદરખાંએ બંને બીબીઓની ઓળખાણ આપી. એકનાં સાત ને બીજીનાં આઠ સંતાનોની વાત કરી એટલે એક ચબરાક છોકરાએ વચ્ચે જ કહ્યું, ''નહીં અબ્બાજાન, વે આઠ ઔર હમ સાત હૈં.'' કોનાં કેટલાં છોકરાં છે તે જ્યાં ખબર ન હોય ત્યાં દરેકનાં નામ તો ક્યાંથી યાદ રહે ? અમે તેમને વધુ મૂંઝવણમાં મૂકવાનું ટાળ્યું.

પછી અમારી બહેનોએ ફળોને સારી પેઠે છોલ્યાં. અને અમે પેટ ભરીને ખાધું. કેટલીક ચુસ્ત બહેનોએ દૂધ ન પીધું. (દૂધ ભરતા પહેલાં તપેલું સારી રીતે મંજાયું હશે કે કેમ તે અંગે તેમને શંકા હતી.)

મને કોઈ મુસલમાનને ઘેર જમવાનો છોછ નડતો નથી. ભૂમિદાનની યાત્રામાં અમારે મુસ્લિમ, ખ્રિસ્તી, દલિતો, રજપૂતોને ઘેર પણ જમવાનું થતું. તે બધા માંસાહારી હતા પણ અમારે માટે ચોખ્ખાં વાસણોમાં ચોખ્ખી રસોઈ કરતા. પણ બહેનોને વિધર્મીઓને ઘેર જમવામાં થોડી સૂગ રહેતી. તેમની સૂગનાં કારણોમાં સફાઈનો અભાવ પણ હતો. માંસાહારીઓ માટે ઝાઝો ફેર પડતો નથી પણ ચુસ્ત શાકાહારીઓને માંસની વાનગીની કડછી દાળમાં પડે તો ન પોષાય. વળી પીવાના પાણીમાં પણ ડબકડોયા થાય તે અસહ્ય લાગે. કેટલાંયે ઘરોમાં માટલામાંથી પાણી કાઢવા ડોયાનો ઉપયોગ થતો નથી. ક્યાંક વળી નામમાત્રનો ડોયો ટીંગાડી રાખે છે પણ પાણી કાઢતી વખતે ગ્લાસ જ સીધો માટલામાં બોળે છે. ગ્લાસમાં પાછી પોતાની આંગળી પણ બોળેલી હોય. વળી આંગળી બોળીને પવાલું પકડી માટલામાં બોળી પાણી કાઢે. આચાર-

વિચારની ચુસ્ત સવર્ણ મહિલાઓની સૂગના કારણમાં આ વ્યવહાર પણ જવાબદાર છે.

આ લખું છું ત્યારે ગુજરાતના ભિષ્મ પિતામહ સમાન પુણ્યશ્લોક રવિશંકર મહારાજ સાથેનો એક પ્રસંગ યાદ આવે છે.

1954 કે '55નું વર્ષ હશે. મહારાજની પદયાત્રા વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ચાલતી હતી. હું પૂર્વતૈયારીની અરુણ ટુકડીમાં હતો. મારું કામ બીજા દિવસના પડાવે જઈ નિવાસ-ભોજન-સભા વગેરે વ્યવસ્થા પાકી કરવાનું હતું. સાવલી તાલુકામાં સમલાયા પાસે કરચિયા ગામે પડાવ હતો. ગામ આખું મુસલમાનોનું. એક ઘર ગાંયજાનું અપવાદરૂપે. ગામમાં ચુસ્ત શાકાહારી અધિકારી કે બીજા મહેમાન આવે ત્યારે સરપંચ જમવાની વ્યવસ્થા ગામના ગાંયજાને સોંપતા. તેનાં વાસણો જુદાં. કૂવે જઈ ઘડામાં પાણી ભરી લાવે ને ખાસ વાસણોમાં રસોઈ બને. મહારાજ માટે તે વ્યવસ્થામાં મને કોઈ અનુચિત ન લાગ્યું. બીજે દિવસે મહારાજ ને તેમની મંડળી આવી. મુસલમાનના ઘરમાં મુકામ હતો તે મહારાજે જાણી લીધું. મને પાસે બોલાવી પૂછે : 'મુસલમાનનું ઘર છે ?'

મેં હા કહી. 'દાદા, ગામ આખું મુસલમાનોનું છે. માત્ર એક ગાંયજાનું હિંદુનું ઘર છે.' મહારાજના મોંના ભાવ બદલાઈ ગયા. કહે, 'રસોઈ કયા વાસણમાં બનશે ?' મેં કહ્યું કે, 'સરપંચે હિન્દુઓ માટે અલગ વાસણો રાખ્યાં છે. પાણી પણ જુદું ભરી લાવશે ને ગાંયજો રસોઈ બનાવી જમાડશે.' તોયે મહારાજને ન ગમ્યું તે મેં જોયું. મને હિંદુ-મુસલમાન ને માંસાહારી-શાકાહારીનો છોછ ન હતો પણ મહારાજ તો આર્યસમાજી, ચુસ્ત શાકાહારી બ્રાહ્મણ. ગાંધીની જમાતમાં ભળેલા પણ ચુસ્ત શાકાહારીને હોય તેવો છોછ તેમને હતો તે મેં જોયેલું.

ગુજરાતમાં હિંદુ-મુસલમાન વચ્ચે વૈમનસ્ય વધુ તીવ્ર છે તેનું એક કારણ આ પણ છે તેવું મારા ધ્યાનમાં આવ્યું છે. સમાજના આગેવાનો સવર્ણ હિન્દુ સમાજના ચુસ્ત શાકાહારીઓ છે. તેમના ચિત્તમાં માંસાહારી મુસલમાનો વિષે તિરસ્કારનો ભાવ રહેલો હોય છે. મેં તો વડોદરામાં મરાઠીઓના લત્તાઓમાં ઈંડાંનાં કોચલાં ને માછલીનો કચરો જોયેલો. તેથી હિંદુ બ્રાહ્મણો પણ ઈંડાં-માછલી ખાતા હોય છે તેવી મારી જાણકારી હતી.

બંગાળ-ઓરિસ્સા-આસામમાં વૈષ્ણવો પણ માછલી ખાય છે. રામકૃષ્ણ-વિવેકાનંદ અને મા આનંદમયી સુધ્ધાં માછલી ખાતાં. સર્વોદયક્ષેત્રે અગ્રણી કાર્યકરો પણ માછલી ખાય છે તે હું જાણતો. હું ન ખાતો પણ મને તેમનો છોછ ન હતો. ટ્રેનની ડાઈનિંગ કારમાં જમવા જવાનું થતું ત્યારે એક જ ટેબલ પર માંસાહાર કરનારની સાથે બેસી શાકાહારી ભોજન કરવામાં મને સૂગ ન રહેતી. પણ ઘણા હિંદુઓને, તેમાંયે મહિલાઓને આ છોછ તિરસ્કારની હદે વ્યાપેલો મેં જોયો છે. મારી એક ભાણી મારી સાથે ટ્રેનમાં જમવા આવેલી. તેણે તો માંસાહારી થાળી જોઈ અને તેને ઊબકા આવવા માંડેલા ને પછી ઊલટી થઈ ગયેલી. ગુજરાતમાં વૈષ્ણવ, સ્વામીનારાયણ ને બીજા હિંદુ સંપ્રદાયના તથા જૈનોની બહુમતી હોઈ માંસાહારીઓ માટે અને તેમાંય મુસલમાનો માટે તિરસ્કારનો ભાવ છે તે મેં જોયું છે. જો કે આ માન્યતા ભ્રમમૂલક છે. વાણિયા-બ્રાહ્મણ-પટેલને બાદ કરતા દલિતો, આદિવાસીઓ, રજપૂતોમાં આર્થિક નબળાઈને કારણે કદાચ માંસાહાર નહીં થતો હોય પણ પ્રસંગે પ્રસંગે તેઓમાં માંસાહાર અચૂક થાય છે. સુધરેલી ગણાતી યુવા પેઢીના ચુસ્ત શાકાહારીઓના નબીરાઓ પણ (ઘરમાં નહીં તો બહાર) ઈંડાં-માછલી-ચીકન ટેસ્ટથી ખાય છે. આ બાબત બધા જાણે છે છતાં નથી જાણતા તેવો ડોળ કરે છે.

એક વાર વિનોબાજીની હાજરીમાં ચર્ચા થયેલી. ભારતભરમાં ગુજરાત-રાજસ્થાન બે પ્રાંતોમાં માંસાહાર થતો નથી એવું તેમણે વિધાન કરેલું ત્યારે તેમનેય આજની પરિસ્થિતિની જાણકારી મેં આપેલી. જૈનો, વૈષ્ણવો, સ્વામીનારાયણીઓમાં માંસાહાર વર્જ્ય છે. પણ સુધરેલા કહેવાતા તે કુટુંબોની નવી પેઢી ફેશન તરીકે મુસ્લિમ અને કોસ્મોપોલિટન હોટલોમાં જઈ પ્રસંગે પ્રસંગે ખાણીપીણીમાં મર્યાદાભંગ કરે છે તે હવે જગજાહેર છે. યુરોપ-અમેરિકાની રીતભાતોનું આંધળું અનુકરણ કરવામાં તેમને ગૌરવ લાગે છે.

આ સંજોગોમાં ચુસ્ત શાકાહારી સમાજે સૂગ છોડવાની જરૂર છે. હા, સફાઈનું ધ્યાન ન રખાતું હોય ત્યાં આરોગ્યની દષ્ટિએ સુધારો ફેલાવવાની જરૂર છે.

❖ ❖ ❖

## ત્રિભેટામાં કાર્ય

1959-60નું એકાદ વરસ ઉત્તર ગુજરાતના ત્રિભેટામાં થયેલાં ગ્રામદાની ગામોની પુષ્ટિ અર્થે કામ કરવાનું ઠર્યું : તેમાં વડનગરના દાકતર દ્વારકાદાસ જોશી અને ઈડરના રતિભાઈ શાહની સાથે રહી મારે કામ કરવાનું હતું. તે બંને પોતપોતાનાં કામો સાથે આ કામમાં રહેતા. હું પૂરો સમય તેમાં ગાળતો. દાંતા તાલુકાના સણાલીના સર્વોદય આશ્રમને અમે કેન્દ્ર બનાવી કામ કરતા. ત્યાં તે વખતે સડક ન હતી. અમે વડનગરથી તારંગા ટ્રેનમાં જઈ ત્યાંથી બસમાં સતલાસણા થઈ ગોઠડા, દલપુરા થઈ 16-17 માઈલ ચાલીને સણાલી પહોંચતા. બીજો રસ્તો ખેડબ્રહ્માથી મટોડા જઈ સાબરમતી ઓળંગી સણાલીનો હતો. ત્રીજો રસ્તો ટ્રેનમાં આબુરોડ થઈ અંબાજી રાત કાઢી સવારે બસમાં રાણપુર ઊતરી 10-11 માઈલ ચાલીને હડાદ થઈને સણાલી જતો. એક વાર જુલાઈ '59માં ગુજરાતભરમાં અતિવૃષ્ટિ થઈ ને નદીનાળાં ઊભરાયાં ત્યારે અમે ત્રણેય તારંગાથી સણાલી જતાં એક ઊભરાયેલા નાળાને 32 વાર ઓળંગીને ગયેલા. અમે બધાં કપડાં કાઢી, માત્ર ચડ્ડી પહેરી બધા સામાન ઉપર પ્લાસ્ટિક લપેટી તેને માથે મૂકી નાળું પાર કરતા. ક્યારેક પાણી ગળા સુધીનું રહેતું. તાણ પણ રહેતી. તે દિવસે અમે આખો દિવસ પદયાત્રા કરેલી ને અંધારું થતાં સણાલી આશ્રમ પહોંચ્યા ત્યારે ટાઢથી થરથરતા હતા.

ત્યાં આદિવાસી ગામડાઓમાં ગ્રામદાન સંકલ્પો થયેલા પણ અમે તે ગામે જતા તો કોઈને તેની જાણ સુધ્ધાં નહોતી. આદિવાસી વિસ્તારમાં ગામ એટલે ટેકરે ટેકરે ઝૂંપડી હોય. એક રાણપુર ગામનો વિસ્તાર 11 ચોરસ માઈલનો હતો. અમે ત્યાં જઈને શાળા ચાલુ કરાવતા. સરકારી ચોપડે શાળા ચાલતી હોય પણ ગામ ઉપર ક્યાંયે શાળાનું નામનિશાન ન હોય. બધા શિક્ષકો બજારના ગામ હડાદમાં રહેતા ને ખાઈપીને મજા કરતા. ઈન્સ્પેકટર પણ હડાદ જ આવતા, શિક્ષકો સાથે રહેતા ને કાગળો તપાસી હપ્તો લઈ જતા. શિક્ષકો આદિવાસી સરપંચ પાસે બાર મહિનાના બાર કાગળો ઉપર હાજરીના દાખલા લખાવી અંગુઠા ચંપાવી લેતા. ગામલોકોને છોકરાં ભણે તેમાં જરાયે રસ નહીં ! મેં શિક્ષકોને સમજાવી શાળાએ જતાં ને ઘંટ વગાડી બેસતાં કરેલાં. કોઈ ગામે 3 તો કોઈ ગામે 5-7 બાળકો શાળાએ આવતાં થયેલાં. આવી 5-7 શાળાઓ પાછળથી સર્વોદય યોજના હેઠળ લીધી હતી. મારી આ કામગીરીથી પ્રસન્ન થઈ દિલ્હીથી આદિવાસી કમિશ્નર શ્રીકાંત શેઠ ત્યાં જોવા આવેલા ને મને પ્રોત્સાહિત કરેલો.

હડાદ પાસે બેગડિયાવાસ ગામે મારો પરિચય વધેલો. એક આદિવાસી પરિવારને મારા કામમાં રસ પડેલો. તેથી ત્યાંની શાળા જોવા હરવિલાસબહેન આવેલાં. દાકતર જોશી, હરવિલાસબહેન ને હું અમે ત્રણ બેગડિયાવાસ તે ભાઈને ઘેર ગયેલાં ત્યારે તે ભાઈ હટાણું કરવા હડાદ ગયેલા. આવીને તેમણે અમારે માટે ભોજન બનાવેલું. મકાઈનો રોટલો અને તુંબડાનું શાક. તુંબડાના ટુકડા કરી ચૂલે પાણી નાંખી બાફેલા. એલ્યુમિનિયમની તપેલીમાં તે શાક અને લાકડાના ખાંડણિયા ઉપર બે જાડા રોટલા સાથે મીઠું આપી તેમણે અમને જમવા કહેલું. શાક ઉપર મીઠું ભભરાવી ત્રણેય જણે રોટલા સાથે તે ખાધેલું. એવી ગરીબી તે વિસ્તારમાં હતી. થાળી, ચમચી ન મળે. મસાલામાં મીઠા સિવાય હળદર, ધાણાજીરૂં ન મળે. મરચું હોય તે અમને ફાવે નહીં, તેલ-ગોળેય ન હોય. અમે તો એક ટંક ખાધું પણ તે લોકો તો બારે માસ બે ટંક આવું જ ખાતા હશે ! માટલામાંથી પાણી કાઢવા સૂકા તુંબડામાંથી બનાવેલો ડોયો તે રાખતા.

તે વિસ્તારમાં શાળાઓ ચાલુ કરી પછી શાળામાં ધો. 7 પાસ કરનાર ત્રણેક છોકરાઓને અધ્યાપન મંદિરની તાલીમ માટેય મોકલેલા. તેમને ત્યાં ના ગમે તો પાછા ભાગી આવે. વળી સમજાવી પટાવી મોકલીએ. તે વરસોમાં તે વિસ્તારમાં શિક્ષણની પરિસ્થિતિ આવી હતી. માસ્તર દૂરના કસ્બામાં રહી હાજરી પૂરે, પરીક્ષાનું પરિણામપત્રક ભરે ને ઉપલા ધોરણમાં ચઢાવે. વિદ્યાર્થી કાંઈ જ જાણતો ન હોય. બધું કાગળ ઉપર જ ચાલે ! સરકારી ગ્રાંટો વપરાય ને કાગળ ઉપર ભણતર વધે. વરસે એક વાર ગામે જઈ છોકરાંની ભરતી કરે ત્યારેય નામો સાચાં લખતા હશે કે ઉપજાવી કાઢતા હશે તેય તેઓ જ જાણતા હશે.

સણાલીની આશ્રમશાળાઓના હોંશિયાર વિદ્યાર્થીઓ પૈકી એકાદને હું દર મહિને સપ્તમી સભામાં જાઉં ત્યારે મારે ખર્ચે સાથે લઈ જતો. વારાફરતી ચાર-પાંચ છોકરા એ રીતે બસ-ટ્રેનમાં મુસાફરી કરી અમદાવાદ આવેલા.

કામ અત્યંત કપરું ને ધીરજ માંગી લે તેવું હતું. સણાલીના સર્વોદય કેન્દ્રને શાળાઓ ચાલુ કરી સોંપીને 1960ના જૂનમાં હું વળી પાછો મારી મૂળ સંસ્થા વડોદરા જિલ્લાની સર્વોદય યોજનામાં પાછો ફર્યો.

*

# ૧૧ : લગ્ન–પ્રકરણ

**ભૂ**મિદાનમાં જોડાયો તે અગાઉથી જ લગ્ન ન કરતાં બ્રહ્મચારી રહી બબલભાઈની જેમ પરિવ્રાજક જિંદગી વ્યતીત કરવાનું વિચારેલું. તે વખતે બબલભાઈએ વ્યાવહારિક સલાહ આપેલી કે પચીસ વર્ષ સુધી લગ્ન ન કરવું એટલો સંકલ્પ લેવો અને પોતાની વૃત્તિઓને જોતા રહેવું. ત્યાં સુધી લાગે કે બ્રહ્મચારી રહી શકાશે તો બીજાં પાંચ વરસ સુધી લગ્ન ન કરવાનો સંકલ્પ લંબાવવો. એમ 30 વરસ પછી બીજાં પાંચ વરસ એમ 35 વરસ એમ કરવું. પણ આજીવન બ્રહ્મચર્યનો સંકલ્પ ન લેવો. મારું સાદું શ્રમનિષ્ઠ, સ્વાવલંબી જીવન જોઈ સાથેના મિત્રોનેય હું લગ્ન નહીં કરું તેવી ધારણા બંધાયેલી. પણ મેં મારી વૃત્તિઓને જોઈ જીવનમાં દંભ ન થાય તેની કાળજી રાખી લગ્ન કરીને ઠરીઠામ થવાનો નિર્ણય જાહેર કર્યો. કેટલાયને આશ્ચર્ય થયેલું. પણ કોઈની કલ્પના મુજબ મારે જીવવાનું ન હતું. ગાંધીજીના સત્યાગ્રહના આંદોલનના વાયરે કેટલાયે કાર્યકરોએ આજીવન બ્રહ્મચર્યનો સંકલ્પ લીધેલો. તેમાંથી જુગતરામભાઈ, દિલખુશભાઈ, બબલભાઈ જેવા થોડાકને બાદ કરી બીજા કેટલાયે પાછળથી સંકલ્પ સાચવી શકેલા નહીં, પરિણામે સ્ખલનો થયેલાં ને સમાજમાં હાંસીપાત્ર બનેલા. આ બાબતમાં હું પૂર્ણ જાગૃત હતો.

હવે લગ્ન કરવું તો મને પરણે કોણ એ પ્રશ્ન થયો. હું તો ઘરબાર છોડેલો એકાકી, ત્યાગી માણસ. ન્યાત-જાતમાંયે ન માનું. તેથી જિંદગીના દરેક વળાંકે બબલભાઈનું માર્ગદર્શન મેળવતો તેમ તેમને પત્ર લખ્યો. કોઈ વિધવા, ત્યક્તા, દલિત, ઈતરધર્મી, ગરીબ અને મજબૂર એવી વ્યક્તિની સાથે લગ્ન કરી તેનો ઉદ્ધાર કરું તેવો આદર્શ હું મનમાં સેવતો હતો, તે લખ્યું. બબલભાઈએ લગ્ન કરવાના નિર્ણયને તો વધાવ્યો પણ કોઈનો ઉદ્ધાર કરવા લગ્નની વાત પ્રત્યે અસંમતિ દર્શાવી. તેમણે મને લખ્યું, ‘‘સ્વાભાવિક રીતે આપણા પરિચયમાં હોય ને અરસપરસ કાર્યથી જોડાયેલી વ્યક્તિ હોય, મનમેળ હોય, જિંદગીનો રાહ સાથે ચાલી શકે તેવી વ્યક્તિ હોય તેની સાથે જોડાઈ શકાય. પછી તેની નાત-જાત-ધર્મ-પરિસ્થિતિ ન જોવાય પણ એક આદર્શ નક્કી કરી પાત્ર શોધવા જઈએ તો જિંદગી બોજારૂપ થઈ શકે.’’ મને તેમની વાત વાજબી લાગી. હું હવે લગ્ન કરીને સ્થિર થઈને કોઈ આશ્રમમાં રચનાત્મક કાર્ય કરીશ એવો નિર્ણય મેં મિત્રો સમક્ષ જાહેર કર્યો. ગામમાં ઘર નહીં, સીમમાં ખેતર નહીં,

બેંકમાં બેલેન્સ નહીં, સોના-ચાંદીનાં ઘરેણાં નહીં એવો સ્વૈચ્છિક ગરીબીમાં જીવવાનો સંકલ્પ લેનારને તેવા જ આદર્શવાળી જીવનસાથી મળવી મુશ્કેલ હતી. કોઈ એવી તૈયારી બતાવે તો હું વાત કરું ને ! એવું એકમાત્ર પાત્ર હતું, આજે 52 વરસથી જેની સાથે લગ્નજીવનથી જોડાયો છું તે મંજુલા. તેના પિતા ગુજરી ગયેલા તેથી સ્વાતંત્ર્યસેનાની કાકા રસિકલાલ આઝાદ તેમના કુટુંબની જવાબદારી સંભાળતા હતા. મોટી ત્રણ બહેનો પરણેલી હતી. ચોથી કુમુદ સાંઢાસાલના જ કાર્યકર મિત્ર ભૂપેન્દ્રભાઈ સાથે જોડાયેલી. તે મારી સાથે વેડછીના અભ્યાસમાં હતી. ત્યાં અધ્યાપન મંદિરમાં હું સીધો બીજા વર્ષમાં દાખલ થયેલો ને તે પહેલા વર્ષમાં હતી. તેવી ત્રણ બહેનોને હું ક્યારેક અભ્યાસમાં મદદરૂપ થતો તેનો ઉલ્લેખ અગાઉ કરી ગયો છું. તે વખતથી ધર્મની બહેન થઈ મને રાખડી બાંધતી હતી. તેની નાની બહેન મંજુલા ખાદીધારી, રેંટિયો કાંતનારી, દર-દાગીનાનો શોખ નહીં રાખનારી અને વડોદરામાં ‘ભૂમિપુત્ર’ કાર્યાલયમાં કામ કરનારી હતી. ઉંમરમાં મારાથી 4-4|| વરસ નાની હતી. તેમાં બીજી બધી અનુકૂળતા હોઈ મારા મિત્રે તે પાત્રની દરખાસ્ત કરી અને મેં પસંદગી ઉતારી. અગાઉ બે-ત્રણ વરસ પહેલાં કોઈએ આવી દરખાસ્ત કરેલી ત્યારે 25 વરસ સુધી લગ્નનો વિચાર નહીં કરવાનો મારો સંકલ્પ હતો. 1960ના જુલાઈની ત્રીજી તારીખે (ભદ્રીનોમને દિવસે) આનંદીના મુવાડાના આશ્રમમાં સર્વોદયની લગ્નવિધિથી, સાદાઈથી અમારા સંચાલક શ્રી રમણભાઈ પંડ્યાના ગોરપદે અને પૂ. શ્રી પ્રેમલ મહારાજની હાજરીમાં અમે લગ્નગ્રંથિથી જોડાયાં. તે વખતે ખાદીભંડારમાંથી એક લેંઘો ને એક ઝભ્ભો ખરીદવાના રૂ. 20/- મારી પાસે ન હતા તે મારા મિત્ર પીયૂષભાઈએ આપેલા.

લગ્ન પછી છ માસ અમે આનંદીના મુવાડે ગ્રામસેવક તરીકે કાઢ્યા. પછી શશિકાંતભાઈ ગુજરાત નઈ તાલીમ સંઘના ફરતા શિક્ષક તરીકે જતાં મને શિક્ષણ-સંયોજકની જવાબદારી સોંપાતાં અમે પાંડુ રહેવા ગયાં. ત્યાંથી '62માં કૈલાસ આશ્રમમાં રહેવા ગયાં. તે વખતે અમારા સંચાલક શ્રી રમણભાઈ પંડ્યા સાંઢાસાલથી કૈલાસ આશ્રમ રહેવા આવી ગયા હતા. ઉપરાંત ઉપ-સંચાલક મથુરભાઈ પટેલ આશ્રમની ખેતી તથા મકાન-બાંધકામોની જવાબદારી સંભાળતા. હું શિક્ષણ-સંયોજક હતો તેથી બારેક શાળા અને એક ઉત્તર બુનિયાદી વિદ્યાલય ઉપરાંત એક-બે બાલવાડીઓ તથા કેન્દ્ર-સંચાલનનું કામ સંભાળતો. સંચાલક રમણભાઈ પંડ્યાને પૂછીએ તેટલો જવાબ આપે, બાકી

તેમની સાધનામાં વ્યસ્ત રહેતા. કાર્યકર્તાઓને પોતાની સૂઝ ને શક્તિ મુજબ તેઓ મુક્તપણે કામ કરવા દેતા. તેથી કાર્યકર્તાનું ઘડતર સારું થતું.

❖ ❖ ❖

સર્વોદય યોજનામાંથી હું વેતન લેતો છતાં ગુજરાત સર્વોદય મંડળમાં સાધનદાન સમિતિની કામગીરી સંભાળતો, કારોબારીનો સભ્ય પણ હતો. અવારનવાર સભા-સંમેલન-યાત્રામાં જતો. કાન્તા-હરવિલાસ બહેનો પણ અવારનવાર અમારે ઘેર આવતાં. તે વખતે તે બધાં વડોદરામાં કાર્યકર નિવાસમાં જ રહેતાં.

## અન્ય સ્મરણીય પ્રસંગો

હું કૈલાસ આશ્રમમાં હતો તે દરમિયાન સર્વોદય યોજનાના કાર્યકરોના વેતનમાં રૂ. 8/-નો વધારો થયો. મને શિક્ષણ-સંયોજક તરીકે રૂ. 120/- મળતા. મંજુને હિસાબનીશ તરીકે રૂ. 120/- મળતા. અમારું રૂ. 240/-માં નભી જતું. ઘરમાં અમે બે ઉપરાંત નાનો કપિલ હતો. આ રકમનો વધારો થયો એટલે બધા કાર્યકરોએ આ વધારાની રકમ કાર્યકર પરિવારને આપવી ને તેમાંથી કોઈ કાર્યકરને કોઈ આકસ્મિક વધારાનો ખર્ચ આવે અથવા છોકરાને ભણાવવાનો ખર્ચ થાય તો તેમાંથી મદદ આપવી તેવું સૌએ સાથે મળીને ઠરાવ્યું. રકમ વધે તો તેમાંથી ક્યાંક સામૂહિક પ્રવાસ કરવો કે કોઈ ચીજ-વસ્તુ લાવી દરેકને આપવી તેવું અમે નક્કી કરેલું. 3-4 વરસ આ પ્રયોગ ચાલેલો તેમાંથી એકાદવાર બધા પરિવાર સાથે નર્મદાકિનારે પ્રવાસ પણ કરેલો.

આ દરમિયાન એક હરિજન ખ્રિસ્તી બહેનને અધ્યાપનમાં તાલીમ અર્થે જવાનું થયું. તેમને મહિને રૂ. 30/-ની શિષ્યવૃત્તિ આપવાની જરૂર પડી. સર્વોદય યોજનામાં તે સગવડ ન હતી તેથી 10 માસના રૂ. 300/-ની મદદ શ્રી કીર્તનભાઈ ધારિયાએ આપી. આ રકમ ફરતી રહે ને વારાફરતી જરૂરિયાતવાળાને અપાય તેવી યોજના બનાવી. 3-4 કાર્યકર્તા તેમાંથી ભણ્યા હશે. આવા પારિવારિક પ્રયોગો અમે કરતા ને શિક્ષકો/કાર્યકરોને માત્ર નોકરી પૂરતો જ સંબંધ છે તેવું ન લાગવા દેતાં. તેથી દર મહિને એક રવિવારે પરિવારની મીટિંગ કરતા. સૌ જમવાનું પોતપોતાને ઘેરથી લાવતાં. 3-4 કલાક શ્રમકાર્ય કરતાં, સાથે બેસી પોતાનું ભાતું બધાંની વચ્ચે વહેંચીને ખાતાં ને ગ્રામસમાજ તથા શાળાના પ્રશ્નો ચર્ચતાં. તેમાં સંચાલકશ્રી રમણભાઈ પંડ્યા, ઉપસંચાલક શ્રી

મથુરભાઈ પટેલ, શશિભાઈ, પીયૂષભાઈ, ભૂપેન્દ્રભાઈ મનહરભાઈ વગેરેનો સાથ-સહકાર રહેતો. વળી શિક્ષકોનું સામાન્ય જ્ઞાન વધે તે માટે છ-બાર મહિને એક વાર લેખિત પરીક્ષા પણ લેતાં. કેટલાક શિક્ષકોને તે ન ગમતું પણ એકંદરે બધાને મજા પડતી તેથી થોડા ગાંગડું શિક્ષકોને ભળવું પડતું. કેટલાયે નોકરીલક્ષી શિક્ષકો ધીમે ધીમે ખાદી પહેરતા ને માસિક-મિલનોમાં ઊલટથી ભળતા થઈ ગયેલા.

❖ ❖ ❖

1963માં હું વિનોબાજી પાસે બંગાળની પદયાત્રામાં ગયેલો ત્યાંથી આવી ટીદ્રબીદ્રમાં સપડાયો. બે મહિને ટીદ્રબીદ્રમાંથી સાજો થઈ પાછો આવ્યો તેનો પણ ઇતિહાસ બની ગયો. ઘેર મંજુલાને સુવાવડમાં 27 દિવસનો કપિલ અને મને ટીદ્રબીદ્રનું નિદાન થયું. તે વખતે મીરાંબહેન, અરુણભાઈ, કરસનકાકા અમને હૂંફ રહે તે માટે સાથે રહેવા આવેલાં ને ઘરનો બધો બોજો ઉપાડી લીધેલો. નાનુ મજમુદારને જાણ થઈ કે મને ટીદ્રબીદ્ર છે ને ઘરમાં નાનું બાળક છે. તેથી ડૉક્ટર જોશીને લઈ વડોદરાથી વહેલી સવારે દહેરાદૂન એક્સપ્રેસમાં નીકળી ડેરોલ સ્ટેશને ઊતર્યા. તે વખતે એક બસ કાલોલથી ડેરોલ થઈ પાંડુમેવાસ આવતી હતી. જાણીતા તો ટ્રેનના છેલ્લા ડબામાં બેસી ટ્રેન ઊભી રહે કે તરત જ ડેરોલના રેલવે ફાટકેથી બસ પકડી લેતા પણ નાનુભાઈને કટોકટ સમયની ખબર નહીં. તેથી તે અને ડૉક્ટર જોશી ટ્રેનમાંથી ઊતરી બસની તપાસ કરવા ગયા તો બસ ઊપડી ગયેલી. બીજી બસ બપોરે સાત કલાક પછી. તેથી બંને જણે ચાલવા માંડ્યું. નવ માઈલ ચાલીને કૈલાસ આશ્રમમાં આવી ગયા. તેમની મારે માટેની ચિંતા અને તેને કારણે તેમણે વેઠેલી હાડમારી જોઈ હું ગદ્ગદ્ થઈ ગયો. નાનુભાઈએ તો મોટાભાઈની જેમ ઘેર આવી વ્યવસ્થા કરી દીધી. તે વખતે કાંતા-હરવિલાસ બહેનો અમારે ત્યાં હતાં. મારે વડનગરના ટીદ્રબીદ્ર સેનેટોરિયમમાં જઈ રહેવું ને કાંતાબહેને મારી સાથે જવું. ઘેર મંજુની સેવામાં હરવિલાસબહેન રહે તેમ વહેંચણી કરી દીધી. દાક્તર જોશીએ પણ આ યોજનાને મંજૂરી આપી દીધી. સર્વોદય કાર્યકરોમાં ગુજરાતમાં આ જે કુટુંબભાવ હતો તેનો જોટો ભારતમાં ક્યાંયે જોવા મળતો નથી. મારી પાસે ખર્ચવા માટે જે રકમ હોય તે આપવાની, બાકીનો ખર્ચ ટીદ્રબીદ્ર સેનેટોરિયમ કરશે. સર્વોદય યોજનામાં અમે 24 કલાકના કાર્યકર હતા તેથી રજાનો કોઈ સવાલ જ ન હતો. પવનાર ઉષાબહેનને મારી માંદગીની ખબર પડી ગઈ તેથી તેય કૈલાસ આશ્રમમાં આવી ગયેલાં ને મંજુની ઘરકામની બધી જ જવાબદારી ઉપાડી લીધેલી.

મારી ટીદ્રબીદ્રની બીમારી પણ ચમત્કારિક રીતે સારી થઈ હતી. બંગાળની યાત્રામાંથી આવી છાતીમાં દુઃખાવો રહેતો તેથી આણંદ દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્રમાં ડૉ. અમૃતભાઈ પટેલને બતાવવા ગયેલો. તેમણે સ્ક્રીનિંગ કરી ડાબા ફેફસામાં અડધા ઈંચના વ્યાસની કેવીટી (ખાડો) છે એમ નિદાન કરેલું. તે સાથે જરાયે ન ગભરાતા, નિયમિત દવા-આરામ કરવાથી મટી જશે તેવી ધરપત પણ આપેલી. તે વખતે સ્ટ્રેપ્ટોમાઈસીન ઈન્જેકશનનો 45-60-75 દિવસનો કોર્સ આવતો. રોજ ઈન્જેકશન લેવાનો મને કંટાળો. તેથી બ્રિટીશ મેડિકલ કાઉન્સિલે ‘યુનીથીબેન’ નામની ગોળીનો પ્રયોગ કરેલો. રોજ એક સાથે ચાર ગોળી દોઢ વરસ સુધી લેવાની હતી. મને ગોળી ગળવાનું ફાવે તેથી મેં આ પ્રયોગમાં રહેવાનું સ્વીકાર્યું. દવા લઈ ઘેર આવ્યો પછી નાનુભાઈ અને દાકતરે આવીને મને વડનગર સેનેટોરિયમમાં ખસેડ્યો. ત્યાં આરામ, ખોરાક, રોજની તપાસણી થતાં. દરમિયાન નારાયણભાઈએ વિનોબાને પત્ર લખ્યો તેમાં મારી બીમારીની વાત લખી હતી. તેથી વિનોબાજીનો પત્ર આવ્યો. હતો તો માત્ર પોસ્ટકાર્ડ પણ તેમાં તેમણે ટીદ્રબીદ્રનો અકસીર ઉપાય સૂચવેલો. તે વખતે ક્ષયરોગ એટલે રાજરોગ ગણાતો. હવા ખાવા માટે લોકો જતા ને આરામ કરતા. બાબાએ મને લખ્યું, ‘‘ભગવદ્‌ગીતા મેં હૈ ઐસા ‘ન કિંચિત્ અપિ ચિંતયેત’ કા અભ્યાસ કરો. ચિત્ત અનેકાગ્ર હૈ, ઉસે એકાગ્ર કરો. નામસ્મરણ સે વહ હો સકેગા. એકાગ્ર હોને પર શૂન્ય કી ઓર જા સકોગે. એકાગ્ર કરને કે લિયે નામસ્મરણ તુમ્હારી મદદ કરેગા. કિસી ભી નામ કા સતત જાપ કરો. મૈં તુમ્હારા અભિધ્યાન કરુંગા.’’ વિનોબાનો પત્ર એટલે જાણે દેવવાણી ! તે જ ક્ષણથી મેં રામ-રામનું રટણ શરૂ કરી દીધું. શરૂઆતમાં હોઠ ફફડતા ને શબ્દ નીકળતો. ધીમે ધીમે તેય બંધ થઈ ગયું. જાગૃતિપૂર્વક સતત નામ-સ્મરણ રહેતું. ધીમે ધીમે ચિત્ત એકાગ્ર થઈને શૂન્ય થવા માંડ્યું. દોઢ-પોણા બે માસ પછી મને તો સારું લાગવા માંડ્યું. દાકતર નવનીતભાઈ ફોજદાર ત્યાં હતા. મેં તેમને કહ્યું કે, ‘‘ભઈ, મારો એક્સ-રે લો ને જુઓ કે સારું છે તો મને જવા દો તો કામે લાગું.’’ તે કહે, ‘‘તમારું જે દરદ છે તે જોતાં છ મહિના તો સાજાં થતાં લાગશે.’’ છતાં તેમણે મારી માગણીથી એક્સ-રે લીધો. અને આશ્ચર્ય વચ્ચે કેવીટી ગાયબ ! તેમને શંકા પડી કે કાં વડનગરના કાં આણંદના એક્સ-રે મશીનમાં ખામી હોવી જોઈએ. એટલે મને આણંદ મોકલ્યો. ડૉકટર અમૃતભાઈને વાત કરી. તેમણે સ્ક્રીનિંગ કરીને જોયું તો વડનગરના મશીનની

વાત બરાબર હતી. તેમનેય આશ્ચર્ય થયું. મેં પૂછ્યું કે, ''પહેલી વખત તમે મને તપાસ્યો ત્યારે ગજવામાં કોઈ સિક્કો કે કાંઈક રહી ગયું હોય ને તમને કેવીટી લાગી હોય તેવી ભૂલ તો નથી થઈ ને ?'' તેમણે હસીને મને સંખ્યાબંધ એક્સ-રે પ્લેટો બતાવી. ગજવામાં કોઈ અપારદર્શક ચીજ હોય તો કેવું ચિત્ર આવે તે સમજાવ્યું. પણ હું છ મહિનાને બદલે પોણા બે માસમાં કેવી રીતે સારો થયો તે જાણવામાં તેમને રસ હતો. દવા-આરામ-ખોરાક બધું બરાબર હતું તો વધારામાં મેં શું કર્યું ? મેં વિનોબાના પત્રની અને જપયજ્ઞની વાત કરી ચિત્તને શૂન્ય કરવાનો પ્રયત્ન ચાલતો તેની વાત કરી. તેમણે માન્યું કે મેડિકલ સાયન્સમાં જે નથી તે વિનોબાની સલાહે કરી બતાવ્યું. હું 'ન કિંચિત્ અપિ ચિંતયેત્'ની નિર્વિચાર સ્થિતિમાં સતત તો રહી શક્યો ન હતો. મારો પ્રયાસ સતત રહ્યો હતો. નિર્વિચાર સ્થિતિ અલપઝલપ ચાલતી. પણ વિનોબાના અભિધ્યાનની પણ અસર હોઈ શકે તેવી મારી માન્યતા દૃઢ થઈ. નાસ્તિકો, નિરીશ્વરવાદીઓ ન માને તેવો આ અનુભવ છે.

❖ ❖ ❖

હું વડનગરથી કૈલાસ આશ્રમ પહોંચી ગયો પણ મારે જવાબદારીનું અને ચિંતા કરાવે તેવું કોઈ કામ કરવાનું ન હતું તેથી મારા મિત્ર પીયૂષભાઈની સલાહ થઈ કે મારે લોકભારતીમાં જઈ સ્નાતક થવું. ત્રણ વરસમાંથી એક વર્ષ મને માફ મળ્યું ને હું સીધો બીજા વરસમાં ગ્રામનિર્માણની શાખામાં દાખલ થયો. સફાઈવાળા કંચનભાઈ પટેલ મારી સાથે હતા. કાર્યકર તરીકે 8-10 વરસ કામ કરીને તેઓ પદવી લેવા દાખલ થયેલા. પ્રભુદાસ ગાંધીનાં દીકરી કમળાબહેન પણ મારી સાથે હતાં. તે વરસે પાણીની અછત હોઈ સત્ર જુલાઈમાં શરૂ થયેલું. ઑક્ટોબરમાં દિવાળી વેકેશન પડે તેથી અઢી-ત્રણ માસ હું રહ્યો ને સત્ર પૂરું થયું.

મારો વિદ્યાર્થી તરીકે લોકભારતીનો નિવાસ યાદગાર છે. તે વખતે નાનાભાઈ ભટ્ટ તો ગુજરી ગયેલા. મૂળશંકરભાઈ હતા પણ તેઓ સંસ્થા છોડી ભાવનગર રહેવા જશે તેવી વાત ચાલતી હતી. મારે ભણવાના વિષયોમાં રાજનીતિશાસ્ત્ર જદ્રુમદ્રુ શાહ લેતા, અર્થશાસ્ત્ર લક્ષ્મણભાઈ પટેલ લેતા. હિંદી મૂળશંકરભાઈ, અંગ્રેજી રજનીકાંતભાઈ, ગુજરાતી કાવ્ય ક્યારેક મનુભાઈ પંચોળી આવીને ભણાવતા. અંબર ચરખા ને ઉદ્યોગ ધનસુખભાઈ ચલાવતા. બીજા ગૌણ

વિષયોની વિગતો સ્મરણમાં નથી. હું '53માં ફેકલ્ટી ઑફ સાયન્સમાં ઈન્ટર સાયન્સના બે મહિના અને પછી '54-'55માં વેડછીમાં અધ્યાપન મંદિરનું બીજું વરસ કરીને 10 વરસ શિક્ષક-ગ્રામસેવક-ભૂદાન કાર્યકરનો અનુભવ લઈને આવેલો. 1953માં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ-વર્ધાનો હું કોવિદ થયેલો. એટલે મને હિંદીના વર્ગમાંથી મુક્તિ મળી. અંગ્રેજીના વિષયમાં તો ધો. 8-9 જેવું ભણવાનું હતું. ઉત્તર બુનિયાદીનાં ત્રણ વરસ પૂરાં કરી લોકભારતીમાં દાખલ થનારને અંગ્રેજીનો વિષય પહેલી વાર આવતો. હું તો ધો. 5થી 11 અંગ્રેજી ભણેલો. વળી કોલેજનું સવા વર્ષ તો અંગ્રેજી માધ્યમમાં જ ભણેલો. તે ઉપરાંત વિદેશોમાં પત્રમૈત્રી કરતો તેથી અંગ્રેજી પત્રવ્યવહારની ટેવ હોઈ મારું અંગ્રેજી પ્રમાણમાં ઘણું સારું હતું. તેથી રજનીકાંતભાઈએ મને વર્ગમાં બેસવાને બદલે લાયબ્રેરીમાંથી એક ચોપડીનું અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરવાનું સોંપ્યું. લાહોલ-સ્પિતિના વર્ણનની રસિક પુસ્તિકાનું મેં ભાષાંતર કરવા માંડ્યું તેથી અંગ્રેજીમાંથી મુક્તિ મળી. નામાનો એક વિષય અમારા ગ્રાદ્રુનિદ્રના આચાર્ય સોમાભાઈ લેતા. તેઓ ભણેલા પણ ગણેલા નહીં. એક વાર વર્ગમાં જમા-ઉધાર તેઓ શીખવતા હતા તેમાં બળદની ખરીદી કરી તો રકમ કેવી રીતે લખવી અને બે મહિના પછી બળદ મરી ગયો તો કઈ રીતે એન્ટ્રી પાડવી તે પ્રશ્ન દામજીભાઈ નામના એક મોટા વિદ્યાર્થીએ પૂછયો. સોમાભાઈએ કહ્યું કે બળદ ખરીદી ખાતે જમા કરવા. પણ તો સિલક કેવી રીતે મળે ? આ મૂંઝવણ વખતે મેં કહ્યું કે, તમે રજા આપો તો સમજાવું. ને વર્ગ મેં લીધો. લાઈવ સ્ટોક - ડેડ સ્ટોકનાં પત્રકો, સંસ્થામાં બળદ મરી જાય તો ઠરાવ કરી લાઈવ સ્ટોક પત્રકમાંથી કમી કરવો વગેરે મેં સમજાવ્યું. રોજમેળમાં તો નાણાંની લેવડ-દેવડ થાય તો જ એન્ટ્રી પડે તે વાત કરી. તે વર્ગ પછી સોમાભાઈએ મને નામામાંથી મુક્તિ આપી. હું પોતે નામું ભણેલો નહીં પણ કૈલાસ આશ્રમમાં સંસ્થાના હિસાબો કરતો તેને લીધે અને મારા જન્મજાત વણિક સંસ્કારને કારણે હિસાબમાં માહેર હતો. ગણિતમાં 100માંથી 100 માર્ક મેળવતો, તેથી ત્યાંના શિક્ષક કરતાં સૈદ્ધાંતિક અને અનુભવનું જ્ઞાન અનેકગણું હતું. આમ એક પછી એક વિષયોમાંથી મુક્તિ મળતી ગઈ. ગુજરાતી કવિતા દર્શક ભણાવતા તેમાં બહુ રસ પડતો. ને રાજનીતિશાસ્ત્ર ને અર્થશાસ્ત્ર તદ્દન નવા વિષયો મારે માટે હતા. એ બે જ વિષયો માટે લોકભારતીમાં બે વર્ષ કાઢવાનું મને ઠીક ન લાગ્યું તેથી દિવાળી વેકેશનમાં ઘેર આવ્યો પછી ન ગયો. લોકભારતીમાં મૂળશંકરભાઈનો અને બૂચભાઈનો પ્રેમાળ વર્તાવ મને ખૂબ ગમેલો.

હું બે વર્ષ માટે કૈલાસ આશ્રમમાંથી ગયેલો એટલે મારે સ્થાને બીજા કાર્યકર્તાને લઈ લીધેલા. હું બે-ત્રણ મહિને પરત ફર્યો તેથી અમારા સંચાલકને મૂંઝવણ થઈ ગઈ. તે વખતે સ્વયંસેવક (પટાવાળા)ની જગ્યા ખાલી હતી. મેં સહજ રીતે સંચાલકશ્રીને કહ્યું કે, તે જગ્યાએ હું વેતન લઈશ. અલબત્ત, કામ તો હું કરતો હતો તે જ કેન્દ્ર-સંચાલકનું કરીશ. સંચાલકશ્રીની મૂંઝવણ તો ટળી પણ તેમને વસવસો રહી ગયો. બે વર્ષ પછી સર્વોદય યોજનાનું નવું કેન્દ્ર લામડાપુરામાં શરૂ થયું ત્યારે ઉપ-સંચાલકના પદે તેમણે મને નીમ્યો હતો.

❖ ❖ ❖

1964ના જૂન માસમાં સર્વોદય યોજનાનું નવું કેન્દ્ર અમે સાવલી તાલુકાના દક્ષિણનાં 45 ગામ વચ્ચે બહુથા પસંદ કર્યું : ત્યાં જમીન ને રહેઠાણ ન મળતાં, નમીસરા ગામની સીમમાં જીવાભાઈ પટેલના બંગલામાં અમે રહેવા ગયા. હું ઉપસંચાલક ને પીયૂષભાઈ શિક્ષણસંયોજક. અમારાં બે કુટુંબો ત્યાં રહેતાં. બંને મિત્રો પણ સંયુક્ત કુટુંબની જેમ રહેતા. મારે એક દીકરો કપિલ ને તેમને બે દીકરા વિપુલ ને સુનીલ. અમે એક અઠવાડિયું મારે ઘેર તો એક અઠવાડિયું તેમને ઘેર જમતાં. રસોડું એક જ રાખ્યું હતું. ત્યાં રહી આજુબાજુનાં ગામોમાં ફરી જમીન શોધતા. લામડાપુરા ગામે વાસદના પટેલોએ અમને આવકાર્યા તેથી 1965માં હું લામડાપુરા આવ્યો. ત્યાં મંદિરની 10 એકર જમીન 99 વરસના ભાડાપટ્ટે લઈ અમે કાર્ય શરૂ કર્યું. આસપાસનાં 45 ગામોમાં શિક્ષણ-નશાબંધી-ખાદી-ગ્રામજનોના પ્રશ્નોના ઉકેલ વગેરેનું કામ હતું. પીયૂષભાઈ શિક્ષણ-સંયોજક તરીકે મારી સાથે હતા. અમે બે સાયકલો લઈ 15-20 માઈલ સુધીની ત્રિજ્યાનાં ગામડાઓમાં ફરી વળતા. ત્યારે અમારા હસ્તક બે બાલવાડીઓ, 32 પ્રાથમિક શાળાઓ, એક ઉત્તર બુનિયાદી શાળા, એક કન્યા છાત્રાલય અને એક કુમાર છાત્રાલય હતાં. સાવલીનો ખાદી ભંડાર બંધ પડી ગયેલો તે અમે સંભાળ્યો. પાછળથી તેને ભાદરવા બદલ્યો. અંબર ચરખાના વર્ગો શરૂ કર્યા. ખાદી ઉત્પત્તિનું કામ શરૂ કર્યું.

❖ ❖ ❖

1968માં દુકાળ પડ્યો. રાહતનાં કામો શરૂ થયાં. લામડાપુરાના તળાવનું ખોદકામ સરકારે મંજૂર કર્યું. તેમાં કુલ 14 ગામના મજૂરો કામે આવતા. એ કામની દેખરેખ હું રાખતો. માટીકામ માટે ચોકડીઓ કાઢી આપવી,

થયેલાં કામનું માપ લેવું, ઓજારો પૂરાં પાડવાં, તેને દુરસ્ત કરાવવાં, ધાર કઢાવવી અને વખતસર મજૂરી ચૂકવાય તેનું ધ્યાન રાખવું. સરકારની યોજના કાયમી ન હોય. થોડો વખત કામ આપે પછી સ્થળ બદલે. અમારે ત્યાં પણ આમ જ થયું. બે એક મહિના કામ ચાલ્યું પછી સરકારે કામ બંધ કર્યું. મજૂરોયે મૂંઝવણમાં પડ્યા ને હુંયે મૂંઝવણમાં પડ્યો. આમેય ઘરદીઠ અમે એક જ માણસને કામે રાખેલાં. જો કામ બંધ થઈ જાય તો મજૂરોનું ગુજરાન કેમ ચાલે ? કોઈપણ ભોગે કામ ચાલુ રાખવાનો મેં નિર્ણય કર્યો. મુંબઈ જઈ ફંડ કરી આવ્યો. વડોદરામાંયે મિત્રોએ મદદ કરી. અને અમે કામ ચાલુ રાખ્યું. પછી તો વડોદરાની લાયન્સ કલબ દ્વારા ડૉ. સ્વયંપતિનો પરિચય થયો. તેઓ CASA સંસ્થાના પ્રતિનિધિ હતા. તેમણે મજૂરી પેટે ઘઉં, તેલ, દૂધનો પાઉડર આપવાની યોજના મંજૂર કરી. અમે તે ઉપરાંત મીઠું, મરચું, હળદર, ધાણાજીરૂં, ગોળનાં પડિકાં પણ આપતાં. હોળીમાં ધાણી-ચણા-ખજૂર ને ખાંડનાં હારડાં પણ લાવીને આપેલાં. રોકડને બદલે ચીજ-વસ્તુના રૂપમાં મજૂરી ચૂકવતા અને ઠેઠ વરસાદ પડ્યો ત્યાં સુધી લગભગ 70-90 કુટુંબોને આ રીતે જીવતાં રાખેલાં.

*

**ભગવાન છે કે નથી તેની જાણ નથી પણ કુદરતમાં કોઈ એવું તત્ત્વ છે જે પ્રસંગે પ્રસંગે કોઈ એક વ્યક્તિને બરડે હાથ મૂકી તેના દ્વારા સમાજમાં નીતિ-ધર્મ-સદ્ભાવના પ્રસરાવે છે. તે તત્ત્વનો હાથ ઊઠી જતાં તે વ્યક્તિ બિનઅસરકારક થઈ જાય છે. રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રમણમહર્ષિ, દયાનંદ સરસ્વતી, શ્રી અરવિંદ, મહાત્મા ગાંધી, વિનોબા જેવા આ કોટીના મહામાનવોમાં ગણી શકાય.**

*

**જનસેવા એ જ પ્રભુસેવા છે પરંતુ જનતા જેને પ્રભુ માને છે તેમની (મૂર્તિઓની)યે ઉપેક્ષા કરવા જેવી નથી. જેને જનતા વચ્ચે કામ કરવું છે તેને જનતાની ભાવના જાણી-સમજી તેને આંચ ન આવે તેની કાળજી રાખવી ઘટે છે.**

# ૧૨ : શોષિતોની વહારે

**આ** કામને કારણે ગરીબ-આદિવાસી અને દલિતોમાં મારો પરિચય વધ્યો. તેમને માટે કાયમી કોઈ યોજના કરવાનું વિચાર્યું. તેટલામાં બાજુના અલિન્દ્રા ગામની અમારા ગામને અડીને આવેલી સીમની વડોદરાના શેઠની 700 વીઘાં જમીન ટોચમર્યાદામાં હતી, તેનું ગેરકાયદેસર વેચાણ થયું ને કચ્છના ખેડૂતોને તે જમીન વેચાઈ. આ જમીન જો મળી જાય તો ખેતમજૂરોમાં વહેંચાય ને કાયમને માટે તે લોકોનું દળદર ફીટે તેમ માની મેં ખેતમજૂરોનું સંગઠન કર્યું : સરકારમાં લખાપટ્ટી કરી. છાપામાં તે વિષે લખ્યું. પરિણામે પેલા શેઠના પેટમાં તેલ રેડાયું. તેમણે ગામના પટેલોને સમજાવ્યા કે, ‘‘મજૂરોનું સંગઠન બળવાન થશે તો આજે મારો વારો છે તો કાલે તમારો વારો આવશે. ને ખેતીકામમાં મજૂરો સંગઠિત થઈ કાયદેસર રોજગારી માંગશે.’’ એટલે ગામના ખેડૂતો મારી વિરુદ્ધમાં પડ્યા. ગામમાં બે ભાગ પડી ગયા. આદિવાસીઓ, બારૈયાઓ વગેરે ગરીબ વર્ગ અને પટેલોમાંથીયે કેટલાક મારી સાથે ભળ્યા. બાકીના પટેલો વિરોધમાં પડ્યા. તેમણે પ્રચાર કર્યો કે, ‘‘જગદીશભાઈ સર્વોદય કાર્યકરના વેશમાં સામ્યવાદી છે ને ખેડૂત-મજૂર વચ્ચે ઝઘડો કરાવવા માંગે છે.’’ પેલો બાજુના ગામનો જમીનદાર સિનેમાનો માલિક અને થોડા ગુંડાઓ પણ રાખતો. મારું ખૂન થશે તેવી અફવા ફેલાઈ. બીજી બાજુ ગામના પટેલોએ ‘જગદીશભાઈ સર્વોદય કેન્દ્ર છોડી બીજે જાય’ તેવી ઝુંબેશ ઉપાડી. હુંયે જીદે ચડ્યો હતો.

આ વખતે બબલભાઈ મારી વહારે આવ્યા. મારે ઘેર આવી આખી વાત સમજી ગામની મીટિંગ કરી. બબલભાઈએ મારે માટે બાંહેધરી આપી. ખેડૂત-મજૂરને લડાવવાની વાત નથી, માત્ર ગરીબોને જમીન આપી પગભર કરવાની વાત છે તેમ કહ્યું. પણ આ મજૂરોને પોતાની જમીન થઈ જાય તો અમારે ત્યાં મજૂરીએ ન આવે ને ! એવી દલીલ તે પૈકીના કેટલાકે કરી. આવું સામંતવાદી શોષણખોર વલણ તો ન જ ચલાવી લેવાય તેવું બબલભાઈનુંયે માનવું રહ્યું. આ દિવસોમાં વાતાવરણ ખૂબ તંગ હતું. મારું ખૂન થઈ શકે તેવી વાયકા ચાલેલી તેની જાણ ઝીણાભાઈ દરજીને થતાં તેમણે મને વ્યવહારુ સલાહ આપી. સર્વોદય યોજનાના સંચાલકથી માંડીને બધા કાર્યકરો આવા સંઘર્ષના વિરોધી હતા તેથી હું એકલો જ પડી ગયો હતો. ઝીણાભાઈએ સંઘર્ષ સમિતિની રચના કરી તેમાં ઝીણાભાઈ, સનત મહેતા, હરિવલ્લભ પરીખને લેવાની વાત

કરી. આ નામો સાથેની પત્રિકા તાલુકામાં બધે વહેંચવાની સલાહ આપી. તેમ કરવાથી હવે મારો પક્ષ મજબૂત થયો. પેલા જમીનદાર શેઠ, ગામના પટેલો અને બીજા મારા વિરોધીઓ ટાઢા પડચા. મારા માટેની લાગણી ધરાવનારાનો ડર ઘટચો. અમે સમિતિની બેઠક લામડાપુરામાં મારે ઘેર રાખી આસપાસનાં 14 ગામોનાં ખેતમજૂરોનું સંમેલન બોલાવ્યું. ગામના યુવક મંડળે સમિતિના આગેવાનોને ગામમાં આવતા રોકવા માટે સડક ઉપર મોરચો કર્યો. મને આ વાતની જાણ થતાં બીજા લાંબા અને કાચા રસ્તે તેમને આવવાની સૂચના આપી. સનત મહેતા અને હરિવલ્લભભાઈ તો આવ્યા. ગામની ભાગોળે જ તેમને ગામલોકોએ અટકાવ્યા. બોલાચાલી પછી હિંસા થઈ શકે તેવું વાતાવરણ થતાં સંમેલન રદ કર્યું. પણ સમિતિના સભ્યો આવ્યા છે ને તેમને જમવાનું છે તો જમીને જાય તેવો વચલો રસ્તો કાઢચો. ગામેગામ અફવા ફેલાઈ કે ''જગદીશભાઈને પાટીદારોએ માર્યા છે !'' તેથી તે સાંજે આખું ગામ સળગાવી દેવા ગામને ઘેરી લીધું. ગામલોકો ગભરાયા. મને મળીને છેલ્લો આદેશ માંગવા કેટલાક મજૂર-અગ્રણીઓ આવ્યા. તેમની તૈયારી જોઈ હું ગભરાયો. મજૂરો પોતાનો હક ગાંધીચીંધ્યા માર્ગે માંગે તેમાં હું સાથ આપું પણ બાળઝાળ ને મારપીટમાં તો હું સંમતિ ન જ આપું. મેં માંડમાંડ સૌને સમજાવી પાછા વાળ્યા. મને કોઈએ માર્યો નથી તેની ખાતરી થતાં સૌ પોતપોતાને ઘેર ગયા. હું તો મજૂરો માટે કામ કરતો હતો પણ તેમનેય મારે માટે કેટલી લાગણી હતી ને પોતાના જાનના જોખમે મારી વહારે તે બધા સંપીને આવ્યા હતા તે જાણી મને હરખ થયો. મારી પાછળ કેટલું પીઠબળ છે તે જાણ્યા પછી ગામલોકોયે સમજીને ટાઢા પડી ગયા.

❖ ❖ ❖

મજૂરોને કાયમ ખેંચમાં જ રાખવા તેવું પાટીદારી માનસ કામ કરતું હતું. તેથી ગામના આદિવાસીઓએ મને કહ્યું કે ''વરસોથી અમે એક જ ઝૂંપડામાં રહીએ છીએ. છોકરાનો વસ્તાર વધતાં રહેવાની જગ્યા ઓછી પડે છે તેથી અમને ઘરથાળના પ્લોટ મળે તો સારું. અમારા આશ્રમ અને ગામની વચ્ચે ત્રણેક એકરનો સરકારી ખરાબો હતો. મેં ઝીણાભાઈની સલાહ લીધી. તે વખતે દલિતો-આદિવાસીઓને ઘરથાળના પ્લોટ ફાળવી આપવાનો સરકારેય કાયદો કરેલો. પેલી ત્રણ એકર ખરાબાની જમીનમાં ગામના ખેડૂતો ખળાં કરતા હતા. તેથી તેમની દાનત એ જમીન નહીં આપવાની હતી. મેં હિંમત કરીને અડધી

જમીન ખળાં માટે રાખી બાકીની જમીનમાં એક-એક ગુંઠાના પ્લોટ અરજીઓ લઈ ગરીબોને માપી આપ્યા. પટેલોએ પણ વિરોધ ન કર્યો અને આશ્રમથી ગામને જોડતું સર્વોદય ફળિયું બંધાઈ ગયું. આજે ચાલીસ વર્ષેય તે મકાનો (ઝૂંપડાં જ કહોને) તેને ઠેકાણે છે. ગામ-તાલુકાના તલાટી-સર્કલ-મામલતદાર સુધી વાત પહોંચી પણ કોઈએ વિરોધ ન કર્યો. મેં કોઈની દરકારેય ન કરી. મારી પહોંચ ઠે...ઠ ઉપર સુધી છે તેવી છાપ પેલા આંદોલન ને સંઘર્ષ સમિતિની રચનાથી પડી ગઈ હતી. અલબત્ત, પેલા શેઠની જમીન જે ટોચમર્યાદામાં પડી ગઈ હતી ને તેનું વેચાણ ગેરકાયદેસર થયું હતું તેમાં હું આગળ કાંઈ ન કરી શક્યો. કોઈ સરકારી યોજનામાં જે કચ્છી ખેડૂતોની જમીન ગઈ હતી તેમને ટોચમર્યાદામાં મુકર્ર જમીન ખરીદવાનો અધિકાર છે તેવું પુરવાર થયું. આ બનાવમાં જો હું આ મુદ્દો છોડી દઉં તો મને કે આશ્રમને ખાસ્સી રકમ દાનમાં આપવાની તૈયારી જમીનદારે બતાવેલી પણ હું એમાં સંમત નહીં થાઉં તેવું મને જાણનારા મારા વિરોધીઓએ જમીનદારને કહેલું.

❖ ❖ ❖

સંઘર્ષનો બીજો એક બનાવ પરથમપુરા ગામે બનેલો. એક શિક્ષકે તે ગામના દલિતને પૈસા ધીરેલા. તેની ઉઘરાણી માટે જતાં તેની ગેરહાજરીમાં તેના ભાઈ સાથે બોલાચાલી ને મારપીટ થતાં પેલો દલિત મરી ગયેલો. તેથી તે લોકોએ મને લેખિત અરજી કરી ન્યાય અપાવવા માંગણી કરેલી. પેલો માણસ મરી ગયો એટલે તેનું અનુકૂળ પોસ્ટ મોર્ટમ કરાવી શબને દાટી દીધેલું. પેલો દલિત ખ્રિસ્તી હતો તેવી મને પાછળથી ખબર પડેલી. મેં આ પ્રશ્ન હાથ પર લીધો ને છાપે ચડાવ્યો તથા સરકારમાં લખાપટ્ટી કરી. તે વખતે શ્રીમન્નારાયણ અગ્રવાલ ગવર્નર હતા. તેમણે ભરચોમાસામાં રાજ્યના આરોગ્ય ખાતાના નાયબ નિયામકને તપાસ માટે મોકલેલા. તે કાદવ ખૂંદતા લામડાપુરા ગામે આવી મને મળેલા. મારામારી કરનારમાં એક શિક્ષક અમારો સર્વોદયનો જ વણિક હતો. તેથી ઊજળિયાતોની સહાનુભૂતિ તેના પક્ષે હતી. ‘‘મરનાર મરી ગયો છે તે ફરી જીવતો થવાનો નથી તો આ પ્રશ્ન મારે છોડી દેવો’’ એવું દબાણ અમારા વરિષ્ઠ કાર્યકર તરફથી આવેલું. હું પ્રશ્ન છોડી દઉં તો શાળાનો એક ઓરડો પેલો બાંધી આપશે તેવી ખાતરી આપી હતી તેથી સંસ્થાના નામે લાંચ લેવાની દરખાસ્ત આવેલી. મેં તેને ઠુકરાવેલી. તે વખતેય ઝીણાભાઈ દરજી તે ગામે આવેલા. મેં પ્રશ્ન ઉપાડ્યો તેથી પેલા મારનાર શિક્ષકને ફોજદારી ગુનાની કલમ 302 હેઠળ

બિનજામીનપાત્ર વોરંટથી પકડી પોલીસ કસ્ટડીમાં પૂરેલો. ઝીણાભાઈએ મને કહેલું કે, ''જગદીશ, આ કેસમાં કાંઈ વળવાનું નથી. મરનાર તો મરી જ ગયો છે; હવે ન્યાયમાં મારનારને સજા અને દંડ થાય. અત્યારે તે જેલમાં છે ને કેસ પતશે ત્યાં સુધી જેલમાં રહેશે. પોતે નિર્દોષ છે એમ પુરવાર કરવા તેને હજારો રૂપિયાનો ખર્ચ થશે. પોલીસ, વકીલ ને બીજાં તંત્રો તેને ફોલી ખાશે. એ રીતે તેનો દંડ પણ થઈ જશે. તારે આટલાથી સંતોષ માનવો.'' તેમણે આવા અનેક બનાવો જોયેલા એટલે તેમની સલાહ મેં ગાંઠે બાંધી આગળ ઉપર કેસ પડતો મૂકેલો.

આવા સંઘર્ષના કિસ્સાઓમાં સર્વોદય મંડળના કેટલાક કાર્યકરોનો મને ટેકો મળતો અને ભૂમિપુત્રમાં તેની વિગતો પણ છપાતી. છાપાંવાળા પણ મારાં વૃત્તાંતો છાપતા પણ સ્થાનિક પટેલો, તાલુકાના આગેવાનોને આ બધું ન ગમતું.

*

**ઉત્તરોત્તર આંતરિક વિકાસ કરવા માટે જ નહીં, બલ્કે પોતાનાં નીતિ–ધર્મ ને સદાચારના ધોરણમાં ટકી રહેવા પણ સદ્‌વાચન, સત્સંગ જરૂરી છે. જે સતત જાગૃતિપૂર્વક સત્સંગ–સદ્‌વાચનમાં પ્રવૃત્ત રહે છે તે ઉત્તરોત્તર આંતરિક વિકાસ કરે છે.**

*

**સમાજમાં દરેક કાળે સંતો, સદ્‌ગ્રંથો મોજૂદ હોય જ છે. તેમના પ્રતિ અભિમુખતા થવી તે જ કુદરતી કૃપા છે. તર્કની મર્યાદા છે. તર્કથી ઉપરની પણ એક સ્થિતિ છે તેનો સંસ્પર્શ થવો કુદરતની કૃપા છે.**

*

**પૂર્વજન્મ, પુનર્જન્મ, આત્મા, મનુષ્યેતર યોનીઓ આ બધાંનો આપણને પ્રત્યક્ષ પરિચય ન હોય તેથી એ ધતિંગ છે તેવું ન માની લેવું ઘટે.**

# ૧૩ : સ્વામીજીનો સત્સંગ

**મેં** સંઘર્ષ સમિતિની પત્રિકા છપાવેલી તેની નકલ સાવલીમાં એક જમીનદાર સમૃદ્ધ ખેડૂત પાસે પહોંચી. તેમની બેઠક સાવલીના સ્વામીજી પાસે હતી. તેમણે સ્વામીજીની હાજરીમાં આ પત્રિકાની ચર્ચા છેડી ને 'સર્વોદયના વેશમાં સામ્યવાદી વર્ગવિગ્રહ કરાવનારો આપણા તાલુકામાં કાર્યરત છે' - તેવી વાત કરી. સ્વામીજીએ વિગત જાણી સાવ જ જુદો મત વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, '' આ જ સાચો સર્વોદયી છે. બાકી રેંટિયા ચલાવવા ને નિશાળો ચલાવવી એ જ માત્ર તેમનું કામ નથી. ગરીબોને-દલિતોને ન્યાય અપાવવો, તેમનો ઉદ્ધાર કરવો, શોષણમાંથી છોડાવવા એવું હિંમતભર્યું કામ સર્વોદયવાળાએ કરવું જોઈએ.'' તેમની આ બેઠકમાં અમારા સર્વોદય પરિવારના એક શિક્ષક ત્યાં બેઠા હતા. તેમણે સ્વામીજીના મતની મને જાણ કરી અને મને તો જાણે અણધાર્યો ટેકો મળ્યો. હું સાવલી જઈ સ્વામીજીને મળ્યો. તેમણે પ્રેમથી મને મારા કામમાં આગળ વધવા પ્રોત્સાહન આપ્યું.

❖ ❖ ❖

આ સ્વામીજી એક વિશિષ્ટ સંન્યાસી હતા. મૂળ બંગાળી કોઈ જમીનદાર કુટુંબના નબીરા. તેમનાં મા વિદેશી, અધ્યાત્મપ્રેમી સન્નારી હતાં. 1955-56થી સ્વામીજી સાવલીમાં શિહોરા ભાગોળે આવીને રહેલા. તેમણે ભીમનાથના ખંડેર જેવા મંદિરનો જીર્ણોદ્ધાર કરેલો ને લોકો રોજ સવારે જે ભાગોળે શૌચ માટે જતા તે ભાગોળને અત્યંત સુંદર અને રમણીય સ્થાનમાં બદલી નાંખેલી. હું તેમને વિષે અલપઝલપ સાંભળતો. પણ મને ભગવાંધારી બાવાઓમાં મુદ્દલેય રસ નહીં તેથી 10-12 વરસ થયાં હું ત્યાં ફરકેલો નહીં. આ પ્રસંગ પછી મારે વારંવાર તેમની પાસે જવાનું થવા લાગ્યું. ને જેમ જેમ તેમના વિષે જાણતો ગયો તેમ તેમ તેમના પ્રત્યે મારી શ્રદ્ધા વધતી ગઈ.

આ સ્વામીજીનું નામ સુધ્ધાં સાવલીના મોટાભાગના લોકો જાણતા ન હતા. કોઈ સ્વામીજી કહે, કોઈ બાપજી કહે. સ્વામીજી તળપદી ગુજરાતી પણ બોલે. આખાબોલા ને કોઈની શેહમાં ન આવે તેવા. તેમણે કેટલાયે ગરીબોને સારી મદદ કરેલી. વ્યસનો કે સામાજિક પ્રસંગોમાં ખોટા ખર્ચ કરવા જમીન ગિરવી રાખીને વેળાસર પૈસા ભરી જમીન છોડાવી નહીં શકેલા અનેક લોકોને તેમણે તેમની જમીન છોડાવી આપેલી. પેલો ભાઈ આવીને બાપજીને પોતાની

કથની કહે એટલે જમીન ગિરવી રાખનાર શાહુકારને બોલાવવા મોકલે. જમીનના નવા કાયદાઓને કારણે શાહુકારો પણ મૂંઝવણમાં હતા. ક્યારે કંઈક કરીને જમીનમાંથી છુટાય તેવું તે લોકોયે ઇચ્છતા. સ્વામીજી તેની પાસેથી જમીન ઉપર કેટલું ધિરાણ કરેલું તેની પૂછપરછ કરી વ્યાજની રકમ બાદ કરી મૂળ રકમ પોતે ચૂકવી આપતા. પેલા ખેડૂતને પછી કહેતા, ''જો હવે આ જમીન મારી પણ તારે કુટુંબના બધા સભ્યો સાથે આ જમીન ઉપર મજૂરી માટે આવવાનું.'' તેના બધા સભ્યો પાસે મજૂરી કરાવે, સખત કામ લે, કપડાં ને જોડા ને કોઈ વાર જમવાનું પણ આપે. મજૂરી તો આપે જ. વ્યસન હોય તો છોડાવે ને ભવિષ્યમાં જમીન ગિરવી નહીં મૂકવાનું વચન લઈ એક-બે વરસ જમીન ઉપર તમાકુનું ધરુ કરી આવક કરી લે અને પછી પેલાને ''પૈસા વસૂલ થઈ ગયા છે, હવે તારે જમીન ખેડી ખાવાની'' એમ કહી જમીન સોંપી દે. આ રીતે અનેક ગરીબોની જમીનો તેમણે છોડાવી આપેલી. પેલો ધિરાણ કરનાર પણ ખુશ અને ધિરાણ લેનાર પણ ખુશ ! તમાકુનું ધરુ સ્વામીજીને ત્યાં એક જ ભાવે વેચાય. બજારમાં તેના ભાવમાં વધઘટ થાય, સ્વામીજી એક જ ભાવે વેચે. તેથી સવારની ટ્રેનમાં ટોપલા લઈ કેટલાયે ખેડૂતો ધરુ લેવા આવીને બપોરની ગાડીમાં પરત જાય. સ્વામીજી ઉધાર ન રાખે. ત્યાં પૈસા મુકાવે ને ધરુ આપે. આવું સમાજવાદી કામ કરનારો કોઈ સાધુ મેં જોયો-સાંભળ્યો ન હતો. સ્વામીજી પાસે ગરીબ-તવંગર સૌ આવે. પોતપોતાની મુશ્કેલી કહે. સ્વામીજી બને તેટલાના પ્રશ્નો ઉકેલી આપે. વઢે, આખું બોલે પણ છેવટે તોડ કરી આપે.

❖ ❖ ❖

આ સ્વામીજી પાસે એક પાકીટ હતું. તેમાંથી જ્યારે જેટલી જરૂર હોય તેટલા પૈસા કાઢી આપે. કોઈનું દાન લેતાં મેં સ્વામીજીને જોયા નથી. તે સૌને આપતા જ રહે ને ધાર્મિક સ્થાનોનો પુનરુદ્ધાર કરતા રહે. પોતે ભીમનાથ મહાદેવની જગ્યામાં રહેતા હતા પણ સાવલી ગામમાં માતાજીની દહેરી, બેઠકનું મંદિર, ભાથુજીની દહેરી બધાનો જીર્ણોદ્ધાર તેમણે કર્યો હતો. તે ઉપરાંત પ્રાથમિક શાળા, કૉલેજ, હોસ્પિટલ, આઈટ્ટીટ્ટઆઈટ્ટનાં મકાનો પણ તેમણે બાંધી આપેલાં. સાવલીની બહાર રણોલી પાસે નર્મદેશ્વર, પાવાગઢની સામે ધાબાડુંગરી, ઝાડેશ્વર પાસે નર્મદા કિનારે નીલકંઠેશ્વરનાં સ્થાનો પણ બનાવેલાં. સતત કડિયા-સુતારનાં કામો ચાલતાં જ રહેતાં. કારીગરો-મજૂરોને પૂરતી રોજી આપતા, બરાબર કામ પણ લેતા. પ્રસંગે જમાડતા પણ ખરા.

એક વખત સ્વામીજી પાસે હું બેઠો હતો ત્યારે ઈંટની ટ્રક આવી. ટ્રક ખાલી કરી ડ્રાઈવર પૈસા લેવા આવ્યો. ₹ 6430/- લેવાના હતા. ડ્રાઈવરે આંકડો કહ્યો એટલે સ્વામીજીએ પાકીટ ખોલી નોટોની થોકડી ગણ્યા વગર જ તેને આપી. પેલો ગણ્યા વગર જ ગજવામાં મૂકવા જતો હતો એટલે સ્વામીજી કહે, ''અલ્યા, ગણી તો લે, અમારા વધારે ન જાય.'' પેલો ડ્રાઈવર કહે, ''બાપજી, તમે ગણીને તો આપો છો !'' છતાં તેણે ગણ્યા તો બરાબર ₹ 6430/- જ હતા. તેમના આ પાકીટ વિષે સાવલીના ભક્તોમાં અનેક દંતકથાઓ ચાલતી.

❖ ❖ ❖

આ સ્વામીજીની કેટલીક વિશેષતા હતી. તેમનો ફોટો પાડવાની મનાઈ હતી. તેમની વાતો ટેપ કરવાની છૂટ નહીં, કોઈ સભા-સંમેલનમાં માઈક સામે બોલતા નહીં, કોઈને અગાઉથી મુલાકાત આપવાનું નક્કી કરતા નહીં, કોઈની પાસેથી દાન લેતા નહીં, તેમના ફોટા, ચોપડી, માળા, કી-ચેઈન કાંઈ જ ત્યાં વેચાતું નહીં, કોઈને કાગળ લખતા નહીં. તેમના હસ્તાક્ષર ભાગ્યે જ કોઈએ જોયા હશે. તેમની સ્મરણશક્તિ અત્યંત તેજ હતી. તેમને મળવા આવવામાં મોટા સરકારી અધિકારી - રાજકીય નેતાઓ કે સામાન્ય માણસો હોય, સૌનો એક સરખો આદર-સત્કાર થતો. જે વહેલો આવે તે આગળ બેસતો. કોઈ મોટા માણસને માટે જગ્યા કરવા કોઈને ઉઠાડતા નહીં.

'72માં કપરો દુકાળ પડ્યો ત્યારે તેમણે પશુ કેમ્પ કર્યો. આઠેક હજાર ઢોર તેમણે સાચવ્યાં હતાં. તેમાં મુખ્યત્વે ગાયો હતી પણ ભેંસ, ગધેડાં-ઘોડાયે લોકો મૂકી ગયેલાં. ઢોરને માટે પીવાનું પાણી બોરમાંથી નીકળી વહેતું આવે; ઢોરને માટે દાકતરોયે રાખેલા. સફાઈ માટે આદિવાસીઓ હતા. દરેકને વાજબી રોજી ઉપરાંત કપડાં, પગરખાં, જમવાનું પણ અપાતું. ઢોરનાં શિંગડાંને તેલ લગાડાતું, ઘાસ છૂટથી અપાતું. રોજે રોજ ઘાસની ટ્રકો આવતી ને ગંજીઓ ખડકાતી. વડોદરાના સર્વોદય કાર્યકર કાંતિલાલ હિંમતલાલ શાહનો દીકરો અમેરિકામાં દાકતર હતો. તે ગાળામાં કાંતિભાઈ દીકરાને ઘેર ગયેલા ને આવ્યા ત્યારે દુકાળમાં રાહત આપવા ₹ એક લાખ લાવેલા. તેમણે 25 હજારનો ચેક સ્વામી નારાયણના પશુકેમ્પમાં આપ્યા પછી 75 હજારનો ચેક સ્વામીજીને આપવા મને સાથે લઈ સાવલી ગયા. તેમણે સ્વામીજીને ચરણે ચેક ધર્યો. સ્વામીજી કહે, ''આ શું છે ?'' મેં વાત કરી. તે કહે, ''અમે ક્યાં ભીખ માંગીએ છીએ ? અમારી પાસે બડી સરકાર છે'' એમ કહી આકાશ તરફ

આંગળી કરી. કહે, ''કોઈ સેવાસંસ્થાને આપો, જે ફંડની અપીલ કરતી હોય.'' પાછળથી જાણ્યું કે વડોદરાના કલેકટરને આ પશુકેમ્પની જાણ થતાં જાતે સાવલી જઈ ઢોર દીઠ ₹ ૩॥ રોજના પ્રમાણે સરકારી સહાય લેવા સ્વામીજીને વાત કરી તો સ્વામીજીએ અમને આપ્યો તેવો જ જવાબ આપ્યો હતો.

❖ ❖ ❖

બાપજી ઉનાળામાં હિમાલયમાં જાય. 3-4 મહિને પાછા આવે. તેમના વાવડ મળે એટલે અમે મળવા જઈએ. આવી રીતે એક વાર ગયો તો મને કહે, ''ડેલહાઉસીમાં વિમલાતાઈ મળી હતી. વિદુષી છે. તેની સાથે વાત થઈ તો કહે, 'અમે છોકરાઓના શિબિર ચલાવીએ છીએ'. હવે પછી દિવાળીની રજામાં શિબિર આપણે ત્યાં કરવા મેં આમંત્રણ આપ્યું છે. તે કહેતી હતી કે જગદીશભાઈ અમારા શિબિરની વ્યવસ્થા કરે છે. જુઓ, શિબિરના ખર્ચ માટે આપણે કોઈની પાસે માંગવાનું નહીં. આપણે જ બધો ખર્ચ કરીશું.'' મેં કહ્યું, ''બાપજી, પાંચ દિવસ માટે 40-50 છોકરાંને રાખવાની આપણી પાસે ક્યાં જગ્યા છે ?'' તે કહે, ''ધાબાડુંગરીમાં કરીશું.'' તે વખતે ધાબાડુંગરી ઉપર એક આંખવાળું મકાન હતું. તેમાં બે ઓરડી હતી. એકમાં વિમલાતાઈ રહે ને બીજામાં તેમની સાથેની બહેનો રહે. પણ પછી છોકરા-છોકરીઓ માટે ને અમારે માટે રહેવાની-જમવાની કોઈ જગ્યા જ ન બચે. ત્રણેક મહિને ફરી મળવા ગયો ત્યારે મને ફરી યાદ દેવડાવ્યું કે, ''ધાબાડુંગરીમાં જ શિબિર કરવાનો છે.'' મેં મારી મૂંઝવણ રજૂ કરી. બાપજીએ તેમના ડ્રાઈવરને બોલાવી ગાડી મંગાવી. મને સાથે લીધો. અમે ધાબાડુંગરી પહોંચ્યા. બે માસ પહેલાં હું આવી ગયેલો. ત્યાર પછી તડામાર કામ ચલાવી બાપજીએ મોટો હોલ ને રસોડું બનાવડાવી દીધેલું. હોલમાં પાર્ટીશન કરીએ એટલે અલગ અલગ રૂમો થઈ જાય. બાપજી મને પૂછે, ''બોલો, બીજી શી વ્યવસ્થા કરવાની છે ?'' મારે તો જવાબ આપવા જેવું રહ્યું જ નહોતું !

અમારો શિબિર થયો પણ તેના બે દિવસ અગાઉ સ્વામીજી પુરી ઊપડી ગયા. મને કહેતા ગયા કે, વિમલાતાઈને કહેજો કે, ''અમારા સ્વામી તો બાળક જેવા નટખટ છે. તે આવાં તોફાન કર્યા કરે છે. તે ખોટું ન લગાડે.'' તાઈ આવ્યાં. મેં તેમને સ્વામીજીની વાત કરી. તાઈને સ્વામીજીમાં રસ પડ્યો. તેમણે સ્વામીજી વિષે હું જે કાંઈ જાણતો હોઉં તે કહેવા કહ્યું. મેં બધી વાતો-પ્રસંગો કહ્યા. સાવલીના લોકો તેમને માટે જે કાંઈ માને છે તે કહ્યું. અમે ઉપર

આંખ આગળ બેઠાં હતાં. નીચે ગુલાબનો બગીચો હતો તે જોઈ તાઈ કહે, ''આ સામાન્ય બગીચો નથી. આ તો શ્રીયંત્ર છે. આ સાધુ નક્કી સિદ્ધ પુરુષ છે. તેમનું નામ શંકરતીર્થ છે'' તેવું તાઈએ મને કહ્યું ત્યારે મેં જાણ્યું.

આ શિબિરની ઉત્તમ વ્યવસ્થા કરીને સ્વામીજી ગયા હતા. સવારના પહોરમાં ચા-દૂધ-ઉકાળો જેને જેટલું જોઈએ તેટલું. ગરમ નાસ્તો, બે વખત મિષ્ટાન્ન ભોજન, રમવા માટે સાધનો, પતંગ-દોરા, બધાંને પાવાગઢ લઈ જવા માટે જીપ પણ રાખેલી. બધાં ખુશ ખુશ થઈ ગયેલાં.

અમારે કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન-સુરતના ઉપક્રમે પ્રૌઢ શિક્ષણ સાહિત્ય-નિર્માણ અંગે શિબિર કરવાનો હતો. બાપજી કહે, ''ઝાડેશ્વરમાં આપણા નીલકંઠેશ્વરમાં શિબિર કરજો. બધી વ્યવસ્થા થઈ જશે.'' બાપજીની વ્યવસ્થામાં કોઈ કસર ન રહે. તે શિબિરમાં સર્વશ્રી નવલભાઈ શાહ, યશવંતભાઈ શુકલ, ઘેલુભાઈ, ચુનીભાઈ ભટ્ટ, મોહન દાંડીકર વગેરે વીસેક મિત્રો આવેલા. એક દિવસ બાપજી પોતે પણ આવીને ખબર લઈ ગયા હતા.

❖ ❖ ❖

1987માં મારા દીકરા કપિલનું લગ્ન હતું. બાપજી કહે, અહીં સાવલીમાં લગ્ન કરાવો. તે દિવસે 250 કુંડી યજ્ઞ ને ભંડારો હતો. બાપજી કહે, ''તમારે સર્વોદય કાર્યકરે ખર્ચ કરવાનો ન હોય. તમારાં સગાં-વહાલાંને અહીં બોલાવી લેજો. બધાંનું જમવાનું થઈ જશે. અહીં અઢીસો બ્રાહ્મણો હશે તેથી વિધિ પણ થઈ જશે.'' મારે તો અમારી રીતે વડોદરાના વિનોબા આશ્રમમાં જ લગ્ન કરવાનું નક્કી હતું તેથી સવિનય ના કહી. લગ્ન પછી કપિલ-ધરતી સાથે બાપજીના આશીર્વાદ લેવા ગયા. ત્યારે બધાને શું જમાડ્યું તેની પૂછપરછ કરી. પોતાની કુટિરમાં જઈ બે મોટા ચીકીના રોટલા, નાળિયેર અને ₹ 101 બંનેને આપી આશીર્વાદ આપ્યા.

❖ ❖ ❖

હું તો કુટુંબ સાથે તેમના દર્શને જતો. નાનો દીકરો ભરત બાપજીને વહાલો. અમે સામે બેસી બાપજીની વાતો સાંભળીએ પણ ભરતને પોતાની બાજુમાં ઊભો રાખી તેની બોચી પકડી રાખે. ધોરણ 12માં તેણે પરીક્ષા આપી તેનોયે પ્રસંગ વિશિષ્ટ છે. પરીક્ષાને આગલે દિવસે ભરત કહે, ચાલો, બાપજીના આશીર્વાદ લઈ આવીએ. તે વખતે અમે વડોદરા રહેવા આવી ગયેલા. અમે

બસમાં સાવલી જઈને પાાછા આવીએ તેમાં અડધો દિવસ જાય. જઈને બાપજીને વાત કરી કે કાલે ભરતની પરીક્ષા છે એટલે તેને પોતાની કુટિરમાં લઈ ગયા. દ્રાક્ષ, કાજુનાં પડિકાં, ઉપરાંત લખવાની પેન, પોતાનો ભગવો ટુવાલ એક ચાર્જેબલ જાપાનીસ બેટરી આપી. પરીક્ષામાં જતી વખતે પ્રસાદ ખાઈને જવાની સૂચના આપી. ભરતને 86% માર્કસ મળ્યા પછી દાકતરી લાઈન લેવી કે ઈલેકટ્રોનિક એન્જિનીયરિંગમાં જવું તેની દ્વિધા હતી. સગાં-સ્નેહીઓ બંને જાતની સલાહ આપતાં. તેથી બંને લાઈનનાં ફોર્મ ભર્યાં. છેવટે બેમાંથી એકની પસંદગી કરવાનો દિવસ નજીક આવ્યો. ભરત મને પૂછે. મેં કહ્યું, ''બાપજીને પૂછીએ.'' અને અમે સાવલી ગયા. બસ સાવલીની ભાગોળે પહોંચી એટલે ભરત કહે, '' બાપજીને પૂછવું નથી. મેં દાકતરી લાઈન લેવાનો નિર્ણય કર્યો છે.'' અમે ભીમનાથ પહોંચ્યા ત્યારે બાપજી આંટા મારે. બીજું કોઈ ત્યાં ન હતું. અમે દર્શન કરીને બેઠા એટલે બાપજીએ જ પૂછયું, ''અલ્યા, પછી તેં કઈ લાઈન લેવાનો નિર્ણય કર્યો ? જો તારાં મા-બાપ સેવાભાવી છે. દાકતર થઈશ તો સેવા કરવી હશે તો સેવા થશે અને કમાવું હશે તો કમાવાશે. ઈલેકટ્રોનિક્સ એન્જિનીયર થઈશ તો તારા મા-બાપ પાસે કરોડો રૂપિયા નથી કે તારું પોતાનું ફર્મ કાઢી શકે. એટલે તારે કોઈકને ત્યાં નોકરી જ કરવી પડશે. અને તેમાં કોઈ સેવા નથી.''

અમે તો અવાક્ જ થઈ ગયા. અડધો કલાક પહેલાં ભરતે જે નિર્ણય કર્યો હતો તેને જ બાપજીએ મહોર મારી હતી. બસમાં અમારે જે વાત થઈ તેની બાપજીને જાણ કરી ને ભરતે વડોદરાની મેડિકલ કોલેજમાં ભણવાનો નિર્ણય લઈ ફોર્મ ભર્યું ને વડોદરામાં જ તેને પ્રવેશ મળી ગયો. મેરિટની યાદીમાં તેનો દસમો નંબર હતો.

❖ ❖ ❖

ભરત M.B.B.S. થયો. પછી પાછા અમે બાપજી પાસે ગયા. તેઓ કહે, ''આ જમાનામાં કોઈ માસ્ટરી મેળવવી પડે. ભરત ઇચ્છે તો યુ.કે. ભણવા જાય. અમેરિકા કરતાં યુ.કે.માં ભણવાનું સારું છે. ત્યાંની પ્રજામાં એક શિસ્ત પણ છે.'' ભરત ઇચ્છત તો બાપજી તેનો યુ.કે.ના ભણતરનો ખર્ચ ઉઠાવવાયે તૈયાર હતા. પણ ભરતને તો વડોદરાની મેડિકલ કોલેજમાં ભણવું હતું. એટલે તેણે પીડિયાટ્રીશ્યનનો કોર્સ લેવાનો નિર્ણય કર્યો. તેમાં સારી હરીફાઈ હતી. આગલા વરસના એક વિદ્યાર્થીને એડમિશન આપવાનું હતું અને એક બેઠક

અનામતની હતી. તેથી ભરતનો નંબર ન લાગ્યો. અમે તો બાપજી પાસે ! બાપજી કહે, ''હિંદુસ્તાનમાં જ તેને ભણાવવો હોય તો ડોનેશન લઈને બેઠક મળે છે તેની તપાસ કરો.'' દક્ષિણ ભારતમાં મનિપાલમાં ત્રણ લાખ રૂપિયા દાન આપીને બેઠક મળતી હતી. બાપજી કહે, ''કાલે આવીને ત્રણ લાખ રૂપિયા લઈ જજે.'' મેં કહ્યું, ''સંન્યાસીના દાનમાંથી ભરતને ભણાવવો નથી.'' અને ભરતે ડિપ્લોમાની લાઈન લીધી.

❖ ❖ ❖

1984માં પંજાબમાં અશાંતિમાં શાંતિસૈનિકની ટુકડી મોકલવાનો પૂ. વિમલાતાઈએ નિર્ણય કર્યો. ગુજરાતમાંથી છ જણ તૈયાર થયા તેમાં મારો મોટો દીકરો કપિલ પણ હતો. અમે તો સહકુટુંબ બાપજી પાસે ઊપડ્યા ને કપિલના નિર્ણયની વાત કરી. તે વખતે તેનું ભણવાનું પણ ચાલુ હતું. બાપજી થોડીવાર વિચાર કરીને કહે, ''ભલે જતો, કામ સારું છે ને વિમલાતાઈ મોકલે છે તો જવા દો.'' કપિલને તેમની કુટિરમાં લઈ જઈ ઘણો બધો સૂકો મેવો ને ફળો આપ્યાં. ''આ બધું તમે છ મિત્રો ટ્રેનમાં વાપરજો'' – એમ કહ્યું. ભરત તે વખતે નાનો હતો. તેણે એકાદ ફળ લેવાનું કર્યું તો તેને રોક્યો. તેને બીજો પ્રસાદ આપ્યો. અને કપિલ ને બીજા પાંચ મિત્રો પંજાબ ગયા. તે દરમિયાન અમરાપુર ગ્રામભારતીમાં યુવાશિબિર ચાલે, નારાયણભાઈ દેસાઈ અને વિમલાતાઈ બંનેના સાંનિધ્યમાં. એક દિવસ ઇન્દિરા ગાંધીના ખૂનના સમાચાર આવ્યા. પંજાબમાં માર્શલ લો જાહેર થયો ને દિલ્હીમાં શીખોની કત્લેઆમ થઈ. વિમલાતાઈને ચિંતા થઈ, પેલા છ સ્વયંસેવકોની સલામતીની. પંજાબમાં ટેલિફોન ઠપ્પ કરવામાં આવેલા. વિમલાતાઈ તો મોતીભાઈ ચૌધરીને રોજ ગાંધીનગર મોકલે ને કોઈ પણ હિસાબે સંપર્ક કરવા મથે પણ ભાળ ન મળે. બધાંના જીવ પડીકે બંધાયેલા. મને કોઈ જાતની ફિકર નહોતી. ઉત્તમ કામ માટે તાઈએ તેને મોકલેલો ને બાપજીએ વિચારપૂર્વક તેને રજા આપી છે તેથી બધા હેમખેમ પાછા આવશે જ તેવી મને ગળા સુધી ખાતરી. ત્રીજે દિવસે અમદાવાદથી કલ્યાણભાઈ સમાચાર લઈને આવ્યા કે, ''બધા હેમખેમ દિલ્હી પહોંચી ગયા છે અને શીખોને માટે રાહતકામમાં લાગી ગયા છે. થોડા દિવસમાં ગુજરાત પાછા આવી જશે.'' મને બાપજીમાં પૂરી શ્રદ્ધા બેસી ગઈ હતી. અમારા કુટુંબ પ્રત્યે તેમની લાગણીની મને ખાતરી થઈ ગઈ હતી.

❖ ❖ ❖

સ્વામીજીના જીવન વિષે તેમને મોઢેથી જ કેટલીક વાતો સાંભળી હતી તે મુજબ તેમના પિતા અને માતા વચ્ચે ઉંમરનો ખાસ્સો ગાળો હતો. તેમની માને છોકરો સંન્યાસી બને તેમાં રસ હતો. મા લાખો રૂપિયાની સંપત્તિ મૂકી ગયાં હતાં. સ્વામીજી કહેતા, તેમાંથી હું ખર્ચ કરું છું. ચમત્કારની કોઈ વાત નથી. તેઓ દહેરાદૂનમાં પબ્લિક સ્કૂલમાં ભણેલા. તેથી રાજકુમારોની દોસ્તી હતી. પોતે સંન્યાસી થયા ત્યારે બાર વરસના વ્રતમાં સ્મશાનમાં રહેવું, કોઈ ઠેકાણે ત્રણ દિવસથી વધારે ન રહેવું, કોઈ ખાવાનું આપે તો ખાવું ને વાળ કપાવે તો વાળ કપાવવા ને નખ કપાવવા એવું અજાચક વ્રત રાખેલું. મારી સાથે કાન્તા-હરવિલાસ બહેનો, કાંતિભાઈ, ભોગીલાલ ગાંધી, સુભદ્રાબહેન, સોપાન - લાભુબહેન, વી.પી. ગિદવાણી ને બીજા અનેકને બાપજી પાસે લઈ ગયેલો.

❖ ❖ ❖

બાપજીની સ્મરણશક્તિનો એક પ્રસંગ યાદ છે. વીદ્રુપીદ્રુ ગિદવાણી કુદરતી ઉપચારના શિબિરો કરતા. તેમની બધી વાતો સાથે હું સંમત નહીં, છતાં તેમને પોતાની વાતમાં નિષ્ઠા અને તેવો જ આચાર. તેથી ગોત્રીમાં વિનોબા આશ્રમમાં શિબિર રાખેલો. તે દરમિયાન સાવલીની કોલેજમાં તેમનું પ્રવચન રાખેલું. તેમની સાથે હું ગયેલો. ગિદવાણીજીને યોગમાં રસ હતો તેથી યોગીને મળવામાંયે રસ. અમે કોલેજમાં પ્રવચન પૂરું કરીને સ્વામીજી પાસે ગયા. ગિદવાણીને અગાઉ સ્વામીજીને મળ્યાનું યાદ નહીં. અમે ભીમનાથ ગયા. સ્વામીજી કહે, ''આવો ગિદવાણીજી.'' ગિદવાણીજીને તો વાઢે તો લોહી ના નીકળે એવા છોભીલા પડી ગયા. રોજ સેંકડો માણસને મળનાર સ્વામીજી નામથી બોલાવે છે ને પોતાને મુદ્દલેય યાદ નથી ! બાપજી ગિદવાણીની મૂંઝવણ સમજી ગયા. વરસો પહેલાં અમારે ત્યાં કુદરતી ઉપચારમાં કામ કરનારી કર્ણાટકની બહેન વિજયા સ્વામીજી પાસે અમારી સાથે આવેલી, તેથી તે સ્વામીજીને જાણતી હતી. તે વખતે ગિદવાણીની યાત્રામાં તે બહેન સાથે હતી. ખેડબ્રહ્માામાં તેણે ગિદવાણીને બાપજીનો પરિચય કરાવેલો ને ગિદવાણીએ 'નિસર્ગોપચાર દ્વારા રોગમુક્તિ'ની ચોપડી બાપજીને આપેલી. બાપજી ઉપરછલ્લી નજરે તે જોઈ ગયા હશે ને ગિદવાણીજીના મિશનની વાતો જાણતા હતા. બાપજીએ જોયું કે કેમેય કરીને ગિદવાણીને મળ્યાનું યાદ આવતું નથી ત્યારે

તેમણે ઉપર જણાવેલો પ્રસંગ યાદ કરાવ્યો. તેમ છતાં ગિદવાણીને યાદ ન આવ્યું. એટલે બાપજી કહે, ''ગાયના દૂધ પર અમે ત્રણ વરસ કાઢ્યાં છે. રોજનું સાડા ત્રણ રતલ દૂધ અમે પીતા. ને આ માણસ ગાયના દૂધનો વિરોધ કરે છે પછી યાદશક્તિ કેવી રીતે ખીલે ?''

❖ ❖ ❖

એક વાર સ્વામીજી પાસે ગયો ત્યારે મને કહે, તમે આપણા વાસુદેવને મળ્યા છો ? તે નામના ઈન્દ્રાડ ગામના સરપંચ અમારા જાણીતા હતા. સ્વામીજી કહે, ''તે નહીં, આપણો નંદી.'' અને મને લઈને નંદીને મળવા ચાલ્યા. સાથે કેળાની લૂમ લીધી. બહાર ખુલ્લા ચોગાનમાં હાથીના બચ્ચા જેવો નંદી ફરતો-ચરતો હતો. બાપજીએ દૂરથી તેને નામથી બોલાવ્યો. ''અલ્યા વાસુદેવ, ઓ બોબડા ! અહીં આવ. આ જગદીશભાઈને મળ.'' બાપજીનો અવાજ સાંભળી નંદીએ કાન સરવા કર્યા. માથું ઊંચું કરી અમારી તરફ જોયું ને ધીમે પગલે નજીક આવવા લાગ્યો. તેના દર્શનથી જ મારાં તો હાંજા ગગડી ગયા હતા. હું જરા પાછો ખસ્યો એટલે બાપજી કહે, ''તમે તો અમારા મહેમાન છો. વાસુદેવ તમને કાંઈ નહીં કરે. તેને કેળાં ખવડાવો.'' મેં કેળાની આખી લૂમ તેને ખવડાવી દીધી. સ્વામીજીએ તેને થાબડ્યો પછી તે ગયો. ડાકોરના ઢોરબજારમાંથી સ્વામીજી તેને લાવ્યા ત્યારે સાડા ત્રણ વરસનો હતો. અહીં તો સૂકા મેવા, ફળ, મીઠાઈ-મિષ્ટાન્ન ઝાપટીને તે થોડા જ વખતમાં માતેલો સાંઢ થઈ ગયેલો. તેને રોજ નવડાવવામાં આવતો ત્યારે સ્વામીજી ત્યાં ઊભા રહેતા. બીજા કોઈને તો તે ગાંઠે જ શેનો ? તે ગુજરી ગયો ત્યારે છાપામાં ફોટા સાથે સમાચાર છપાયેલા.

❖ ❖ ❖

બાપજીને આંખે દરદ થયું તેથી નવસારીની આંખની હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યારે હું કોઈ મીટિંગમાં સેવાગ્રામ ગયેલો. વળતાં સુરત ઊતરી હું બપોરે નવસારી પહોંચ્યો. ઠે...ઠ ઉપરના માળે V.V.I.P. વાતાનુકૂલિત રૂમમાં સ્વામીજી રહેલા. ઉપર ગયો ત્યાં બહાર બોર્ડ લટકે, ''દરદી આરામમાં છે તેને ખલેલ પહોંચાડશો નહીં.'' તોયે ધીમે રહીને બારણું ખોલી હું અંદર ગયો. બારણું ખોલવાનો અવાજ થયો એટલે આંખે પૂમડાં મૂકેલા સ્વામીજીએ પૂછ્યું, ''કોણ ?'' મેં મારું નામ કહ્યું એટલે મને નજીક બોલાવ્યો. ઓરડામાં મંદમંદ

પ્રકાશ અને ધૂપની સુગંધી આવે. નવસારીના જ બાપજીના ભક્ત અમૃતભાઈ ખુરશીમાં બેઠેલા. બાપજીએ તેમને કહ્યું, ''હવે તમારે જવું હોય તો બહાર જઈ આવો. જગદીશભાઈ અહીં બેસશે.'' એટલે બાપજીની બાજુની ખુરશી ઉપર હું બેઠો ને અમૃતભાઈ ગયા. હું ક્યાં ગયો હતો ? શું કરી આવ્યો ? તેવા થોડા પ્રશ્નો પૂછી હાથ લંબાવી મને બાથમાં લીધો. તેઓ તો ચત્તા સૂતા હતા. મને ખેંચીને છાતી સરસો ચાંપ્યો. મારાં રૂંવે રૂંવાં ખડાં થઈ ગયાં. શરીરે પરસેવો વળી ગયો, આંખમાં ને મોંમાં પાણી આવી ગયાં. મને આવો અનુભવ અગાઉ કદી થયો ન હતો. થોડી વાર મને છાતી સરસો દબાવી પછી છોડચો. થોડી વારે અમૃતભાઈ પાછા આવતાં હું બાપજીની વિદાય લઈ નીકળ્યો.

આ પ્રસંગ પછી મને કોઈ દિવસ નાણાંની મુશ્કેલી નડી નથી. ત્યાર પછી મને એક પછી એક શ્રીમંત મિત્રો મળતા ગયા. અમારી પારિવારિક જરૂરિયાત હોય કે મારાં કામોમાં જરૂરિયાત હોય કે કોઈએ મારી પાસે આર્થિક મુશ્કેલી રજૂ કરી હોય ને મને મદદ કરવાની ઇચ્છા થઈ હોય – કોઈક ને કોઈક હરિનો લાલ આવીને મદદ કરી જ ગયો હોય. સ્વામીજીની કૃપાનું જ આ પરિણામ છે તેવો મને ભરોસો બેઠો છે.

સ્વામીજી સાથેના અસંખ્ય પ્રયોગો ને વાર્તાલાપોનું સ્વતંત્ર પુસ્તક થઈ શકે પણ આ પુસ્તકમાં આટલું પૂરતું માની વિષય બદલું. જો કે બાપજીના પરિચય પછી ભગવાંધારી બધા દંભી, લાલચુ, કૌભાંડી એવી મારી છાપ મારે સુધારવી પડી. અમે ત્યાં જઈએ ત્યારે સીધા તેમની પાસે જઈને બેસીએ ને સીધા નીકળી જઈએ. ત્યાં ભીમનાથ મંદિર, ગેબીનાથની સમાધીના દર્શને ના જઈએ. એક વાર બાપજીએ ટકોર કરી, ''સર્વોદયવાળા બધામાં ભગવાન જુઓ એમ કહે છે પણ બધાં જેને ભગવાન માની પૂજે છે તેમાં ભગવાન નથી એમ માને છે.'' ત્યાર પછી હું દર વખતે પહેલાં દર્શન કરીને જ બાપજી પાસે બેસતો.

હવે બાપજીને દેહ છોડચાને વીસેક વરસ વીતી ગયા પછી તેમના વિષે ત્રણેક પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે.

*

**ભણતર કરતાંયે સદ્વાંચન અને સત્સંગથી વધુ અને શાશ્વત જ્ઞાન મળે છે, અભિમુખતા હોય તો.**

# ૧૪ : સર્વોદય મંડળમાં પુનરાગમન અને કટોકટી

હું 1965માં ઉપસંચાલક તરીકે લામડાપુરા ગયેલો. ત્યાં સંસ્થાનાં મકાનો બાંધ્યાં ને ખાદી-શિક્ષણનાં અનેક કામો કર્યાં. પછી 1969માં શશિકાંતભાઈ ત્રિવેદી ગૂજરાત નઈ તાલીમ સંઘમાંથી પાછા આવ્યા. તેમને સંસ્થામાં સમાવવાનો સવાલ સંચાલકશ્રીને મૂંઝવે તે અગાઉ જ મારી જગ્યા મેં ખાલી કરી અને પાછો હું ગુજરાત સર્વોદય મંડળમાં જોડાયો. '69થી '78 નાં નવ વર્ષ લામડાપુરા રહી રોજ વડોદરા જતો. ‘ભૂમિપુત્ર’ના વ્યવસ્થાપક તરીકે, સર્વોદય મંડળના મંત્રી ને પછી પ્રમુખ તરીકેની કામગીરી સંભાળી. તે દરમ્યાન 1974માં ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી. બીજે જ દિવસે સાવરકુંડલામાં મંડળની કારોબારીમાં હિંમતપૂર્વક વિરોધ કરવાનો ઠરાવ થયો. ‘ભૂમિપુત્ર’ના ત્યારે સંપાદક ચુનીભાઈ વૈદ્ય હતા. તેમની ધરપકડ થાય તો બીજા-ત્રીજા એમ કાર્યકરો સંભાળે તેની વિચારણા થઈ.

અમે ફનાગીરીની તમન્ના સાથે ‘ભૂમિપુત્ર’ ચાલુ રાખ્યું. ચુનીકાકા સંપાદન કરતા. હું વ્યવસ્થા ને આયોજન કરતો. ‘ભૂમિપુત્ર’માં સેન્સર કર્યા વગર લેખો છાપતા. રાજ્યના અધિકારીઓની ટેલિફોન પર આવતી ધમકીઓને ન ગાંઠતા. સમાચારો માટે મેં ‘સર્વોદય સમાચાર વિચાર સેવા’ નામે સાયકલોસ્ટાઈલ્ડ પત્રિકા શરૂ કરી. તેમાં અહીં-ત્યાંથી મળતા સમાચાર છાપતા. પહેલાં બાબુભાઈ જશુ પટેલની જનતા પાર્ટીની સરકાર હતી. તેમાં ચુનીકાકા, અમુલખભાઈ વગેરેની મિસા હેઠળ ધરપકડ થઈ. પછી રાષ્ટ્રપતિ-શાસન આવ્યું. મારી ધરપકડના ભણકારા વાગતા હતા. એક વાર વડોદરાની કોઠી કચેરીમાંથી છૂપા પોલીસખાતાનું નિમંત્રણ આવ્યું. ઈન્સ્પેક્ટર શ્રી ઝવેરી હતા. તેમને મારે માટે સારી સહાનુભૂતિ હતી. અમે કોઈ જાતની ભાંગફોડ ન કરતા, જે કરતા તે છડેચોક કરતા. અધિકારીઓ પણ અમારી પત્રિકા મેળવતા ને સમાચાર જાણી સંતોષ માનતા. હું કચેરીમાં ગયો એટલે ઝવેરીએ મને કહ્યું કે અત્યારે મારી પાસે જેટલા કેસો છે તેમાં ચોથા ભાગના તમારે લગતા છે. સ્રુપ્રેસ્રુસરુની પત્રિકાઓ ઈન્દોર, કલકત્તા, કટક વગેરેથી ત્યાંની ભાષામાં આવી છે. તેમાં સંપાદક તરીકે તમારું નામ છે. તમે તે છાપો છો ? મેં ના કહી, તેમણે મને સૂચના આપી કે હું તમને પૂછું તેનો હા કે નામાં ટૂંકો ઉત્તર આપજો. પછી તેમણે રાઈટરને બોલાવી મારી પદ્ધતિસર પૂછપરછ કરી. મને વિવિધ ભાષામાં

નીકળતી સર્વોદય પ્રેસની પત્રિકા બતાવતા જાય ને તે વિષે પૂછતા જાય. ''આ તમે કાઢી છે ? છપાવી છે ? તમે તે વિષે કાંઈ જાણો છો ?'' હું ના-ના કર્યા કરું. ગુજરાતી પત્રિકા મારા નામથી કાઢતો ને છાપી રવાના કરતો તે સિવાય બીજી જાણકારી ન હતી. તેમણે રાઈટરને વિદાય કરી જવાબો લખવા સૂચવ્યું. મારા પ્રત્યેની તેમની સહાનુભૂતિ જોઈ મેં પૂછ્યું, ''મારી ધરપકડ ક્યારે થવાની છે ?'' તે કહે, કોંગ્રેસની સરકાર આવશે ત્યારે તમારી ધરપકડ થશે.'' મેં કહ્યું કે, ''મારી ધરપકડ થાય ને મને વડોદરાની જેલમાં જ રહેવાનું થાય તો દર અઠવાડિયે મારા કુટુંબને મળવા આવવાનું પોષાય.'' તે વખતે વડોદરાવાળા અમદાવાદની જેલમાં ને અમદાવાદવાળા વડોદરાની જેલમાં હતા. ઝવેરીએ કહ્યું કે, ''મારાથી બનશે તે કરીશ.''

અને છેવટે ધરપકડની ઘડી આવી પહોંચી. હું સેવાગ્રામથી પાછો વળતો હતો ત્યાં બારડોલીમાં જ મને જાણ થઈ કે પોલીસ તમારી ભાળ કાઢે છે. ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન પૂરું થયું હતું ને માધવસિંહ સોલંકીની કોંગ્રેસી સરકારે વહીવટ સંભાળેલો.

વડોદરા પહોંચી કાર્યાલયમાં હિસાબ કરતો હતો ત્યાં જ પોલીસની ટુકડી આવી ગઈ. મારી ધરપકડનું વોરંટ મને બતાવ્યું. મને લામડાપુરા ઘેર જવાની મંજૂરી ન મળી. કલાકેક મારું કામ પતાવ્યું ત્યાં સુધી પોલીસ રોકાઈ પછી મને વડોદરાની જ સેન્ટ્રલ જેલમાં લઈ ગઈ. આ અગાઉ ડિફેન્સ ઓફ ઇન્ડિયા રુલ્સ હેઠળ મારી અટકાયત થઈ હતી ને હું જામીન ઉપર છૂટેલો. પણ મિસામાં પકડાયા પછી તેની તારીખે હાજર થવાની કડાકૂટ ન રહી.

અમને જેલમાં બહુ દુઃખ હશે તેવું બહારના માનતા પણ વાસ્તવમાં બહાર કરતાં અમને જેલમાં વધુ મજા હતી. બેડમિંટન રમવાનાં સાધનોયે મળતાં. અમને એકંદરે મુક્તતા હતી. ભોજનમાં વર્ગ 1 અને 2ના કેદીઓનું અમારું ભેગું રસોડું હતું. તેમાં અમદાવાદ (સાણંદ)ના ડોકટર શાંતિભાઈ પટેલ રસોડું સંભાળતા. રોજ બહારથી એક શાક તૈયાર આવતું. એક શાક જેલના રસોડે બનતું. જે કોઈ મળવા આવે તેની સાથે સૌ મળી શકતા. નાસ્તામાં બેકરીની ચીજો, ફરસાણ વગેરે ભરપૂર હતું. ભાઈદાસભાઈ પરીખની સાથે હું હતો. તેઓ મારી કાળજી રાખતા. અમે બહાર જઈ નહોતા શકતા તેટલી મર્યાદા હતી. બાકી વાંચવા-લખવાનીયે છૂટ હતી. જેલર મલેક પણ અમને માનથી

જોતા. અમદાવાદના પ્રકાશ શાહ, હસમુખ શાહ, નવલભાઈ, વકીલ ચંદ્રકાંત દરુ, નરભેશંકર પાણેરી, બબાભાઈ પટેલ, દિનેશ શાહ, રામલાલ પરીખ વગેરે સાથે હતા. ચર્ચાઓ થતી, વર્ગો લેવાતા ને મજા કરતા. '76ના ડિસેમ્બરમાં મારી ધરપકડ થઈ ને 25-26 દિવસમાં જાન્યુઆરી 1977માં તો બધા છૂટી ગયા.

જેલમાંથી છૂટી હું લામડાપુરા ગયો ત્યારે ત્યાંના પાટીદારો મને અહોભાવથી જોવા લાગ્યા હતા. ઝીણાભાઈ, સનતભાઈ વગેરે કોંગ્રેસમાં હતા ને હું તેમનાથી છૂટી ‘કોંગ્રેસ-વિરોધી’ (કટોકટી-વિરોધી) થયો હતો તેથી તેમને હરખ હતો. પછીની પાર્લામેન્ટની ચૂંટણીમાં કોંગ્રેસે વડોદરા જિલ્લાની બેઠક ઉપર શ્રીમંત મહારાજા ફત્તેસિંહરાવને ઊભા રાખેલા. તેમની વિરુદ્ધ પ્રચાર કરવા આસપાસનાં ગામડાંઓમાં મારી સભા ગોઠવાતી. જોકે તે ચૂંટણીમાં ઇન્દિરા ને કોંગ્રેસ હાર્યાં હતાં. અલબત્ત, અમારા વિસ્તારમાં મહારાજા જીત્યા હતા.

❖ ❖ ❖

કટોકટીના કેટલાક બનાવો સ્મરણપટ પર આવે છે. જયપ્રકાશજીને જેલમાં કિડનીની તકલીફ થઈ એટલે તેમને છોડયા. ત્યારે તેમને ડાયાલિસીસની આંતરે દિવસે જરૂર પડતી. પ્રારંભમાં મુંબઈમાં જશલોક હોસ્પિટલમાં તેમને રાખ્યા પછી પોતાનું જ એક ડાયાલિસીસનું હરતું ફરતું યંત્ર ખરીદી લેવું તેવું વિચારાયું. તે માટે સર્વશ્રી દાદા ધર્માધિકારી, કેદારનાથજી, રવિશંકર મહારાજ અને સ્વામી આનંદના નામથી દાનની અપીલ બહાર પડી. દાનની રકમ વડોદરામાં મોકલવાની અપીલ હતી. ગુજરાતમાં કટોકટીનો ત્રાસ પ્રમાણમાં ઓછો હતો. જરૂર એક-દોઢ લાખની હતી. ભૂમિપુત્રમાં અપીલ છપાઈ ને મુખ્યત્વે ગુજરાત અને મુંબઈના દાતાઓએ ટૂંક સમયમાં જ સાડા ત્રણ લાખ ભેગા કરી દીધા. ત્યારે વડાપ્રધાનના કાર્યાલય તરફથી ₹ 99,999/-નો ચેક આવ્યો. જરૂરી રકમ ભેગી થઈ ગઈ હતી તેથી આ ચેકની જરૂર ન હતી. હું તે પાછો મોકલવાનો હતો પણ તે અગાઉ મુંબઈ ફોન કર્યો. મને ચેક લઈ મુંબઈ બોલાવવામાં આવ્યો. જેદ્રપ્રદ્ર જસલોક હોસ્પિટલમાં પથારીવશ હતા. તેમણે કહ્યું, ‘‘ઇન્દુ બેટીને ચેક ભેજા હૈ ઉસે લૌટાના હૈ, ઉસકા પત્ર મૈં લિખુંગા.’’ અમે નાના કાર્યકર્તાઓ તો એમ જ માનતા હતા કે જેદ્રપીદ્રની કિડની જાણી જોઈને ખરાબ કરવામાં આવી છે. ઇન્દિરા ગાંધીના વફાદાર હરિયાણાના મુખ્યમંત્રી બંસીલાલે જેલમાં તેમને એવો ખોરાક આપ્યો જેથી કિડની ખરાબ થઈ ગઈ. પણ જેદ્રપીદ્ર એવું નો’તા માનતા. ઇન્દિરાજીની જોહુકમી સામે તેમને

આક્રોશ હતો પણ આખરે મોટાભાઈ સમાન જવાહરલાલની બેટી હતી ને ! તેમણે વિવેકપૂર્વક કાગળ લખી ચેક પરત કર્યો.

જેદ્રપીદ્રને સારું લાગતાં દેશભરમાં લોકજાગૃતિ માટે પ્રવાસે નીકળ્યા. વડોદરામાં નાનુભાઈ અમીનના અધ્યક્ષસ્થાને સ્વાગત સમિતિ બની તેના મંત્રીની જવાબદારી મને સોંપાઈ. જે.પી.ની પોલોગ્રાઉન્ડ પર ગંજાવર મોટી સભા થઈ ત્યારે મંચ ઉપર જેદ્રપીદ્ર સાથે માત્ર હું જ ઉપર હતો. સલામતીની દૃષ્ટિએ મંચથી દૂર જનતાને બેસાડવામાં આવેલી. જેદ્રપીદ્રને તે પસંદ નહોતું. લોકો પણ નજીક આવવા ઇચ્છતા હતા. મેં પોલીસની પરવાનગી લીધા વિના મંચ ઉપરથી લોકોને નજીક આવવા સૂચના આપી તેથી જેદ્રપીદ્ર અને લોકોને ગમ્યું પણ પોલીસવડાને ન ગમ્યું. તેમની સલામતીની જવાબદારી હતી ને !

જદ્રપ્રદ્રના ગુજરાતના પ્રવાસ માટે દરેક ઠેકાણે સ્વાગત સમિતિઓ બની હતી. અમદાવાદ-વડોદરા-ભરૂચ-સુરત અને ભાવનગરમાં તેમની મોટી સભાઓ થઈ હતી. વડોદરાથી હું તેમાં જોડાયો હતો. ત્યારે પહેલી જ વાર સુરતથી નાનકડા વિમાનમાં અમે ભાવનગર ગયેલા.

❖ ❖ ❖

કટોકટીમાં બિહારના કાર્યકરોની આડેધડ ધરપકડો થઈ હતી. ગુજરાત પાસે જેદ્રપીદ્રના નામની રકમ જમા હતી. બિહાર જઈ કાર્યકર્તાઓના પરિવારોને નાણાંની મદદ કરવાનું નારાયણભાઈએ વિચાર્યું. રોકડ રકમ લઈને પટણા જઈ વહેંચવાની હતી. તે માટે મારી પસંદગી થઈ. તે વખતે તમાકુના વેપારીના સ્વાંગમાં હું પટણા જઈ એક પંજાબી હોટલમાં ઊતર્યો હતો. મારી રૂમ પર ત્રિપુરારિશરણ, કુમાર પ્રશાંત, ડૉ. રામજીસિંહ, શુભમૂર્તિ છુપાઈને આવતા. તેમને મેં 26 હજાર રૂપિયા જેવી રકમ વહેંચી આપેલી. ગુજરાત કરતાં બિહાર, હરિયાણા વગેરેમાં કટોકટીની ધાક જબરી હતી.

❖ ❖ ❖

સર્વોદય મંડળોમાં પણ કેટલાંક રાજ્યોમાં જેદ્રપીદ્રવાળા ને વિનોબાવાળા એવા બે ભાગ થઈ ગયેલા. એ વખતે ગુજરાતનું સર્વોદય મંડળ અડીખમ રહ્યું હતું. વિનોબાજીના વિચારોને માનનારા કટોકટીના વિરોધમાં આગળ નહોતા આવતા છતાં જેદ્રપીદ્ર માટે તેમનું માન ઘટ્યું ન હતું. અમારું

લગભગ આખું ગુજરાત સર્વોદય મંડળ કટોકટીના વિરોધમાં જેદ્રપીદ્ર સાથે હતું છતાં વિનોબાજી માટે આદર ઘટ્યો ન હતો. ગુજરાતમાં સર્વોદય મંડળમાં બે ભાગ પડે તે માટે ઇન્દિરાજીની નિકટના સર્વોદય કાર્યકરોએ મથામણ કરેલી પણ તેમણે ગુજરાતમાં જેમને જેમને પૂછયું તે બધા ગુજરાત સર્વોદય મંડળની સમાંતર મંડળ બનાવવા તૈયાર નો'તા થયા. જેવી કટોકટી ઊઠી કે તરત ગુજરાત સર્વોદય મંડળની બેઠક વડોદરામાં મળી. તેમાં સર્વસંમતિથી અધ્યક્ષ તરીકે મીરાંબહેનની વરણી કરેલી. ત્યારે મીરાંબહેન લોકસેવક પણ નહોતાં. તેમને ત્યાં જ ફોર્મ ભરાવેલું. આ મંડળની એકતા હતી.

હું ગુજરાત સર્વોદય મંડળમાં કારોબારીનો સભ્ય તો લગભગ કાયમ માટે રહ્યો હતો. પણ સહમંત્રી, મંત્રી અને પ્રમુખ તરીકે મળી કુલ અઢારેક વરસ હોદ્દા પર મેં ગાળ્યાં છે. સર્વ સેવા સંઘ (અખિલ ભારત સર્વોદય મંડળ)માં પણ હું લગભગ દરેક અધિવેશન અને કારોબારીમાં જતો. ત્યાંયે સહમંત્રી અને મંત્રીની તથા ટ્રસ્ટી અને વ્યવસ્થાપક ટ્રસ્ટીની જવાબદારી મને સોંપાયેલી. પ્રમુખ તરીકે પણ મને તૈયાર કરવા 2008ના ચેન્નાઈના અધિવેશનમાં બંગ સાહેબ સહિત પૂર્વ પ્રમુખોએ આગ્રહ કરેલો. પણ મારું સ્વાસ્થ્ય, સ્થાનિક જવાબદારીઓ અને સતત દેશભરમાં ફરવાની મર્યાદાને કારણે સવિનય તેમના આગ્રહને મેં નકારેલો.

*

**આંતરિક વિકાસમાં સહાયક અને દુન્યવી ચીજ-વસ્તુઓ પ્રત્યે અનાસક્ત હોય તેવાં પતિ-પત્ની અને સંતતિ પ્રાપ્ત થવી તેય કુદરતની કૃપા જ સમજવી.**

*

**પરિવારજનો અને સાથી કાર્યકરો સાથેના વ્યવહારમાં શુદ્ધ ન્યાય નથી ચાલતો. પ્રસંગે પ્રસંગે સમાધાનો કરવાં પડે છે અને તે જ સાચો વ્યવહાર છે.**

# ૧૫ : શાંતિ–સૈનિકની કામગીરી

**મા**રા જીવનમાં શિક્ષક તરીકે આનંદીના મુવાડાના અનુભવો યાદગાર છે તેમ શાંતિ–સૈનિક તરીકેની કામગીરી પણ યાદગાર છે. 1956-'58માં મહાગુજરાતનાં આંદોલનો વખતે ગુજરાતભરમાં તોફાનો ફાટી નીકળેલાં. વડોદરા શહેરમાં તે વખતે સરઘસો નીકળતાં, પથ્થરમારો થતો. સ્ટ્રીટ–લાઈટો તોડવામાં આવતી, સરકારી મિલકતોમાં ભાંગફોડ અને બાળઝાળ થતી, એસટ્ટીટ્ટની બસો બાળવામાં આવતી તે બધું મારે માટે અસહ્ય બનતું. આદોલનના નેતાઓને એ જ અસરકારક લાગતું. પોલીસ દ્વારા 144મી કલમ, લાઠીમાર, ગોળીબાર, કરફ્યૂનાં પગલાં લેવાતાં. સામાન્ય જનતા આમાં ખૂબ હેરાન થતી. તે વખતે હિંસા અટકાવવા અમે સરઘસો કાઢતા. કરફ્યૂના પાસ મેળવી લોકોમાં ફરી શાંતિ રાખવા ને હિંસા ન કરવા સમજાવતા. 1958માં વડોદરામાં માંડવી–ગેંડીગેટ રોડ ઉપર ઘંટિયાડાના નાકે એક તોફાની સરઘસ દ્વારા સ્ટ્રીટ લાઈટ ઉપર પથ્થરમારો થતો જોઈ હું સ્ટ્રીટ લાઈટની નીચે નિર્ભયતાપૂર્વક ઊભો રહી ગયો ને તોફાની ટોળામાંથી મને ઓળખનારા લોકોએ બીજાઓને શાંત પાડી વિખરાઈ જવામાં ડહાપણ માન્યું તે મને યાદ છે. આવે વખતે મારામાં એક ઠંડું ઝનૂન પ્રગટતું ને ફનાગીરીની ભાવના પેદા થતી.

❖ ❖ ❖

વધારે કામગીરી તો થઈ અયોધ્યામાં બાબરી મસ્જિદ શહીદ થઈ તે હિંસામાં. 6 ડિસેમ્બર 1992ના અડવાણીની રથયાત્રા અયોધ્યા પહોંચી અને બાબરી મસ્જિદને તોડી તે પછી તો 1993માં તેના એક વર્ષ પછી ફરીથી હિંસા પ્રગટી. મને વડોદરા શહેરની સંસ્કારિતા માટે બહુ અહોભાવ. મારા શહેરમાં આટલી બધી હિંસા થાય, આવાં તોફાનો થાય ને સંસ્કારિતાને બટ્ટો લાગે ! આ કલ્પના જ મને હચમચાવી મૂકતી. પોલીસ કરફ્યૂ નાખતી. લોકો રસ્તા વચ્ચે ટાયરો સળગાવતા. નોકરી–ધંધે જતા લોકોને અટકાવતા, તેમને મારઝૂડ કરતા, તેમનાં વાહનોને નુકસાન પહોંચાડતા. આ બધું મને અસહ્ય થતું. હું ઝનૂનમાં આવી જતો. હું સ્કૂટર લઈ શહેરની પરિસ્થિતિમાં શાંતિ સ્થાપવા ગોત્રીના મારા નિવાસેથી નીકળ્યો પણ રસ્તે જ મને રોકવામાં આવ્યો. થોડાક જાણીતા જવાનિયાઓને દયા આવી તેમણે મને કે મારા વાહનને નુકસાન ન કર્યું ને મને પાછો વાળ્યો. વડોદરા ભડકે બળે છે ને હું કાંઈ કરી શકતો નથી એવા તુમુલ

મનોમંથનમાં મને ખાવાનું અકારું લાગ્યું. જ્યાં સુધી તોફાનો ન અટકે ત્યાં સુધી ખોરાક ન લેવાનો નિર્ણય થયો. મેં નિર્ણય કર્યો એવું નથી માનતો. કોઈ આંતરિક પ્રેરણાથી, અંદરના ધક્કાથી આ ઉપવાસ થયા ને છ દિવસ ચાલ્યા. વડોદરાના પત્રકારો, વિવિધ વર્ગોના અગ્રણીઓ, મેયર વગેરે વારંવાર મને મળવા આવવા લાગ્યા. છાપાઓએ ઠીક ઠીક પ્રસિદ્ધિ આપી તેથી હિન્દુ-મુસ્લિમ સંગઠનોના અગ્રણીઓ પણ મળી ગયા. સરકારના મંત્રી પણ મળી ગયા ને તોફાનો શાંત થવાથી ઉપવાસ છોડવા મને સમજાવી શક્યા. કોઠી કચેરીમાં અગ્રણીઓની શાંતિ માટે બેઠક થઈ. તેમાં મને બોલાવ્યો. મેં મારા દર્દની વાત કરી.

તોફાનો કરાવનારાઓ પણ શાંતિ સમિતિમાં અગ્ર ભાગ ભજવતા તે મેં જોયું. વડોદરાના માજી મેયર, માજી મંત્રી ને કોંગ્રેસના અગ્રણી કાર્યકરે આવી બાબતમાં ભાવનામાં ન આવી જવા મને શાણી સલાહ આપી. પાછળથી મને ખબર પડી કે રાજકીય પક્ષોના અગ્રણીઓ પોતપોતાનાં હિતો જાળવવા આવાં તોફાનોનો દોરીસંચાર કરતા હતા. છતાં તેમણે ભોળે ભાવે મેં કરેલા ઉપવાસ પરત્વે સહાનુભૂતિ દર્શાવી હતી તેટલી સદ્ભાવના ફેલાઈ તેથી મેં સંતોષ માની ઉપવાસ છોડ્યા.

આ ઉપવાસથી તોફાનો અટક્યાં. મુસલમાનોની દુકાનોમાં થતી તોડફોડ ને બાળઝાળ તથા લૂંટ અટકી તેથી મુસ્લિમ વેપારીઓએ એક સમારંભ કરી મારું બહુમાન કર્યું. મને અભિનંદનપત્ર આપ્યું. આ શાંતિકાર્ય બદલ દિલ્હીના ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન તરફથી મને પ્રણવાનંદ શાંતિ પુરસ્કાર એનાયત થયો. સામાન્ય રીતે દિલ્હીમાં ઉપ-રાષ્ટ્રપતિના હસ્તે તે એનાયત થાય પણ મેં વડોદરામાં લેવાનો આગ્રહ રાખ્યો તેથી મહાત્મા ગાંધી વ્યાખ્યાનમાળાની સાથે દિલ્હીથી આવેલા ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ રવીન્દ્ર વર્માએ મને માનપત્ર આપ્યું. 5000/-ની રકમનો ચેક તો મેં સર્વોદય મંડળને આપ્યો.

❖ ❖ ❖

ખરી કામગીરી થઈ 2002માં ગોધરાની ટ્રેનનો ડબો બાળ્યા પછીના ગુજરાતભરમાં ફેલાયેલાં તોફાનોમાં. તે વખતે મુસ્લિમ-દ્વેષ ખૂબ વધી ગયો હતો. મુસલમાનોનું નુકસાન કરો. તેમને મારો-પીટો-મારી નાંખો, જીવતા સળગાવો, તેમની દુકાનોમાં તોડફોડ કરો, લૂંટફાટ કરો, તેમનાં લારી-ગલ્લાં-વાહનો ફૂંકી મારો, દરેક ક્ષેત્રે તેમનો બહિષ્કાર કરો - બસ, હિન્દુ પ્રજા જાણે ગાંડી થઈ ગઈ

હતી. ગુંડાઓ પ્રત્યક્ષ કામગીરી કરતા હતા ને ડાહ્યાઓ તેમની કામગીરીને વાજબી માની દલીલો કરતા હતા. મુસ્લિમમાત્ર દેશદ્રોહી, હિંદુદ્રોહી, પાકિસ્તાન-પરસ્ત છે એવી હવા ફેલાવવામાં આવી હતી. ભાજપ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વગેરે સંસ્થાઓ વધુ સક્રિય હતી. અફવાઓ પણ જાતજાતની ફેલાવવામાં આવેલી. રાજની પોલીસ પણ મૂક પ્રેક્ષક બની ઘણે ઠેકાણે પોતાની હાજરીમાં તોફાનો થવા દેતી હતી. સરકાર પણ પક્ષકાર બની ગઈ હોય તેવું લાગતું હતું. મારે માટે આ સ્થિતિ અસહ્ય ને અકળાવનારી હતી.

હું પત્રકાર હતો. તેનો બાવડે લગાડવાનો બેજ મારી પાસે હતો. તે લગાડીને ખાસ કરીને મુસ્લિમ વિસ્તારોમાં હું જતો. જ્યાંથી પથ્થરો પડે છે, તોફાનીઓનાં ટોળાં આવે છે એવી અફવા આવતી ત્યાં હું એકલો જ સ્કૂટર લઈ પહોંચી જતો. અફવાઓ કરતાં પરિસ્થિતિ તદ્દન વિપરીત હતી. મુસલમાનો બચાવમાં ફફડતા હતા. તેમને ડર હતો. આક્રમણ કરવાનું તેઓ વિચારી જ શકતા ન હતા. મેં મુસલમાનોના લત્તાઓમાં જઈ ડર ન રાખવા, સંગઠિત થઈ ગુંડાઓનો સામનો કરવા લોકોને પ્રેરણા આપવા માંડી. અફવાઓ ન માનવા સમજાવ્યાં. કલેક્ટર, પોલીસતંત્ર સાથે સંપર્કમાં રહી તેમને સચેત કરતો રહ્યો. રાત-દિવસ જોયા વિના જ્યાં જ્યાંથી સંદેશો આવે ત્યાં ત્યાં એકલો પહોંચી જતો. આ પરિસ્થિતિમાં સાથી કાર્યકરો કે ઘરના સભ્યો જાતે તો બહાર ન જ નીકળતા પણ મનેય અટકાવવાના પ્રયત્નો કરતા. આથી મારું ઝનૂન ઓર વધતું.

મુસલમાનો રાહત છાવણીઓમાં આશરો લેતા. ત્યાં જઈ તેમને નાસ્તો, ખોરાક, જૂતાં, સીધુંસામાન આપવાની ઝુંબેશ ઉપાડી. પાણીગેટ પાસે રાજારાણી તળાવની વચ્ચેની ઝૂંપડપટ્ટીનાં 28-29 મકાનો બાળી નખાયેલાં. તેને નવેસરથી ચણી આપવા મેં કમ્મર કસી. તે માટે દાન આપનારા અને મદદ કરનારા પણ મને મળી રહ્યા. વડોદરા શહેર ઉપરાંત નજીકનાં ગામોમાં પણ મુસલમાનો તરફથી કોલ આવતા. અમે થોડાક મિત્રોએ વડોદરા શાંતિ અભિયાન નામે તાત્કાલિક સંગઠન રચી રાહતકાર્યો શરૂ કર્યાં : આ દિવસોમાં મારામાંથી ભય સદંતર નાબૂદ થઈ ગયો હતો. પીડિતોને ધરપત આપવી, રાહત આપવી - વગેરેમાં રાતદિવસ એક થઈ ગયાં. કોઈ શક્તિ જાણે મારામાં સંચાર કરી રહી હતી. આજે આ વિચારું છું ત્યારે મારાથી આ બધું થયું (મેં કર્યું નથી), એવી લાગણી વર્તાય છે.

વહોરવાડના નિર્દોષ ગભરૂ વહોરાઓ અને તેમની નરમ સ્વભાવની વહોરીઓ ઉપર પથ્થરો પડતા, એસિડ-બલ્બ પડતા. તેઓ ફરિયાદ કરવા જાય તો પોલીસ આવીને તેમને જ ધમકાવે. તેમના માણસોને પકડી જાય. આ બધું અસહ્ય બનતાં અમે મુસ્લિમ વિસ્તારોમાંથી શાંતિકૂચ કાઢવાનો કાર્યક્રમ ઘડચો. કરફ્યૂમાં નીકળતાં. મુસ્લિમ વહોરી સ્ત્રીઓ અને પુરુષો મારી પાછળ દોરાતાં. અમને પોલીસ અટકમાં લેતી અને પોલીસ ગ્રાઉન્ડ પર લઈ જતી. આખો દિવસ બેસાડી રાખી સાંજે છોડી દેતી. જેણે કોઈ દિવસ પોલીસ સામે વાત નહોતી કરી તેવી વહોરી બહેનો મારી સાથે સવિનય કાનૂનભંગ કરવા આવે, ધરપકડ વહોરે, આખો દિવસ પોલીસના તાબામાં બેસી રહે તે બાબત દેશભરના અગ્રણીઓ, શાંતિપ્રેમીઓને હું જણાવતો. તેમના તાર-ફોન પોલીસ કમિશ્નર ને કલેક્ટર ઉપર આવતા. ચાર દિવસને અંતે પોલીસે સમાધાન કર્યું ને મુસ્લિમોને અભયદાન દીધું. આ બનાવમાં કેટલાયે લોકોએ પીડિતોને રાહત આપવા છૂપી મદદ કરી. લાખો રૂપિયા આવ્યા ને ખર્ચાયા. ગરીબોની રોજી-રોટી ઝૂંટવાયેલી. તેમને સીધું-સામાન પહોંચાડી શકાયો, કોઈકને મકાનો બાંધવામાં મદદ કરી શકાઈ. આંતરિક પ્રેરણાથી અમારામાં નિર્ભયતા આવી ને દાતાઓને દાનની પ્રેરણા થઈ. ગરીબ મુસ્લિમ વિદ્યાર્થીઓને નોટો ને પાઠ્યપુસ્તકો તથા શિષ્યવૃત્તિ અપાઈ. લારી-ગલ્લાં-સીવવાના સંચા, પાપડ વણવાનાં સાધનો વગેરે અપાયાં.

આ ગાળો વીતી ગયો પછી શાંતિ સ્થપાતાં મુસ્લિમોએ એક મહા સંમેલન કરી મને બોલાવ્યો. મારી ઓળખાણ આપનારે મારા કાર્યની વિગતો આપી મને 'મુસ્લિમોના મસિહા' તરીકે બિરદાવ્યો. મારા પ્રવચનમાં મેં કહ્યું કે, ''અમે ગાંધી-વિનોબાના સર્વોદય કાર્યકરો શાંતિ-સ્થાપનને અમારું મિશન માનીએ છીએ અને પીડિત વર્ગની સાથે રહી તેને ધરપત આપવાની અને તેને થયેલ નુકસાન બદલ રાહત આપવાની અમારી ફરજ સમજીએ છીએ. અમે પીડિતોના મદદગાર છીએ. કાલે ઊઠીને તમે મુસ્લિમો કોઈની ઉપર જુલમ ગુજારશો તો અમે તમારી સામે અને પીડિતોની પડખે રહીશું. આમ અમે મુસ્લિમોના મસિહા નથી, પીડિતોના મદદગાર છીએ.'' સૌએ મુક્ત કંઠે અમારાં કામની સરાહના કરી. અમારાથી યથાશક્તિ સેવાકાર્ય થયું તેની નોંધ લેવાઈ. ત્યાર પછી અનેક ગરીબ-જરૂરિયાતમંદ મુસ્લિમ પરિવારો સાથે સંબંધ બંધાયો તે હજી ચાલુ છે. તેમને ઘેર માત્ર હળવા-મળવાનો જ નહીં, નાસ્તા-ભોજનનો પણ પરસ્પર વ્યવહાર રહ્યો છે તે દુઃખના પ્રસંગનું નજરાણું ગણીએ. તે

ગાળામાં એક લેખમાં મેં લખેલું કે આવતો જન્મ મુસ્લિમ મહિલા તરીકે મને મળે તેવી હું પ્રાર્થના કરું છું.

ડરેલાઓને ધરપત, નુકસાન વેઠનારને કોઈને સીવવાના સંચા, કોઈને લારી, કોઈને પાપડ વણવાનાં સાધનો એમ મદદ આપવાનું જે કામ થયું તેણે અમને સંતોષ આપ્યો. અમે રાહત આપીને ધન્ય થયા. પ્રજાના અનેક વર્ગોએ અનેક લોકોએ આ કામમાં છૂપી મદદ કરી તેથી સદ્‌ભાવના સમાજમાં કાયમ માટે છે જ તેવી ખાતરી થઈ. રોગચાળાની જેમ ક્યારેક રાજકારણીઓનાં કારસ્તાનથી પ્રજાજીવનમાં અશાંતિ ફેલાય છે પણ હંમેશને માટે તો સદ્‌ભાવના જ છે તેવી પ્રતીતિ થઈ.

આ કાર્ય અંગે 'ભૂમિપુત્ર'માં ચાર-પાંચ લેખો મેં લખ્યા. તેમાં પરિસ્થિતિનું બયાન અને કાર્યનો અહેવાલ હતો. મહેન્દ્રભાઈ મેઘાણીને આ અંગે પુસ્તક છાપવાની ઇચ્છા થઈ. 'આ તે ગરવી (કે વરવી ?) ગુજરાત' નામે સાંપ્રદાયિક સદ્‌ભાવ અંગે તેમના અને મારા સંયુક્ત સંપાદનથી ચોપડી છપાઈ. સર્વ સેવા સંઘ પ્રકાશનના સંયોજક વિનયભાઈને તે ગમી તેથી તેનો હિંદી અનુવાદ કરાયો. 'દેશ મેં બઢતી સાંપ્રદાયિકતા : ગુજરાત કે બાદ કિસ કી બારી ?' એવા લાંબા મથાળા સાથે તે ચોપડી છપાઈ. તેનું સંપાદન મેં કર્યું. તેનાથી ગુજરાતના ભાજપ પ્રેરિત, સરકારની છત્રછાયા હેઠળ ચાલેલા રમખાણ વખતે વડોદરામાં સર્વોદય કાર્યકરોએ અન્ય પ્રગતિશીલ મિત્રોની સહાયથી શાંતિ અભિયાનના નામે જે કામગીરી કરી તેનો દેશભરમાં પ્રચાર થયો.

*

**જડ-ચેતન ગુણ-દોષમય વિશ્વ કિન્હ કરતાર**
**સંત-હંસ ગુણ ગહહી, પરિહરિ વારિ વિકાર.**

**– તુલસીદાસ**

*

**તારું સોંપેલું કાર્ય પ્રભુ, હું તો કરું;**
**હોય ટોચનું કે પાયાનું, તુર્ત આદરું.**

**– પ્રેમલ મહારાજ**

# ૧૬ : સાહિત્ય-સેવા

ઠે...ઠ 1957માં કર્ણાટકની વિનોબાની ભૂદાનયાત્રામાં હું દોઢ માસ રહ્યો હતો ત્યારે મારી ડાયરી 'સંતને પગલે' મથાળે 'ભૂમિપુત્ર'માં છપાતી હતી. તે ઉપરાંત ક્યારેક લેખો પણ લખતો. કટોકટી પછી ચુનીભાઈ વૈદ્ય અમદાવાદ જતાં સંપાદનનું કામ મારે સંભાળવાનું આવ્યું. અલબત્ત, તેમાં વિનોબા-વિચારના અને ચિંતનાત્મક લેખો કાંતિભાઈ લખતા. સમાજજીવનને સ્પર્શતા લેખો હું લખતો ને સંપાદન કરતો. તેને કારણે સુરતના કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન ટ્રસ્ટના મંત્રી ચુનિભાઈ ભટ્ટની આંખમાં વસી ગયો. તેમની સંસ્થા તરફથી પ્રૌઢ શિક્ષણ માટે સાહિત્ય લખાતું ને છપાતું. દર વર્ષે તે માટે લેખક શિબિર થતો. તેવા એક શિબિરમાં તેમણે મને બોલાવ્યો. તેમની ચર્ચાઓ મને યોગ્ય રસ્તે ન લાગી તેથી મેં તે અંગે સૂચનો કર્યાં. ને સમાજજીવનને સ્પર્શતા વિષયોની લાંબી યાદી આપી. આ સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પેટલીકર હતા. તેમને મારાં સૂચનો ગમ્યાં પછી ચાર-પાંચ શિબિરોનું સંચાલન જ મને સોંપ્યું. આ સંસ્થા દ્વારા 'બસની મુસાફરી', 'રેલગાડીની મુસાફરી', 'ભીખનું હાંલ્લું', 'ગુજરાતના વનવાસીઓ' નામે ચાર-પાંચ નાની, મોટા અક્ષરવાળી ને જોડાક્ષર વગરની ચોપડીઓ મેં લખી આપી, તે છપાઈ. બીજા લેખકોમાં ઘેલુભાઈ નાયક, મોહન દાંડીકર વગેરે શિબિરમાં રહેતા. એકાદ શિબિરમાં ગોવિંદભાઈ રાવલ, જોસેફ મેકવાન, નયનાબહેન પ્ર. શાહ વગેરેને પણ બોલાવેલા ને તેમનેય એક-બે વિષય સોંપેલા. કાન્તા-હરવિલાસ બહેન પાસેય 'નારી તું નારાયણી' અને બીજી એક-બે નારીશક્તિ અંગેની પુસ્તિકાઓ લખાવેલી.

આ બધાને કારણે લેખક તરીકે મારું નામ જાણીતું થયું. હકીકતમાં સિદ્ધહસ્ત લેખકો આગળ મારો ફાળો નહિંવત્ ગણાય. 'ભૂમિપુત્ર'માં લગભગ દર અંકે 'સમાચારને સથવારે' કટાર હેઠળ હું ચાલુ બનાવો વિષે લખતો. તેમાંથી પસંદ કરીને કેટલાક લેખોની પુસ્તિકા છપાવવાનું ઉત્તમ ગજ્જરે મને સૂચવ્યું. તેમણે પસંદ કર્યા તે લેખોયે ખાસ્સા હતા. તેથી તે કામ ડૉદ્ર વસંત પરીખ (વડનગર)ને સોંપ્યું. તેમણે તેમના અવસાન અગાઉ બે દિવસમાં તે સંપાદન કરી આપ્યું. તેની ચોપડી 'સમયને સથવારે' નામે છપાઈ. પાછળથી શિવામ્બુ (સ્વમૂત્ર) ચિકિત્સામાં હું રસ લેવા માંડ્યો ત્યારે તે વિષેના લેખો અને અન્યોના લેખોમાંથી બે પુસ્તિકાઓ મેં છપાવી. આગળ જતાં તેનું સંકલન કરી 'સ્વમૂત્ર

ચિકિત્સા : સમજ, અનુભવો અને રીત' નામે નાનકડી 48 પાનાંની પુસ્તિકા બનાવી. તેની આજ સુધીમાં સાઠેક હજાર નકલો છપાઈને વેચાઈ છે. આ વિષયની બીજી ચોપડીઓમાંયે મારા લેખો છપાયા છે. ચારેક ચોપડીઓના હિંદી અનુવાદો સર્વ સેવા સંઘ પ્રકાશન - વારાણસી તરફથી પ્રકાશિત થયા છે. તેમાં 'શિવામ્બુ-ચિકિત્સા'ની તો 8-9 આવૃત્તિઓ પણ છપાઈ ચૂકી છે.

હજારોની સંખ્યામાં વેચાતી બે ચોપડીઓનું સંપાદન મેં કર્યું છે. તેમાં 'સંસ્કાર-ગીતો'માં પ્રાર્થના-ભજન-ગીતો-ધૂનોનું સંકલન છે અને 'અંતકડી'માં માત્ર ફિલ્મી ગીતો છે. રાષ્ટ્રપ્રેમ વધારે, સાંપ્રદાયિક સદ્‌ભાવ વધારે તેવી પ્રાર્થનાઓ, ભજનોનું આ સંકલન અતિ લોકપ્રિય થયું છે. તેની ચાલીસેક હજાર નકલો છપાઈ ચૂકી હશે. આ બંને પુસ્તિકાઓનાં ગીતો-ભજનો-દોહા-પ્રાર્થના વગેરેની એકેએક ટૂકના પ્રથમાક્ષરને લઈને તેની અનુક્રમણિકા પણ છાપી છે જેથી અંતકડી રમનારને એકએક અક્ષર ઉપર અનેક ટૂકો મળી શકે છે. દશેક વર્ષ ઉપર છાપી ત્યારે દસ-દસ રૂપિયા આ બંને સંકલનોની કીમત રાખી હતી. આજે કાગળ-છપાઈ વગેરેના ભાવ વધતાં તેની કીમત ત્રીસ-ત્રીસ રૂપિયા થઈ છે. જોકે યજ્ઞ પ્રકાશનનું 1000/- રૂપિયાનું સાહિત્ય રોકડેથી ખરીદનારને 40 ટકા વળતર અપાય છે. તેથી માત્ર છસો રૂપિયામાં એક હજાર રૂપિયાનાં પુસ્તકો મળી રહે છે. આ બંને ગીત-સંગ્રહો મોટી સંખ્યામાં ખરીદી, પ્રસંગે વહેંચવામાં વધારે વપરાય છે તેથી તેની આવૃત્તિઓ નીકળ્યા જ કરે છે. 'સંસ્કાર-ગીતો' વિષે સ્વદ્ર મનુભાઈ પંચોળી (દર્શક)એ, ''આવી જાતના સંગ્રહોમાં આ ઉત્તમ સંકલન છે'' એવો અભિપ્રાય આપ્યો હતો. 'અંતકડી'નું હિન્દી ભાષાંતર 'અંતાક્ષરી' નામે સર્વ સેવા સંઘ પ્રકાશને વારાણસીથી પ્રગટ કર્યું છે. આમ તો એનાં ગીતો હિંદીમાં જ છે. માત્ર લિપીનો જ ફરક છે.

આમ, મારી સાહિત્ય-સેવામાં મુખ્યત્વે છૂટા લેખો અને તેના સંકલનનાં પુસ્તકો છે તથા ગીતોનાં સંપાદનો છે.

મને પોતાને નવલિકા એટલે કે ટૂંકી વાર્તાઓ વાંચવાની ગમે છે. લાંબી નવલકથાઓ ને નાટકો વાંચવાનું મન થતું નથી. છાપામાં અઠવાડિક પૂર્તિમાં આવતી સળંગ હપ્તાવાર આવતી ધારાવાહિક નવલકથા હું કદી વાંચતો નથી. કાવ્યો પૈકી મારા અભ્યાસકાળમાં આવેલાં બે કાવ્યો મારા હૈયામાં જડાઈ ગયાં છે. કવિ સુન્દરમ્‌ની ત્રણ પાડોશી 'એક ફળીના ત્રણ રહેવાસી શેઠ ને બીજા

રામ; ત્રીજી માકોરબાઈ રાંડેલી કોડી કને ના દામ; લોકોનાં દળણાં દળતી રે, પાણીડાં કોકનાં ભરતી રે, કાઢી ખાય રોટલો કરતી કામ.' અને બીજું કરસનદાસ માણેકનું 'તે દિન આંસુ ભીનાં રે, હરિનાં લોચનિયાં મેં દીઠાં.' આ બે કાવ્યો હું કદી પૂરાં વાંચી શકતો નથી, ગાઈ શકતો નથી. ગાતાં ગાતાં જ મારી આંખ સામે તેનું દૃશ્ય ખડું થઈ જાય છે ને આંખમાંથી આંસુ વહેવા માંડે છે. આજકાલનાં કાવ્યો મને સ્પર્શતાં જ નથી. ક્યારેક મકરંદ દવેનું કોઈક કાવ્ય કે હરીન્દ્ર દવેનું કોક કાવ્ય સાંભળવામાં આવે છે ત્યારે તલ્લીન થઈ જાઉં છું. આમ હૃદયસ્પર્શી ઉત્તમ કાવ્યોનો ભાવક છું. આજકાલ સામયિકોમાં આવતાં કાવ્યો મને આકર્ષતાં નથી. તેથી વાંચતો જ નથી. હા, સિનેમાનાં કેટલાંક ગીતો મને ગમે છે. તેમાંયે પ્રાર્થનાઓ અને દેશભક્તિનાં ગીતો વધારે રુચે છે.

*

### વિનોબાજી પાસે સાંભળેલું...

**તે વખતે બાપુ 'નવજીવન'માં આત્મકથા લખતા. બે-ત્રણ પ્રકરણો છપાયાં પછી મને બોલાવી પૂછ્યું :**

**બાપુ : ''વિનોબા, તું આ પ્રકરણો વાંચે છે ?''**

**વિનોબા : ''આપનો એકે એક શબ્દ વાંચું છું.''**

**બાપુ : ''તને તે લખાણ કેવું લાગ્યું ?''**

**વિનોબા : ''બાળપણમાં આપે ચોરી કરેલી ને વિષય-આસક્ત હતા તે બધું જાણવાથી સમાજને શી પ્રેરણા મળશે તે મને સમજાતું નથી.**

**બાપુ : ''તેનાથી સમાજને નુકસાન તો નહીં થાય ને ?''**

**વિનોબા : ''આપના કોઈ લખાણ કે પ્રવચનથી કોઈને કંઈકેય નુકસાન થાય તેવું બને જ નહીં તેવી મારી દૃઢ માન્યતા છે.''**

**બાપુ : ''જો વિનોબા, આપણાં કુલ કામોનું પરિણામ (હવામાં હાથથી ગોળ મીંડું કરીને) આ છે એમ સમજ. આપણાથી કોઈ નુકસાન ન થાય તેટલું પૂરતું છે.**

***(ચાલીસેક વરસ અગાઉની વાત સ્મરણશક્તિ મુજબ લખી છે. – જદ્ર)***

*

*અનંત કાળમાં મહાપુરુષો દ્વારા થયેલાં સમાજોત્થાનનાં કામોમાં ગાંધીનું જીવન અને કાર્ય ઉત્તમોત્તમ છે એમ ઘણાં માને છે તેમ છતાં ગાંધી પોતે પોતાના કામનું મૂલ્યાંકન કરે છે તે જોતાં સામાન્ય કાર્યકરને પોતાથી થયેલાં નાનાં-મોટાં કામોની સિદ્ધિઓ અંગે વિચારવું રહ્યું.*

# ૧૭ : શિવામ્બુ-પ્રચાર પ્રવૃત્તિ

**આમ** તો હું સર્વોદય કાર્યકર. પણ પ્રવાસોમાં ગામેગામ ફરતાં આજની એલોપથીની પદ્ધતિથી ગરીબ લોકોને હેરાન થતાં જોઈ શિવામ્બુ ચિકિત્સા-પદ્ધતિને સર્વોદયનું જ કામ માની હું તેમાં જોડાયો છું. મને આમાં જોડવાનો યશ અમેરિકા-નિવાસી ગુજરાતી અમરશીભાઈ ખારેચાને જાય છે. તેમને પોતાની બીમારીમાંથી આ ચિકિત્સાએ સાજા કર્યા પછી તેના પ્રચાર-પ્રસાર માટે એક ધૂન સવાર થઈ. તેઓ પોતે કવિ-લેખક-રચનાત્મક વૃત્તિવાળા-નમ્ર અને શ્રીમંત. આવી મફતની લોકોપયોગી ચિકિત્સા-પદ્ધતિ પાછળ કરવો પડે તેટલો ખર્ચ કરવા તેઓ ઉત્સુક હતા. તેઓ દર વરસે 4-6 માસ માટે ભારત આવે. તેમણે મને આ કામ માટે તૈયાર કર્યો. રાવજીભાઈ પટેલના વખતમાં હું તેમનો ટીકાકાર હતો. અમરશીભાઈએ દસ દિવસ પ્રયોગ કરવા મને સંમત કર્યો પછી મેં તે વિષેનું વાચન વધાર્યું. મારી શ્રદ્ધા વધતાં અમે ગુજરાત-મહારાષ્ટ્રમાં વંટોળની જેમ યાત્રા કરી. ગુજરાતનાં લગભગ તમામ નગરોમાં ને મુંબઈનાં ઉપ-નગરોમાં આ વિષે સંમેલનો કર્યાં. ભૂમિપુત્રમાં શરૂઆતમાં લેખો છાપતો. પણ તેનો અતિરેક થતાં અને મોરારજીભાઈનું પ્રોત્સાહન મળતાં આજથી 24 વરસ પહેલાં 'શિવામ્બુ' નામે માસિક શરૂ કર્યું. આ પ્રવૃત્તિના પ્રસાર માટે 'શિવામ્બુ-ચિકિત્સા સંશોધન મંડળ'ની સ્થાપના કરી. સર્વોદય કાર્યકર અને ભૂમિપુત્રના સંપાદક તરીકેના મારા સંપર્કો અને કેટલાયે જૂના પ્રયોગકારોનો સાથ મળતાં આ પ્રવૃત્તિ ખીલી ઊઠી. આ મંડળ દ્વારા અમે સ્થાનિક, જિલ્લા કક્ષાનાં અને રાજ્ય કક્ષાનાં અનેક સંમેલનો કર્યાં. અઢાર જેટલા શિબિરો કર્યા, અનેક પુસ્તકો છપાવી વેચ્યાં. 'શિવામ્બુ' માસિક શરૂ કર્યું. જે આજે પણ વગર જાહેરખબરે ચાલે છે. અમરશીભાઈ હતા ત્યાં સુધી આર્થિક વ્યવસ્થા તેઓ જ કરતા. તેમના ગયા પછી પણ અનેક દાતાઓ આ કામ માટે આગળ આવી રહ્યા છે. સેંકડો દરદીઓ સ્વાનુભવથી આ પ્રયોગ કરી સાજા થયા છે.

આજે ઉંમર અને શારીરિક મર્યાદાને કારણે 'ભૂમિપુત્ર' મેં છોડ્યું છે પણ મિત્રો મને 'શિવામ્બુ' છોડવા દેતા નથી. હજી દર મહિને તેનો અંક નિયમિત રૂપે નીકળે છે. હરેશ ધોળકિયા અને બીજા મિત્રો તે માટે મદદરૂપ થાય છે.

આ પ્રવૃત્તિના અનુભવે મેં તારણ કાઢ્યું છે કે માનવોપયોગી કોઈપણ

પ્રવૃત્તિ નિઃસ્વાર્થભાવે અને મિશનરી ઉત્સાહથી કરનારને નાણાંની મુશ્કેલી પડતી જ નથી. સમાજના સજ્જનો એવા કામ કરનારાનો બોજો ઉઠાવી જ લે છે.

શિવામ્બુ મંડળ થયા પછી અમે રાષ્ટ્રીય સ્તરનાં પણ ચારેક સંમેલનો કરી શક્યા છીએ. આ વિષયની અન્ય સંસ્થાઓની કામગીરી મંદ પડી ગઈ છે પણ અમારું મંડળ હજી સક્રિય છે.

આ પ્રવૃત્તિ નિમિત્તે મને શ્રીમંત વર્ગમાંથી પણ નિર્વ્યસની, સાદા, ઉદાર ગૃહસ્થો મળી શક્યા છે. પરિણામે મૂડીવાદી અને મૂડીદાર વચ્ચે હવે હું ભેદ કરતો થઈ ગયો છું. મૂડીવાદી માટે મને હમદર્દી નથી. પણ ગરીબોમાંયે મૂડીવાદી માનસ ધરાવનારા મળી રહે છે; બીજી બાજુ મૂડીદારોમાંયે મૂડીવાદી ન હોય તેવા સેવાભાવી, ત્યાગી, પ્રામાણિક સજ્જનો હોઈ શકે છે, છે અને મને અનેક તેવા દાતાઓ મળી શક્યા છે.

*

**કલમ, ખડિયો અને કાગળ પ્રભુને પ્રાર્થના કરતાં**

**દ્ર બચાવો દંભી એવાથી લખે પણ જૂદું આચરતા**

**– પ્રેમલ મહારાજ**

*

**દુનિયાની કોઈ ચિકિત્સા–પદ્ધતિ સંપૂર્ણ નથી. દરેકમાં ખૂબીઓ છે તે સાથે દરેકની મર્યાદાયે છે. ચિકિત્સકે પોતાની પદ્ધતિનો આગ્રહ ન રાખતા જે પદ્ધતિથી દરદી સાજો થાય તે મુજબ તેને પ્રોત્સાહન આપવું જોઈએ. દરદી આપણો આરાધ્ય છે.**

# ૧૮ : न मागे तयाची रमा होय दासी

**ગી**તા પ્રવચનોમાં વિનોબાજી ઉપરની મરાઠી કહેવત કહે છે. આપણી ગુજરાતીમાં તો 'નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ' એવી કહેવત છે. 'નાણાં વગરનો માનવી પાંખ વગરના પંખી જેવો છે' એવુંયે એક અનુભવીનું સૂત્ર છે. મારા જીવનમાં ઉપરની વહેવારી ગુજરાતી કહેવતો ખોટી પડી છે ને મરાઠી કહેવત તાદશ્ય થઈ છે.

નાણાંનો સંગ્રહ ન કરવો એવો મારો નિયમ છે. એકલો હતો ત્યાં સુધી તો દર મહિને આવતા વેતનમાંથી ખર્ચ જતાં વધતી રકમ બાળકો માટે વાપરી નાંખતો. લગ્ન થયા પછી પૂ. બબલભાઈ જેવાએ મને એકવાર સલાહ આપેલી કે, ''ભાઈ, એકલા હતા ત્યાં સુધી નભ્યું પણ હવે લગ્ન થયું. કાલ ઊઠીને બાળકો થશે. માંદે-સાજે, બાળકોને ભણતર માટે મોટા ખર્ચ આવશે માટે દર મહિને બચત કરવાની ટેવ પાડો. 10 ટકા રકમની બચત કરો. ભલે 10 ટકા ધર્માદો કરો.'' પણ મને આ વાત ગળે ન ઊતરી. 'પડશે તેવી દેવાશે', 'ભગવાન ભરોંસે જિવાશે' એવો ઉડાઉ જવાબ આપતો. સગાં-મિત્રો પણ આવી શાણી સલાહ આપતા પણ હું મારી મસ્તીમાં મસ્ત રહેતો.

પહેલી કસોટી આવી ટીદુબીદુની માંદગીની. 1963માં વિનોબાજીની બંગાળની યાત્રામાંથી ટીદુબીદુ લઈને આવ્યો. પણ વડનગર ડૉ. જોશીના સેનેટોરિયમમાં મારી સગવડ થઈ ગઈ. આ પ્રસંગ અગાઉ લખી ચૂક્યો છું. બીજી કસોટી થઈ મોટા દીકરા કપિલની બીમારીની. તેની ઉંમર 10-12 વરસની હશે, ત્યારે તેને નેફ્રાઈટિસ લાગુ પડ્યો. અમે લામડાપુરા રહેતા હતા. વડોદરા આવી ડૉક્ટરને બતાવ્યું. તેમણે તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરી દેવાની સલાહ આપી. ખાનગી હોસ્પિટલનો ખર્ચ અમને ન પોષાય. એટલે હું તો ભગવાન ઉપર ભરોસો રાખી કપિલને પાછો લામડાપુરા લઈ ગયો. ડૉક્ટરને થયું કે આ માણસને રોગની ગંભીરતાનો ખ્યાલ નથી. તેથી તેમણે મારા શાળા-કૉલેજના સહાધ્યાયી ડૉક્ટર મિત્ર સતીષને ફોન કરી મને સમજાવવા જણાવ્યું. સતીષે તો મને તતડાવી જ નાંખ્યો. ''છોકરાને લઈ આવે છે કે હું જઈને લઈ આવું ?'' તેના આ તકાદાથી લામડાપુરા જઈ કપિલને લાવી મેં ડૉક્ટરના દવાખાને દાખલ કરી દીધો. હું તો ડૉક્ટર જયંતીભાઈ શાહને રોજ પૂછ્યા કરું કે રજા ક્યારે આપશો ? રોજેરોજ બિલ ચડતું જાય તેની મને ચિંતા. ડૉક્ટર મારી

ગભરામણ સમજી ગયા. એક દિવસ તેમણે મને કહી દીધું, ''કપિલને સારુ થશે એટલે હું મારી ગાડીમાં તેને લામડાપુરા મૂકી જઈશ. તમે મને આ બાબત પૂછપૂછ ન કરશો.'' અને બારમે દિવસે વડોદરામાં મને જણાવ્યા સિવાય લામડાપુરા જઈ તેમણે કપિલને તેની બાને સોંપી દીધો. રાત્રે હું ઘેર ગયો ત્યારે મેં જાણ્યું. બીજે દિવસે ડોકટરને બિલ વિષે પૂછયું. ડોકટરે કહ્યું, ''જે કાંઈ લેવાનું હશે તે હું માંગી લઈશ.'' થોડા દિવસ સુધી ડૉકટરે ન જણાવ્યું એટલે હું સમજી ગયો કે ડૉકટર કાંઈ લેવાના નથી. આ તો ઉપકાર ચઢયો ! ગાંધી જયંતીમાં અમે ખાદીફેરી કરીએ ત્યારે વડોદરા જઈ મેં અને મારાં પત્નીએ ચાદર-નેપકિન વગેરે ડૉકટરના હોસ્પિટલમાં કામ લાગે તેવી વસ્તુઓનું પોટલું ખોલ્યું. તેમણે થોડા નમૂના પસંદ કરી તેનું બિલ પૂછયું. મેં કહ્યું, ''કાંઈ લેવાનું નથી.'' એટલે ડૉકટર ચિઢાયા, ''એટલે તમે કપિલનું હોસ્પિટલનું બિલ વાળવા આવ્યા છો, એમ ? ભલા માણસ, તમે સમાજનું આટઆટલું કામ કરો ને અમને તમારું નાનું સરખું કામ કરવાની તક ન આપો !'' બોલતાં બોલતાં તેમની આંખમાં પાણી આવી ગયાં. ''કપિલ કાંઈ તમારા એકલાનો જ છોકરો છે ?'' હુંયે રડી પડયો. ઈશ્વર હાજરાહજૂર. બિલ ચૂકવવા જાત તો અડધો મહિનો અમારે એક ટંક ખાઈને ચલાવવું પડત. દેવું કોઈ કાળે ન કરવું તેવો તો નિયમ હતો જ.

ફરી કપિલ આણંદની ખેતીવાડી કૉલેજમાં દાખલ થવા ઇચ્છતો હતો ત્યારે કસોટી આવી. ધો. 11-12 આંબલાની લોકશાળામાં ભણી તેણે 'હવે લોકભારતીમાં નહીં, આણંદની ખેતીવાડી કૉલેજમાં ભણવું છે' એવી રઢ લીધી હતી. આણંદ તપાસ કરી તો હોસ્ટેલનો રહેવા-જમવાનો ખર્ચ જ મહિને રૂ. 350 આવે તેવું જાણ્યું. ત્યારે અમે બંને 150+150 મળી મહિને રૂ. 300 માનધન લેતાં હતાં. મેં કપિલને સમજાવ્યો કે તને ત્યાં ભણવા મોકલું તો અમારે ભૂખ્યાં રહેવું પડે ને ઉપરથી મહિને રૂ. 50 દેવું કરવું પડે. છોકરો મૂંગોમંતર થઈ ગયો, સમસમીને બેસી રહ્યો. અમે સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી છે તે અંગે તે સભાન હતો. આ વાત થઈ તેને બીજે દિવસે આણંદ પાસેના સામરખા ગામથી દેવેશ્વરભાઈ પટેલ મળવા આવ્યા. ''કપિલ સારી રીતે બારમીમાં પાસ થયો છે તો હવે તેને આણંદની ખેતીવાડી કૉલેજમાં જ દાખલ કરો. ત્યાંયે તે ઝળકી ઊઠશે. તેનો બધો ખર્ચ મારે આપવાનો છે.'' એવી તેમણે વાત કરી. કપિલ ને હું એકબીજાની સામે જોયા કરીએ. પરમાત્માએ ટેક રાખી તેની મને તો ખાતરી

હતી જ પણ તેનેય થઈ. તે હરખાયો પણ તેનો હરખ લાંબો ન ટક્યો. થોડા જ દિવસમાં હાર્ટફેલથી દેવેશ્વરભાઈનું અવસાન થયું. અમે પતિ-પત્ની બંને તેમના બેસણામાં ગયાં. હું બહાર પુરુષો વચ્ચે બેઠો ને મંજુલા અંદરના ઓરડામાં સ્ત્રીઓ વચ્ચે શાંતાભાભીને મળવા ગઈ. તેને જોતાંવેંત તેમણે કહ્યું, ''જગદીશભાઈને કહેજો કે તેમના ભાઈએ કપિલ માટે જે વાત કરી છે તેમાં મીનમેખ નહીં થાય. તે વાયદો મારે પૂરો કરવાનો છે.'' પહેલી ફી ભરવા શાંતાબહેને રોકડા રૂપિયા છ હજાર આપ્યા હતા. ઈશ્વરનો ઉપકાર માની મેં કપિલને કહ્યું, ''સમાજનું દેવું ચડ્યું. ભણીને સમાજને પાછું આપવાનું યાદ રાખજે.'' પછી તો તેણે પોતે જ શિષ્યવૃત્તિની સગવડ કરી લીધી. તેની હોંશિયારીથી તેની કૉલેજના આચાર્ય સાહેબે તેને માટે શિષ્યવૃત્તિઓની જોગવાઈ કરી આપી. તે B.Sc. થયો ને M.Sc. થયો ત્યાં સુધી મારે પોતે કે બીજાએ તેને માટે ખર્ચ કરવાની જરૂર ન રહી. B.Sc.માં આખા રાજ્યમાં તે પહેલો આવ્યો ને ચાર સુવર્ણ ચંદ્રકો મેળવ્યા. M.Sc.માં ડિસ્ટિંક્શન મેળવી લાવ્યો.

ભણીને કપિલ ગ્રામભારતીમાં અધ્યાપક તરીકે દાખલ થયો એટલે મેં પૂછ્યું કે, ''આપણો ઘરખર્ચ તું કાઢી શકે તો હું ગુજરાત સર્વોદય મંડળમાંથી માનધન બંધ કરું.'' તેણે જરાયે ખચકાયા વગર હા પાડી ને 1988થી મેં કોઈ જાતના માનધન વગર સર્વોદય મંડળ અને 'ભૂમિપુત્ર'માં કામગીરી કરવા માંડી.

ત્યાર પછી ચારેક વર્ષે હું બે પૈડાંનું જે મોપેડ ચલાવતો હતો તેમાં એક વાર ચોમાસામાં કોઈ ખામી થઈ ને કીક મારી મારીને મેં ઢીંચણ દુખાડ્યું તોયે તે ન ચાલ્યું. ત્યારે મનમાં થયું કે બેટરીથી સ્ટાર્ટ થાય તેવું ટુ-વ્હીલર હોય તો આવું દુઃખ ના પડે. અને બીજે દિવસે કાર્યાલયમાં ગયો તો મદ્રાસના મારા હિતેચ્છુ મિત્ર હરિભાઈ કોઠારીનો પચાસ હજારનો ડ્રાફ્ટ, નવું બેટરીથી ચાલે તેવું મોપેડ લેવા માટે આવેલો !

કપિલના લગ્ન, નાના દીકરા ભરતનું લગ્ન, તેનો દાકતરી ભણવાનો સાત વરસનો ખર્ચ, તેને માટે સ્કૂટરની ખરીદી, મારું ઢીંચણનું ઓપરેશન, તાજેતરમાં એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી - આ બધા ખર્ચ વખતે સ્નેહી-મિત્રોએ ફાળો કરી આપ્યો છે. ક્યારેક તો જરૂર કરતાં રકમ વધી જાય તો પાછી મોકલવી પડી છે.

આવા તો અનેક પ્રસંગો બન્યા છે. પછી તો સાવલીના સ્વામીજીની

કૃપાથી નાણાંની કોઈ કમી જ ન રહી. સાવરકુંડલાના સંમેલનનું બજેટ 11 લાખ રૂપિયાનું હતું. મારા ચાર શ્રીમંત મિત્રોએ જ છ લાખ આપી મારી કોષાધ્યક્ષની વહાર કરેલી.

સાથી કાર્યકરો કે કોઈ ગરીબ-પછાત-દલિત પરિવારને માટે ખર્ચ કરવાની જરૂર હોય ને મારા ચિત્તમાં તેવો સંકલ્પ થાય કે બીજે જ દિવસે કોઈ હરિના લાલની પધરામણી થઈ જ હોય. નરસિંહ મહેતાની હૂંડી પરમાત્માએ સ્વીકારેલી તે વાતમાં શંકા રાખવા જેવું નથી. આ કળિકાળમાં મારી વહારે વહાલો હાજરાહજૂર થઈ વરસતો હોય તો નરસિંહ જેવા સાક્ષાત્કારીને કેમ દૂઝતો ન હોય !

સમાજ શરૂઆતમાં સંકલ્પ લેનાર સેવકને નાણી જુએ છે. પણ કસોટીમાં સેવક પાર ઊતરી ગયા પછી તેની ભેર કરવા તત્પર જ રહે છે. કોઈ જાતની નાણાંની બચત, સ્થાવર-જંગમ મિલકત, દર-દાગીના, વીમો કે એવી કોઈ સદ્ધર ચીજ વિના પ્રભુએ મારો ટેક રાખ્યો છે. નથી મારે દેવું કરવું પડ્યું, નથી મારું કોઈ કામ નાણાંના અભાવે અટક્યું !

હું કોઈ દિવસ મંદિરમાં જતો નથી. પૂજાપાઠ કે દીવો-અગરબત્તી સુધ્ધાં કરતો નથી. નથી વ્રત-ઉપવાસ કરતો છતાં પૂરો આસ્તિક છું ને દરિદ્રનારાયણની મદદ માટે સદૈવ તત્પર રહું છું. એટલાથી પ્રભુ કહો તો તે ને કુદરત કહો તો તે અથવા સમાજ-દેવ પ્રસન્ન રહે છે.

*

**આકાશમાં અનંત બ્રહ્માંડો દેખાય છે. તેમાં એક આપણું સૂર્ય મંડળ છે. તેમાં પૃથ્વી નામનો એક ગ્રહ છે. તે ગ્રહ ઉપર અનેક ખંડો ને ખંડોમાં અનેક દેશો છે. તેમાં એક આપણો ભારત દેશ છે. ભારત દેશમાં અનેક પ્રાંતો, રાજ્યોમાં એક આપણું ગુજરાત. તેના એક જિલ્લાના એક ગામમાં મારો નિવાસ. અનંત બ્રહ્માંડોમાં મારી શી વિસાત !**

# ૧૯ : દલિતો પ્રત્યેની આત્મીયતા

**મા**રા જીવનમાં અસ્પૃશ્ય ગણાતી કોમો માટે મને નાનપણથી પક્ષપાત રહ્યો છે. સવર્ણ સમાજ જેને હાડછેડ કરે, અપમાનિત કરે, શોષણ કરે છતાં ન અડે, ન સમકક્ષ ગણે તે મને પહેલેથી જ અસહ્ય લાગ્યું છે.

તદ્દન નાનપણમાં મને યાદ છે કે મારા મોટા કાકાની દીકરીના લગ્નમાં અમે સહકુટુંબ માંગરોલ (તા. કરજણ) ગયેલાં. તે વખતે નજીકના સગાના લગ્નમાં જવાનો કાર્યક્રમ 8-10 દિવસનો રહેતો. આજની જેમ, આ ગયા, જમ્યા, રીસેપ્શનમાં કવર આપ્યું ને ચાલતી પકડી – તેવું ન હતું. લગ્નમાં નાના મોટા સૌ મદદરૂપ થતા. લગ્નની પૂર્વતૈયારી, ભોજન તથા ખર્ચમાં સૌનો યથાશક્તિ ભાગ રહેતો. અમે તો તદ્દન નાના એટલે કે પાંચ-છ વરસનો હું હોઈશ. અમે ગેડીદડો રમતા હતા. ત્યાં મેં ગેડીથી દડો ફટકાર્યો તે કચરાના ઢગલામાં જઈ અટક્યો. લગ્નના દિવસોમાં ગામનો ભંગી રોજ બે વખત ફળિયું વાળી જતો ને કચરાના ઢગલા કરી ભરી જતો. દડો ઢગલામાં પડ્યો એટલે સ્વાભાવિક રીતે હું જઈને લઈ આવ્યો. સગાઓના બીજા છોકરાઓએ હોહા કરી મૂકી, ‘‘ભંગીના ઢગલામાંથી બોલ લઈ આવ્યો તેથી જનક અભડાઈ ગયો.’’ મને તો કાંઈ ન સમજાય. મારાં મા-બાપ પણ પરદેશમાં રહેલાં. તેમનેય કોઈ આભડછેટ નો’તી નડતી.

અમે વાયડાપોળમાં રહેતા ત્યાં અમે પોળ વાળનાર ઈશ્વરભાઈ ભંગી સાથે હાથ મિલાવતા. સાથેના દાલિયા પટેલના છોકરા અભડાઈ જતા તેથી હું ખાસ હાથ મિલાવવા જતો. સવર્ણ સમાજના ઊંચનીચના ભાવો પ્રત્યે મને ઘૃણા હતી.

લામડાપુરામાં અમે આશ્રમ કર્યો ત્યારે દલિત કન્યા-કુમારોનાં છાત્રાલયો શરૂ કર્યાં હતાં. ગામ નાનું ને બુનિયાદી વિદ્યાલયના ધોરણ 8થી 10નાં ગામમાં પૂરતાં છોકરાં ન થતાં તેથીયે અમારે છાત્રાલયો શરૂ કરવાની જરૂર પડી, વર્ગ દીઠ જરૂરી સંખ્યા કરવી પડતી. ત્યારે દલિત છોકરાઓ અને ખાસ કરીને છોકરીઓની ભરતી માટે અમારે ગામેગામ દલિતવાસમાં જવું પડતું. શરૂઆતમાં (આજથી 40-45 વરસ પહેલાં) છોકરીઓ 12-13 વરસની થાય (નહાતી-ધોતી થાય) એટલે તેને શાળામાંથી ઉઠાડી લેતાં. અમે તેમને ગામ તેમને ઘેર જઈએ. ત્યાં જમીએ તેથી મા-બાપ જેવા અમે છીએ તેવી છાપ પડતી ને ધો. 8થી

10ના 14થી 17 વરસનાં છોકરાં અમે લઈ આવતાં. અમે પણ સહકુટુંબ જતાં.

લામડાપુરામાં જ અમે હતાં ત્યારે મંજૂસરના મનોરભગત અવારનવાર અમારે ત્યાં આવતા. તેઓ મધુર કંઠે એકતારા સાથે ભજનો કરતા તે મને બહુ ગમતા. તેમને ચા પીવડાવતો ત્યારે તેઓ પોતાની થેલીમાંથી રકાબી કાઢતા. પટેલોને ઘેર તે રકાબીમાં ચા રેડતા. હું અમારાં ઘરનાં જ કપ-રકાબી આપતો. ભગત આજુબાજુ જોઈ કોઈ પટેલનું બચ્ચું નથી તેની ચોકસાઈ કરી ઝડપથી અમારાં કપ-રકાબીમાં ચા પી લેતા. આ મનોરભગતે એક વાર દરખાસ્ત કરી, ‘‘મંજૂસરમાં 27 ગામોના ભંગીઓની ભજન મંડળીઓ ભેગી કરવી છે.’’ તેમાં 200-250 માણસો આવે તેમને જમાડવા પડે. તે માટે ઘઉં-તેલ-દૂધનો પાઉડર મારે આપવો. તે વખતે CASA સંસ્થા તરફથી અમારે ત્યાં જથ્થાબંધ ઘઉં-તેલ-દૂધ પાઉડર આવતાં. અમે માટીકામ કરાવી તેની રોજી પેટે આ ચીજો આપતા. મેં ભગતને તે ચીજોની મદદ આપવાની સંમતિ આપી તો ભગતે બીજી માંગણી મૂકી, ‘‘તમારે સહકુટુંબ તે ભોજન સમારંભમાં ભળવું.’’ આ નિમંત્રણ સ્વીકારવાની મુશ્કેલી હતી. મને તો કોઈ છોછ ન હતો પણ અમારા કાર્યકરોની ઘરવાળીઓ માટે આ નિમંત્રણ સ્વીકારવાનું અઘરું હતું. અમે મહિલાઓને સમજાવી ગાંધીજીના વિચારો જણાવ્યા. ‘‘આપણો સર્વોદય આશ્રમ છે. ગાંધીજી કહેતા કે મારું જીવન એ જ મારો સંદેશ છે, તેથી આપણા જીવનમાં ગાંધીજીની વાતો દેખાવી જોઈએ.’’ કચવાતે મને મહિલા મંડળ સંમત થયું અને અમે ભોજન સમારંભમાં ગયાં ને જમ્યાં. તેથી 27 ગામોનાં ભંગીઓને ગાંધીજીના વિચારના આશ્રમના કાર્યકરો માટે અહોભાવ થયો.

1969માં ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે ગુજરાત સર્વોદય મંડળે દાંડીથી પોરબંદરની એક વરસની ગુજરાતભરની પદયાત્રા કાઢી. પદયાત્રાના આયોજનમાં મારે ભાગ લેવાનો હતો. અમે નક્કી કર્યું કે, ગામેગામ યાત્રાનું સ્વાગત થાય, સમૂહભોજન થાય તેમાં દલિતોની સાથે સહભોજન કરવું, સાંજનું ભોજન તો દલિતોને ઘેર જ કરવું. આ યાત્રામાં અનેક સ્મરણીય પ્રસંગો બન્યા હતા. સુરત જિલ્લામાં સાયણ ગામે અમે પટેલ સરપંચના રસોડા બહાર ઓસરીમાં જમવા બેઠા હતા. ત્યાં રાતના અમારા નિયમની અમે સરપંચને વાત કરી. સરપંચે સહજતાથી કહ્યું, ‘‘તમે ગાંધીબાપુના લોકો છો તેથી આભડછેટને ના જ માનો એમ ધારી અમે અમારા ગામના ભંગી ભગતને પણ સૌની સાથે સમૂહ ભોજનમાં બોલાવ્યા છે.’’ અમારી સાથે જ એક પંગતમાં ભંગી ભાઈ પણ બેઠા

હતા ને પટલાણી પ્રેમથી પીરસતાં હતાં. અમે તો ખુશ થઈ ગયાં. સરપંચ કહે, ''1930માં ગાંધીબાપુ દાંડીકૂચમાં ગયા ત્યારે અમારી આભડછેટ તેમની સાથે લઈ ગયા. ત્યારથી અમારે ગામ વારે-તહેવારે સમૂહભોજન થાય ત્યારે સવર્ણ-અવર્ણ સૌ સાથે એક પંગતે બેસીને જમે છે. એક કૂવે પાણી ભરવાનું, મંદિરે દર્શન કરવાનુંયે સહજ છે. આભડછેટ તો ગઈ જ છે.''

વડોદરા જિલ્લાના બળિયાબાપાના પોર ગામમાં ઊલટો જ અનુભવ થયો. સવારે ગામના પટેલ સરપંચે અમારું ઊમળકાભેર સ્વાગત કર્યું; બપોરનું ભોજન પણ સારી રીતે પત્યું. જમ્યા પછી સાંજના દલિતવાસમાં ભોજન કરવાની વાત કરી કે પટેલો બગડ્યા, ''અહીં વણકર કે ચામડિયાનાં ઘરો નથી. ભંગીનાં ચાર ઘર છે. રાત્રે તેમને ઘેર રસોઈ બનતી નથી. ગામમાંથી મેળો માંગી જાય છે. અમે વધ્યું-ઘટ્યું આપીએ તેમાં તેમનું નભી જાય છે. પણ તમે ત્યાં જમવાના હશો તો અમે એક-એક રોટલો ને દાળ વધારે આપીશું.'' તેમણે આમ કહ્યું ને પછી અમારો બહિષ્કાર કર્યો. ગાદલાં ન મોકલ્યાં. રાત્રે રોટલા આપ્યા. તે અમે ભંગીઓના ઘરમાં જઈને જમ્યા. તદ્દન કંગાળ ઝૂંપડાઓમાં ગંધાતાં ગોદડાંની વાસમાં અમારે જમવાનું હતું. તે લોકો રોજ જે જમતાં તે માંગી આણેલું તે દિવસે જમવાનું હતું. મને યાદ છે તે મુજબ 'ભૂમિપુત્ર'ના સાથી સંપાદક કાંતિભાઈ પણ મારી સાથે તે યાદગાર ભોજનમાં હતા, દલિતોમાંયે નિમ્ન ઘરના લોકોને ઘેર અમે જમ્યા.

ખેડા જિલ્લાના નાયકા ગામે અત્યંત અદ્‌ભુત અનુભવ થયો. ડૉક્ટર અમૃતભાઈ પટેલ અમારા યજમાન હતા. તેઓ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, સ્વાતંત્ર્ય-સેનાની, ખાદીધારી. તેમના પિતા ગોવિંદકાકા તાલુકા પંચાયતના પ્રમુખ ને કોંગ્રેસના અગ્રણી કાર્યકર. અમૃતભાઈને સાંજના ભોજન અંગેના અમારા નિયમની વાત કરી. તેમણે સહજ રીતે કહ્યું, ''હું પણ તમારી સાથે ભંગીને ઘેર જમવા આવીશ.'' અમે આજથી 41-42 વરસ અગાઉ તો ક્રાંતિ કરી શક્યા તેવો અનુભવ થયો. ભંગીવાસમાં બાજરીનો લોટ અને શાક પટેલોએ પહોંચાડ્યાં હતાં. ભંગીભાઈઓએ ગરમ રસોઈ બનાવી હતી. બાજરીનો રોટલો ને શાક અમે ત્યાં જમ્યા. સાથે અમૃતભાઈ પટેલ પણ હતા. દલિતો સાથે રાષ્ટ્રીય તહેવારોને દિવસે સમૂહ ભોજનમાં કોંગ્રેસી કાર્યકરો ભળતા પણ પોતાના જ ગામના ભંગીને ઘેર ગામના પ્રતિષ્ઠિત કાર્યકર ને દાકતર જમે તે ન કલ્પી શકાય તેવી હકીકત હતી.

સરકારે દલિતો માટે રાહતની અનેક યોજનાઓ બનાવી છે તેનો લાભ ખાસ કરીને ભણેલા-નોકરી કરતાં દલિતોમાં ઉપલા થરના લોકો જ વધુ લે છે તેવી મારી છાપ છે. તદ્દન કંગાળ, અભણ, ગરીબ, ગંદા ભંગી ભાઈઓ સુધી સરકારી મદદો ઓછી જ પહોંચે છે. તેથી ખાસ ભંગીઓ માટે જ ધોરણ એકથી સાતની આશ્રમશાળા કાઢવાની વાત મેં તે વખતના રાજ્યના શિક્ષણમંત્રી ઇન્દુમતીબહેન શેઠને ગળે ઉતારી હતી. તેવી આશ્રમશાળા મને સોંપાય તેવી વાત મેં કરેલી. પાછળથી તે યોજના અમલી બની ત્યારે રાજ્યના અગ્રણી હરિજન કાર્યકર તે યોજના પોતાને ત્યાં લઈ ગયા હતા તેવું જાણ્યું હતું. 40-45 વરસ અગાઉ કોંગ્રેસના એકહથ્થુ શાસનમાંયે રાજકારણીઓની ખટપટ ચાલતી જ હતી ને મારે તેની તલવારનું રાજ હતું.

અમારાં દલિત છાત્રાલયોનાં છોકરાંની માંદગીમાં ને પ્રવાસમાં તેમની તમામ જાતની સેવા કરવાની તક મા-બાપની જેમ અમારે ભાગે આવતી. અમે તે સહર્ષ કરતાં ને ગાંધીબાપુનો આત્મા તેથી રાજી થાય છે તેમ માનતા.

ખાસ કરીને ભંગી કોમ માટે મારી આત્મીયતાનું રહસ્ય મારા કાકાએ ખોલતાં કહ્યું હતું કે, ''ટાંગુમાં તારા જન્મ વખતે પડોશમાં રહેતા એક બરમીનું મરણ થયેલું. તેમના રિવાજ મુજબ ત્રણ દિવસ સુધી તેનો ઑચ્છવ ચાલેલો. ઢોલ-નગારાં વાગતાં. ત્યારે તારી બાની તબિયત બગડેલી અને તને ઉછેરવા આયા રાખવી પડેલી. તે બાઈ ભંગી હતી. તેણે તને ધવડાવેલો. તેનું દૂધ તારા વ્યવહારમાં બોલે છે.''

મેં આપકર્મી બની ઘર છોડેલું પણ મારા કાકા તેમના જીવનનાં છેલ્લાં વરસોમાં અવારનવાર લામડાપુરા આવી અમારી સાથે રહેતા.

*

**સાચો ધાર્મિક માણસ નાત-જાત-ધર્મ-ભાષા-પહેરવેશ-ખોરાક-ભણતરનો ખ્યાલ કરી કોઈનીયે સાથે વ્યવહાર ન કરે. આપણી સંસ્કૃતિ તો માનવમાત્ર જ નહીં જીવમાત્રમાં ચેતન છે એવું કહે છે. વનસ્પતિમાંયે જીવ છે તેવું તો વિજ્ઞાને પણ પુરવાર કર્યું છે.**

# ૨૦ : નિસર્ગોપચાર કેન્દ્ર

છેલ્લાં 34 વરસથી અમે વડોદરાના વિનોબા આશ્રમમાં રહીએ છીએ ને એકંદરે સુખી ને સંપન્ન જીવન ગાળીએ છીએ. વડોદરામાં વિનોબાએ દશ વર્ષ કાઢેલાં એટલે તેમનાં કાર્યનું જીવંત સ્મારક થાય તેવી ભાવનાથી અમારા વડીલ કાર્યકર ગોરધનભાઈ મોતીભાઈ પટેલે ગોત્રીની ગ્રામપંચાયતને સમજાવી ત્રણ એકર જમીન નામમાત્રની રકમથી ખરીદેલી. વખત જતાં તે બધા જૂના ટ્રસ્ટીઓ આ દુનિયા છોડી ગયા. છેલ્લા મેનેજિંગ ટ્રસ્ટી કાંતિલાલ હિંદુ શાહે અહીં નિસર્ગોપચાર કેન્દ્ર શરૂ કરવાની યોજના ઘડેલી. સાત ટ્રસ્ટીઓ પૈકી છ વડોદરામાં રહેતા ને સૌને પોતાનાં ઘર હતાં તેથી આ વિનોબા આશ્રમમાં કોઈ રહેતું નહીં. કાન્તા-હરવિલાસ બહેનોએ બિહારમાં ઝરીઆ જઈ કોલસાની ખાણના માલિકો પાસેથી પાંત્રીસ હજાર રૂપિયાનું દાન એકત્ર કરી 1965માં આ સ્થળે મકાન બંધાવેલું ને તારની વાડ કરેલી પણ તે વખતે ગોત્રી ગામથી દૂર એકાંત સ્થળે રસ્તા, વીજળી, પાણીની અગવડમાં ઓતાડી જગાએ કોઈ રહેતું નહીં. તેથી આશ્રમનો વિકાસ થઈ શકતો નહીં. સાવલીના સ્વામીજીએ ‘સર્વોદયવાળા કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરો’ - તેવી પ્રેરણા આપી જાતે આવી બોરમાં કોંપ્રેસર મરાવી પાણી કઢાવેલું ને મકાનને રંગવા-ધોળવાનું કામ કરાવેલું પછી ટ્રસ્ટીઓ લામડાપુરા આવી મને વડોદરા આવી રહેવા સંમત કરી ગયેલા. હું સૌથી નાનો ને પાછળથી દાખલ થયેલો ટ્રસ્ટી. મારી પોતાની કોઈ સ્થાવર-જંગમ મિલકત નહીં ને 1969થી નવ વર્ષ હું લામડાપુરાથી રોજ વડોદરા આવજા કરી ‘ભૂમિપુત્ર’માં કામ કરતો. મારે માટે આ સ્થળ નજીક હતું તેથી હું રહેવા આવ્યો. શરૂઆતનાં ત્રણેક વરસ સડક, વીજળી, ટેલિફોન વગેરેની સગવડ વિના સ્મશાન પાસે અમે રહેલાં. પછી હાઉસિંગ બોર્ડે બાકીની ગોચરની જમીન કબજે કરતાં બધી સગવડો થઈ ગયેલી. 1978માં નિસર્ગોપચાર કેન્દ્ર શરૂ કરેલું ત્યારે રાજ્યના મંત્રી નવલભાઈ શાહે તેનું ઉદ્‌ઘાટન કરેલું ને સરકારે ખાસ યોજના બનાવી કેન્દ્રને વર્ષે સવા લાખ રૂપિયા જેવી ગ્રાંટ આપેલી. જે અમને ચેક દ્વારા મળી જતી. સરકારી અધિકારીઓ ગમે ત્યારે આવી ચોપડા તપાસી જતા ને પ્રવૃત્તિ જોઈ જતા. 1978થી 1998નાં વીસ વરસ સુધી આ સિલસિલો ચાલ્યો પછી સરકાર

બીજા પક્ષની આવી અને 'ગાંધીનગર આવી સમજી જવાનું' કહેણ આવ્યું. અમારી શરતમાં તે ન હતું તેથી અમે સરકારી ગ્રાંટ લેવાનું બંધ કર્યું.

નિસર્ગોપચાર કેન્દ્રમાં અનેક દાકતરો બદલાયા. વચ્ચે વચ્ચે દાકતર ન હોય ત્યારે જયંતીભાઈ શાહ દાકતર તરીકે સેવા આપતા. બાકી તેઓ વ્યવસ્થા સંભાળતા. મારાં પત્ની મંજુલાને આ પ્રવૃત્તિમાં ઊંડો રસ હતો. તે દાકતરની મદદમાં વ્યવસ્થામાં રહેતાં ને દાકતર ન હોય ત્યારે દર્દીઓને સલાહ પણ આપતાં. હું મોટે ભાગે 'ભૂમિપુત્ર' અને સર્વોદય મંડળનાં કામોમાં તથા શાંતિસેનાના કામમાં વ્યસ્ત રહેતો. હા, એટલું થયું કે અમે અહીં રહેવા લાગ્યા તેથી ગુજરાતના અને દેશના અગ્રણી સર્વોદય કાર્યકરો અહીં આવતા થયા. શિવામ્બુની પ્રવૃત્તિને કારણે અમારા સંપર્કો વધ્યા તેથી દાતાઓ મળતા ગયા ને આશ્રમનો વિકાસ થતો ગયો. છેવટે 8-9 વરસ અગાઉ મારો દીકરો ભરત એલોપથીની મર્યાદા સમજી નિસર્ગોપચાર, યોગ અને આયુર્વેદનો અભ્યાસ કરી અહીં મુખ્ય ચિકિત્સકની જવાબદારી સંભાળીને બેઠો. ત્યારથી અમે નિવૃત્ત થયાં ને આ કેન્દ્રનો વિકાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો.

મારા જાહેરજીવનનાં 1953થી 2012નાં 59 વરસોમાં સૌથી લાંબો 34 વર્ષનો ગાળો અહીં વીત્યો છે. પ્રારંભનાં 2-3 વર્ષોને બાદ કરતાં અહીં કોઈ સંઘર્ષ નથી. હવે તો બંને દીકરા સપરિવાર અહીં રહેતા થવાથી અમેય નિશ્ચિંત થઈ ગયા છીએ. કપિલ 'જતન'ના સજીવ ખેતીની અને ભરત નિસર્ગોપચારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે. બંને સંતાનો પોતપોતાની રીતે સર્વોદયની કામગીરી કરી રહ્યાનો અમને સંતોષ ને સમાધાન છે.

3-4 દાયકાની આરોગ્ય સેવાને અંતે મેં તારણ કાઢ્યું છે કે : દુનિયાની કોઈપણ ચિકિત્સા-પદ્ધતિ બધા રોગોમાં, બધે જ સ્થળે, બધા દર્દીઓને સંપૂર્ણ સાજાં કરી શકે તેવો દાવો ન કરી શકે. દરેક પદ્ધતિમાં કેટલીક ખૂબીઓ અને કેટલીક ખામીઓ છે. પ્રામાણિક ચિકિત્સકે દર્દીને સાજો કરવાની નેમ રાખવી જોઈએ, નહિં કે પોતાની જ ચિકિત્સા-પદ્ધતિને વળગી રહેવાની. પોતાની ચિકિત્સાથી દર્દી સાજો નહીં થઈ શકે તેવું લાગે ત્યારે ચિકિત્સકે પોતાની અને પોતાની પદ્ધતિની મર્યાદા દર્દીને જણાવી અન્ય પદ્ધતિ ને અન્ય ચિકિત્સક પાસે જવાની સલાહ નિઃસંકોચ આપવી જોઈએ.

બધા જ રોગોનાં કારણો આપણે જાણતા નથી. મોટા ભાગની

બીમારીમાં આહાર-વિહાર અને મનોવ્યાપાર કારણભૂત હોય છે પણ તે સિવાયનાં કારણો પણ હોઈ શકે જેનું આપણને જ્ઞાન નથી હોતું. આ વાત સમજી ચિકિત્સકે વધુ પડતો આત્મવિશ્વાસ ન રાખતાં નમ્રતાથી દર્દી પાસે પોતાની મર્યાદા કબૂલવી જોઈએ.

*

## આદર્શ નિસર્ગોપચારક આવો હોય

- **ફરસાણ, મીઠાઈઓ, અથાણાં, પાપડ, બેકરીની મેંદાની ચીજો, વેજિટેબલ ઘીની વાનગીઓથી તે પરહેજ કરતો હોય.**
- **તમાકુ ખાવી, પીવી, સૂંઘવી કે પાન-સોપારી જેવાં વ્યસનોથી તે દૂર હોય.**
- **ફળ, ફળરસ, કચુંબર, સૂપ વગેરે માટે તેને પ્રેમ હોય.**
- **તેને માનવસર્જિત રેષાનાં કાપડ (સિન્થેટિક કાપડ : નાયલોન-ટેરેલિન-પોલિસ્ટર વગેરે) માટે આકર્ષણ ન હોય.**
- **બજારુ ઠંડાં પીણાં કે જંકફૂડથી દૂર રહેતો હોય.**
- **તેની દિનચર્યા નિયમિત હોય. ખાવા-પીવા-ઊંઘવા-ઊઠવાના, સમયો નિશ્ચિત હોય.**
- **ટી.વી., કોમ્પ્યુટર, રેડિયો વગેરેનો તે વિવેકથી ઉપયોગ કરતો હોય.**
- **તેના ખોરાકમાં વપરાતાં અનાજ-કઠોળ-ફળ-શાકભાજી વગેરે તે સજીવ ખેતીનાં જ વાપરતો હોય. ભોજનમાં સ્વાદ કરતાં પોષણને વધુ મહત્ત્વ આપતો હોય.**
- **તે ધૈર્યવાન, સંતોષી અને નમ્ર હોય. સતત અન્યના અનુભવો ને પુસ્તકો-સામયિકોમાંથી જ્ઞાન મેળવવા જિજ્ઞાસુ હોય. દિનચર્યામાં રોજ સ્વાધ્યાય માટે સમય કાઢતો હોય.**
- **યોગાસન, પ્રાણાયામ, કસરત ઉપરાંત દળવું, વાળવું, ખેતી, બાગ-બગીચામાં શ્રમકાર્ય માટે તે નિયમિત રીતે સમય કાઢતો હોય.**

# ૨૧ : આયોડિન મીઠું

**સ**ર્વ સેવા સંઘ અને ગુજરાત સર્વોદય મંડળના સક્રિય કાર્યકર્તા તરીકે ભૂમિદાન ઉપરાંત શાંતિસેના, ગોવધબંધી વગેરે આંદોલનોમાં હું સક્રિય હતો તે આગળનાં પ્રકરણોમાં લખી ચૂક્યો છું. એક બાબત તેમાં છૂટી જાય છે, તે છે આયોડિન મીઠાને સરકાર દ્વારા ફરજિયાત કરવામાં આવ્યું તે બીના.

શરૂઆતમાં આયોડિન મરજિયાત હતું. ત્યારે જ અમેરિકાવાસી વડીલ મિત્ર અમરશીભાઈએ મને ચેતવ્યો હતો કે આગળ જતાં આને ફરજિયાત કરશે. ત્યારે તેમની આશંકા પાયા વગરની લાગતી હતી. પણ વખત જતાં તેઓ સાચા પડ્યા.

અબૂધને પણ સમજાય પણ લાંચિયા સરકારી અધિકારીઓ અને સરકારના પ્રધાનોને ન સમજાય તેવી આ બાબત છે. આયોડિનના અભાવે પ્રજાનો બૌદ્ધિક વિકાસ રુંધાય છે માટે સૌને માટે આયોડિન ફરજિયાત કરવું ને તે માટે મીઠામાં તેનું મિશ્રણ ફરજિયાત કરવું, આ તર્ક ન સમજાય તેવો છે. આયોડિન શરીરને માટે સૂક્ષ્મ પોષક તત્ત્વ છે. તેની અતિ અલ્પ માત્રા જ શરીરને જોઈએ છે. સમુદ્રકિનારાના પ્રદેશનાં પાણી, અનાજ, શાકભાજી, માછલીમાંથી તે ભરપૂર માત્રામાં મળી જ રહે છે. વળી તે શરીરમાં સહેલાઈથી ભળી જાય તેવા કુદરતી સ્વરૂપમાં છે. સમુદ્રથી દૂરના પહાડી પ્રદેશોમાં તેની માત્રા ઓછી હોય છે અને તેને કારણે ગલગંડ (Goiter) થઈ શકે છે. પણ તેનું પ્રમાણ માત્ર બે ટકા છે. બે ટકાની જરૂરિયાતનું રાસાયણિક તત્ત્વ બાકીના 98 ટકાને માથે મારવામાં કોઈ ડહાપણ નથી. વળી, આયોડિનની ઊણપથી જેમ અમુક રોગો થઈ શકે છે તેમ આયોડિનની અધિકતાથી પણ અમુક રોગો થઈ શકે છે. વળી, આયોડિન હવામાં ઊડી જાય તેવું ઉડ્ડયનશીલ તત્ત્વ છે. મીઠામાં આયોડિન ભેળવ્યા પછી પડ્યું પડ્યું પણ તેમાંથી આયોડિન ઊડી જઈ શકે. દાળ-શાકમાં ગરમ થયા પછી તો બધું જ ઉપરી આયોડિન ઊડી જ જાય છે.

વળી, આયોડિન આપણા દેશમાં પાકતું નથી. પરદેશથી તેની આયાત કરવી પડે છે. લગભગ સવા અબજની માનવ વસ્તીને માટે મોટા પ્રમાણમાં આયોડિન આયાત કરવું પડે તેમાં પરદેશી બહુરાષ્ટ્રીય વેપારી કંપનીઓનું પરાવલંબન અને મોઘાં વિદેશી હુંડિયામણનો વેડફાટ થાય છે.

આટલી ચોખ્ખી દીવા જેવી વાત પણ સરકારી ભ્રષ્ટ લોકોને ન સમજાઈ તેની સામે અમે મોટું આંદોલન ઉપાડ્યું. તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા અમે લેખો અને પુસ્તકો લખ્યાં, સભાઓ કરી, દેશના વડાઓની મુલાકાતો લીધી, તે માટે યાત્રાઓ કરી. એક વાર સાબરમતીથી દાંડીની પદયાત્રા કરી તો બીજી વાર દાંડીથી દિલ્હીની વાહનયાત્રા કરી. અડધા દેશના પ્રદેશોમાં અમે ભ્રમણ કર્યું : દિલ્હી જઈ દેશના વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને મળીને આખી વાત સમજાવી. તેમનેય આવો કાયદો થયાનું આશ્ચર્ય થયું ને કાયદાનો અમલ મુલતવી રખાયો. બીજી વાર ફરી બીજા પક્ષની સરકાર આવી અને આયોડિનના લાભાર્થીઓએ કાયદાને અમલી બનાવ્યો !

હમણાં ખબર પડી કે નાગપુરની ઉચ્ચ અદાલતમાં સરકારના આ કાયદાને પડકારવામાં આવ્યો, તેમાં ન્યાયાધીશોએ સરકારની વિરુદ્ધ ચુકાદો આપી ભેળસેળ નિયંત્રણધારા હેઠળ, મીઠામાં આયોડિનની ભેળસેળને કાયદાકીય સ્વરૂપ ન આપી શકાય તેમજ આપણી કેન્દ્રની અને રાજ્યની સરકારો કેન્સર જેવો રોગ કરવા તમાકુ જવાબદાર છે તેવાં વૈજ્ઞાનિક તારણો મળવા છતાં બીડી-સીગારેટ-ગુટખાની બંધી કરતી નથી. અને સામાન્ય કારણ બતાવી મીઠામાં આયોડિનને ફરજિયાત કરે છે. આ જોતાં આ સરકારો વિદેશી બહુરાષ્ટ્રીય વેપારી કે કંપનીઓના હાથા બની જાય છે, તેવું માનવું રહ્યું.

આ આખા પ્રકરણનો મેં તલસ્પર્શી અભ્યાસ કર્યો અને કોઈપણ રાજકારણી, સરકારી અધિકારી કે વિજ્ઞાનીને ગળે ઉતારી શકું તેવી દલીલો મેં તૈયાર કરી રાજ્ય અને દેશની કક્ષાએ તે માટે લડત ઉપાડી. આ સંઘર્ષની કથાનો ઉલ્લેખ માત્ર કરીને આ બાહ્ય સંઘર્ષનું લખાણ પૂરું કરું છું.

*

**આજના રાજકારણમાં જે સત્ય છે તેનો જ સ્વીકાર થાય છે તેવું બનતું નથી. અનેક પરિબળો, અનેક વ્યક્તિઓ સરકારી નીતિ-નિર્ધારણમાં ભાગ લે છે. બધા કાંઈ દેશપ્રેમી, વ્યક્તિ-નિરપેક્ષ નિર્ણય લઈ શકતા નથી. આથી જ કદાચ લોકશાહીને વિચારકોએ ડેરીના દૂધ સાથે સરખાવી છે. તે સર્વ સામાન્ય (Average) જ રહેવાની.**

# ૨૨ : મારો પરિવાર

**જે**મ 'મોર પીંછે રળિયામણો' તેમ હું મારા પરિવારને કારણે આજે સર્વોદય સમાજમાં પ્રતિષ્ઠિત છું.

મારાં પત્ની મંજુલા પોતે સ્વતંત્ર કાર્યકર છે. તેના પોતાના સદ્‌ગત કાકા રસિકભાઈ શાહ સ્વાતંત્ર્ય-સેનાની ને બ્રહ્મચારી તથા ચુસ્ત ખાદીધારી. મોટાભાઈના અવસાન પછી તેમના કુટુંબને તેમણે સ્વીકારી લીધું ને ચાર ભત્રીજીઓ અને બે ભત્રીજાઓને તેમણે ઉછેર્યાં. તેમનામાં ગાંધીવિચારના સંસ્કાર સીંચ્યા, તેમનાં લગ્નો કરાવ્યાં. મંજુલા તે વાતાવરણમાં ઊછરી તેથી કાંતણ, ખાદી, સાદાઈ, ઉચ્ચ વાચનનો તેને બાળપણથી જ શોખ. મેં લગ્ન કરવાનું નિરધાર્યું ત્યારે મારા જેવા નિર્ધન, સમાજાધારિત, સ્વૈચ્છિક ગરીબી સ્વીકારનારને કોઈ સામાન્ય છોકરી પતિ તરીકે પસંદ જ ન કરે. મંજુલાને મારા વિચારો, આદર્શ જીવન પ્રત્યે માન હતું. તેથી અમારા લગ્નજીવનમાં ખાદી-ગ્રામોદ્યોગ, સાદાઈ, સ્વાવલંબન, કરકસર સહજ વણાઈ ગયાં.

અમારા બંને દીકરાઓ કપિલ અને ભરતના ઉછેરમાંયે તેમની માતાનો મોટો હિસ્સો. હું તો ઘણે ભાગે પ્રવાસમાં હોઉં. ત્યારે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં તેણે ઘર નભાવ્યું. બંને દીકરાઓ નાના હતા ત્યારે દિવાળીના તહેવારોમાં અમે સપરિવાર વિનોબાજી પાસે જઈ રહેતા. વર્ધા પાસે વિનોબાજીના પવનારના આશ્રમમાં બ્રહ્મવિદ્યા મંદિરમાં લગભગ બધી મોટી બહેનો જ હતી. તેમને આ બાળકો ખૂબ ગમતાં. આ બધી ફોઈઓ પાસેથી, તેમનાં જીવનથી બાળકો ઘણું ઘણું પામ્યાં છે. મંજુ આ પ્રવાસને વધાવી લેતી હતી. ત્યાં વિનોબા આશ્રમમાં પણ સફાઈ અને ખેતીકામમાં ભળતી. દીકરાઓ સ્વાભાવિક તેમાં ભળતા. દિવાળીના તહેવારોમાં સમાજમાં છોકરાઓ નવાં વસ્ત્રો પહેરે, ઉત્તમ મિષ્ટાન્ન આરોગે, ફટાકડા ફોડે તે વખતે મારા દીકરાઓ મરચાં-વઘાર વગરની ને ક્યારેક મીઠા વગરની સાદી રસોઈ હોંશેહોંશે જમતા. વિનોબાજીની આંગળી પકડી તેમને દોરતા ને ખુશ થતા. તેથી સ્વાભાવિક રીતે જ તેમનામાં સર્વોદયી જીવન પ્રત્યે વિચારપૂર્વકનું આકર્ષણ રહ્યું. આમ અમારો ચારેયનો પરિવાર સહજ રીતે સર્વોદયી રહ્યો. તેને પરિણામે પુત્રવધૂઓ લાવવાની થઈ ત્યારેય અમે આ આગ્રહ રાખી શક્યા. તેઓએ પણ સ્થાવર-જંગમ મિલકત કે દુન્યવી સમૃદ્ધિ ન ઇચ્છતા દીકરાઓનું ભણતર, સાદાઈ અને ગાંધીવિચાર પ્રત્યેની રુચિને આવકારી. પરિણામે

તેમના જીવનમાં, તેમનાં સંતાનોમાંયે આ સંસ્કાર દઢિભૂત થયા.

એક જમાનામાં મારા દીકરાઓ તરીકે તેઓ ઓળખાતા હતા. હવે બંને દીકરાઓએ (કપિલભાઈએ સજીવ ખેતીમાં અને ભરતભાઈએ કુદરતી ઉપચારમાં) પોતપોતાનાં ક્ષેત્રો પસંદ કરી સખત મહેનત કરી ઊંડી જીવનનિષ્ઠાથી નામના કાઢી છે. તેમનાં પોતાનાં પરિચિતોનાં બહોળાં વર્તુળો થયાં છે. તેમાં અમે તેમનાં મા-બાપ તરીકે ઓળખાઈ ગરિમા અનુભવીએ છીએ.

સમાજના મહાજનો ભાષણો અને બાહ્ય જીવન કરતા પોતાનાં વિચાર મુજબનું જીવન જીવનારા ગાંધીજનો પ્રત્યે માન ધરાવે છે ને પોતે તે કરી શક્યા નથી તેનો વસવસો અમારા જેવા ગણ્યાં-ગાંઠયાં કુટુંબોને સતત સહાયભૂત થવામાં સદૈવ તત્પર રહીને ટાળે છે. ભલે ખાદી ન પહેરતા હોય છતાં નિર્વ્યસની અને સાદાઈ-પસંદ આવા મહાજનો ને દાતાઓ મને સતત મળતા રહ્યા છે. મારાં સંતાનો અને હવે તેમનાંયે સંતાનોના ભણતર, માંદગી, લગ્નપ્રસંગોમાં તે બધા અમારો આર્થિક બોજો વહેંચી લે છે. અલબત્ત, અમેય દેખાદેખીથી સમાજમાં થતાં ફિજુલ ખર્ચથી બચીને જ જીવીએ છીએ.

આમ, અમારા પરિવારમાં ક્યારેય ઘરેણાં, મોંઘાં વસ્ત્રો, જમીન-મકાન કે બીજી સ્થાવર-જંગમ મિલ્કતની ચર્ચા થતી નથી. જ્યારે જરૂરત મુજબ જે જોઈએ છે તે સમાજનારાયણ પહોંચાડી જ દે છે તેવો પાકો ભરોસો અમને પડી ગયો છે. હવે તો અમારા માટે જ નહીં, અમારી મારફત બીજા જરૂરતમંદોને મદદરૂપ થવાનુંયે અમારાથી બની શકે છે.

અમાકા સંયુક્ત કુટુંબનું વાતાવરણ જાળવી રાખવાનો યશ બંને પુત્રવધૂઓને મારે આપવો જોઈએ. મોટા કપિલની પત્ની ધરતી શ્યામસુંદરભાઈ પરીખની દીકરી છે. તેઓ રાધનપુરમાં આંખની હોસ્પિટલ ચલાવે છે. તેઓ એક જમાનામાં ભૂદાન કાર્યકર હતા ને દાકતર દ્વારકાદાસ જોશી અને રતનબહેન સાથે સપરિવાર રહેલા છે. તેમણે સેવાભાવે આંખની હોસ્પિટલ રાધનપુરમાં વરસોથી સંભાળી છે અને ગુજરાત તથા દેશમાં અન્યત્ર પણ નેત્રયજ્ઞો કર્યા છે.

ભરતની પત્ની માધવી લોકભારતીમાં જ ભણીને ત્યાં આચાર્યપદ શોભાવનાર અને સાહિત્યક્ષેત્રે નામના કાઢનાર મનસુખભાઈ સલ્લાની દીકરી છે. માધવીને જન્મથી લોકભારતીમાં ઉછેર થવાથી ત્યાંના વાતાવરણનો સ્પર્શ છે.

*

# ૨૩ : મારી દીકરીઓ

**મ**ને દીકરીઓ માટે અંતરના ઊંડાણથી ખૂબ જ પ્રેમ છે. અમારું પહેલું સંતાન દીકરો (કપિલ) હતો પછી 4-5 વરસે બીજું સંતાન આવવાનું હતું ત્યારે અમે છોકરીની આશા રાખી હતી પણ આવ્યો દીકરો ભરત. અમારી મનની મનમાં જ રહી ગઈ. પછી સગી નહીં તો વહાલી દીકરીઓ મેં શોધવા માંડી. આમેય મારાથી 18-20 વરસ નાની મહિલાને હું ‘બેટા’થી જ સંબોધું છું. ક્યારેક તેથી મોટીનેય ‘બેટા’ કહી દઉં છું.

નારી જાતિ માટે મારા ચિત્તમાં ઊંડું સન્માન છે. ઓછી શારીરિક શક્તિ છતાં ઓછું ખાઈને તે વધારે કામ કરે છે. ઘરનાં કામો ઉપરાંત હવે તો બહારની નોકરીઓ પણ મહિલાઓ કરે છે, બાળકોને ઉછેરે છે ઉપરાંત ઘરના સૌની ચિંતા કરે છે અને સગાં–સ્નેહીઓને પણ જાળવી લે છે. આ બધું મૂંગે મોઢે કરવા છતાં તેનો કોઈ ભાર તે અનુભવતી નથી. ઉપરથી ધણી અને દીકરાઓ તરફથી સવારથી સાંજ સુધી અનેક મહેણાં–ટોણા અને અપમાન તથા અવહેલના તે સહન કરે છે. તેને બિચારીને આટઆટલી જવાબદારીઓ પછી ટી.વી.–છાપાં જોવા–વાંચવાની, બહારની દુનિયાની હિલચાલો ને વિચારસરણીઓ અંગે જૂજ માહિતી હોય છે. તેથી ઘણીવાર મૂર્ખ અને ભોટમાં ખપે છે.

આવી મારી ભાવનાને કારણે સગાં–સ્નેહીઓની દીકરીઓ, પુત્રવધૂઓ અને અન્ય કાર્યકર્તા બહેનો માટે મારા ચિત્તમાં ઊંચા માનની લાગણી રહે છે. તેનો પ્રતિભાવ આપનારી દીકરીઓ મને મળતી જ રહી છે. સમયે સમયે તેમની નિકટતા બદલાતી રહે છે. સગી ન હોવાથી તેમની પાસે અપેક્ષા રહેતી નથી. સંબંધોમાં તે તત્ત્વ પ્રેમભાવ વધારવામાં વધુ મદદરૂપ થાય છે.

એકવાર દીકરીઓની ગણતરી કરી તો આંકડો એક સોની સંખ્યાને વટાવી ગયો. પણ તદ્દન નજીકની ગણીએ તોયે અનેક દીકરીઓ આંખ સામે તરવરે છે. આ દીકરીઓ હયાત છે તેથી તેમને વિષે લખવું અઘરું છે. કોઈને તેમનાં વખાણ હું કરું તે ગમતું નથી. છતાં નામઠામ ન આપીને કે બદલીને કેટલીકનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી.

માયા મારા હૃદયનો ટુકડો છે. તેના નાનાજી ‘ભૂમિપુત્ર’ના પહેલા

અંકથી અઠંગ વાચક હતા. વાચક તે એવા કે બે નકલો મંગાવતા. એક પોતાને માટે જ વાંચવા રાખતા. તેમાં લીટીઓ કરતા ને ટિપ્પણીઓ લખતા. તેની દર વર્ષે પાકી ફાઈલ બંધાવતા. તેને પૂંઠું ચડાવી તેની ઉપર પણ લખવા જેવું લખતા. બીજી નકલ દીકરી-જમાઈ કે પૌત્રીને કે બીજાને વાંચવા માટે આપતા. માયા સમજણી થઈ ને વાંચતી થઈ ત્યારથી નાનાજી પાસેથી મેળવી 'ભૂમિપુત્ર' વાંચતી થઈ છે. તેને વિનોબા-ગાંધી ને સર્વોદય કાર્યકરો માટે દિલનો ભાવ છે.

તે મોટી થઈ ને યોગ્ય મૂરતિયો મળતાં 19 વરસની ઉંમરે તેનાં મા-બાપે તેને પરણાવી દીધી. આઠ વર્ષના લગ્નજીવનમાં તે મા ન બની અને તેના પતિ કિડનીની બીમારીથી તેની 27 વર્ષની ઉંમરે ગુજરી ગયા. હિંદુ બ્રાહ્મણની દીકરીને વિધવાનું જીવન જીવવાનું આવ્યું. તેના ધાર્મિક સંસ્કારો નાનપણના હતા તેથી તેણે જીવનભર એકાકી જ રહેવાનું નક્કી કર્યું. પોતાનું ઘર, નોકરી હતી તેમાં રમમાણ થઈ ગઈ. વહેલી સવારે ઊઠી પરવારી વિદ્વાન સંતોનાં પ્રવચનો સાંભળવા જતી. ઘરનાં કામો, રસોઈ જાતે કરી નોકરીએ ઊપડી જતી. સાંજે ઓફિસેથી સીધી સત્સંગમાં પહોંચી જતી. આવીને ઘરકામ બાકી હોય તે કરીને થાકીને લોથ થઈ જઈ ઊંઘી જતી.

તેની બાને તેની બહુ ચિંતા ! જુવાનજોધ છોકરી શહેરમાં એકલી રહે છે. આજે તો અમે મા-બાપ છીએ પણ અમે નહીં હોઈએ ત્યારે તેનું શું થશે ? તેમણે ભૂમિપુત્રના સંપાદક-વાચકના સંબંધે મને પત્ર લખી તેને ઘેર જઈ પુનર્લગ્ન માટે તેને સમજાવવા વિનંતી કરી. એકવાર હું ગયો. તેને ઘરે રહ્યો. માયા આવનારને આવકાર ને જનારને વિદાય પ્રેમથી આપતી. આવનારનો બોજ નહીં ને જનારનો વિયોગ નહીં. આવજો-આવજોની વેવલાશ નહીં. ચિત્તની સમતા તેણે હાંસલ કરી લીધી છે. સૌ સાથે પ્રેમનો વ્યવહાર. થાય તેટલાં કામ પણ કરે પણ વધારે પડતી લપ્પન છપ્પન કે વળગણ નહીં. કરે બધું, પણ જળકમળવત્ રહે. તેની સાથે ત્રીસેક વરસનો પરિચય છે. તેની હાજરીમાં પવિત્રતાનો સ્પર્શ થાય છે. તેનું સ્મરણ જ ચિત્તને પ્રફુલ્લિત કરી દે છે. તેને હું દીકરી માનું છું ને મને પરિવારના વડીલમિત્ર ગણે છે. તેના મા-બાપ, નાના ભાઈ-ભાભી, બહેન-બનેવીઓ ને દિયર-સાસુ સાથેય મારો પરિચય છે. મારી સાથે સર્વોદય કાર્યકરો પણ તેને ઘેર જઈ આવ્યાં છે. તે સૌને સાચવે છે. તેના પરિચયથી મારાં પત્ની-દીકરા-વહુઓ સૌ તેનું માન જાળવે છે. તેનું જીવન અને સ્વભાવ સાચા અર્થમાં 'ગંગાસ્વરૂપ'ની યાદ આપે છે.

ઈશ્વર કરે છે તે આપણા ભલા માટે જ કરે છે એવી તેની શ્રદ્ધા દઢ થઈ ગઈ છે. એકવાર મને કહેતી હતી કે, ''27 વરસે વિધવા થઈ ત્યારે જીવનમાં અંધારું લાગતું હતું ને ઈશ્વરને દોષ દેતી હતી. આજે ત્રીસ વરસે લાગે છે કે મારામાં આજે કેટકેટલી આવડતો ઈશ્વરે ખીલવી છે, કેટલી જવાબદારીઓ સંભાળી શકું છું ! બધી આવડત વિધવા ન થઈ હોત તો ન ખીલત.'' તે દીકરી છે પણ મારી માના સ્થાને છે.

❖ ❖ ❖

તે દીકરી મુસલમાન છે. વીસેક વર્ષ અગાઉ એક વાર તેનો ખાવિંદ કામ શોધતો 'ભૂમિપુત્ર' કાર્યાલયમાં આવેલો. અમારે પ્રૂફરીડરની જરૂર હતી. તેને કંપોઝ આવડતું હતું. મેં મારી જરૂરિયાતની વાત કરી. તે કહે, ''મારી બીબીને તે કામ આવડશે. તે એસદ્રએસદ્રસીદ્ર પાસ છે.'' મેં બોલાવી લાવવા વાત કરી તો પચીસેક વરસની તેની બીબી આવી. મેં પૂછ્યું કે, ''એસદ્રએસદ્રસીદ્રમાં ગુજરાતી ભાષામાં કેટલા માર્ક મળેલા ?'' તેણે કહ્યું કે, ''મેં તો ઊર્દુ વિષય સાથે પરીક્ષા પાસ કરેલી.'' તો ગુજરાતી પ્રૂફ કેવી રીતે તું સુધારીશ ?'' મારા આ પ્રશ્નના જવાબમાં તેણે મને વેધક સવાલ પૂછ્યો, ''કેમ તમે મને નહીં શીખવો ? તમે શીખવશો તો હું તરત શીખી જઈશ.'' તેના આત્મવિશ્વાસ ને મારા પ્રત્યેની શ્રદ્ધા જોઈ હું જિતાઈ ગયો. બીજા દિવસથી રોજ બે કલાક માટે કામ શીખવા આવવા મેં તેને કહ્યું. બીજા દિવસથી ઘડિયાળના કાંટે નિયમિત રીતે આવવા માંડી. પંદર દિવસમાં તેણે કામ પકડી લીધું. કોશ જોવાનું પણ શીખી ગઈ. મારે તેને પ્રૂફ રીડર તરીકે રાખવી પડી. આજે તે મારી ભૂલો પણ કાઢે છે. તેનો એક પ્રસંગ જાણવા જેવો છે. એક વાર હું કાર્યાલયમાં પહોંચ્યો ત્યારે બીજી બે બહેનો વચ્ચે એક બાબતની ચર્ચા ચાલતી હતી – એક પ્રસંગ રામાયણમાં છે કે મહાભારતમાં ? તેમને અમારી મુસ્લિમ પ્રૂફ રીડરે પોતાનો નિર્ણય આપ્યો. પણ તું મુસલમાન શું સમજે ? એમ પેલી બંને જણીઓએ કહી મને પૂછ્યું. મારે પેલી મુસ્લિમ બહેનના નિર્ણયને બિરદાવવો પડ્યો. તેને રામાયણ-મહાભારત સહિત હિંદુ ધાર્મિક પુસ્તકોનું વાચન કરવાનો શોખ છે. જ્યાં જ્યાંથી જ્ઞાન મળે તે વાંચી લેવાની જિજ્ઞાસાવૃત્તિ તેનામાં ભારોભાર છે. શરૂઆતમાં તો હું તેને સંતાન-વિહોણી સમજતો હતો. પરિચય વધતાં જાણ્યું કે નાનકડી દેખાય છે તે બે દીકરાઓની મા છે. ઘેર ચારેયની રસોઈ બનાવી જમીને દસ વાગે અમારા કાર્યાલયમાં હાજર થઈ જતી. સાંજે છ સુધીમાં કોઈ

કામ બાકી ન રાખે. તેના પ્રૂફરીડિંગમાં ભાગ્યે જ ભૂલો રહી જાય. પોતાના અજ્ઞાનની કોઈ શરમ નહીં. પૂછવા જેવું લાગે કે જોડણીકોશમાં જોવા જેવું લાગે તો આળસ વગર તે પૂછી-જોઈ લેતી. આજે તો તેના બે છોકરાઓને પરણાવીને સાસુ થઈ ગઈ છે પણ બંને વહુઓને મા બનીને દીકરીની જેમ સાચવે છે. પ્રૂફરીડિંગનું કામ તે ખૂબ કરે છે છતાં ઘરકામમાં આળસ નથી કરતી. તેનું વજન માત્ર અઠ્ઠાવીસ કિલોગ્રામ છે. તેની વહુઓ ને અમે બધાં તેને આરામ કરવા ને કામ ઘટાડવા કહીએ છીએ પણ તે પોતાની ટેવો છોડતી નથી.

2002ના ગોધરાકાંડ પછીનાં હિંદુ-મુસ્લિમ રમખાણોમાં મારા શાંતિકાર્યમાં તે મારે પડખે સાબદી થઈને રહી હતી. તેને લીધે મુસ્લિમ સમાજમાં મારો પ્રવેશ સરળ થઈ ગયો હતો. તેના કામથી ખુશ થઈ એક વાર મેં લખી દીધેલું કે, ''ઈશ્વર આવતો જન્મ મને પૂછીને આપે તો મુસ્લિમ છોકરી તરીકે જન્મ લઈશ.''

❖ ❖ ❖

આજથી 30-35 વરસ પહેલાં ગુજરાત સર્વોદય મંડળ તરફથી ચાલતી યુવાપ્રવૃત્તિમાં હું તરુણ-તરુણીઓના 4-5 દિવસના શિબિર ચલાવતો. તેવા એક શિબિરમાં 10મા ધોરણમાં ભણતી એક દીકરી આવી હતી. શિબિરમાં દીકરીઓ સાથેના મારા વાત્સલ્યપૂર્ણ વ્યવહારથી આ દીકરીએ પોતાને નડતા બે-ત્રણ અંગત પ્રશ્નો પૂછ્યા હતા. તેના જવાબો તેને સમાધાનકારક લાગ્યા પછી ધીમેધીમે તે અમારા પરિવારની નિકટ આવી. ધો.12 પછી તેને વડોદરામાં ભણવાનું આવ્યું તો અમારે ઘેર રહી ભણતી હતી. અત્યંત ગંભીર છતાં હસતો ચહેરો, મીતભાષી અને સમજુ એવી આ ડાહી દીકરી ભણવામાં પણ આગળ હતી. તેણે પછી વડોદરામાં જ સારા પગારની નોકરી લીધી. દીકરી સૌને સાચવી લે તેવી. તેથી મારાં પત્નીની પણ દીકરી અને દીકરાઓની મોટી બહેન બનીને રહી. મને તે અત્યંત વહાલી હતી. મારું ને તેનું ચિત્ત એકાકાર થઈ ગયેલું.

એકવાર કંપનીના કામ માટે તેને વિમાનમાં બેંગલોર જવાનું થયું. તે ગઈ તે રાત્રે મને જાણે દીવાસ્વપ્ન આવ્યું. તે કોઈ હોટલમાં ઊતરી છે. તેના રૂમમાં એકલી જ છે ને કોઈ અજાણ્યા માણસે રાત્રે તેનું દ્વાર ખટખટાવ્યું. તેણે ખોલ્યું કે તરત અંદર પ્રવેશ કર્યો છે ને દીકરીને રંજાડે છે. હું ઝબકીને જાગી

ગયો. મને પરસેવો વળી ગયો. ત્રીજે દિવસે તે ત્યાંથી પાછી ફરી ને ઘેર આવી. તેનાં પગલાં જ તેને થયેલી રંજાડની ચાડી ખાતાં હતાં. આવીને મારા ખોળામાં માથું મૂકી ખૂબ રડી. પરમ દિવસની રાત્રે બનેલા બનાવ વિષે મેં તેને પૂછ્યું. તે આભી બની ગઈ ! તે બેંગલોરમાં હતી ને હું વડોદરા હતો પણ મેં પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું તો તે તદ્દન સાચું હતું ! મને ને તેને બંનેને ખૂબ આશ્ચર્ય થયું. ચિત્તની સમાનતાનો તર્કની પેલે પારનો આ અનુભવ મારા પરિવારને ને તેના પરિવારનેય અચંબામાં મૂકી ગયો.

પછી તો તેના લગ્નમાંયે મેં રસ લીધો. તે પરણીને વિદેશ ગઈ. અત્યારે બે સંતાનોની માતા છે. ક્યારેક દેશમાં આવે છે તો મળે છે.

❖ ❖ ❖

મારો નાનો દીકરો ભરત દાકતર થઈ ઝઘડિયામાં સેવા રૂરલના હોસ્પિટલમાં સેવા આપતો હતો. તેથી મારે ક્યારેક ત્યાં જવાનું થતું. એકવાર ત્યાંથી પાછા ફરતાં બસમાં ઘણી ભીડ હતી. હું તો ઝઘડિયાથી બેઠો બેઠો જ આવતો હતો. ભરૂચથી એક બહેન તેની બે દીકરીઓ અને એક દીકરા સાથે બસમાં ચડી. જગ્યાના અભાવે તે બધાં ઊભાં હતાં. મારી બેઠકમાં થોડા સંકડાઈને નાના દીકરાને મેં બેસાડ્યો. પાલેજમાં બાજુના પેસેંજર ઊતરી જતાં જગ્યા થઈ તો તેની મા ને એક દીકરી બેઠાં. તેની મા પરપ્રાંતની હતી. ચહેરા ઉપર પવિત્રતા હતી. મને તેનો પરિચય કરવાની ઇચ્છા થઈ. મેં તેને પૂછ્યું ને તેનો બંધ જ ખૂલી ગયો ! તેણે વિગતે પોતાનો પરિચય આપ્યો, એટલું જ નહીં પોતાનું નામ-સરનામું, ટેલીફોન નંબર સુધ્ધાં મને લખી આપ્યાં. મારું નામ-સરનામું, ટેલિફોન નંબર પણ તેણે લઈ લીધાં. પહેલી જ મુલાકાતમાં 30-40 વરસની બહેન આટલી આત્મીયતા બતાવે તેવું ભાગ્યે જ બને. તેને મારામાં તેના પિતાનું દર્શન થયું હતું.

પછી તો તેના પતિએ વડોદરામાં નોકરી લીધી ને ભરૂચથી તેઓ વડોદરા રહેવા આવી ગયાં. પછી તો અવારનવાર અમારે એક-બીજાને ઘરે જવા-આવવાનોય શિરસ્તો થઈ ગયો. તેના પતિ પણ તેની સાથે આવતા ને મને પિતાજીની જેમ જ ગણતા. એક વાર તેના દીકરાને શિક્ષકે વાંક વગર ખૂબ માર્યો. તેનો આઘાત છોકરાને એવો તો લાગ્યો કે તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. તેને શારીરિક પીડા કરતાં માનસિક આઘાત જ વધારે હતો. હોસ્પિટલમાં

I.C.U.માં તેને રાખ્યો પણ કોઈના હાથનું ખાય નહીં ને ફેંકી દે. તેની માએ ફોન કરી મને બોલાવ્યો. હું ગયો ને તેના ખાટલામાં બેસી પ્રેમથી તેને જમાડ્યો. તદ્દન શાંત થઈ તે જમ્યો ને ખૂબ રડ્યો. મેં તેને બરડે હાથ ફેરવવા માંડ્યો ને ધીમેધીમે તે સામાન્ય સ્થિતિમાં આવી ગયો. પછી તો તેનાં મા-બાપ ને બહેનો બધાંએ મને દાદાજી તરીકે સ્વીકારી લીધો. તે કુટુંબના સારા-માઠા પ્રસંગોની વીતક તેની મા મને કહેતી. મારી પાસે તેના ધણીનીયે રાવ ખાતી. તેના પતિયે મને માનતા. તેની એક દીકરીના લગ્નમાં ઠે...ઠ બિહારમાં દરભંગા પણ હું જઈ આવ્યો છું. હજી તે પરિવાર તેના સુખ-દુઃખની વાતો દિલ ખોલીને મને કરે છે ને મારી સલાહ લે છે. આ દીકરીની દીકરીઓનેય હવે સંતાનો છે.

❖ ❖ ❖

ત્રીસેક વરસ અગાઉ એક વાર મીરાંબહેન ને હું વર્ધાથી સાથે આવતાં હતાં. રાતની હાવરા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં અમારું રીઝર્વેશન હતું. અમે પ્લેટફોર્મ પર બેઠાં હતાં. ત્યાં અમારાથી દસેક ફૂટનું અંતર રાખી 20-22 વર્ષની એક છોકરી બેઠી હતી. કોઈ અંગ્રેજી ચોપડી વાંચતી હતી. ટ્રેન આવવાનો સમય થતાં ડબ્બાની સ્થિતિનું લખાણ બોર્ડ ઉપર લખાતાં અમે તે જગ્યાએ પહોંચ્યાં. પેલી છોકરી અમારી પાછળ પાછળ આવી અને દસેક ફૂટનું અંતર રાખી ઊભી રહી. મેં મીરાંબહેનને કહ્યું, ''આ છોકરી ગુજરાતમાં આવવાની લાગે છે. એકલી છે ને રીઝર્વેશન નથી. રાતની મુસાફરી છે તેથી કોઈ સારો સંગાથ શોધે છે.'' મીરાંબહેન કહે, ''તને વળી બધી છોકરીઓના દિલની વાત ખબર પડી જાય છે !'' ટ્રેન આવી અને અમે અમારા રીઝર્વેશન વાળા ડબ્બામાં ચડ્યાં. અમે તો અમારી બેઠક પર જઈને બેઠા. પેલી છોકરી પાછળ પાછળ આવી ને અમારી બાજુના ખાનામાં બેઠી. ત્યાં થોડાં મિલમજૂરો જેવા લોકો હતા. તેમણે કદાચ થોડો દારૂ પીધો હશે તે મોટેમોટેથી એલફેલ વાતો કરવા લાગ્યા. પેલી છોકરી ત્યાં મૂંઝાય પણ સીધો અમારો સંપર્ક ન કરે. એટલામાં મીરાંબહેન બાથરૂમ જવા નીકળ્યાં. મેં તેમને કહ્યું, ''આવતી વખતે પેલી છોકરીને લેતાં આવજો.'' અને ખરેખર મીરાંબહેને કહ્યું કે તરત જ તે આવતી રહી. મારી અડધી સીટ પર તેને જગ્યા આપી. તે તો ચોપડીમાં માથું ઘાલીને વાંચ્યા જ કરે. મારાથી ના રહેવાયું એટલે મેં વાતો શરૂ કરી. થોડીવાર પછી તેણે અંગ્રેજીમાં કહ્યું, ''તમારી ભાષા મને આવડતી નથી. હું અંગ્રેજીમાં સમજી

શકીશ.'' અને મારો પિત્તો ગયો. મેં કહ્યું કે, ''તું જુઠ્ઠું બોલે છે. તું છે ગુજરાતી. અમારો સાથ કરવા અમારી પાછળ-પાછળ ફરે છે છતાં તે વાત છુપાવે છે !'' તે પકડાઈ ગઈ. તેણે કબૂલ કર્યું :

આ છોકરી લોલા હતી. સિરપુર કાગઝનગરથી ભરૂચ જતી હતી. ગ્વાલિયરમાં ફિઝીકલ એજ્યુકેશનનો ડિગ્રી કોર્સ કરતી હતી. મૂળ ગુજરાતી અને રાજપીપળાના વ્યાયામ વિદ્યાલયમાં કોઈ શિબિર ચલાવવા જતી હતી. પછી તો અમારે દોસ્તી થઈ ગઈ. તેને ઓરમાન મા હતી. એક નાનો ભાઈ હતો. તે સાવકી માનો ત્રાસ સહન કરતો હતો. લોલાથી તે સહન થતું ન હતું. તેથી વેકેશનમાં ઘેર જવાનું ટાળી બીજા કાર્યક્રમોમાં જોડાતી હતી. શિબિરમાં અઠવાડિયાની છુટ્ટી હોય ત્યારે ત્યાં નજીકના સર્વોદય કાર્યકરોને ઘેર જવાનું તેને સૂચવ્યું. મારાં પત્નીનું દિલ તેણે જીતી લીધું. તેને મા મળી ગઈ ને અમને દીકરી. અમે તેની પારિવારિક પ્રેમની ભૂખ સંતોષી શક્યા. પછી તો અવારનવાર અમારે ત્યાં આવવા માંડી. છેવટે તે પરણીને અમેરિકા ગઈ. તેનો સંપર્ક તૂટી ગયો એટલે તેના પિતાજીને અમે સિરપુર કાગળ લખ્યો. તેમનો જવાબ આવ્યો ને અમેરિકાનું સરનામું મોકલી સાથે લખ્યું. ''તમે મારી દીકરીને પ્રેમ ને હૂંફ આપી તેની કટોકટીના દિવસોમાં જાળવી લીધી તે બદલ તમારો આભાર માનું છું. તમે તેને ન મળ્યા હોત તો તેણે કોઈ અનુચિત પગલું ભર્યું હોત તેવું હું સમજતો હતો પણ લાચાર હતો.'' એક વાર લોલા અમેરિકાથી આવી ત્યારે મળી હતી. હવે તે બે બાળકોની માતા છે.

આ દીકરીઓ વિષે લખ્યું છે પણ બીજી અનેક છે. કોઈને અમે મુરતિયો શોધી આપ્યો છે તો કોઈને ભણાવી છે. તે બધી હયાત છે. તેમને વિષે લખવાનું ટાળું છું.

*

**લોહીના સંબંધો જ ઉત્તમ હોય છે તેવું નથી. ઊલટું, તેમાં અધિકાર ભળે છે. તે સિવાયના સંબંધો ઘણી વાર લોહીના સંબંધો કરતાંયે વધુ ગાઢ હોય છે કારણ કે તેમાં અધિકાર ને અપેક્ષા નથી હોતાં.**

# ૨૪ : ઉપસંહાર

**આ**ટલું વાંચ્યા પછી વાચકની ગેરસમજ ન થવી જોઈએ કે મેં માત્ર બાહ્ય સ્થૂળ રૂપે દ્વંદ્વ શોષણ, અસમાનતા, નારી-અવહેલના અંગે જ સંઘર્ષ કર્યો છે. મારા ચિત્તમાં બે ધારાઓ ચાલી છે. એક, બાહ્ય સમાજકાર્યની અને બીજી આંતરિક સાધનાની. મારા પોતાના દોષો અંગે હું અવારનવાર ચિંતન કરતો ને ક્યારેક તેનો બોજ વધી જતો ત્યારે એકાંત-મૌન-સાધનામાં-સત્સંગમાં જતો રહેતો.

તે રીતે મહામૌન શિબિરો તથા રાજાભૈયાનું સાંનિધ્ય, પૂદ્ગમોટાનાં મૌનમંદિરોની મુલાકાત, વિપશ્યના-શિબિરો, હિમાલયના સંતોનો સંપર્ક પણ મેં કર્યો છે. સાધના અને સત્સંગમાં હું અતિ નમ્ર બની જતો. મારા દોષો દેખતો ને કબૂલ કરતો પણ થોડા સમય પછી ફરીથી તેની અસર ઊતરી જતી અને હું પ્રવૃત્તિમાં રમમાણ થઈ જતો. પ્રવૃત્તિમાં સતત અહંકાર વધતો.

હું પોતે માનું તે જ સત્ય એવો ફાંકો મારામાં રહેતો. તેથી બીજાની હકીકત સાંભળી-સમજી તે વિષે મારો મત બદલવાની મથામણ ન થતી. આ વલણને કારણે કેટલાયે મિત્રો-શુભેચ્છકો મારાથી દુ:ખી થયા હશે. પ્રતિભાવ આપવામાં હું ઉતાવળો થતો. પરિણામે સામાનું દિલ ઘવાતું. હું કહીને ભૂલી જતો ને તે વ્યક્તિ સાથે પ્રેમભાવથી વર્તતો. પણ તેને પેલી વ્યક્તિ દંભ માનતી. મારી કાર્યશક્તિ, પ્રમાણિકતા, ત્યાગનો મને ગર્વ રહેતો. પરિણામે ઘણાને હું તુચ્છ માનતો ને તેમને તેમની હાજરીમાં ઉતારી પાડતો તેટલું જ નહીં, તેમની ગેરહાજરીમાંયે તેમને વિષે આઘાત લાગે તેવી વાતો (નિંદા) કરતો. મારા સ્વભાવના આ દોષ વિષે શાંતિથી હું વિચારતો, રોજનીશીમાં લખતો ત્યારે જાગૃત થતો પણ ફરી તે જાગૃતિ ઉપર રાખ વળી જતી. આ સંઘર્ષમાં હું ઝાઝો સફળ થયો નથી.

*

**વ્યક્તિનો અહંકાર તેને પોતાને જ પીડે છે. અહંમુક્તિ સધાવી કપરી છે. જન્મ-જન્માંતરની સાધનાથી તે શક્ય છે. વ્યક્તિની પોતાની હૈસિયત, આ અનંત દેશ-કાળનું સતત જાગૃતિપૂર્વકનું ભાન રહે તો, તેને પરખાય છે. તેમાંથી અહંમુક્તિ સહેજે સધાય છે.**

# સમાજને સમરસ કરવા...

**આ**જથી 50-60 વરસ અગાઉ અને કદાચ હજીયે ક્યાંક ઊંડાણના ગામડાઓમાં રૂઢિચુસ્ત અને પોતાને ધાર્મિક માનનારા લોકો પોતાની જ્ઞાતિ સિવાય રોટી-વ્યવહાર રાખતા નથી. પણ તેવી અલ્પ સંખ્યાને બાદ કરીએ તો આજે ગામડાં ને તેની સાથે જોડાયેલી એવી રૂઢિગત માન્યતાઓ તૂટી રહી છે. આજે શહેરો ફાલી રહ્યાં છે. શહેરોમાં મિશ્ર વસતી હોય છે. અમુક જ્ઞાતિની જ પોળો, શેરીઓ અને સોસાયટીઓ હવે ઘટતી જાય છે. એક જ વિસ્તારમાં વિવિધ જ્ઞાતિઓના લોકો હળી-મળીને રહે છે. બ્રાહ્મણ-રજપૂત-વાણિયા-પટેલ-દલિત વર્ગ બધા સાથે મળીને રહે છે. જમવામાં હોટલો-લારીઓ-ખુમચાવાળાઓ ને મોટી રેસ્ટોરાંમાં કોણે રાંધ્યું તેવી જાતની કોઈ પૂછપરછ કરતું નથી. આડોશ-પાડોશમાંયે વાટકી-વ્યવહાર ચાલે છે. તેમાંયે નાત-જાતનો છોછ નીકળી ગયો છે.

જેમ રોટી-વ્યવહારમાં લોકો ઉદાર થયા છે તેમ બેટી-વ્યવહારમાં ઉદારતા અપનાવવાની જરૂર છે. હજી લગ્ન માટે લોકો પોતાની જ્ઞાતિ શોધે છે. એક જમાનામાં વ્યવસાયોની એકતાથી જ્ઞાતિઓ બંધાઈ હતી. જ્ઞાતિના લોકોની આવક, રહેણીકરણી વગેરેમાં સરખાપણું હોય તો લગ્નજીવન સુચારુ ચાલે પણ હવે બ્રાહ્મણ જ ભણે-ભણાવે, તેવું રહ્યું નથી. આજે તો બધી જ્ઞાતિના લોકો શિક્ષક તરીકે બ્રાહ્મણકાર્ય કરે છે. પોલીસ અને સેનામાં માત્ર ક્ષત્રિયો જ હોય તેવું બનતું નથી. વેપાર પણ વાણિયા જ કરે તેવું હોતું નથી અને નોકરી (શૂદ્રકાર્ય) અમુક જ જ્ઞાતિ કરે તેવું નથી રહ્યું. તમામ જ્ઞાતિના લોકો તમામ નોકરીઓમાં જોવા મળે છે.

આ પરિસ્થિતિમાં નોકરી પ્રમાણે આવક અને રહેણીકરણીની સમાનતા દેખાય છે. આ સંજોગોમાં વર-વધૂની પસંદગી માટે જૂની જ્ઞાતિ-પ્રથાને વળગી રહેવામાં ડહાપણ નથી. બે-ત્રણ પેઢીથી શિક્ષણકાર્ય કરનાર બ્રાહ્મણ હોય કે દલિત, તેમની વચ્ચે લગ્ન-વ્યવહારનો બાધ ન હોવો જોઈએ. લુહાર (પંચાલ-મિસ્ત્રી), સુથાર વગેરે વસવાયી ગણાતી જાતિઓના લોકો આજે શિક્ષણમાં, વ્યાપારમાં, નોકરીઓમાં રોકાયેલા હોય છે. આવે વખતે અટક-જાતિ ન જોતાં વ્યવસાય-આવક અને રહેણીકરણીની સમાનતાને જોઈને લગ્ન સંબંધો થવા જોઈએ. આજે વાણિયા-બ્રાહ્મણની પેટા જ્ઞાતિઓનાં બંધનો તૂટી ગયાં છે. સમસ્ત બ્રાહ્મણ સમાજ કે સમસ્ત વણિક સમાજ (જૈન સુધ્ધાં) વચ્ચે લગ્નમેળા યોજાય છે. સમાજ થોડો આગળ વધ્યો છે પણ હજી વધારે આગળ વધવાની જરૂર છે. સમસ્ત હિંદુ જાતિના લગ્ન-મેળાવડા થવા જોઈએ.

અત્યારે એક જ જ્ઞાતિમાં લગ્ન કર્યા પછી પતિ-પત્ની વચ્ચે વિચાર અને સમજનો ફેર હોય તો કુંડળી જોયા પછી, ચોઘડિયાં ને મૂહુર્તો જોઈને જન્માક્ષર મેળવ્યા પછીયે કાયમ એકમેક માટે અસંતોષ, ખટરાગ જણાય છે. તેમાંથી એકની વિચારસરણી પ્રગતિશીલ હોય, આદર્શવાદી હોય ને બીજા પાત્રને પદ-પૈસામાં જ રસ હોય, સંસાર-વ્યવહારમાં જ રસ હોય તો જિંદગી ઝેર જેવી બની જતી જણાય છે. વિચારમાં ભેદ હોય પણ સામાના વિચારને સાંભળવા-સમજવાની તૈયારી હોય તોયે ગનીમત છે. પણ વગર સમજ્યે વિરોધ જ કર્યા કરતું

હોય તો પસ્તાવાનો પાર રહેતો નથી. સામાજિક દબાણને કારણે છૂટા છેડા લેતાં ડરે છે પણ જીવતાં દોઝખમાં સબડે છે. તેના કરતાં છૂટા થઈ જતાં હોય તો સુખી થાય. પણ બે-ચાર બાળકો થઈ ગયાં હોય તો પછી જિંદગી વેંઢાર્યે જ છૂટકો થાય છે ને જન્મારો એળે જાય છે.

વિવિધ ધર્મો વચ્ચે ય આજે લગ્નસંબંધો વધી રહ્યા છે. હિંદુ અને જૈન વચ્ચે કોઈ ભેદ નથી રહ્યો. દલિતોમાં હિન્દુ-બૌદ્ધ-ખ્રિસ્તીના ભેદો ભૂંસાતા જાય છે. તેમની વચ્ચે લગ્ન-સંબંધો થઈ રહ્યા છે. એ આવકારદાયક પરિવર્તન છે.

આગળ જતાં હિંદુ, મુસ્લિમ, યહુદી વચ્ચેયે સંબંધો વધશે એવી અપેક્ષા રાખી ચિત્તને વિશાળ કરવું જોઈએ. એક વ્યવસાયમાં હોય તેવાં કુટુંબો નાત-જાત-ધર્મને કોરાણે મૂકી સમાન સંસ્કાર, સમાન રહેણીકરણી, સમાન ખાણી-પીણી જોઈને લગ્નસંબંધોથી જોડાય તેમાં દેશની અને માનવજાતિની એકતાનું દર્શન કરવા જેટલા ઉદાર રહેવું જોઈએ.

આ પરિવર્તનમાં પહેલ કરનારને પ્રારંભમાં થોડો સામાજિક વિરોધ સહન કરવો પડે તેમ બને પણ જે ગતિથી સમાજ વિકાસ કરી રહ્યો છે તે જોતાં આ ફેરફાર થઈને જ રહેવાનો છે. આજે અપવાદ સ્વરૂપ થોડા કિસ્સા બને છે તેથી રૂઢિચુસ્ત સમાજમાં ખળભળાટ થાય છે, આગળ જતાં આ ફેરફાર સર્વમાન્ય થઈને જ રહેશે.

* *

જન્મ અને મૃત્યુનું સ્થાન અને સમયપત્રક માણસના હાથમાં નથી. માણસના હાથમાં સોળ સંસ્કારો છે. તે પૈકી યજ્ઞોપવિત-વિવાહ-લગ્ન-વાસ્તુ વગેરેમાં લોકો મૂહુર્ત અને ચોઘડિયાં જુએ છે. જન્મ કાળીચૌદશે ને અમાસે તથા મરણ તહેવારને દિવસે લાભ-શુભ-અમૃત ચોઘડિયામાં પણ થાય છે. આ અંગે ઊંડો વિચાર કરતાં લાગે છે કે આ મૂહુર્ત, ચોઘડિયાં, વ્યતિપાત, કુંડળી વગેરે જોવા-મેળવવાની પ્રથા તજવા જેવી છે. લગ્ન અને બેસણાં જેવા પ્રસંગોમાં આવનારાની અનુકૂળતા જોઈ સ્થળ, દિવસ, સમય નક્કી કરવાં જોઈએ. અલબત્ત, બેસણાની ચીલાચાલુ રીત પણ વિચારણા માંગી લે છે. ખરખરો કરનારે સફેદ કપડામાં આવીને મળીને - થોડી વાર બેસીને જવાનો રિવાજ બદલવા જેવો છે. સૌ મૃત વ્યક્તિ વિષે પોતાની ભાવના પ્રગટ કરી શકે તે માટે શ્રદ્ધાંજલિ સભામાં પ્રવચનો તથા લેખન દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરવાનો ફેરફાર કરવા જેવો છે. વળી મરનારના શોખ મુજબ પહોંચતા લોકો, ખાણી-પીણી, સંગીત વગેરેનું આયોજન કરે તો પ્રસંગને અને મૃત વ્યક્તિને સાચી શ્રદ્ધાંજલિ અનુરૂપ બને.

* *

લગ્નોમાં ફટાકડા, બેન્ડ, વાજાં, લાઉડસ્પીકર, ડી.જે. વગેરેને કારણે અન્ય લોકોને ખલેલ પડે, પર્યાવરણ દૂષિત થાય તેવી પ્રવૃત્તિઓ ટાળે તે જ સુધારક અને સમાજ-હિતેચ્છુ છે તેવું ગણાવું જોઈએ. લેવડ-દેવડ, પૈઠણ, દહેજ વગેરે રિવાજો પછાતપણામાં ગણાવા જોઈએ.

* * *